દૈનિક
મુંબઈ સમાચાર
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 86 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ચૈત્ર સુદ - ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 11 April 2024, Thursday ■ REGD.No. MCS/058/2024-26
ગુરુવાર, ૧૧ એપ્રિલ ૨૦૨૪ કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

adani | Ports and Logistics

400 મિલિયન મેટ્રિક ટનના માઈલસ્ટોનને પાર કર્યાનું ગૌરવ અનુભવે છે.

ભારતના 1/4 કાર્ગો અમારા પોર્ટ પરથી પસાર થાય છે.

અદાણી પોર્ટસ ઍન્ડ સેઝ લિમિટેડ આ રેકૉર્ડ દ્વારા USD 5 ટ્રિલિયન ઈકોનોમી બનવાના રાષ્ટ્રના મહત્વાકાંક્ષી લક્ષ્યાંક સુધી પહોંચવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે. દેશવ્યાપી અમારા પોર્ટસ અને ટર્મિનલોથી સંકલિત ફર્સ્ટ–માઈલ અને લાસ્ટ–માઈલ લૉજિસ્ટિક્સ સોલ્યુશન્સની થકી આ લક્ષ્ય હાંસલ કર્યું છે.

નં. 1
ભારતનું સૌથી વિશાળ પ્રાઈવેટ પોર્ટ્સ નેટવર્ક

17
ભારતભરમાં 15 પોર્ટસ ટર્મિનલો તથા અન્ય 2 શ્રીલંકા અને ઈઝરાયલમાં

12
લૉજિસ્ટિક્સ પાર્કસ ભારતભરમાં

Figures as per FY 2023-24

DDB Mudra 0168

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

રૂપાલાને માફ કરી દોઃ જામસાહેબ કૂણા પડ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ બેઠક પર ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા દ્વારા એક સમાજના કાર્યક્રમમાં ક્ષત્રિય સમાજની બહેનો-દીકરીઓ માટે એક વિવાદિત ટીપ્પણી કરી હતી. રૂપાલાના આ નિવેદન અંગે જામનગરના જામસાહેબ શત્રુશલ્યસિંહજી દ્વારા એક પત્ર જાહેર કરી નારાજગી વ્યકત કરવામાં આવી હતી.

દરમિયાન જામસાહેબે બીજો પત્ર લખીને રૂપાલાને માફ કરવા અપીલ કરી છે. જેમાં તેણે રૂપાલાની માફી માંગી હતી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગુણગાન ગાયા હતા. જામનગરના રાજા જામ સાહેબે પત્ર લખ્યો હતો કે જો રૂપાલા હવે માફી માંગે તો તેમને માફ કરવામાં આવે.

રાજકોટ બેઠક પર રૂપાલાની ટિકિટ રદ કરવાની માગ સાથે ગુજરાતભરના ક્ષત્રિય સમાજ દ્વારા વિરોધપ્રદર્શન કરવામાં આવી રહ્યો છે. જામનગરના જામસાહેબની પ્રતિક્રિયા સામે આવી હતી. જેમાં તેમણે રાજપૂતોને લોકશાહીમાં લોકશાહી રીતે ચૂંટણીમાં જવાબ આપવા અપીલ કરી હતી. બુધવારે ફરીથી બીજો પત્ર લખીને રૂપાલાને માફ કરવાની અને નરેન્દ્ર મોદીને ત્રીજીવાર વડા પ્રધાન બનાવવાની અપીલ કરા હતી. જામનગરના રાજવી જામસાહેબે પત્ર લખીને ક્ષત્રિય સમાજને ક્ષાત્રી ધર્મ યાદ કરાવીને માફ કરી દેવા અપીલ કરી હતી. તેમણે કહ્યું હતુ કે, ક્ષમા વિરસ્ય ભૂષણમ ધર્મ' ને યાદ કરી માફી આપી દેવી જોઇએ. મારા પત્રો સાર્વજનિક થયા પછી સમાજના ઘણા આગેવાનો ઘણા ધર્મગુરુઓ અને અન્ય આગેવાનો સાથે વાત થઈ છે. આ ચૂંટણી નરેન્દ્ર મોદીને ત્રીજીવાર વડા પ્રધાન બનાવવાનું છે. આપણા ગુજરાતના નરેન્દ્ર મોદીજી દેશને ખૂબ આગળ વધાર્યો છે. દેશને સમૃદ્ધ અને સુરક્ષિત કર્યો છે. આપણા ધર્મ અને ભારતીય સંસ્કૃતિનું વિશ્વમાં માન વધાર્યું છે. આ ધ્યાને લઇ આપણે આગળ વધવું જોઇએ.

અત્રે ઉલ્લેખનીય છે કે જામસાહેબે પહેલા પત્રમાં શું લખ્યું હતું કે કેન્દ્રીયપ્રધાન પુરુષોત્તમ રૂપાલાની વિવાદાસ્પદ ઘટના.આ બારામાં હજુ સુધી કંઈ વધુ પડતું નથી બન્યું એ મારા હિસાબે સારી વાત છે, કારણ કે કોઈ આપણું ખરાબ બોલી અપમાન કરે તો તેના અનુસંધાને આપણે પોતાની જાતને ભયંકર સજા ન આપવાની હોય, પરંતુ અયોગ્ય વાત બોલવાનો જે ગુનો કરે તેને સજા થવી જોઈએ. જે બહેનોએ આ હિંમત દર્શાવી તેને મારા ધન્યવાદ છે, પરંતુ જે કાર્યનો સંકલ્પ કર્યો હતો એની હું ટીકા કરું છું, કારણ કે 'જૌહર'નો પ્રશ્ન આ કિસ્સામાં બિલકુલ ઉપસ્થિત થતો જ નથી.હાલમાં ભારતમાં લોકશાહી લાગુ છે. બુધવારે રૂપાલાને સંબોધીને વધુ એક પત્ર લખી રૂપાલાની માફી માગી હતી.

રૂપાલા સામેના રાજપૂતોના રણસંગ્રામ વચ્ચે મોદી રાજકોટમાં ૨૨મીએ ચૂંટણી સભા સંબોધશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં કેન્દ્રીય પ્રધાન પરષોત્તમ રૂપાલાના નિવેદનને પગલે ક્ષત્રિય સમાજ આંદોલન ચલાવી રહ્યો છે તેમ જ ઠેર ઠેર ભાજપના ઉમેદવારોનો પણ વિરોધ વકત કરવામાં આવી રહ્યો છે, પરંતુ હવે આ વિવાદને ૧૫મી પહેલા જ થાળે પાડવાની કવાયત તેજ બનાવવામાં આવી છે. ૨૨મીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની રાજકોટમાં ચૂંટણી સભાનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

રૂપાલા વિવાદને ઉકેલવા માટેના ભાજપના પ્રયાસો હજુ સુધી સફળ થયાં નથી, પરંતુ હવે ૧૬મીએ રાજકોટમાં ભાજપના ઉમેદવાર તરીકે પરષોત્તમ રૂપાલા ઉમેદવારી પત્ર ભરવાના છે બીજી બાજુ ક્ષત્રિય સમાજે પણ ૧૪મી એપ્રિલે રાજકોટમાં ક્ષત્રિય સમાજનું મહાસંમેલન યોજવાની જાહેરાત કરતા મામલો વણસવાની પૂરી શક્યતા છે. ભાજપના પ્રદેશ કક્ષાના નેતાઓ દ્વારા વારંવાર વિવાદને ઉકેલવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા બાદ પણ હજુ આ વિવાદ અટકે તેવું લાગતું નથી, પરંતુ હવે પ્રદેશ કક્ષાના નેતાને બદલે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે આખા વિવાદને શાંત પાડવાનો હવાલો પોતાના હાથમાં લીધો હોવાનું જાણવા મળે છે, જેના ભાગરૂપે નરેન્દ્ર મોદીની સૌરાષ્ટ્રની પ્રથમ ચૂંટણી સભાના સ્થળે પણ રાજકોટમાં રાખવામાં આવી રહ્યું હોવાની વાતો વહેતી થઇ છે. ગુજરાતમાં ભાજપના પ્રચાર અભિયાન દરમિયાન વડા પ્રધાન રાજકોટમાં પરષોત્તમ રૂપાલાના સમર્થનમાં જનસભાને સંબોધશે તેવું ભાજપની ટોચની નેતાગીરીમાંથી જાણવા મળ્યું છે. જોકે બુધવારની સાંજ સુધી ભાજપ દ્વારા વડા પ્રધાનની રાજકોટની ચૂંટણી સભા અંગે કોઇ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નહોતી.

નરેન્દ્ર મોદી ૨૦ એપ્રિલ બાદ લોકસભા ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત ગુજરાતમાં પ્રચારની શરૂઆત કરશે. ભાજપના રાજકીય સૂત્રાના અનુસાર વડા પ્રધાન નરેન્દ્ર મોદી રાજકોટથી ચૂંટણી પ્રચારની શરૂઆત કરશે.

આગામી તા.૨૨મી એપ્રિલે વડા પ્રધાન નરેન્દ્ર મોદી રાજકોટમાં જનસભા સંબોધશે. અત્રે ઉલ્લેખનીય છે કે પરષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે કરેલી વિવાદિત ટિપ્પણી અંગે રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં વિરોધ થઇ રહ્યો છે. ક્ષત્રિય સમાજની એક જ માગ છે કે રાજકોટ બેઠક પરથી રૂપાલાની ટિકિટ રદ કરવામાં આવે. આ માટે ક્ષત્રિય સમાજે બેઠકો, સંમેલનો, રેલીઓ અને વિરોધ પ્રદર્શન પણ શરૂ કર્યા છે. તો સાથે જ ક્ષત્રિય સમાજની બહેનોએ વડા પ્રધાન મોદીને પોસ્ટકાર્ડ લખવાની ઝુંબેશ પણ શરૂ કરી છે.

બીજી બાજું હવે રૂપાલા વિવાદમાં વિવિધ રાજપરિવારો પણ સામેલ થયા છે અને રૂપાલાને હટાવવા માગ કરી છે. આ સમગ્ર બાબતોને ધ્યાનમાં રાખીને રાજકોટથી વડા પ્રધાન નરેન્દ્ર મોદી પ્રચારની શરૂઆત કરશે અને વડા પ્રધાન રૂપાલા વિવાદનો ઉકેલ લાવશે એવી શક્યતાઓ વર્તાઈ રહી છે.

દરમિયાન એક ક્ષત્રિય નેતાએ જણાવ્યું હતું કે, ભાજપ દ્વારા વડા પ્રધાન નરેન્દ્ર મોદીની રાજકોટમાં ચૂંટણી સભા યોજવાની વાત વહેતી કરીને ક્ષત્રિય સમાજના આંદોલનને નબળુ પાડવાનો પ્રયાસ થઇ રહ્યો છે.

ભાજપના સાત બેઠકના ઉમેદવારો મૂળ કૉંગ્રેસીઃ વિધાનસભાના ચાર ઉમેદવાર મેદાનમાં ઉતાર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકો માટેની સામાન્ય અને વિધાનસભાની ખાલી પડેલી બેઠકો પૈકીની પાંચ બેઠકો માટે પેટા ચૂંટણી સાતમી મેના રોજ યોજાવાની છે. હાલના તબક્કે તો લોકસભાની સાત બેઠક પર કૉંગ્રેસ સાથે કાંટે કી ટક્કર વચ્ચે પણ ભાજપ આ તમામ બેઠકો જીતી લેવાનો દાવો કરી રહ્યું છે. જો કે, ભાજપે આ ચૂંટણી-પેટાચૂંટણી માટે જે ઉમેદવારો જાહેર કર્યાં છે. તેમાં સુરેન્દ્રનગર, ખેડા,પાટણ, કચ્છ, જામનગર, બારડોલી અને સાબરકાંઠા બેઠક પર અને વિધાનસભાની પાંચ પૈકીની ચાર બેઠક માટેની પેટા-ચૂંટણી માટે વિજાપુર, પોરબંદર, માણાવદર અને ખંભાત પર મૂળ કોંગ્રેસ ગોત્રના ઉમેદવારોને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે. અર્થાત્ કૉંગ્રેસ માટે આ વખતે પોતાના ગોત્રના પણ હવે કેસરિયો ધારણ કરીને ભાજપના થઈ ગયેલા ઉમેદવારો સામે ચૂંટણી જંગ ખેલવાનો વારો આવ્યો છે.

એક જમાનો હતો કે ભાજપ શિસ્તબદ્ધ-કેડરબદ્ધ પાર્ટી ગણાતી હતી, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી ભાજપમાં આ પરંપરા બદલાઈ છે.

હવે ભાજપમાં ઓપરેશન લોટ્સના નામે તેના બદલાયેલા નવા ઈલેક્શન ક્રાઈટેરિયા-વિનેબિલિટીમ્ર અર્થાત્ ચૂંટણી જીતાડી શકે તેવો ઉમેદવાર ગમે તે પક્ષમાંથી લાવવો પડે તો લઈ લેવાય છે અને ગુજરાતમાં ભાજપના આ નવા ક્રાઈટેરિયાને કારણે જ ગત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસના લગભગ સૂપડા સાફ કરી દેવાયા હતા. બલકે એમ કહેવાતું હોય કે, હવે ગુજરાત કૉંગ્રેસ-મુક્ત થવાને બદલે ગુજરાતમાં ભાજપ જ કૉંગ્રેસ-યુક્ત બની ગયું છે. હાલની ગુજરાત સરકારમાં નવ કેબિનેટ પ્રધાનમાંથી ત્રણ કેબિનેટ પ્રધાન તો કૉંગ્રેસમાંથી આવેલા છે જ્યારે રાજ્યકક્ષાના બે પ્રધાનનું ગોત્ર પણ કૉંગ્રેસનું જ છે. જેમાં કેબિનેટ પ્રધાનોમાં રાઘવજી પટેલ, બલવંતસિંહ રાજપૂત અને કુંવરજી બાવળિયા છે જ્યારે રાજ્યકક્ષાના બે પ્રધાનમાં ભીખુભાઇ પરમાર અને કુંવરજી હળપતિનો સમાવેશ થાય છે. આ તમામ પૂર્વ કૉંગ્રેસીઓ જે તે સમયે પોતપોતાના મત-વિસ્તારો કે પોતાના સમાજમાં કૉંગ્રેસના કદાવર અને મજબૂત નેતા ગણાતા હતા, પરંતુ જે તે કારણોસર તેઓ કાં તો કૉંગ્રેસમાં ટકી શક્યા નથી કે કૉંગ્રેસમાં તેમની જરૂરિયાત મુજબ કદર થઈ ન હતી.એમ કહેવાય છે કે, છેલ્લા એકાદ-બે વર્ષમાં ભાજપે તેના ઓપરેશન લોટ્સના ચક્રવ્યૂહથી લગભગ ૭૫થી વધુ કૉંગ્રેસ આગેવાનોને કેસરિયો ખેસ પહેવાની ભાજપમાં સ્થાન આપી દીધું છે. આ અગાઉ ગત ૨૦૧૭થી ૨૦૨૧ સુધીમાં કૉંગ્રેસના ૨૦ ધારાસભ્યોએ કૉંગ્રેસને તિલાંજલિ આપીને ભાજપનો ખેસ ધારણ કરી લીધો હતો. ૨૦૨૩માં કૉંગ્રેસના આવા ચાર ધારાસભ્ય ભાજપમાં જોડાયા હતા. જોકે, ભાજપે આ પૈકીના ૨૦ ધારાસભ્યોમાંથી ૧૨ને ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીમાં ટિકિટ આપી હતી, પરંતુ તેમાંથી નવનો વિજય થયો હતો અને ત્રણ હારી ગયા હતા. જો કે, ભાજપમાં ગયેલા કૉંગ્રેસના કેટલાય નેતાઓની રાજકીય કારકિર્દી સામે અલ્પવિરામ મુકાઈ ગયું છે કાં તો પોતાની યર્થાથતા પુરવાર ન કરી શકેલાઓને હાંસિયામાં ધકેલી દેવાયા છે. જેમાં માણાવદરના જવાહર ચાવડાનું ખાસ નામ લેવાય છે.

રાજકોટમાં રૂપાલાના વિરોધમાં રવિવારે ક્ષત્રિયોનું મહાસંમેલન યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ લોકસભા ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાએ એક કાર્યક્રમમાં રાજપૂત સમાજ પર કરેલી ટિપ્પણીનો છેલ્લા કેટલાય દિવસથી ક્ષત્રિય સમાજ દ્વારા કરવામાં આવતો વિરોધ અને ત્યારબાદ તેના રાજ્યવ્યાપી પ્રત્યાઘાતો સરકારની ચિંતા વધારી દીધી છે. આ બાદ આખેઆખુ રાજપૂત સમાજ રૂપાલા વિરુદ્ધ આંદોલન પર ઉતર્યુ છે. રાજકોટમાં રવિવારે રાજકોટ મોરબી રોડ પર વિશાળ સંખ્યામાં આંદોલન યોજાશે, જેમાં મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજના મોટી સંખ્યામાં લોકો હાજર રહે તેવુ અનુમાન લગાવામાં આવ્યું છે. બીજી તરફ ભાજપ રૂપાલાને ઉમેદવાર તરીકે ચાલુ રાખવા માટે મક્કમ છે. આ બધાની વચ્ચે ભાજપે હું ભાજપ સાથે છું હું રૂપાલા સાથે છું, હું મોદી સાથે છું કેમ્પેઈન શરૂ કર્યું છે.

રાજકોટ લોકસભા વિસ્તારમાં જનસમર્થન હાથ ધરવામાં આવ્યું છે. આ દરમિયાન રૂપાલાના સમર્થનમાં બેનરો લગાડીને હવે સોશિયલ મીડિયામાં કેમ્પેઇન શરૂ કરવામાં આવ્યું છે. લોકસભા ચૂંટણી માટે હવે ૧૬મી એપ્રિલના રોજ પરશોત્તમ રૂપાલા ઉમેદવારી ફોર્મ પણ ભરવા જઈ રહ્યા છે. ભાજપ પણ રાજકોટમાં પરશોત્તમ રૂપાલાને લઈને અડગ છે ત્યારે હવે રૂપાલાના સમર્થનમાં કેમ્પેઈન શરૂ કરતા રાજકોટ સહિત અનેક વિસ્તારોના ક્ષત્રિય સમાજમાં ભારે રોષ ફેલાઈ રહ્યો છે. આગામી ૧૬ એપ્રિલે સવારે ૧૦.૩૦ વાગ્યે પરશોત્તમ રૂપાલા ફોર્મ ભરવા જશે, ત્યારે અહીં જાહેર જંગી સભા કરવામાં આવશે. આ જાહેર સભાના ભાગરૂપે આજથી તમામ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ભાજપના દાવા પ્રમાણે ૧૬મી એપ્રિલે બહુમાળી ભવન ખાતે તે દિવસે ૨૦થી ૨૫ હજાર લોકો પણ હાજર રહેશે. ભાજપે આ કાર્યક્રમને લઈને તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે.

અબ કી બાર ૫૦૦ પારઃ અમરેલીના ભાજપના ઉમેદવારોનો બફાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અબકી બાર ચારસો પાર. ૪૦૦ પાર શું, આપણા અધ્યક્ષ સી. આર. પાટીલે કીધું છે ૫૦૦ પાર. સી આર. પાટીલ સાહેબને ખાતરી આપીએ છીએ કે આ વખતે અમરેલી ૫૦૦ પાર હશે. એમાં કોઇ શંકા નથી એવો બફાટ અમરેલી લોકસભા બેઠકના ઉમેદવાર ભરત સુતરિયાએ સી. આર. પાટીલની હાજરીમાં ભાષણ વખતે કરતા ઘડીભર સભામાં સન્નાટો ફેલાઇ ગયો હતો.

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીનો માહોલ જામ્યો છે. રાજકીય પક્ષો દ્વારા પ્રચાર કરવામાં આવી રહ્યો છે, ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી. આર. પાટીલ અમરેલીમાં પ્રચારમાં હતા. તેમની સાથે પૂર્વ પ્રધાન ભૂપેન્દ્ર સિંહ ચુડાસમા, સાંસદ કાછડિયા, દીલીપ સંઘાણી, કૌશિક વેકરિયા સહિતના આગેવાનો પણ હાજર રહ્યા હતા.

અમરેલી ખાતે બૂથ પ્રમુખ અને કાર્યકર્તા સંમેલનમાં જિલ્લાભરમાંથી મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ અમરેલી લોકસભા બેઠકના ભાજપના ઉમેદવારને પાંચ લાખ મતોથી વિજય બનાવવા માટે કાર્યકરોને હાકલ કરાઇ હતી. પ્ર

દેશ પ્રમુખ સી. આર. પાટીલે કાર્યકરોને જીતનો મંત્ર આપ્યો હતો. બીજી બાજુ, અમરેલીમાં ભાજપના ઉમેદવારની ભાષણ દરમિયાન જીભ લપસી હતી. જેના લીધે થોડીવાર માટે સન્નાટો છવાઈ ગયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમરેલી બેઠક પર ભાજપ અને કૉંગ્રેસ પક્ષ દ્વારા ઉમેદવાર જાહેર થઇ ચૂક્યા છે. આ બેઠક પર લેઉવા પાટીદારને મેદાનમાં ઉતાર્યા છે.

ભાજપ તરફથી ભરત સુતરિયા ઉમેદવાર છે અને કૉંગ્રેસે મહિલા ઉમેદવાર જેનીબેન ઠુમ્મરને મેદાને ઉતાર્યા છે.

ઉપરાંત અમરેલી લોકસભા બેઠક પર ૧૯૫૭થી ૨૦૧૯ સુધીના ઇતિહાસની વાત કરીએ તો, અહીં ૧૬ વખત ચૂંટણી યોજાઈ છે. આ ચૂંટણીઓમાં આઠ વખત કૉંગ્રેસ અને સાત વખત ભાજપની જીત થઇ છે, જ્યારે એક એક વખત જનતાદળના ઉમેદવારે જીત નોંધાવી હતી.

જો મોદી ફરી સત્તામાં આવશે તો આ છેલ્લી લોકસભાની ચૂંટણી હશેઃ વાસનિક

અમદાવાદઃ સરકારનાં ૧૦ વર્ષ અંધકાર, અરાજકતા, અન્યાય અને નફરત ફેલાવાઈ રહી છે. જો ફરી મોદી અને ભાજપ સત્તામાં આવશે તો એવું માની લેજો કે આ છેલ્લી લોકસભા ચૂટંણી હશે. ભારતનું બંધારણ તમામ લોકોને સમાન અધિકાર આપે છે. તેની સામે અનેક મુશ્કેલીઓ છે, બંધારણને બચાવવા માટેની આ ચૂંટણી છે. જો ભાજપ અને મોદી ફરી સત્તામાં આવશે તો એવું માની લેજો કે આ છેલ્લી લોકસભા ચૂંટણી છે એવું કૉંગ્રેસના નેતા મુકુલ વાસનિકે જણાવ્યું હતું. ગુજરાતના પ્રવાસે આવેલા કૉંગ્રેસ પ્રભારી અને રાજ્યસભાના સાંસદ મુકુલ વાસનિકે અમદાવાદમાં કૉંગ્રેસ કાર્યાલય ખાતે બાકી રહેલી બેઠકોના ઉમેદવારો માટે મંથન કર્યું હતું. ત્યાર બાદ વિધાનસભાની પેટાચૂંટણીના ઉમેદવારોની જાહેરાત પણ ઝડપથી કરાશે એવું મુકુલ વાસનિકે જણાવ્યું હતું. ભાજપના શાસનમાં યુવાનો, મહિલાઓ, ખેડૂતો સાથે અન્યાય થયો છે. દેશમાં ચૂંટણીની જાહેરાત પહેલા જ બદલાવનું વાતાવરણ જોવા મળ્યું છે. ૧૦ વર્ષ પહેલાં ગુજરાતના જ એક નેતાએ જવાબદારી સ્વીકારી હતી. સમાજના દરેક વર્ગને લોભામણાં વચનો આપ્યાં હતાં. આજે ૧૦ વર્ષના અંતે વચનોને પૂર્ણ કરવા કોઇ પ્રમાણિક પ્રયત્ન થયો નથી. યુવાનો, વેપારીઓ, ખેડૂતો અને મહિલાઓ સાથે અન્યાય થયો છે. અનેક ખેડૂતો આજે પણ આત્મહત્યા કરી રહ્યા છે.

માતાના મઢના આશાપુરા મંદિરમાં ઘટસ્થાપનની પવિત્ર વિધિ સાથે ચૈત્રી નવરાત્રી પર્વનો આરંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ રણપ્રદેશ કચ્છના વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામમાં આશાપુરા માતાજીના સ્થાનક માતાના મઢ અને ભુજના કોટ અંદર આવેલા ઐતિહાસિક આશાપુરા મંદિર ખાતે દર વર્ષે ઉજવાતા ચૈત્ર નવરાત્રી પર્વની પારંપરિક ઉજવણી ઘટસ્થાપનની ધાર્મિક વિધિ બાદ ગૂડીપડવાના શુભ દિનથી શરૂ થઇ રહી છે. ચૈત્રી નવરાત્રી પર્વનું સમાપન ચૈત્ર સુદ નોમના એટલે કે રામનવમીના દિવસે તા. ૧૭મી માર્ચ મંગળવારે રાત્રે જગદંબા પૂજન બાદ હોમહવનની ધાર્મિક વિધિનો આરંભ થશે, જેના બાદ મોડી રાત્રે શ્રીફળ હોમ સાથે આ પર્વનો સમાપન કરાશે. રાત્રે જગદંબા પૂજન બાદ મઢ જાગીર અધ્યક્ષ યોગેન્દ્રસિંહજી રાજાબાવાના હસ્તે હોમ હવનની વિધિનો પ્રારંભ થશે. ત્યારબાદ શ્રીફળ હોમવા સાથે આ પર્વની પૂર્ણાહુતિ થશે. કચ્છધરાના કુળદેવી માં આશાપુરા માતાજીના સ્થાનક માતાના મઢ ખાતે અશ્વિની નવરાત્રી પર્વની જેમ જ ઉજવાતા ચૈત્રી નવરાત્રી પર્વની ઉજવણી પણ હર્ષોલ્લાસથી કરવામાં આવે છે અને આ વખતે નવરાત્રીના પર્વની ઉજવણી દરમ્યાન સૌરાષ્ટ્ર-કચ્છમાં પડી રહેલી ભીષણ ગરમીના કારણે રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલી માર્ગદર્શિકાના ચુસ્ત પાલનનું ખાસ ધ્યાન રાખવામાં આવશે. આસો નોરતાની જેમ ઉજવાતા આ ચૈત્ર નવરાત્ર દરમ્યાન મોટી સંખ્યામાં માઇભક્તો માતાજીના દર્શને આવે છે.

બેચરાજીમાં ૨૧મીથી ત્રણ દિવસ ચૈત્રી પૂનમનો મેળો યોજાશે

અમદાવાદઃ ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાના બેચરાજીમાં બિરાજમાન મા બહુચરનો બેચરાજી ખાતે દર વર્ષે ચૈત્રી પૂનમનો પરંપરાગત મેળો યોજાય છે. તા.૨૧થી ૨૩ એપ્રિલ દરમિયાન મેળામાં પાંચ લાખથી વધુ શ્રદ્ધાળુઓ ઊમટી પડે તેમ હોઈ શ્રદ્ધાળુઓને કોઈ તકલીફ ન પડે તે માટે વિવિધ સમિતિઓની કલેકટર એમ. નાગરાજનના અધ્યક્ષસ્થાને રચના કરી હતી. શક્તિ ઉપાસનાના પર્વ ચૈત્રી નવરાત્રિનો મંગળવારથી પ્રારંભ થયો છે. શક્તિપીઠ અંબાજી ખાતે તેમજ બેચરાજીમાં બાલા ત્રિપુરા સુંદરી મા બહુચરના મંદિરે વૈદિક મંત્રોચ્ચાર સાથે ઘટસ્થાપન કરવામાં આવ્યું હતું. માતાજીની આરતી કરવામાં આવી હતી. ચૈત્રી નવરાત્રિ નિમિત્તે મોટી સંખ્યામાં માઇભક્તો દર્શન માટે ઊમટ્યાં હતા. સનાતન હિન્દુ ધર્મમાં ખાસ કરીને આસો નવરાત્રિ અને ચૈત્રી નવરાત્રિમાં શક્તિ ઉપાસનાનું વિશેષ મહત્ત્વ રહેલું છે. ઘટ સ્થાપનને માતાજીનું સ્વરુપ માની ભક્તિભાવ અને શ્રદ્ધા સાથે તેનું પૂજન અર્ચન કરવામાં આવે છે. ચૈત્રી નવરાત્રિના પ્રથમ નોરતે ઘટસ્થાપન અંતર્ગત બેચરાજીમાં બિરાજમાન બાલા ત્રિપુરા મા બહુચરના મંદિરે પણ સોમવારે બપોરે મંદિર પ્રક્ષાલન વિધિ સંપન્ન થઈ હતી અને ચૈત્રી નવરાત્રિના પ્રારંભે મંગળવારે સવારે ઘટસ્થાપન વિધિ કરાઈ હતી. ચૈત્રી નવરાત્રિના નવ દિવસ સુધી શક્તિની આરાધના સાથે ઉજવણી અંતર્ગત ચૈત્ર સુદ છઠ્ઠના રોજ શતચંડી યજ્ઞનો પ્રારંભ કરાશે અને ચૈત્ર સુદ આઠમે યજ્ઞની પૂર્ણાહુતિ કરાશે. આઠમે સવારે માતાજીની પાલખી યાત્રા યોજાશે અને બપોરે આઠમના ખંડ પલ્લી નૈવેધ ધરાવાશે. ચૈત્ર સુદ દસમે સવારે નવરાત્રિ (જવારા) ચૈત્રી પૂનમે રાત્રે માતાજીની સવારી નિજ મંદિરેથી નીકળીને શંખલપુર મુકામે જશે. તા.૨૨ એપ્રિલ સવારે ૫ થી ૨૩ એપ્રિલ પૂનમની રાત્રે માતાજીની સવારી શંખલપુરથી પરત આવે ત્યાં સુધી નીજ મંદિરના દ્વાર દર્શન માટે સતત ખુલ્લા રહેશે.

સરદાર પટેલ યુનિવર્સિટીની પરીક્ષામાં ૫૭ કોપી કેસ નોંધાયા

અમદાવાદઃ સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા લેવામાં આવેલી અંડર ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટની પરીક્ષામાં ૫૭ કોપી કેસ નોંધાયા છે, જેમાં સૌથી વધુ બી.કોમ ચોથા સેમેસ્ટરમાં ૧૧ વિદ્યાર્થી કોપી કરતાં ઝડપાયા છે. યુનિવર્સિટીની અંડર ગ્રેજ્યુએટ-યુ.જીની મોટાભાગની પરીક્ષા પૂર્ણ થઇ ગઇ છે, હાલમાં પોસ્ટ ગ્રેજ્યુએટની પરીક્ષા ચાલી રહી છે.

યુનિવર્સિટીની પરીક્ષા દરમ્યાન કોપી કરતાં ઝડપાયેલા વિદ્યાર્થીઓ સામે કોપી કેસ નોંધવામાં આવ્યા છે. યુનિવર્સિટીની પરીક્ષામાં બીસીએ ચોથા સેમેસ્ટરમાં એક, બીકોમ છઠ્ઠા સેમેસ્ટરમાં છ, બી.એસસી છઠ્ઠા સેમેસ્ટરમાં બે, બી.એ ચોથા સેમેસ્ટરમાં આઠ, બી.કોમ ચોથા સેમેસ્ટરમાં અગિયાર, બી.એડ ચોથા સેમેસ્ટરમાં એક, બીસીએ છઠ્ઠા સેમેસ્ટરમાં એક, બી.એ છઠ્ઠા સેમેસ્ટરમાં એક, એલએલબી છઠ્ઠા સેમેસ્ટરમાં ત્રણ, બી.એસસી ચોથા સેમેસ્ટરમાં ચાર, એમકોમ પ્રથમ સેમેસ્ટરમાં એક, એમએસડબલ્યુ પ્રથમ સેમેસ્ટરમાં એક, એમ.એડ બીજા સેમેસ્ટરમાં એક, બીબીએ ચોથા સેમેસ્ટરમાં એક, એમકોમ બીજા સેમેસ્ટરમાં ત્રણ, એલએલએમ બીજા સેમેસ્ટરમાં એક, એમ.એસસી સ્ટેટેસ્ટીક્સ ત્રીજા સેમેસ્ટરમાં એક, એમ.એડ પ્રથમ સેમેસ્ટરમાં એક, એમ.એમ હિસ્ટ્રી બીજા સેમેસ્ટરમાં એક, એમ.એસસી કેમેસ્ટરી ચોથા સેમેસ્ટરમાં એક, બી.એ બીજા સેમેસ્ટરમાં ચાર, બી.એ એલએલબીમાં એક અને બી.એસસી બીજા સેમેસ્ટરમાં એક મળીને કુલ ૫૭ કોપી કેસ નોંધાયા છે.

રાજ્યમાં ભરઉનાળે કમોસમી વરસાદનું સંકટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ઉનાળાની કાળઝાળ ગરમીની શરૂઆત થઈ ગઈ છે. હવામાન વિભાગે આગામી ૧૩થી ૧૬ એપ્રિલ દરમિયાન રાજ્યના કેટલાક જિલ્લાઓમાં વરસાદની આગાહી કરી છે. રાજ્યમાં સૌથી વધુ ૪૨ ડિગ્રી તાપમાન રાજકોટ, ડીસામાં નોંધાયું હતું. આગામી તા. ૧૩મીથી તા.૧૬મી એપ્રિલ દરમિયાન ગુજરાતમાં વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. સાથે જ ગુજરાતના કાંઠા વિસ્તારમાં ઉકળાટભર્યું વાતાવરણ રહેશે રાજ્યમાં ૧૩થી ૧૬ એપ્રિલ દરમિયાન કચ્છ, ગીર સોમનાથ, સુરત, નવસારી, વલસાડ, દાહોદ, છોટા ઉદેપુર, નર્મદામાં વરસાદની સંભાવના જણાવી છે. તેમજ ૧૩થી ૧૫ એપ્રિલ દરમિયાન કચ્છ, ગીર સોમનાથ, સુરત, નવસારી, વલસાડ, દાહોદ, છોટા ઉદેપુર, નર્મદામાં સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે.

આ સાથે જ તા.૧૬મી એપ્રિલે દાહોદ, છોટાઉદેપુર અને નર્મદામાં સામાન્ય વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. તેમજ આગામી ૨૪ કલાક બાદ ગરમીના પારોમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો જોવા મળી શકે છે. સાથે જ અમદાવાદ અને ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી રહી શકે છે.

ગુજરાતમાં સૌથી વધુ દાહોદ જિલ્લામાં ૫૫૫૮ જેટલાં હથિયારો જમા કરી લેવાયાં

અમદાવાદઃગુજરાતમાં સૌથી વધુ દાહોદ જિલ્લામાં હથિયાર પરવાના હોવાથી દાહોદ પોલીસે અત્યાર સુધીમાં ૫૫૫૮ જેટલા હથિયારો જમા કરી લીધા છે જ્યારે ૨૫ હથિયારો હજી પણ જમા કરવાના લેવાના બાકી છે.

લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને દાહોદ પોલીસ પાડોશી રાજ્યના સરહદી વિસ્તારના જિલ્લાના અધિકારીઓ સાથે બેઠક યોજી સંકલનમાં કામ કરી રહી છે.તદુપરાંત દાહોદ જિલ્લા પોલીસ દ્વારા રાજસ્થાન અને મધ્ય પ્રદેશને જોડતી ૧૯ જેટલી ઇન્ટરસ્ટેટ સંયુક્ત ચેકપોસ્ટ ઊભી કરવામાં આવી છે, સાથે સાથે દાહોદ જિલ્લાને જોડતી છ જુદી જુદી ચેકપોસ્ટ મળી કુલ ૨૫ જેટલી ચેકપોસ્ટ સીલ કરવામાં આવી છે. આ તમામ ચેકપોસ્ટ ઉપર તથા ચૂંટણીલક્ષી કામગીરી માટે દાહોદ એસપી દ્વારા ૧૮ જેટલી એફ.એસ.ટી. તેમજ ૨૨ જેટલી એસ.એસ.ટી. ટીમોનું ગઠન કરવામાં આવ્યું છે. જે રાઉન્ડ ક્લોક કામગીરી કરી રહી છે. દાહોદ જિલ્લામાં આવેલા ૧૯ પોલીસ મથકોમાં પોલીસે અત્યાર સુધીમાં ૭૦ લાખ ઉપરાંતની વિદેશી દારૂ ઝડપી પાડવામાં સફળતા સાંપડી છે. તો બીજી તરફ લોકસભાની ચૂંટણી નિવિર્ઘ્ને યોજાય તે માટે પોલીસ દ્વારા નાસતા ફરતા આરોપીઓની યાદી બનાવી પાડોશી રાજ્યોના પોલીસ સાથે સંકલનમ

દૈનિક
મુંબઈ સમાચાર
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 86 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ચૈત્ર સુદ - ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 11 April 2024, Thursday ■ REGD.No. MCS/058/2024-26
ગુરુવાર, ૧૧ એપ્રિલ ૨૦૨૪ કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

VAIDEHI®
Bandhani Hing

V.N. THAKKAR HINGWALA & BROS.
SYMBOL OF QUALITY
69, YUSUF MEHARALLI ROAD, MUMBAI - 400 003.

VANDEVI®
Bandhani Hing

રસોઈની રાણી, સ્વાદની મહારાણી, સુગંધની પટરાણી
ખુશ થઈ જાય ઘરની રાજરાણી !

૯૦ વર્ષોથી ભારતીય મહિલાઓના દિલમાં અને તેમની રસોઈમાં રાજ કરતી
એકમાત્ર વનદેવી નં. ૧ ના પરિવારમાંથી સરગમ ફૂડની અસલ બાંધાની હિંગ

Sargam Food Pvt. Ltd.
Mahendra Thakkar Group Company
Plot No. D162/163, TTC Industrial Area, MIDC, Thane Belapur Road, Nerul, Navi Mumbai 400706
+91-22-20872037 / 38 info@vandevi.com www.vandevi.com
BIJAL ADS

પતંજલિની જાહેરખબર સંબંધે ઉત્તરાખંડના સત્તાવાળાની આકરી ટીકા કરતી સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ પતંજલિ આયુર્વેદ દ્વારા કરવામાં આવતી ગેરમાર્ગે દોરતી જાહેરખબરને મામલે નિષ્ક્રિય રહેવા બદલ સુપ્રીમ કોર્ટે પરવાના આપતા ઉત્તરાખંડના સત્તાવાળાઓની બુધવારે આકરી ટીકા કરી ચેતવણી આપી હતી.

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે આ મામલે સત્તાધિકારીઓ સુષુપ્ત રહ્યા હતા અને ગેરમાર્ગે દોરનારી જાહેરખબર અંગે માહિતગાર કરવામાં આવ્યા હોવા છતાં તેમણે આ બાબતને વિલંબમાં મૂકવાના સ્પષ્ટ પ્રયાસ કર્યા હતા. ન્યાયાધીશ હિમા કોહલી અને અહેસાનુદ્દીન અમાનુલ્લાહની બનેલી ખંડપીઠે ઉત્તરાખંડના સત્તાધિકારીઓ વતી કોર્ટમાં હાજર રહેલા વકીલને કહ્યું હતું કે શા માટે અમે એવું ન માની લઈએ કે આ મામલે તમે પણ પતંજલિના ભાગીદાર છો અને તમે જાણીજોઈને આંખ આડા કાન કર્યા હતા.

આ ચાર-પાંચ વર્ષ દરમિયાન સત્તાધિકારીઓએ ફાઈલ આગળ વધારવા સિવાય કશું જ કામ નથી કર્યું, એમ ખંડપીઠે કહ્યું હતું. તેમણે દાખવેલી નિષ્ક્રિયતા બદલ શા માટે લાઈસન્સ ઑથોરિટી ઍન્ડ ડિસ્ટ્રીક્ટ આયુર્વેદિક અને ઉન્નાની અધિકારીઓને સસ્પેન્ડ ન કરવા જોઈએ એવો સવાલ ખંડપીઠે કર્યો હતો. (એજન્સી)

દિલ્હી એરપોર્ટ પર હેરોઈન પકડાયું

નવી દિલ્હી : ભારતમાં હેરાઈન દાણચોરીથી લાવનાર બે ઈસમની ઈંદિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કસ્ટમ્સના અધિકારીઓએ ધરપકડ કરી હતી એવી માહિતી બુધવારે બહાર પડાયેલા સત્તાવાર નિવેદનમાં અપાઈ હતી.

આરોપીઓ ત્રીજી એપ્રિલે બેંગકોકથી દિલ્હી આવ્યા ત્યારે તેમને આંતરી લેવાયા હતા. કસ્ટમ્સ ડિપાર્ટમેન્ટે સત્તાવાર નિવેદનમાં કહ્યું હતું કે બન્ને પેસેન્જરના સામાનની ઝડતી થતાં તેમની પાસે લીલા રંગના કેફી દ્રવ્યના ૧૩ પેકેટ મળ્યા હતા. આ પદાર્થ હેરોઈન હોવાનું મનાય છે અને પેકેટનું કુલ વજન ૫૦૦૪ ગ્રામ (૫.૦૪ કિલો) હતું. જે હેરોઈન મળ્યું છે તેની કિંમત ૩૫ કરોડ રૂપિયાની છે. બન્ને આરોપીઓ તમિળનાડુના છે. તેમની ધરપકડ કરાઈ છે અને હેરોઈનને જપ્ત કરાયું છે. (એજન્સી)

મોદી ૧૪ એપ્રિલે કર્ણાટકમાં, મૈસુરમાં સંબોધશે રેલી, મેંગલૂરુમાં કરશે રોડ શૉ

બેંગલૂરુઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧૪ એપ્રિલે લોકસભા ચૂંટણીના પ્રચાર માટે કર્ણાટકના મૈસુર અને મેંગલૂરુની મુલાકાત લેશે, એમ રાજ્યના પક્ષના નેતાએ બુધવારે જણાવ્યું હતું. નોંધનીય છે કે વડા પ્રધાન મોદીએ ગયા મહિને કલબુર્ગી અને શિવમોગામાં મેગા રેલીઓ યોજી હતી. ભાજપના મહાસચિવ વી. સુનિલ કુમારે જણાવ્યું હતું કે વડા પ્રધાન ૧૪ એપ્રિલના રોજ મૈસુરમાં એક મેગા રેલીને સંબોધિત કરશે અને મેંગલૂરુમાં રોડ શો કરશે. મોદીના પ્રવાસ કાર્યક્રમ વિશે બોલતા પાર્ટીની લોકસભા ચૂંટણી પ્રબંધન સમિતિના રાજ્યના સંયોજકે કહ્યું હતું કે વડા પ્રધાન ૧૪ એપ્રિલે સાંજે ચાર વાગ્યે એક જાહેર સભાને સંબોધિત કરશે, જેમાં મૈસૂર, ચામરાજનગર, મંડ્યા અને હસન લોકસભા મતવિસ્તારના પક્ષના કાર્યકરો હાજર રહેશે. મૈસુરના મહારાજા કોલેજના મેદાનમાં એકત્ર થશે. અહીં પત્રકારો સાથે વાત કરતા કુમારે કહ્યું હતું કે આ એક મેગા રેલી હશે જેમાં ભાજપ અને જેડી(એસ) બંનેના નેતાઓ વડા પ્રધાન સાથે ભાગ લેશે. '૧૪ એપ્રિલે સાંજે છ વાગ્યે મોદી મેંગલૂરુમાં નારાયણ ગુરુ સર્કલથી નવભારત સર્કલ સુધી લગભગ ૧.૫ કિમીનો રોડ શો કરશે. પાર્ટીના સ્થાનિક નેતાઓ અને કાર્યકર્તાઓ પહેલેથી જ આ બંને કાર્યક્રમોને સફળ બનાવવા માટે કામ કરી રહ્યા છે. કુમારે કહ્યું કે કેન્દ્રીય વિદેશ પ્રધાન એસ જયશંકર પણ ૧૫ એપ્રિલે બેંગલૂરુની મુલાકાત લેશે અને મીડિયા સાથે મુલાકાત કરશે. નોંધનીય છે કે કર્ણાટકમાં બે તબક્કામાં મતદાન થવાનું છે. જ્યારે રાજ્યના દક્ષિણ ભાગોમાં ૧૪ લોકસભા બેઠકો પર ૨૬ એપ્રિલે મતદાન થશે, જ્યારે ઉત્તરીય ભાગોમાં બાકીની ૧૪ બેઠકો પર બીજા તબક્કામાં સાત મેના રોજ મતદાન થશે.

વડા પ્રધાન મોદીના આવ્યા બાદ વિશ્વમાં ભારતનું વધ્યું કદઃ રાજનાથ સિંહ

સહારનપુર (ઉત્તર પ્રદેશ): કેન્દ્રીય રક્ષા પ્રધાન રાજનાથ સિંહે ઉત્તર પ્રદેશના સહારનપુરમાં એક ચૂંટણી સભાને સંબોધિત કરી હતી. તેમણે સહારનપુરથી ભાજપના ઉમેદવાર રાઘવ લખનપાલ શર્માના સમર્થનમાં આયોજિત જાહેર સભાને સંબોધિત કરી હતી. તેમણે કહ્યું હતું કે ભાજપે રાજકારણીઓ અને રાજકારણ પ્રત્યે લોકોની માનસિકતા બદલી છે. વડા પ્રધાન મોદીએ દેશનું કદ વિશ્વભરમાં ઊંચું કર્યું છે.

રાજનાથ સિંહે કહ્યું હતું કે થોડા વર્ષો પહેલા એવી ધારણા હતી કે રાજકારણીઓ મત માગવા આવે છે અને જતા રહે છે. તેમને લોકોની કે દેશની કોઇ ચિંતા નથી. આ રાજકારણીઓ અને રાજકીય પક્ષો પ્રત્યેની સામાન્ય ધારણા હતી. તેમણે વધુમાં કહ્યું કે અમે આ ધારણાને બદલી નાખી છે. અમે જે કહીએ છીએ તે કરીએ છીએ. અગાઉ, એવું માનવામાં આવતું હતું કે રાજકારણી જૂઠું બોલે છે પરંતુ અમે આ ધારણા બદલી નાખી છે. સંરક્ષણ પ્રધાને કહ્યું હતું કે રાજકીય પક્ષો તેમના મેનિફેસ્ટોમાં મોટા વચનો આપે છે પરંતુ સત્તા સંભાળ્યા પછી તેને ભૂલી જાય છે. અમે કલમ ૩૭૦ હટાવવાનું વચન આપ્યું હતું અને અમે સત્તા સંભાળ્યા પછી તે કર્યું. અમે ટ્રિપલ તલાકને નાબૂદ કરવાનું વચન આપ્યું હતું અને સંસદમાં બહુમતિ મળ્યા પછી અમે તે કર્યું હતું. રાજનાથ સિંહે કહ્યું કે, ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ચંદ્રયાન લેન્ડ કરનાર ભારત વિશ્વનો એકમાત્ર દેશ છે. વડા પ્રધાન મોદીના નેતૃત્વમાં આ શક્ય બન્યું છે.

રાજનાથ સિંહે કહ્યું કે, આપણા વડા પ્રધાને રશિયા અને યુક્રેન યુદ્ધ દરમિયાન યુક્રેનમાં ફસાયેલા આપણા બાળકોને સુરક્ષિત ભારત પરત લાવ્યા હતા. વડા પ્રધાન મોદીએ રશિયા, યુક્રેન અને અમેરિકાના રાષ્ટ્રપતિઓ સાથે સાડા ચાર કલાક સુધી વાતચીત કરીને યુદ્ધ અટકાવ્યું હતું. આ ભારતની તાકાત છે. તેમણે કહ્યું હતું કે કતારમાં મોતની સજા પામેલા નિવૃત નેવીના કર્મચારીઓને ત્યાંથી સરકારે માફ કર્યા હતા. આ વિશ્વમાં ભારતનું કદ દર્શાવે છે.

ગુજરાતી પ્રવાસી પાસેથી સોનું જપ્ત

ઈંદોર : ડિરેક્ટોરેટ ઓફ રેવેન્યુ (ડીઆરઆઈ) ઈન્ટેલિજન્સે એક ગુજરાતી પેસેન્જરે શુના સોલ અને અન્ડરગાર્મેન્ટમાં સંતાડેલું ત્રણ કરોડની કિંમતનું ૪.૯૪ કિલો વિદેશી સોનું પકડી પાડ્યું હતું એવી માહિતી ડીઆરઆઈના અધિકારીએ આપી હતી. આ ગુજરાતી ઉતારુ શારજાહથી ઈંદોર વિમાનમાં આવ્યો હતો અને તેની કસ્ટમ્સ એક્ટ ૧૯૬૨ના ધારા હેઠળ ધરપકડ કરાઈ હતી. ડીઆરઆઈના અધિકારીઓને બાતમી મળતાં ગુજરાતી પેસેન્જર મધ્ય પ્રદેશના ઈંદોરના દેવી અહલ્યા હોલકર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર શારજાહથી આવેલા વિમાનમાંથી ઉતર્યો કે તેની ઝડતી લીધી હતી. ઝડતી દરમિયાન તેની પાસેથી ૪.૯ કિલો સોનું મળ્યું હતું. સોનાને રાસાયણિક પ્રક્રિયા દેવારા પેસ્ટ બનાવીને તેને બુટના સોલમાં અને અન્ડરગાર્મેન્ટમાં સંતાડવામાં આવ્યું હતું. (એજન્સી)

કલમ ૩૭૦ દૂર કરવાથી આતંકવાદને નાબૂદ કરવામાં મદદ મળીઃ આદિત્યનાથ

કઠુઆઃ ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે બુધવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે અગાઉના જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી કલમ ૩૭૦ નાબૂદ કરવાથી ખીણમાંથી આતંકવાદને નાબૂદ કરવામાં મદદ મળી છે.

જમ્મુમાં ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય પ્રધાન જિતેન્દ્ર સિંહના સમર્થનમાં એક રેલીને સંબોધિત કરતા આદિત્યનાથે કલમ નાબૂદ કરવા બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહની પ્રશંસા કરી હતી અને જમ્મુ અને કાશ્મીરના ભારતના એકીકરણની ઉજવણીમાં લાલ કિલ્લાથી લાલ ચોક સુધીના સ્પષ્ટ ઉત્સાહ પર ભાર મૂક્યો હતો. તેમણે દેશની સરહદો પર મજબૂત સુરક્ષા વ્યવસ્થા તરફ ધ્યાન દોરતા જણાવ્યું હતું કે ''શું કોઈ પાકિસ્તાની સરહદ પારથી ઘૂસણખોરી કરવાની અને આપણી સુરક્ષા સાથે બાંધછોડ કરવાની હિંમત કરી શકે છે? તેઓ કરી શકતા નથી. જો એક પણ ફટાકડો (સરહદ પર) ફૂટે છે, તો પાકિસ્તાન તરત જ સ્પષ્ટતા કરે છે કે તેઓ તેમાં સામેલ નથી. તેઓ જાણે છે કે જો આવું કંઈ થાય તો તેમણે વળતો ઘા સહન કરવો પડશે.''

તેમણે જણાવ્યું હતું કે ''ભારત વિકાસ અને પ્રગતિના પંથે આગળ વધી રહ્યું છે. ૧૪૦ કરોડ લોકો ધરાવતો આ દેશ આદર અને ગૌરવ ધરાવે છે. ભારતના લોકોને સમગ્ર વિશ્વમાં સન્માન મળી રહ્યું છે.''

જમ્મુ અને કાશ્મીર હવે ભારતમાં વિકાસના મુખ્ય પ્રવાહમાં જોડાઈ ગયું છે, એમ તેમણે કેન્દ્રશાસિત પ્રદેશમાં હાથ ધરવામાં આવેલા વિવિધ ક્ષેત્રોમાં વિવિધ વિકાસ પ્રોજેક્ટોનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું.

જમ્મુ અને કાશ્મીરની સમસ્યાઓને અસરકારક રીતે ઉકેલવામાં નિષ્ક્રિયતા માટે અગાઉની કૉંગ્રેસ સરકાર પર આકરા પ્રહાર કરતાં તેમણે કહ્યું કે, ''જમ્મુ અને કાશ્મીરને દાવા વગરનું છોડી દેવામાં આવ્યું હતું. તે ભગવાનની દયા પર છોડી દેવામાં આવ્યું હતું... અમે કૉંગ્રેસના વર્તનથી આશ્ચર્ય પામ્યા નથી. તેઓએ ભારતને પોતાની ખાનગી મિલકત બનાવી લીધું છે. જ્યારે પણ દેશમાં કોઈ સંકટ આવે ત્યારે તેઓ ભાગી જતા હતા. ડોડાનો નરસંહાર કોણે જોયો નથી?''

આદિત્યનાથે કહ્યું કે દેશમાં દરેક વ્યક્તિ જમ્મુ અને કાશ્મીરને ભારતના તાજ તરીકે ગર્વ સાથે જોવા માંગે છે.

સિટી ન્યૂઝ

બુલેટ ટ્રેનઃ પાલઘર, થાણે જિલ્લામાં મહત્ત્વના કામકાજના શ્રીગણેશ

જીયોટેક્નિકલ ટેસ્ટિંગનું કામકાજ પૂરું થવાના આરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રેલવે અને કેન્દ્ર સરકારની સૌથી મહત્ત્વાકાંક્ષી બુલેટ ટ્રેનના પ્રકલ્પની કામગીરીને ધીમે ધીમે વેગ મળી રહ્યો છે, જેમાં મહારાષ્ટ્રના બે જિલ્લામાં મહત્ત્વના કામકાજના શ્રીગણેશ કરવામાં આવ્યા છે. મહારાષ્ટ્રના પાલઘર અને થાણે જિલ્લામાં બુલેટ ટ્રેનનું કામકાજ શરું થયું છે.

નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ (એનએચએસઆરસીએલ)ના જણાવ્યા મુજબ આ કામકાજ મહારાષ્ટ્ર ગુજરાતની સીમા પરના શિલફાટાથી જારોલી ગામ સુધીની બુલેટ ટ્રેનની યોજનાના પેકેજ-સીથ્રીના હિસ્સામાં કામકાજ થાય છે.

હાલના તબક્કે ૧૩૫ કિલોમીટર લાંબા જીયો-ટેક્નિકલ ટેસ્ટ પૂરી કરવામાં આવશે. અહીંના વિસ્તારમાં બે ટનલનું કામકાજ ચાલુ કરવામાં આવ્યું છે. કહેવાય છે કે ગર્ડરના ફુલ સ્પાન અને સેગમેન્ટ કાસ્ટિંગ માટે કાસ્ટિંગ યાર્ડ ડેવલપ કરવાનું કામકાજ ચાલુ છે. બુલેટ ટ્રેનના પ્રકલ્પ માટે મુંબઈ નજીકના પર્વતીય વિસ્તાર-ટનલની સાથે ઉલ્હાસ, વૈતરણા, જગની નદીઓ પર મહત્ત્વના ક્રોસિંગનો સમાવેશ થાય છે, જેમાં થાણે સેક્શનમાં થાણે, વિરાર, બોઈસર ત્રણ બુલેટ ટ્રેનના સ્ટેશન હશે. પ્રસ્તાવિત બુલેટ ટ્રેનના પ્રકલ્પમાં પેકેજ-સી૩ અન્વયે ૧૩૫ કિલોમીટરના કોરિડોરનો સમાવેશ થાય છે, જેમાં ૨૪ કિલોમીટર સુધી ફેલાયેલા વાયાડક્ટ અને પુલ તેમ જ ૫ કિલોમીટરના માળખાનો સમાવેશ થાય છે, જેમાં ૧૨ સ્ટીલ બ્રિજની સાથે ૩૬ બ્રિજ અને ક્રોસિંગનો સમાવેશ થાય છે. નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા મુંબઈમાં બીકેસી અને શિલફાટામાં અંડરગ્રાઉન્ડ સ્ટેશનની વચ્ચે ૨૧ કિલોમીટર લાંબી દરિયામાં ટનલનું નિર્માણ કરવામાં આવશે. બુલેટ ટ્રેનના પ્રકલ્પનો ખર્ચ કુલ ૧.૦૮ લાખ કરોડનો છે, જ્યારે તેમાં ભારત સરકાર, એનએચએસઆરસીએલની સાથે રાજ્ય સરકાર (ગુજરાત, મહારાષ્ટ્ર)નો સમાવેશ થાય છે.

રેલવે મંત્રાલયના અહેવાલ અનુસાર બુલેટ ટ્રેનની સ્પીડ કલાકના ૩૨૦ કિલોમીટરની હશે, જેમાં મુંબઈથી અમદાવાદ બે કલાકમાં પહોંચી શકાશે. હાલના તબક્કે મુંબઈથી અમદાવાદ વચ્ચે આઠથી સાડાછ કલાકનો સમય લાગે છે.

નાના પટોલેની કારને નડ્યો અકસ્માત, આબાદ બચાવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ કોંગ્રેસના અધ્યક્ષ નાના પટોલે ભંડારાથી પરત ફરતી વખતે અકસ્માતનો શિકાર બન્યા હતા. મળતી માહિતી મુજબ તેમની કાર એક ટ્રક સાથે અથડાઇ હતી. આ અકસ્માતમાં તેમની કારને ઘણું નુકસાન થયું હતું, પરંતુ સદનસીબે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખને સામાન્ય ઇજાઓ જ પહોંચી છે. અકસ્માતમાં અન્ય કોઈને ઈજા થઈ નથી. આ અકસ્માત બાદ આરોપ પ્રત્યારોપનો દોર પણ શરું થઈ ગયો છે.

દરમિયાન ભંડારાથી પાંચ કિલોમીટર દૂર ભીલવાડા ગામ પાસે તેમના કાફલા અને પાછળથી પૂરઝડપે આવી રહેલી ટ્રકે જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે નાના પટોલેની કારના પાછળનો ભાગનો ભૂક્કો બોલાઈ ગયો હતો.આ દુર્ઘટનામાં મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રમુખનું ચમત્કારિક બચાવ થયો છે પોલીસે ફરિયાદ નોંધીને આ મામલે તપાસ શરું કરી છે.

રાજ ઠાકરેની મોદીને ટેકાની જાહેરાત

કોઇ ફાઇલ ખોલવાની ચીમકી આપી કે શું?ઃ રાઉત

મુંબઈઃ લાંબા સમય રાહ જોયા બાદ આખરે મહારાષ્ટ્ર નવનિર્માણ સેના(મનસે)ના અધ્યક્ષ રાજ ઠાકરેએ પોતાનું વલણ સ્પષ્ટ કરતા લોકસભાની ચૂંટણીમાં પોતે મહાયુતિને ટેકો આપશે તેવી જાહેરાત કરી છે. રાજ ઠાકરેની જાહેરાત બાદ ઉદ્ધવ ઠાકરે જૂથના રાજ્યસભા સાંસદ સંજય રાઉતે રાજ ઠાકરે ઉપર નિશાન સાધ્યું છે.

રાઉતે રાજ ઠાકરે પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે આ એ જ રાજ ઠાકરે છે જેમણે જાહેરાત કરી હતી કે તે નરેન્દ્ર મોદી અને અમિત શાહને મહારાષ્ટ્રમાં પગ નહીં મૂકવા દે. હવે અચાનક જ ચમત્કાર કઇ રીતે થઇ ગયો તે તેમને જઇને પૂછવું પડે.

તેમને જઇને પૂછો કે મહારાષ્ટ્રના દુશ્મનોને તે કેમ ટેકો આપી રહ્યા છે તે જનતાને જઇને જણાવે કે કારણ શું છે અને તેમની પાછળ કઇ ફાઇલ ખોલી છે?

રાઉતે રાજ ઠાકરેએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને આપેલા સમર્થન પર પ્રશ્નચિહ્ન લગાવતા પૂછ્યું હતું કે વૉશિંગ મશીનની વાત પછી આવશે પણ હમણા એવી કઇ ફાઇલ ખોલવામાં આવી કે તમે અચાનક આવીને તેમનું સમર્થન કરી રહ્યા છો?

જોકે એ સારું થયું કે ખુલીને સમર્થન કરવામાં આવ્યું છે. અમુક વખતે એમ થાય છે કે તમે પોતાનો ઉમેદવાર ઊભો કરાય છે અને મત કપાય છે.

તેમણે મહારાષ્ટ્રની પ્રજાને સંબોધતા કહ્યું હતું કે મહારાષ્ટ્રની જનતા બધું જ જાણે છે અને તે જ ફેંસલો કરશે.

ઉલ્લેખનીય છે કે રાજ ઠાકરેએ મંગળવારે ગૂડી પડવા નિમિત્તે શિવાજી પાર્કમાં યોજેલી રેલીમાં લોકસભાની ચૂંટણીમાં મહાયુતિને પોતાનું સમર્થન આપવાની જાહેરાત કરી હતી. ફક્ત વડા પ્રધાન નરેન્દ્ર મોદીના કારણે પોતે મહાયુતિને સમર્થન આપી રહ્યા હોવાનું પણ રાજ ઠાકરેએ સ્પષ્ટ કર્યું હતું.

મુંબઈ-થાણેમાં ચોરી કરવા વિમાનમાં ફરનારો રીઢો ચોર આસામમાં ઝડપાયો

થાણેઃ મુંબઈ-થાણેમાં ચોરી કરવા માટે આસામથી વિમાનમાં આવનારા રીઢા ચોરને થાણે પોલીસે પકડી પાડ્યો હતો. પોલીસના હાથે ઝડપાઈ ન જાય તે માટે આરોપી વિગ પહેરતો હતો અને મોબાઈલ ફોનનો ઉપયોગ કરવાનું પણ ટાળતો હતો.

ડેપ્યુટી પોલીસ કમિશનર (ક્રાઈમ) શિવરાજ પાટીલે જણાવ્યું હતું કે ધરપકડ કરાયેલા આરોપી મોઈનુલ અબ્દુલ મલિક ઈસ્લામની પૂછપરછમાં ચોરીના ૨૨ જેટલા ગુના ઉકેલાયા હતા. તેની પાસેથી ચોરીના ૬૨ લાખ રૂપિયાના સોનાના દાગીના હસ્તગત કરવામાં આવ્યા હતા.

થાણેમાં બંધ ઘરોનાં તાળાં તોડી ચોરી કરવાની ઉપરાછાપરી ઘટનાઓ બનતાં આરોપીની શોધ માટે પોલીસ અધિકારીઓની સ્પેશિયલ ટીમ બનાવવામાં આવી હતી. તપાસ દરમિયાન ગયા વર્ષના સપ્ટેમ્બરમાં કાલ્હેર પરિસરમાં થયેલી ચોરીના કેસમાં ઈસ્લામની સંડોવણી સામે આવી હતી.

આસામના હોજાઈ જિલ્લાનો વતની ઈસ્લામ વિમાનમાં મુંબઈ આવતો હતો અને નવી મુંબઈમાં રહેતો હતો. પછી મુંબઈ-થાણેમાં ચોરી કરીને ફરી વિમાનમાં તેના વતન અથવા નાગાલૅન્ડમાં સંતાતો ફરતો, એવું ડીસીપી પાટીલે જણાવ્યું હતું.

આરોપી પોતાની ઓળખ છતી ન થઈ જાય તે માટે વિગ પહેરતો હતો. વળી, તે મોબાઈલ ફોનનો ઉપયોગ પણ કરતો નહોતો. પોલીસે ઘટનાસ્થળ આસપાસના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે આરોપીની ઓળખ મેળવી હતી. રમજાન મહિનો હોવાથી આરોપી તેના વતનમાં હોવાની માહિતી પોલીસને મળી હતી. પોલીસની ટીમે પાંચથી છ દિવસ સાદા વેશમાં તેના પર નજર રાખી હતી.

સ્થાનિક પોલીસની મદદથી થાણે પોલીસ આરોપીના ઘરે પહોંચી ત્યારે આરોપીએ ભાગવાના પ્રયાસમાં ઘરની બારીમાંથી કૂદકો માર્યો હતો, જેને કારણે તેના પગમાં ઇજા થઈ હતી. પકડાયેલા આરોપીની પોલીસ વધુ પૂછપરછ કરી રહી છે.

એમબીએના વિદ્યાર્થીએ ક્રિપ્ટોકરન્સી ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડમાં ₹ ૨૩ લાખ ગુમાવ્યા

નાગપુરઃ નાગપુરની કોલેજમાં એમબીએનો કોર્સ કરી રહેલા ૨૮ વર્ષના વિદ્યાર્થીને ક્રિપ્ટોકરન્સીમાં રોકાણ પર સારા વળતરની લાલચ આપી રૂ. ૨૩ લાખની છેતરપિંડી આચરવામાં આવી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

આરોપીએ ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝરના સ્વાંગમાં ૧૭ નવેમ્બર, ૨૦૨૩ના રોજ ટેલિગ્રામ મેસેજિંગ પ્લેટફોર્મ થકી વિદ્યાર્થીનો સંપર્ક સાધ્યો હતો.

વાથોડા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે વિદ્યાર્થી પશ્ચિમ બંગાળના હુગલીનો વતની હોઇ તેને ક્રિપ્ટોકરન્સી સ્કીમમાં રોકાણ પર સારા વળતરની લાલચ અપાઇ હતી.

દરમિયાન આરોપીના કહેવાથી વિદ્યાર્થીએ રૂ. એક હજાર બેન્ક એકાઉન્ટમાં ડિપોઝિટ કર્યા હતા અને તેના બદલામાં તેને રૂ. ૧,૪૦૦ મળ્યા હતા.

બાદમાં વિદ્યાર્થીએ નફો મેળવવાની આશાએ રૂ. ૨૩ લાખ બેન્ક એકાઉન્ટમાં જમા કરાવ્યા હતા, પણ તેને કોઇ વળતર મળ્યું નહોતું. પોતે છેતરાયો હોવાનું ધ્યાનમાં આવતાં વિદ્યાથીએ પોલીસનો સંપર્ક સાધીને ફરિયાદ નોંધાવી હતી. વાથોડા પોલીસે મંગળવારે ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)

પુણેની એન્જિનિયરિંગની વિદ્યાર્થિનીની હત્યા કરીને ખંડણી માગનારા આરોપી દેવાદાર હતા

ઝટપટ નાણાં કમાવા માટે ગુનો આચર્યો હોવાનું કબૂલ્યુંઃ પોલીસ

પુણેઃ પુણેની એન્જિનિયરિંગની વિદ્યાર્થિનીની હત્યા કર્યા બાદ રૂ. નવ લાખની ખંડણી માગનારા ત્રણ આરોપી દેવાદાર હતા અને તેઓ ઝટપટ નાણાં કમાવા માગતા હતા, જેને કારણે તેઓ ગુનો આચર્વા પ્રેરાયા હતા, એમ પોલીસે જણાવ્યું હતું.

૩૦ માર્ચે એન્જિનિયરિંગની વિદ્યાર્થિની ભાગ્યશ્રી સુડે (૨૨)નું તેના કોલેજના મિત્ર શિવમ ફુલાવલે તથા સુરેશ ઇન્દુરે અને સાગર જાધવે પુણેના વિમાન નગર વિસ્તારમાંથી અપહરણ કર્યું હતું. તેમણે વિદ્યાર્થિનીની ગળું દબાવીને હત્યા કરી હતી અને મૃતદેહ અહમદનગરમાં જમીનમાં દાટી દીધો હતો. બાદમાં તેમણે વિદ્યાર્થિનીના પરિવારજનોને મોબાઇલ પર મેસેજ મોકલીને રૂ. નવ લાખની ખંડણી માગી હતી, એમ વિમાનતળ પોલીસ સ્ટેશનના અધિકારીએ કહ્યું હતું.

અહમદનગરમાં રવિવારે વિદ્યાર્થિનીનો મૃતદેહ મળી આવ્યો હતો. તપાસ દરમિયા પોલીસને જાણવા મળ્યું હતું કે આરોપીઓ આર્થિક તંગીનો સામનો કરી રહ્યા હતા અને તેઓ દેવામાં ડૂબ્યા હતા. તેઓ ઝટપટ નાણાં કમાવા માગતા હતા. આથી તેમણે વિદ્યાર્થિનીનું અપહરણ કરવાની યોજના બનાવી હતી.

વિદ્યાર્થિનીના પરિવારજનોએ મિસિંગની ફરિયાદ નોંધાવ્યા બાદ પોલીસે તપાસ આદરી હતી અને ગુનામાં સંડોવાયેલા ત્રણેય આરોપીની ધરપકડ કરી હતી.

આરોપીઓએ વિદ્યાર્થિની હત્યા કર્યાનું કબૂલ્યું હતું અને તેનો મૃતદેહ જ્યાં દાટી દેવાયો હતો એ જગ્યા પોલીસને બતાવી હતી. દરમિયાન ત્રણેય આરોપીને ધરપકડ બાદ કોર્ટમાં હાજર કરાયા હતા, જ્યાં તેમને ૧૫ એપ્રિલ સુધીની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી. (પીટીઆઇ)

ચૂંટણીમાં ૨૦,૦૦૦ શાહીની બોટલ વપરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લોકસભાની ચૂંટણી જેમ નજીક આવી રહી છે તેમ રાજકીય પક્ષોની સાથે સાથે ચૂંટણી પંચ અને મતદાન તેમ જ મતગણતરીની પ્રક્રિયામાં સામેલ થનારા રાજકીય સંસ્થાનોની તૈયારીઓ પણ શરૂ થઇ ગઇ છે. મુંબઈમાં મતદારોમાં મતદાન વિશે જાગરૂકતા ફેલાવવા માટે વિવિધ પ્રશિક્ષણ કેન્દ્રો યોજવાના ગયા અઠવાડિયાથી જ શરૂ થઇ ગયા હતા. ત્યારે હવે ચૂંટણી અને મતદાન માટે જરૂરી સામાન અને ઉપકરણની ઉપલબ્ધતા માટે પણ તૈયારી શરૂ થઇ ગઇ છે.

મતદાન વખતે મતદારોના અંગુઠા ઉપર લગાવવા માટે શાહી એટલે કે ઇંકનો ઉપયોગ થાય છે. મુંબઈ ઉપનગર જિલ્લા પ્રશાસન દ્વારા મતદારવિસ્તાર માટે શાહીની બોટલોની સત્તાવાર માગણી નોંધાવવામાં આવી છે. ઉપનગરના ચાર મતદાર સંઘ માટે કુલ ૨૦,૨૬૭ બોટલ શાહીની માગણી કરવામાં આવી હોવાની માહિતી જિલ્લાધિકારી તેમ જ ચૂંટણી અધિકારી રાજેન્દ્ર ક્ષીરસાગરે આપી હતી.

ઉલ્લેખનીય છે કે મુંબઈઉપનગરમાં ઉત્તર મુંબઈ, ઉત્તર-પશ્ચિમ મુંબઈ, ઉત્તર-પૂર્વ મુંબઈ અને ઉત્તર મધ્ય આ ચાર બેઠકો આવેલી છે. આ બેઠકો માટે ૨૬મી એપ્રિલથી ઉમેદવારી નોંધાવવાની પ્રક્રિયા શરૂ થશે. જ્યારે ૨૦ મે ૨૦૨૪ના રોજ આ બેઠકો માટે મતદાન યોજવામાં આવશે. મુંબઇ ઉપનગર જિલ્લામાં કુલ ૭૨,૨૮,૪૦૩ મતદારો છે અને આ ક્ષેત્રમાં મતદાન કેન્દ્રોની સંખ્યા ૭,૩૫૩ છે. આ ઉપરાંત ઉપનગર વિસ્તારમાં ૨૭ સહાયકરૂપી મતદાન કેન્દ્રો પણ છે. શાહીની જે બોટલો મગાવવામાં આવી છે તે હૈદરાબાદ અને મૈસુરમાં બનાવવામાં આવે છે.

બિલાડીને બચાવવાના પ્રયાસમાં બાયોગૅસના ખાડામાં પાંચ જણ ડૂબ્યા

પુણેઃ પ્રાણીઓનાં મળ-મૂત્ર એકઠા કરવામાં આવેલા બાયોગૅસ ખાડામાં પડી ગયેલી બિલાડીને બચાવવાના પ્રયાસમાં પાંચ જણે ડૂબી જવાથી જીવ ગુમાવ્યા હોવાની ઘટના અહમદનગર જિલ્લામાં બની હતી.

નેવાસા પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર ધનંજય જાધવે જણાવ્યું હતું કે ઘટના મંગળવારની સાંજે નેવાસા તહેસીલના વાકડી ગામમાં બની હતી. મધરાતે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ પાંચેય જણના મૃતદેહને ખાડામાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે સરકારી હૉસ્પિટલમાં લઈ જવાયા હતા. અધિકારીએ જણાવ્યું હતું કે બાયોગૅસ ખાડામાં એક બિલાડી પડી ગઈ હતી. બિલાડીને બચાવવા એક જણ ખાડામાં ઊતર્યો હતો. જોકે એ શખસ ખાડામાં જ ફસાઈ જતાં તેને બચાવવા એક પછી એક પાંચ જણ ખાડામાં ઊતર્યા હતા. આ ઘટનામાં પાંચ જણે જીવ ગુમાવ્યા હતા, જ્યારે એકને બચાવી લેવાયો હતો. સારવાર માટે તેને હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. (પીટીઆઈ)

દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 86 ■ વિક્રમ સંવત ૨૦૮૦

■ ચૈત્ર સુદ - ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 11 April 2024, Thursday ■ REGD.No. MCS/058/2024-26

ગુરુવાર, ૧૧ એપ્રિલ ૨૦૨૪ કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ઈતિહાસમાં પહેલી વખત ૭૫,૦૦૦નો ઝંડો ફરકાવ્યો ▸ રોકાણકારોની સંપત્તિમાં ₹ ૨.૨૭ લાખ કરોડનો ઉમેરો

સેન્સેક્સનો અમૃતકાળમાં પ્રવેશ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ સેન્સેક્સે ઇતિહાસમાં પહેલી વખત ૭૫,૦૦૦ની સપાટી પાર કરીને અમૃતકાળમાં પ્રવેશ મેળવી લીધો છે. એફએમસીજી, એનર્જી અને મેટલ શેરોની આગેવાનીએ નીકળેલી નવેસરની લેવાલીના બળે સેન્સેક્સે ૩૫૪ પોઇન્ટના કૂદકા સાથે ૭૫,૦૩૮ પોઇન્ટની ઓલટાઇમ હાઇ સપાટી હાંસલ કરી છે.

આ ઉછાળા સાથે બીએસઇ પર લિસ્ટેડ તમામ કંપનીઓના માર્કેટ કેપિટલમાં રૂ. ૨.૨૭ લાખ કરોડનો વધારો થયો છે. નિફ્ટી પણ ૧૧૧ પોઇન્ટના ઉછાળા સાથે ૨૨,૭૫૪ પોઇન્ટની નવી વિક્રમી ઊંચી સપાટીએ પહોંચ્યો છે. મેટલ શેરો અને ઇન્ડેક્સ હેવીવેઇટ્સ (જુઓ પાનું ૨) ▸▸

magic mirror
SILVER ART JEWELLERY
Our Retail Outlet
miss universe
Lakhamshi Napoo Road,
Opp. Matunga Central Railway Station,
Matunga(Central), Mumbai-400019.
+91-9769581851, +91-8291009205.

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 66,240/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

ભુજનું તાપમાન ૪૨ ડિગ્રી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ એકતરફ હવામાન ખાતાએ દિલ્હી સહિત સમગ્ર ઉત્તર અને પશ્ચિમ ભારતમાં ભીષણ ગરમીનું મોજું ચાલુ રહેવાની તેમ જ સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક ભાગોમાં કમોસમી માવઠાંની આગાહી કરી છે ત્યારે રાજસ્થાનથી મધ્ય પ્રદેશ અને મધ્ય પ્રદેશથી ભીષણ ગરમીનું મોજું ગુજરાત થઈને કચ્છ પહોંચ્યું હોય તેમ પાકિસ્તાનની સીમાને અડીને આવેલા કચ્છમાં આગ ઓકાવતી ગરમીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરી દેવાનું શરૂ કરી દીધું છે. નર્મદના પાણી વગર છેલ્લા બાર દિવસથી ટળવળી રહેલાં જિલ્લા મથક ભુજ ખાતે આજે બુધવારે મહત્તમ તાપમાન ૪૨ (જુઓ પાનું ૨) ▸▸

ભ્રષ્ટાચારી દ્રમુક લૂંટફાટ કરી રહ્યો છેઃ મોદી

વેલ્લોરઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે જણાવ્યું હતું કે ભ્રષ્ટાચારી દ્રમુક તમિળનાડુમાં લૂંટફાટ કરી રહ્યો છે અને રાજ્યનો વિકાસ થવા નથી દેતો.

મોદીએ દ્રમુક પર ધિક્કાર અને ભાગલાવાદી રાજકારણ કરવાનો અને રાજ્યના વિકાસ માટે દ્રમુકને જરા પણ ચિંતા ન હોવાનો આક્ષેપ કર્યો હતો. ૧૯ એપ્રિલે યોજાનારી (જુઓ પાનું ૨) ▸▸

ધોરણ છ, નવ, અગિયાર માટે નેશનલ ક્રેડિટ ફ્રેમવર્ક શરૂ કરાશે

નવી દિલ્હી : સીબીએસઈ ૨૦૨૪-૨૫ શૈક્ષણિક સત્રથી ધોરણ છ, નવ, અગિયાર માટે નેશનલ ક્રેડિટ ફ્રેમવર્ક શરૂ કરાશે અને બોર્ડે સંલગ્ન શાળાઓને સહભાગી થવાનું કહ્યું છે એવી માહિતી અધિકારીઓએ આપી (જુઓ પાનું ૨) ▸▸

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

રાજ પાસે ભાજપની શરણાગતિ સિવાય વિકલ્પ નહોતો

મહારાષ્ટ્રમાં બેઠકોની વહેંચણીના મુદ્દે જ નહીં ભાજપ, એકનાથ શિંદેની શિવસેના અને અજીત પવારની એનસીપીની બનેલી મહાયુતિના ત્રેખડનો ડખો ઉકેલાતો નથી ત્યાં આ ત્રેખડ ચતુષ્કોણ બની ગયો છે. આ ચતુષ્કોણના ચોથા કોણ તરીકે રાજ ઠાકરેની એન્ટ્રી થઈ છે. રાજ ઠાકરે ગુડી પડવા નિમિત્તે દાદરના શિવાજી પાર્કમાં દર વર્ષે જાહેર સભા કરે છે. આ જાહેર સભામાં રાજ ઠાકરેએ મહાયુતિને બિનશરતી ટેકો જાહેર કરી દીધો. લોકસભાની ચૂંટણીની જાહેરાત થઇ ત્યારથી મહારાષ્ટ્રમાં રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના(મનસે) ભાજપ-શિવસેના-એનસીપીની બનેલી મહાયુતિમાં જોડાશે એવી અટકળો ચાલી રહી હતી.

રાજ ઠાકરેએ આ અટકળોને સાચી ઠેરવીને મહાયુતિને બિનશરતી ટેકો આપી દીધો. રાજે સાથે સાથે સ્પષ્ટતા પણ કરી છે કે, પોતે લોકસભાની ચૂંટણી નહીં લડે અને પોતાની પાર્ટીએ ભાજપ પાસેથી કોઈ બેઠકની માગણી કરી નથી. આમ પણ ભાજપ લોકસભાની ચૂંટણીમાં રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાને એક પણ બેઠક આપવાનો નહોતો તેથી રાજ ઠાકરે પાસે બિનશરતી ટેકો આપવા સિવાય વિકલ્પ નહોતો. રાજના કહેવા પ્રમાણે તો, પોતે લોકસભાની આ ચૂંટણીમાં મહાયુતિને ફક્ત અને ફક્ત વડા પ્રધાન નરેન્દ્ર મોદીના કારણે બિનશરતી ટેકો આપી રહ્યા છે.

રાજ ઠાકરેનો મોદીપ્રેમ ભારતમાં રાજકારણીઓમાં કોઈ સિધ્ધાંતનિષ્ઠા કે પોતે જે બોલે છે તેની કઈ કિંમત જ નથી તેનો વધુ એક નાદાર નમૂનો છે. બાકી આ જ રાજ ઠાકરેએ નરેન્દ્ર મોદીના માથે માછલાં ધોવામાં કોઈ કસર નહોતી છોડી. આ બહુ જૂની વાતો પણ નથી ને ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલાં તો રાજ ઠાકરે મોદીમુક્ત ભારતની વાતો કરતા હતા. રાજ ઠાકરેએ ૨૦૧૯ની ગુડી પડવાની રેલીમાં મોદીમુક્ત ભારતની હાકલ કરીને મોદીને હટાવવા તમામ રાજકીય પક્ષોને સાથે આવવા અપીલ કરી હતી.

રાજ ઠાકરેએ કહેલું કે, મોદી દેશના નહીં પણ ગુજરાતના વડા પ્રધાન છે કેમ કે નરેન્દ્ર મોદી દરેક વિદેશી મહેમાનને ગુજરાત લઈ જાય છે અને બુલેટ ટ્રેન પણ ગુજરાતને મળવાની છે. રાજ ઠાકરેએ કહ્યું હતું કે નરેન્દ્ર મોદી અને અમિત શાહ મુંબઈને મહારાષ્ટ્રથી અલગ કરવા માગે છે. ૧૯૬૦ પહેલાંથી ગુજરાતીઓની મુંબઈ પર નજર હતી. મુંબઈ ગુજરાતને મળે કે પછી કેન્દ્ર શાસિત પ્રદેશ બને પણ મહારાષ્ટ્રને તો ન જ મળે એ માટે કેટલાક ગુજરાતીઓએ કાવતરા કર્યા હતાં. હવે આ કાવતરાને પાર પાડવા માટે મોદી અને શાહની જોડી મુંબઈને કેન્દ્રશાસિત પ્રદેશ જાહેર કરી શકે છે.

૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલાં પુલવામાના આતંકવાદી હુમલાએ ખળભળાટ મચાવેલો. આ હુમલો ચૂંટણી જીતવા માટે મોદીએ જ કરાવેલો એવો આડકતરો આક્ષેપ કરતાં રાજ ઠાકરેએ એમ પણ કહ્યું હતું કે, લોકસભા ચૂંટણી પહેલાં પુલવામા જેવો જ બીજો હુમલો થઈ શકે છે. હવે પછીના મહિનામાં પુલવામાની જેમ એક વધુ હુમલો કરાવવામાં આવશે કે જેથી લોકોનું ધ્યાન અસલી મુદ્દાઓથી દૂર કરાવીને દેશભક્તિ તરફ વાળી શકાય. રાજ ઠાકરેએ એમ પણ કહેલું કે, સત્તાધારી ભાજપ અને મોદી સરકાર તમામ મોરચે ખરાબ રીતે નિષ્ફળ ગઈ છે. મોદી વડા પ્રધાન બન્યા એ પહેલાં પોતાનાં ભાષણોમાં જે પણ વાતો કરતા હતા તેમાંથી તેમણે કશું કર્યું નથી.

હવે એ જ રાજ ઠાકરે મોદી પર ઓળઘોળ છે ને તેમના કારણે પોતે ભાજપને કોઈ અપેક્ષા વિના ટેકો આપી રહ્યા છે. રાજ ઠાકરેનું આ હદે હૃદય પરિવર્તન કઈ રીતે થઈ ગયું એ સવાલ છે. શિવસેના (યુબીટી)ના સંજય રાઉતે તો સવાલ કર્યો છે કે, હવે કઈ ફાઈલ ખૂલવાની છે કે રાજ ઠાકરે ભાજપને ટેકો આપવા તૈયાર થઈ ગયા છે?

આ સવાલનો જવાબ તો રાજ ઠાકરે કે પછી ભાજપ સરકાર જ આપી શકે પણ રાજ ઠાકરે અત્યારે જે સ્થિતિમાં છે એ જોતાં તેમની પાસે ભાજપના પગ પકડવા સિવાય બીજો વિકલ્પ નહોતો. રાજ ઠાકરેએ ૨૦૦૬માં શિવસેનાથી અલગ થઈને પોતાના નવા પક્ષ મહારાષ્ટ્રના નવનિર્માણ સેનાની સ્થાપના કરી હતી. રાજ ઠાકરેની પાર્ટીને ૧૮ વર્ષ થઈ ગયાં પણ આ ૧૮ વર્ષમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેના કશું ઉકાળી શકી નથી તેથી નામશેષ થઈ ગઈ છે.

રાજ ઠાકરેએ મરાઠી માનુષની વાત કરવાથી માંડીને હિંદુત્વનો રાગ આલાવલા સુધીના જાત જાતના અખતરા કરી જોયા છતાં ૧૮ વર્ષમાં રાજ ઠાકરે પોતાની કોઈ ઓળખ કે મતબેંક ઊભી કરી શક્યા નથી. તેના કારણે ચૂંટણીમાં મનસે કશું ઉકાળી શકી નથી.

મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાનો અત્યાર સુધીમાં લોકસભામાં એક પણ ઉમેદવાર ચૂંટાયો નથી. ૨૦૦૯માં મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેના પહેલી વાર લડી ત્યારે તેને ૧૩ બેઠકો મળી હતી અને ૨૪ વિધાનસભા મતવિસ્તારમાં રાજ ઠાકરેનો પક્ષ બીજા ક્રમે હતો. આ રીતે રાજનો પ્રભાવ પહેલા જ ધડાકે ૩૭ વિધાનસભા બેઠકો પર વર્તાયેલો. બીજો કોઈ પક્ષ હોય તો પોતાની સ્થિતિ મજબૂત કરીને આગળ વધે પણ રાજ ઠાકરેની મનસેની અધોગતિ થઈ. ૨૦૧૪ની વિધાનસભાની ચૂંટણીમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાની બેઠકો ઘટીને માત્ર એક થઈ ગઈ હતી.

મનસેએ ૨૦૧૨માં નાસિક મહાનગરપાલિકામાં શાનદાર શરૂઆત કરી હતી. એમએનએસે નાસિક મનપાની ૧૨૨માંથી ૪૦ બેઠકો મળી હતી. ૨૦૧૭માં એમએનએસની બેઠકો ઘટીને પાંચ થઈ ગઈ હતી અને અત્યારે મનસે ક્યાંય ચિત્રમાં જ નથી. ૨૦૧૨માં મુંબઈ મહાનગરપાલિકામાં એમએનએસે ૨૭ બેઠકો જીતી હતી જે ૨૦૧૭માં ઘટીને સાત થઈ ગઈ હતી. આ સાતમાંથી છ કોર્પોરેટરો શિવસેનામાં જોડાઈ જતાં માત્ર એક કોર્પોરેટર બચ્યો હતો.

અત્યારે જે સ્થિતિ છે તેમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેના કશું ઉકાળી શકે તેમ નથી કેમ કે તેની પાસે સંગઠન નથી કે મજબૂત નેતા નથી. રાજ ઠાકરે ઘરે બેસીને બેફામ નિવેદનો ફટકારીને પોતાનું રાજકારણ ચલાવ્યા કરે છે તેના કારણે નેતા અને કાર્યકરો ભાગી રહ્યા છે. પરિણામે થોડાંક વરસોમાં તેનું અસ્તિત્વ જ મટી જાય એવો ખતરો છે.

આ સ્થિતિ પેદા ના થાય એટલે ભાજપની શરણાગતિ સ્વીકારી લીધી. આ શરણાગતિના કારણે આ વરસના ઑક્ટોબર-નવેમ્બરમાં થનારી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી અને બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં મનસે કદાચ તરી જાય. આ બંને ચૂંટણીમાં ભાજપ સાથે જોડાણ કરીને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના ફરી બેઠી થઈ શકે છે. ■

આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર વસંતઋતુ), ગુરુવાર, તા. ૧૧-૪-૨૦૨૪ મત્સ્ય જયંતી,

- ભારતીય દિનાંક ૨૨, માહે ચૈત્ર, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ચૈત્ર સુદ-૩
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ચૈત્ર, તિથિ સુદ-૩
- પારસી શહેનશાહી રોજ ૩૦મો અનેરાન, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૩૦મો અનેરાન, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૨૨મો ગોવાદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧લો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
- મીસરી રોજ ૩જો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
- નક્ષત્ર કૃત્તિકા મધ્યરાત્રિ પછી ક. ૨૫-૩૭ સુધી, પછી રોહિણી
- ચંદ્ર મેષમાં સવારે ક. ૦૮-૩૯ સુધી, પછી વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ), વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૨, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૯, સ્ટા. ટા.,

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી :બપોરે ક.૧૪-૦૦,મધ્યરાત્રે ક.૦૧-૪૦(તા.૧૨)
- ઓટઃ સવારે ક.૭-૧૩,રાત્રે ક.૧૯-૪૯ઃ
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ચૈત્ર શુક્લ - તૃતીયા. મન્વાદિ, ગૌરી તૃતીયા, ગણગોર(રાજસ્થાન)આંદોલન તૃતીયા, મત્સ્ય જયંતી, અરુંધતી વ્રત, ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૬-૦૨થી , મુસ્લિમ ૧૦મો શવ્વાલ માસારંભ, રમજાન ઈદ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ તર્પણ શ્રાદ્ધ, સૂર્ય પૂજા, અગ્નિ પૂજા, ઉંબરાના વૃક્ષનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, માલ વેચવો, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, પશુ લેવડ-દેવડ
- નવરાત્રિ મહિમાઃ આજે ચંદ્રઘંટા માતાની પૂજાનો મહિમા છે. જે સર્વ પાપોનો નાશ કરવાવાળી દેવી છે. માના માથા પર અર્ધચંદ્ર ઘંટા આકારમાં બિરાજમાન છે. એટલે મા દૂર્ગાના ત્રીજા સ્વરૂપને ચંદ્રઘંટાના નામથી ઓળખાય છે. મા હંમેશાં પોતાના ભક્તોની રક્ષા માટે તૈયાર રહેતી હોય છે. ચિન્મય અને પરમશક્તિ રૂપે જેની આરાધના થઈ છે તે મા જગદંબામાં કઠોર અને કોમળ બંને ભાવોનું મિશ્રણ ભારોભાર ભરેલું છે.
- આચમનઃ સૂર્ય-બુધ યુતિ દ્રઢ નિશ્ચયી.
- ખગોળ જ્યોતિષઃ સૂર્ય-બુધ યુતિ (તા. ૧૨)
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-કુંભ,વક્રી બુધ-મેષ, ગુરુ-મેષ, શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચ્યુન-મીન, પ્લુટો-મકર ■

મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

બેટી બચાવ-બેટી પઢાવ- બેટી વસાવઃ શિક્ષા ઈસ્લામિક બંધારણમાં મહત્ત્વનો સિદ્ધાંત

હઝરત મહંમદ સાહેબ કહે છે કે, 'પ્રત્યેક મુસલમાન પર શિક્ષિત થવું બંધનકર્તા છે. યોગ્ય શિક્ષકોથી તે પ્રાપ્ત કરી ઈચ્છીતીઓને પ્રદાન કરો. અલ્લાહના આદેશથી જ્ઞાન-પ્રકાશ પ્રસારવો, આદર્શ કર્મ છે. જ્ઞાનની શોધ સ્તુતિ છે. તેની ચર્ચા અલ્લાહની પ્રશંસા છે. તેનો સદોપયોગ જેહાદ (અલ્લાહના માર્ગમાં કોશિશ છે.)

* 'નિરીક્ષકને શિક્ષિત કરવો દાન છે.'
* 'જ્ઞાન વૃદ્ધિ અલ્લાહ સમીપ જવાનો માર્ગ છે.'

- આ સંદેશમાં 'મુસ્લિમ' શબ્દનો પ્રયોગ કર્યો છે.

* જે મોમીન છે અર્થાત્ સાચો ઈમાની મુસલમાન છે- જેણે ઈસ્લામને સ્વીકાર્યો છે તે સર્વે સ્ત્રી-પુરુષ, આબાલ-વૃદ્ધ મુસ્લિમ છે અને તેમના પર જ્ઞાન પ્રાપ્તિ ફરજિયાત છે.

- મુસ્લિમ પુરુષની તુલનામાં મહિલા શિક્ષણને ઓછું મહત્ત્વ આપવામાં આવે છે તેવો આક્ષેપ સામાન્યત્ કરવામાં આવે છે. આ નિવેદનમાં તથ્ય છે.

* મુસ્લિમ (ઈસ્લામિક નહીં) રાષ્ટ્રોમાં બંને જાતિઓ વચ્ચે શિક્ષણની અસમાનતા ઉદાહરણ તરીકે ટાંકવામાં આવે છે.
* કોઈપણ સમાજના આર્થિક, સામાજિક અને રાજદ્વારી વિકાસમાં શિક્ષણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

- મુસ્લિમોની અર્ધી વસ્તી- મહિલાઓને ઈસ્લામે પ્રતિપાદન કરેલા મૂળભૂત અધિકારોથી વંચિત રાખવામાં આવે તો સ્પષ્ટ છે કે માનવ અધિકાર સક્રિઓ (હ્યુમન રાઈટ્સ ક્રીટકો)ને આલોચના કરવાનું કારણ મળી જાય.

- તાજેતરમાં એક મુસ્લિમ રાષ્ટ્રે મહાવિદ્યાલયોમાં વિદ્યાર્થિનીઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો છે.

- મુસ્લિમ સમાજ માટે આ પરિસ્થિતિ શોભાસ્પદ નથી.

* શિક્ષા ઈસ્લામિક બંધારણમાં મહત્ત્વનો સિદ્ધાંત છે.
* પયગંબર સાહેબને પ્રથમ સંદેશ 'ઈક્રા'નો પ્રાપ્ત થયો. તેનો અર્થ છે વાંચન. શિક્ષાના મહત્ત્વ વિશે આ પયગામ ઘણું કહી જાય છે.
* મુસ્લિમો પર શિક્ષા ગ્રહણ કર્તવ્ય, અનિવાર્ય અને બંધનકર્તા છે.

પવિત્ર કુરાનમાં જ્ઞાનની મહત્તા અને ભવ્યતાનું વર્ણન ૫૦૦થી વધુ વાર કરવામાં આવ્યું છે.

* ખરેખર અલ્લાહના સંદેશ વાહકોની ફરજ અને જવાબદારી ઉમ્મત (પ્રજા- અનુયાયી)ને શિક્ષિત અને સમજદાર કરવાની હતી.
* સામાન્યત્ ઈસ્લામિક આદેશો પુરુષોને સંબોધી પ્રગટ કરવામાં આવે છે, પરંતુ તે મહિલાઓને પણ લાગુ પડે છે. આ સિદ્ધાંત રદ કરવામાં આવે તો ઈસ્લામના પાયાના ક્રિયાકાંડો જેવા કે નમાઝ, રોજા (અપવાસ) વગેરેમાંથી ખાતુઓને મુક્તિ મળી જાય.

જાણવા જેવુંઃ

* યુદ્ધમાં પકડાયેલા શિક્ષિત યુદ્ધકેદીઓને પયગંબરે ઈસ્લામ હઝરત મહંમદ સાહેબ રોકી રાખતા. સ્પષ્ટ છે કે તેઓ ઈસ્લામિક જ્ઞાન ધરાવતા નહીં હતાં. પરંતુ રોજિંદા જીવનના વ્યવહારુ જ્ઞાનમાં પ્રવીણ હતા. તેમનો શિક્ષક તરીકે ઉપયોગ કરી મુસ્લિમ યુવકો- યુવતીઓને આધુનિક જ્ઞાનથી પરિચિત કરતા.

આથી ફલિત થાય છે કે ઈસ્લામ માત્ર ધાર્મિક જ્ઞાન પર્યંત સીમિત ન રહી વ્યવહારુ જ્ઞાનનો પણ આગ્રહી છે.

ધર્મસંદેશઃ

* દિવ્ય કુરાન ઘોષણા કરે છે કે, કહો શું શિક્ષિત અને અશિક્ષિત સમાન છે? તેથી શિક્ષિત જ સલાહ- સૂચનો પ્રાપ્ત કરી શકે છે. અલ્લાહના બંદાઓમાંથી માત્ર શિક્ષિતો જ તેનાથી ડરે છે. નિઃશક અલ્લાહ પ્રભુત્વશાળી અને ક્ષમાશીલ છે. (પ્રકરણ ૩૫ઃ આયત-શ્લોક ૨૮)

અંતિમ સંદેશવાહક હઝરત મહંમદ સાહેબ કહે છે, સ્ત્રી અને પુરુષના ભેદભાવ વગર પ્રત્યેક શિક્ષિત થવા કર્તવ્યનિષ્ઠ છે.

* આપ હુઝૂર અન્ય સ્થળે કહે છે કે શિક્ષિત થવા ચીન જવું પડે તો જાવ (તે સમયમાં ચીન જવું ઘણું જ કષ્ટદાયી હતું) અર્થાત્ શિક્ષિત થવા જે કંઈ પણ શક્ય હોય તે કરી છૂટો.

- આબિદ લાખાણી

સનાતન સત્યઃ

મહિલાઓએ પયગંબર સાહેબને રાવ કરી કે પુરુષો શિક્ષા પ્રાપ્તિમાં અમારાથી આગળ છે. અમારા માટે પણ શિક્ષણનો એક દિવસ નિર્ધારિત કરો.

આપ હુઝૂરે અનવર (સલ.)એ તેમની વિનંતી માન્ય રાખી.

- આપ તે દિવસે ખાતુઓને જાતે જ મળતા અને પાઠ ભણાવતા.

સાપ્તાહિક સંદેશઃ

'ભ્રષ્ટાચારમુક્ત અને સશક્ત રાષ્ટ્રના નિર્માણમાં માતા અને શિક્ષકની નિર્ણાયક ભૂમિકા છે.'

- પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ

દિલ્હી કોર્ટ મનીષ સિસોદિયાની જામીન અરજી પર ૧૫ એપ્રિલે સુનાવણી કરશે

નવી દિલ્હીઃ આમ આદમી પાર્ટી (આપ)ના નેતા મનીષ સિસોદિયાની લિકર એક્સાઈઝ નીતિ સંબંધી મની લોન્ડરિંગના કેસમાં જામીન અરજી પર દિલ્હીની એક કોર્ટ ૧૫મી એપ્રિલે સુનાવણી કરશે.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) અને સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ના કેસોના વિશેષ ન્યાયમૂર્તિ કાવેરી બાવેજાએ આ પિટિશનની સુનાવણી ૧૫મી પર મોકૂફ રાખી છે.

કોર્ટમાં દિલ્હીના ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાનના વકીલે ઈડી દ્વારા કરવામાં આવેલી રજૂઆતોનો વિરોધ કર્યો હતો.

તેમના વકીલે અદાલતને કહ્યું હતું કે કેન્દ્રીય તપાસ એજન્સી આ કેસમાં અગાઉ કરી નાખવામાં આવેલી દલીલોનું જ પુનરાવર્તન આ કોર્ટમાં અને સુપ્રીમ કોર્ટમાં કરી રહ્યા છે.

સિસોદિયાને કોર્ટની કાર્યવાહી માટે હાજર કરવામાં આવ્યા હતા. ઈડીએ આ પહેલાંની સુનાવણીમાં કહ્યું હતું કે સિસોદિયા અને અન્ય આરોપીઓ ખટલામાં અવરોધ ઊભો કરીને વિલંબિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

સીબીઆઈ તેમ જ ઈડી દ્વારા એવો આરોપ મૂકવામાં આવ્યો છે કે દિલ્હીની એક્સાઈઝ પોલિસીને તૈયાર કરતી વખતે ગેરરીતિઓ આચરવામાં આવી હતી, સક્ષમ સત્તાની મંજૂરી લીધા વગર લાઈસન્સ હોલ્ડરોને અયોગ્ય તરફેણ કરવામાં આવી હતી, લાઈસન્સ ફી ઘટાડવામાં કે પછી સાવ માફ કરી નાખવામાં આવી હતી અને લાઈસન્સ લંબાવી આપવામાં આવ્યા હતા કે નવેસરથી આપવામાં આવ્યા હતા. ■

છત્તીસગઢના દુર્ગ જિલ્લામાં બસ ખીણમાં ખાબકતા ૧૫નાં મોત, ૧૨થી વધુ ઘાયલ

દુર્ગઃ છત્તીસગઢના દુર્ગ જિલ્લામાં મંગળવારે રાત્રે સર્જાયેલા ભયંકર અકસ્માતમાં એક બસ ખીણમાં ખાબકતા ૧૫ લોકોના મૃત્યુ નીપજ્યા હતા. તેમજ ૧૨થી વધુ ઘાયલ થયા હતા. વડા પ્રધાને બસ દુર્ઘટના પર શોક વ્યક્ત કરતા ઘાયલોના ઝડપથી સાજા થવાની કામના કરી હતી.

વડા પ્રધાન મોદીએ દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કરતા એક્સ પર પોસ્ટમાં જણાવ્યું હતું કે છત્તીસગઢના દુર્ગમાં બસ દુર્ઘટના ખૂબ જ દુઃખદ છે. અકસ્માતમાં પોતાના પ્રિયજનો ગુમાવનાર પ્રત્યે મારી સંવેદના. હું ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની પણ કામના કરું છું. રાજ્ય સરકારની દેખરેખ હેઠળ સ્થાનિક વહીવટીતંત્ર પીડિતોને શક્ય તમામ મદદ પૂરી પાડી રહ્યું છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ પણ બસ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે છત્તીસગઢના દુર્ગ જિલ્લામાં બસ દુર્ઘટનામાં લોકોના મોતના સમાચાર ખૂબ જ દુઃખદ છે. તમામ શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે મારી ગાઢ સંવેદના! હું ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની કામના કરું છું.

છત્તીસગઢના મુખ્ય પ્રધાન વિષ્ણુદેવ સાઇએ પણ બસ દુર્ઘટના પર દુઃખ વ્યક્ત કરતા કહ્યું હતું કે અકસ્માતમાં ઘાયલ લોકોની સારવાર માટે સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવી છે અને વહીવટીતંત્ર ઘાયલ લોકોની સંભાળ રાખવામાં વ્યસ્ત છે.

દુર્ગ જિલ્લાના વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર અકસ્માત કુમ્હારી પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના ખાપરી ગામ નજીક રાત્રે ૮-૩૦ વાગ્યે થયો હતો, જ્યારે એક ડિસ્ટિલરી કંપનીના કર્મચારીઓ કામ કરીને ઘરે બસમાં પરત ફરી રહ્યા હતા. કેડિયા ડિસ્ટિલરી કંપનીએ મૃતકોના પરિવારજનોને ૧૦-૧૦ લાખ રૂપિયા, એક સભ્યને નોકરી અને ઘાયલોની સારવારનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવવાનું વચન આપ્યું છે. તમામ ઘાયલોને એઇમ્સ, એપેક્સ ઓમ અને અન્ય હૉસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે.

બસમાં કુલ ૪૦ લોકો સવાર હતા. મૃત્યુઆંક વધી શકે છે. નાયબ મુખ્ય પ્રધાન વિજય શર્માએ કહ્યું છે કે આ કેસમાં જે પણ દોષી હશે તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. બસ મંગળવારે રાત્રે છત્તીસગઢના દુર્ગ જિલ્લામાં ૪૦ ફૂટ ઊંડી મુરુમ માટીની ખાણમાં પડી ગઇ હતી. ■

પહેલા પાનાનું ચાલુ

ભુજનું તાપમાન

ડિગ્રી સે. જેટલું ઊંચું નોંધાયું હતું અને અચરજની વાત તો એ છે કે સતત ત્રીજા દિવસે પણ સમી સાંજે સાત વાગ્યે ભુજનું તાપમાન ૩૯ ડિગ્રી સે. જેટલું રહેવા પામ્યું હતું. દરમ્યાન, નાના ધોરણોની પરીક્ષાઓનો સમય ધરાર બપોરનો હોઈ વિદ્યાર્થીઓ અને વાલીઓ નિશાળોની બહાર કાળઝાળ ગરમીમાં સેકાઈ રહ્યા છે.

રાજ્યના લગભગ તમામ મથકોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં સાતથી આઠ ડિગ્રી ઊંચું રહેવા પામ્યું છે. પૂર્વ કચ્છના ભચાઉ-રાપર વિસ્તારમાં પણ ગરમીએ માઝા મૂકી દીધી છે. ભુજથી ભચાઉ વાયા દુધઈ ધોરીમાર્ગ પર કે જ્યાં બેન્ટોનાઇટની ખાણો આવેલી છે એવા મમુઆરા, ધાણેટી અને ઉખડમોરા સુધીના વિસ્તારોમાં બપોર દરમ્યાન ૪૦ ડિગ્રી સે. જેટલું મહત્તમ તાપમાન રહેતાં આ વિસ્તારમાં રહેતા લોકો ત્રાહિમામ્ પોકારી ઊઠ્યા હતા.

કંડલા (એરપોર્ટ)માં પારો ૩૯ ડિગ્રીએ જ્યારે નલિયામાં ૩૮ ડિગ્રીએ પહોંચ્યો હતો, જ્યારે રણકાંધીએ આવેલાં ખાવડા તેમ જ રાપરમાં પણ ૪૧ ડિગ્રી તાપમાને આકરી ગરમીની અનુભૂતિ થઈ હતી.

હવામાન વિભાગ દ્વારા સૌરાષ્ટ્ર તેમ જ રણપ્રદેશ કચ્છના અમુક વિસ્તારોમાં અષાઢી માહોલ વચ્ચે કમોસમી માવઠું થવાની આગાહી કરવામાં આવી છે. ■

ધોરણ છ, નવ

હતી. સરકારે ગયા વર્ષે રાષ્ટ્રીય શિક્ષણનીતિના અમલના ભાગરૂપે નેશનલ ક્રેડિટ ફ્રેમવર્ક લોન્ચ કર્યું છે જેથી શાળા, ઉચ્ચ સિક્ષણ અને વોકેશનલ એજ્યુકેશનનું એકીત્રિકરણની તકેદારી લેવા અને સ્ટુડન્ટસને પ્રી-પ્રાયમેરીથી પીએચડી લેવલ સુધી ક્રેડિટને ભેગા કરવાની છૂટ આપી છે.

ત્યાર બાદ સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ)એ ફ્રેમવર્કનો અમલ કરવા માર્ગદર્શિકાનો મુસદ્દો તૈયાર કર્યો છે.

બોર્ડે શાળાના પ્રિન્સિપાલોને લખેલા પત્રમાં લખ્યું હતું કે સીબીએસઈએ ફ્રેમવર્કના અમલનો મુસદ્દો તૈયાર કરીને તેનો પ્રસાર કરાયો હતો. આની ચર્ચા અનેક વર્કશોપમાં કરાઈ હતી અને આની બહાલી શિક્ષણ મંત્રાલય તરફથી મળી છે. આના અખતરારૂપ અમલ કરવા ૨૦૨૪-૨૫ના સીબીએસઈની શાળાઓના શૈક્ષણિક વર્ષમાં ધોરણ છ, નવ અને અગિયારમાં અમલમાં મુકાશે. (એજન્સી) ■

ભ્રષ્ટાચારી દ્રમુક

લોકસભાની ચૂંટણી અગાઉ રાજ્યના વેલ્લોરે અને મેટ્ટુપલાયમ ખાતે એક રેલીને સંબોધન કરતા મોદીએ દ્રમુકને પરિવારના પક્ષ અને પોતાને નેશનલ પક્ષ લેખાવવા બદલ કૉંગ્રેસની આકરી ટીકા કરી હતી.

પક્ષપ્રમુખ અને મુખ્ય પ્રધાન એમ. કે. સ્ટાલિનના વડપણ હેઠળના દ્રમુક પાસે ભ્રષ્ટાચારનો કૉપીરાઈટ છે અને પરિવારો આશય રાજ્યને લૂંટવાનો છે, એમ તેમણે કહ્યું હતું.

દ્રમુકને જૂનવાણી માનસિકતા ધરાવતો પારિવારિક પક્ષ અને કંપની છે જે રાજ્યના યુવાનોની પ્રગતિ માટે અવરોધરૂપ બને છે, એમ મોદીએ કહ્યું હતું.

દ્રમુક ભાષા, ધર્મ, કોમને આધારે લોકોમાં ભાગલા પાડે છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે મેં દ્રમુકના દાયકાઓ જૂના જોખમી રાજકારણનો પર્દાફાશ કરવાનો નિર્ણય લીધો છે.

મોદીએ આક્ષેપ કર્યો હતો કે 'મેક ઈન ઈન્ડિયા'ને આધારે દેશ પ્રગતિ કરી રહ્યો છે ત્યારે દેશમાં રોકાણ ઘટાડવા માગતા લોકો સાથે દ્રમુક ઊભો છે.

મોદીએ કૉંગ્રેસ પર તમિળનાડુમાં દ્રમુક સાથે મળીને ભેદભાવયુકત અને ભાગલાવાદી રાજકારણ કરવાનો આક્ષેપ કર્યો હતો.

દ્રમુક અને ઈન્ડિયા બ્લૉકના ઘટક પક્ષો લાલચ અને લાંચનાં રાજકારણ સિવાય કશું ન કરતા હોવાનો મોદીએ આક્ષેપ કર્યો હતો.

કોઈમ્બતુરમાં મંદિરની બહાર સિલિન્ડર બ્લાસ્ટ કરીને કરવામાં આવેલા આતંકવાદી હુમલાનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતું કે દ્રમુક સરકાર આતંકવાદીઓને પ્રોત્સાહન આપવાનું કામ કરી રહી છે.

ભ્રષ્ટાચાર અને કૌભાંડનું બીજુ નામ દ્રમુક હોવાનું મોદીએ કહ્યું હતું. ભ્રષ્ટાચારીઓને રક્ષણ આપવાની બાબતમાં કૉંગ્રેસ અને દ્રમુક અગ્રસ્થાને છે, એમ તેમણે કહ્યું હતું. હારી જવાને કારણે ચૂંટણી બાદ મોદી દેશ છોડી જશે એ પ્રકારના દ્રમુકના નેતાએ કરેલા નિવેદનનો જવાબ આપતા મોદીએ સ્પષ્ટતા કરી હતી કે ભ્રષ્ટાચાર, વારસાગત રાજકારણ, ડ્રગ્સ અને દેશવિરોધી પ્રવૃત્તિ કરતા લોકોનું રક્ષણ કરનારાઓ ચૂંટણી બાદ દેશ છોડી જશે. (એજન્સી) ■

સેન્સેક્સનો અમૃતકાળમાં

શેરોમાં સુધારા વચ્ચે બુધવારે સ્થાનિક બેન્ચમાર્ક સેન્સેક્સ અને નિફ્ટીમાં સવારના સત્રથી જ આગેકૂચ જોવા મળી હતી. ચીન અને અમેરિકા તરફથી મજબૂત મેન્યુફેક્ચરિંગ માગની અપેક્ષાએ ખાસ કરીને મેટલ શેરોમાં સારી લેવાલી જોવા મળી હતી.

જોકે આગામી વ્યૂહરચના માટે

હીંગને હળવાશમાં નહીં લેતા

જો તમે પણ એસિડિટી અને ખાટા ઓડકારથી પરેશાન છો તો તેના માટે હીંગનું સેવન ખૂબ જ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આ હીંગ અપચો, એસિડિટી અને પેટ સંબંધિત તમામ પ્રકારની સમસ્યાઓમાં મદદરૂપ સાબિત થાય છે. તેમાં બળતરા વિરોધી ગુણો જોવા મળે છે, જે સારવાર માટે ખૂબ અસરકારક છે.

જો હીંગને ઓછી માત્રામાં લેવામાં આવે તો તેની કોઈ અસર થતી નથી અને જો તે વધુ માત્રામાં લેવામાં આવે તો તમારુ સ્વાસ્થ્ય બગડી શકે છે, તેથી તેને હંમેશા મર્યાદિત માત્રામાં જ લો. હીંગ અસ્થમા, બ્રોન્કાઇટિસ, ઉધરસ, સ્ત્રીઓમાં અને પુરુષોમાં વંધ્યત્વ મટાડવામાં અસરકારક છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ચોમાસામાં ખાડામુક્ત રસ્તા માટે પાલિકા ખર્ચશે ₹ ૧૦૬ કરોડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આ વર્ષે ચોમાસામાં મુંબઈગરાને ખાડામુક્ત રસ્તા મળવાનો છે. રાજ્ય સરકારની સ્કુટી કમિટીએ રસ્તા પરના ખાડાઓનું સમારકામ હાથ ધરવા માટે લીલી ઝંડી આપી દીધી છે, તે મુજબ મેસ્ટિક ડામર ટેક્નોલોજીની મદદથી બેડ પેચ ભરવા માટે આગામી અઠવાડિયામાં વર્ક ઓર્ડર બહાર પાડવામાં આવશે. આ વર્ષે ખાડામુક્ત રસ્તા માટે ૧૦૬ કરોડ રૂપિયાનો ખર્ચ કરવાની છે.

પાલિકાએ સાત માર્ચના સાત ઝોન માટે નવ મીટરથી ઓછી પહોળાઈના રસ્તા પરના ખાડા અને ખરાબ પેચ ભરવા માટે ટેન્ડર મગાવ્યા હતા. પાલિકાએ વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેને પણ ખાડામુક્ત કરવાની યોજના હાથ ધરી છે. જોકે લોકસભાની ચૂંટણીને પગલે લાગુ પડેલી આચારસંહિતાને પડતા પાલિકાએ આ પ્રસ્તાવ ચૂંટણી પંચની મંજૂરી માટે મોકલ્યો હતો.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ ખાડાનું સમારકામ વાર્ષિક ધોરણે હાથ ધરવામાં આવતું હોય છે, તેથી આ સમારકામ માટે ચૂંટણી પંચની મંજરી આવશ્યકતા ન હોવાનું અમે જણાવવામાં આવ્યું છે. તેથી આવતા અઠવાડિયાથી રસ્તાના આ કામ હાથ ધરાશે.

મુંબઈમાં લગભગ ૨,૦૫૦ કિલોમીટર રસ્તાઓનું નેટવર્ક છે, જેમાંથી લગભગ ૧,૦૦૦ કિલોમીટરના રસ્તાનું કૉંક્રીટાઈઝેશન કરવામાં આવ્યું છે. પાલિકાએ તમામ રસ્તાઓને ખાડામુક્ત કરવા માટે કૉંક્રીટાઈઝેશન કરવાનો નિર્ણય લીધો છે. તે મુજબ પાલિકાએ ગયા વર્ષે રૂ. ૬,૦૮૦ કરોડના ખર્ચે ૩૯૭ કિલોમીટરના રસ્તાઓનું કૉંક્રીટાઈઝેશનું કામ હાથ ધર્યું છે. જોકે અત્યાર સુધીમાં માત્ર ૨૦ ટકા કામ થયું છે. ■

ટીબીની દવાની અછતઃ ત્રણ મહિના દર્દીની વિટંબણા

મુંબઈઃ મહારાષ્ટ્ર સહિત દેશભરમાં ક્ષય રોગ (ટીબી)ની સારવાર માટેની દવાની અછત ઊભી થઈ છે અને આગામી કેટલાક મહિના સુધી ઔષધની અછત રહેશે એવો સંકેત કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવ્યો છે. આ પરિસ્થિતિમાં સ્થાનિક સ્તરે દવાઓની ખરીદી કરવાની સૂચના રાજ્ય સરકારોને આપવામાં આવી છે. જોકે, ઔષધ ઉત્પાદન, એનું વિતરણ તેમજ પુરવઠો વ્યવસ્થિત થતા ત્રણેક મહિના લાગે એમ હોવાથી આગામી ત્રણ મહિના ટીબીના દર્દીઓને નિયમિત દવા મેળવી મુશ્કેલ છે. પરિણામે તેમની સામે વિટંબણા ઊભી થઈ છે. રાષ્ટ્રીય ક્ષય રોગ નિવારણ કાર્યક્રમ અંતર્ગત ક્ષય રોગના દર્દીઓને 'ડ એફડીસી એ' દવાનો પુરવઠો રાષ્ટ્રીય સ્તરે કરવામાં આવે છે. છેલ્લા કેટલાક મહિનાઓથી મહારાષ્ટ્ર સહિત સમગ્ર દેશમાં ક્ષય રોગની દવાની અછત ઊભી થઈ છે. પુરવઠો પૂર્વવત થતા ત્રણેક મહિના લાગે એમ છે. મુંબઈ સહિત રાજ્યના બે લાખથી વધુ દર્દીઓને આ અછતનો સામનો કરવો પડશે. ■

છોટા રાજનના ઘરે હાથફેરો કરી ચૂકેલા આરોપીને નાગપુર પોલીસે ચોરીના કેસમાં પકડ્યો

નાગપુરઃ એક સમયે મુંબઈમાં ગેન્ગસ્ટર છોટા રાજનના ઘરમાંથી રૂ. ચારથી પાંચ કરોડના દાગીના-રોકડ ચોરનારા આરોપીને નાગપુરમાં વેપારીના નિવાસે ચોરી કરવા બદલ નાગપુર પોલીસે ઝડપી પાડ્યો હતો, જ્યારે તેના સાથીદારની હૈદરાબાદથી ધરપકડ કરાઇ હતી. આરોપી મોહંમદ સલીમ મોહંમદ હબીબ કુરેશી (૫૧) ૨૦૦થી વધુ ગુનામાં સંડોવાયેલો છે. મુંબઈના વતની મોહંમદ સલીમ છેલ્લાં કેટલાંક વર્ષથી હૈદરાબાદમાં રહે છે. તેનો સાથીદાર શબ્બીર ઉર્ફે જમીલ કુરેશી (૩૨) ગોવંડીનો રહેવાસી છે અને તેની સામે બે ડઝન ગુના નોંધાયેલા છે.

બંને આરોપીએ ૨૬ માર્ચે સ્થાનિક વેપારીના નિવાસેથી રૂ. ૧૮ લાખના દાગીના-રોકડ ચોર્યાં હતાં. પોલીસે સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા અને અન્ય ઇનપુટ્સ તપાસતાં બંને આરોપીઓ વિશે માહિતી મળી હતી. બાદમાં બંનેને હૈદરાબાદથી મંગળવારે તાબામાં લેવાયા હતા. આરોપીઓએ પોલીસને જણાવ્યું હતું કે તેમણે ચોરેલા દાગીના મુંબઈના વેપારીને વેચી દીધા હતા.વર્ષો અગાઉ સલીમ કુરેશીએ મુંબઈમાં ગેન્ગસ્ટર છોટા રાજનના નિવાસેથી રૂ. ચારથી પાંચ કરોડના દાગીના-રોકડ ચોર્યા હતાં.

રાજન ટોળકીના સાગરીતોને આની જાણ થયા બાદ સલીમના સાથીને ગોળી મારીને મોતને ઘાટ ઉતારાયો હતો, જ્યારે સલીમ ભાગી છૂટ્યો હતો અને હૈદરાબાદમાં છુપાઇ ગયો હતો, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

લોકલ ટ્રેનમાં યોગા ટીચરનો વિનયભંગઃ યુવકની ધરપકડ

મુંબઈઃ પ્રવાસીઓની હકડેઠઠ ભીડવાળી લોકલ ટ્રેનમાં મહિલા યોગા ટીચરનો કથિત વિનયભંગ કરવા બદલ પોલીસે યુવકની ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના મંગળવારની રાતે ૮ વાગ્યાની આસપાસ બની હતી. ૨૫ વર્ષની ફરિયાદી તેનો ફ્રેન્ડ બાન્દ્રાથી ગોરેગામ જઈ રહ્યાં હતાં. બન્ને જણ બાન્દ્રા સ્ટેશનેથી ટ્રેનના જનરલ કમ્પાર્ટમેન્ટમાં ચઢ્યાં હતાં. ટ્રેન ચાલુ થતાં જ આરોપી પ્રવણ વિશ્વકર્મા (૨૮)એ ભીડનો લાભ ઉઠાવી યુવતીને કથિત અયોગ્ય સ્પર્શ કર્યો હતો. આરોપીના આ કૃત્યની જાણ યુવતીએ તેના મિત્રને કરી હતી. ટ્રેનમાં હાજર અન્ય પ્રવાસીઓએ વિશ્વકર્માને ઢીબેડી નાખ્યો હતો. જોગેશ્વરીમાં રહેતા આરોપીને રેલવે પોલીસના તાબામાં સોંપાયો હતો. યોગા ટીચરની ફરિયાદને આધારે રેલવે પોલીસે ગુનો નોંધી વિશ્વકર્માની ધરપકડ કરી હતી. કોર્ટે તેને જામીન પર છોડ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

વાનખેડે વિરુદ્ધ ગંભીર આરોપો હોવાથી તપાસનો આદેશ

મુંબઈઃ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો (એનસીબી)ના ભૂતપૂર્વ ઝોનલ ડિરેક્ટર સમીર વાનખેડે વિરુદ્ધ ગેરરીતિના ગંભીર આરોપો હોવાથી એમની વિરુદ્ધ પ્રાથમિક તપાસનો આદેશ આપવામાં આવ્યો હોવાની જાણકારી એનસીબીએ બોમ્બે હાઈ કોર્ટને આપી છે. અભિનેતા સુશાંત રાજપૂતના અવસાન સંબંધિત કેફી દ્રવ્યોના કેસમાં નજરે પડેલી ગેરરીતિઓ અંગે એનસીબીએ આપેલા પ્રાથમિક તપાસના આદેશને પડકારતી વાનખેડેની અરજીના જવાબમાં એજન્સીએ સોગંદનામું રજૂ કર્યું હતું. એનસીબીના ડેપ્યુટી ડિરેક્ટર સંજય સિંહ દ્વારા રજૂ કરવામાં આવેલા સોગંદનામામાં વાનખેડેની અરજી રદ કરવાની માગણી કરવામાં આવી છે. વાનખેડે તેમની સામેની તપાસમાં વિલંબ ઊભો કરી રહ્યો હોવાનો દાવો એનસીબી દ્વારા કરવામાં આવ્યો છે. (પીટીઆઈ) ■

એનએસએસ, એનસીસી વિદ્યાર્થીઓને ચૂંટણી ફરજમાંથી મુક્ત રાખવા માગણી

મુંબઈઃ ચૂંટણીમાં ફરજ અંગે નેશનલ સર્વિસ સ્કીમ (એનએસએસ), નેશનલ કેડેટ કોર્પ્સ (એનસીસી) તેમજ સ્કાઉટ એન્ડ ગાઈડના વિદ્યાર્થીઓની યાદી ચૂંટણી પંચ દ્વારા શાળાના પ્રિન્સિપાલો પાસે માંગવામાં આવતા આ વિદ્યાર્થીઓને આ ફરજમાંથી મુક્ત રાખવાની માગણી શિક્ષકોએ કરી છે. ચૂંટણી પંચના નિર્દેશ બાદ મુંબઈ મહાનગરપાલિકાના શિક્ષણ અધિકારીએ ગયા અઠવાડિયે શાળાના પ્રિન્સિપાલોને પત્ર પાઠવ્યા હતા જેમાં ચૂંટણીમાં ફરજ બજાવવા ઈચ્છુક વિદ્યાર્થીઓની યાદી આપવા વિનંતી કરવામાં આવી છે. શિક્ષણ ખાતાના એક અધિકારીએ આ સંદર્ભે જણાવ્યું હતું કે 'દર ચૂંટણી વખતે આ પ્રમાણે થતું હોય છે. એનસીસી અને એનએસએસના વિદ્યાર્થીઓ ચૂંટણી કેન્દ્રો પર ટોળાને નિયંત્રણમાં રાખવા તેમજ અન્ય કામમાં મદદરૂપ થતા હોય છે. અમે નવમાંથી બારમા ધોરણના વિદ્યાર્થીઓની યાદી ચૂંટણી પંચને સુપરત કરીશું.' જોકે, એપ્રિલ અને મે મહિનામાં કાળઝાળ ગરમીની ચેતવણી મળી હોવાથી એની વિદ્યાર્થીઓના આરોગ્ય પર માઠી અસર થઈ શકે છે એવી દલીલ કરી નિર્ણયનો વિરોધ કરવામાં આવ્યો છે. ■

મીલિંદ દેવરાએ રાજ્યસભા સાંસદ તરીકે શપથ લીધા

મુંબઈઃ કૉંગ્રેસના શાસનકાળ દરમિયાન ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન રહી ચૂકેલા મીલિંદ દેવરાએ બુધવારે રાજ્યસભા સાંસદ તરીકે શપથ લીધા હતા. કૉંગ્રેસ તરફથી દક્ષિણ મુંબઈ બેઠક પરથી સાંસદ રહી ચૂકેલા મીલિંદ દેવરાએ ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી જાહેર તે પહેલા જ કૉંગ્રેસ સાથે છેડો ફાડ્યો હતો અને મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેનામાં સામેલ થયા હતા. શિંદે જૂથ દ્વારા તેમને રાજ્યસભા સાંસદ તરીકે ઉમેદવારી આપવામાં આવી હતી અને તેમાં તે બિનહરીફ ચૂંટાઇ આવ્યા હતા. બુધવારે રાજ્યપાલ જગદીપ ધનખરની હાજરીમાં રાજ્યસભા સાંસદ તરીકેના શપથ લીધા હતા. ■

જૈન મરણ

પાટણ નિવાસી તંબોળીવાડા, કુંભારીયા પાડાના દેવેન્દ્રભાઈ શાહ (ઉં.વ. ૮૯) તે વસંતબેન નાનકચંદના સુપુત્ર. શ્રીકાંતભાઈ, દામિનીબેન, નિકીતાબેનના પિતાશ્રી તા. ૧૦-૪-૨૪ના અરિહંતશરણ થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન

મૂળ ગોંડલના વતની હાલ મુંબઇના નિવાસી મહેશભાઇ ચીનુભાઇ કોઠારી (ઉં.વ.૭૮), તે રેખાબેનના પતિ અને સ્વ. વિજયાબેન ચીનુભાઇ કોઠારીના પુત્ર. તે નીરજ, સમીર અને અમીતના પિતા. તે જીજ્ઞા, કિરણ અને પ્રીતિના સસરા. તે સ્વ. પ્રદિપભાઇ અને રાજુભાઇ તેમ જ હરેશભાઇના મોટાભાઇ અને ભાવનાબેન અને પરિન્દુબેનના જેઠ. તે નીલ, પૂજા, હરિપ્રીયા, રૂષભ, ઉર્વિરા અને યશ્વીના દાદા તે મંગળવાર, તા. ૯-૪-૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

વાગડ વિ.ઓ. જૈન

ગામ ભરૂડિયાના સ્વ. રાયચંદ સતરા (ઉં.વ. ૬૮) તા. ૭-૫-૨૪ના અવસાન પામેલ છે. તે ચાંપુબેન જીવરાજ સત્રાના પુત્ર. સ્વ. કસ્તુર, રાહુલના પિતા. મનીષા, જીતેન્દ્રના સસરા. રૂપલના દાદા. ક્રિસના નાના. સ્વ. ઉમરશી, સ્વ. હિરુબેન, મણીબેન, દિવાળીબેનના ભાઈ. ગામ વણોઈના સ્વ. વેલુબેન મણશી શામજી બૌવાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠેઃ ગણેશ ટાવર, ફ્લેટ નં. ૮૦૧, થાણા (વેસ્ટ).

ઝાલાવાડી સ્થાનકવાસી વિશા શ્રીમાળી જૈન

મૂળી નિવાસી, હાલ કાંદિવલી, નરેન્દ્રભાઈ હિંમતલાલ શાહ (ઉં.વ. ૮૨) તે જ્યોતિબેનના પતિ. સેજલ- હિમાંશુ, જલ્પા-બ્રિજેશના પિતાશ્રી. તે સ્વ. ભોગીનભાઈ, સ્વ. હસમુખભાઈ, સ્વ. મહેન્દ્રભાઈના ભાઈ. સ્વ. કસ્તુરચંદ મગનલાલ શાહ (સુરત)ના જમાઈ. પૂનમચંદ પોપટલાલ દોશી તથા સ્વ. અશોકભાઈ વાડીલાલ શાહના વેવાઈ. તે મનન તથા આગમના દાદા તા. ૯-૪-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૧૧-૪-૨૪, ગુરુવારના ૩.૩૦થી ૫.૩૦, સ્થળઃ પાવનધામ, સત્યા નગર, કાંદિવલી (વેસ્ટ). લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે. (ત્વચા દાન કરેલ છે.)

વિશા પોરવાડ વણિક જૈન

જામનગર નિવાસી, હાલ વસઈ (ઈ) સ્વ. પ્રભુદાસ કચરાભાઈ પારેખ તથા સ્વ. વનિતાબેન પ્રભુદાસ પારેખના સુપુત્ર ચિ. રાજેશ પારેખ (ઉં.વ. ૫૫) તે અનિતાના પતિ. સ્વ. પ્રફુલભાઈ, સ્વ. કિર્તીભાઈ તથા ઉષાબેનના ભાઈ. સ્નેહા પ્રફુલચંદ્ર પારેખના દિયર. ચિ. હાર્દિક તથા તેજસના કાકા તા. ૮-૪-૨૪ના અરિહંતશરણ થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

ઝાલાવાડી સ્થાનકવાસી વિશા શ્રીમાળી સ્થા. જૈન

વઢવાણ શહેર નિવાસી (હાલ - બોરીવલી) શ્રીમતી ભારતીબેન ગાંધી (ઉં.વ. ૮૭) તેઓ સ્વ. પ્રવીણચંદ્ર વ્રજલાલ ગાંધીના ધર્મપત્ની. મીલન, બીરેન, સુષમા તથા પ્રીતિના માતુશ્રી. નીપા, હિના, દિપકકુમાર તથા નીતિનકુમારના સાસુ. સ્વ. મનુભાઈ મોહનલાલ સંઘવીના દીકરી. હર્ષિત, મીતી જેનીશા રાજ શાહ, કરણ, નિધિ, અંકિત, સાગર, તાન્યા પ્રાચી સાગર સંઘવી, વિધિ સ્મીત શાહના નાની-દાદી તા. ૯-૪-૨૪ને મંગળવારના અરિહંતશરણ પામેલ છે. બધા પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૧-૪-૨૪ના ૪.૦૦થી ૬.૦૦ સ્થળઃ લોટસ હોલ, રઘુલીલા મેગા મોલ, ચોથા માળે, પોયસર ડેપોની પાછળ, કાંદિવલી (વેસ્ટ).

કચ્છી વિશા ઓશવાળ જૈન

કોટડા રોહાના ગૌતમ ભવાનજી નાગડા (ઉં.વ. ૫૦) તા. ૮-૪ના અવસાન પામેલ છે. મેનાબેન ભવાનજીના પુત્ર. ભાવિનીના પતિ. લબ્ધિ, સિધ્ધીના પિતા. મહેશ, વિજય, તિલક, ભાવિકાના ભાઇ. નીરુબેન પોપટલાલના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ભાવિની નાગડા, ૪૦૧, સેંટોસા રેસિડેન્સી, મગર પટ્ટા, પુના-૧૩.

કોડાયના પંકજ દામજી સાવલા (ઉં.વ. ૫૫) તા. ૮-૪-૨૪ના અવસાન પામેલ છે. નવલબેન દામજીના પુત્ર. મંગલાબેન ઉર્ફે ગંગાબાઈ સામજી ગડાના જમાઇ. રક્ષાના પતિ. ચાંદની, અમનના પિતા. નિલના સસરા. અરૂણા, રાજેશના ભાઇ. પ્રા.: શ્રી માટુંગા કચ્છી શ્વે.મૂ. જૈન સંઘની નારાણજી શામજી વાડી, માટુંગા (સે.રે). ટા.: ૪ થી ૫.૩૦. નિ. પંકજ સાવલા, ૫/૬, શંકર નિવાસ, પ્રભાત કોલોની, સાંતાક્રુઝ (ઈ.).

બાંભડાઇ હાલે ઇન્દીના માવજી મુરજી સોની (ઉં.વ. ૮૩) ૭-૪-૨૪ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન મુરજીના પુત્ર. રાજુલના પતિ. કલ્પના, નયના, કિર્તી, રોહિતના પિતા. દેઢિયાના ધનબાઇ ટોકરશી, ઉનડોઠના મણિબેન કાંતિલાલના ભાઇ. નારાણપુરના કેશરબાઇ દેવજી લાલજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી.

બેરાજાના લક્ષ્મીબેન દેઢિયા (ઉં.વ. ૮૩) મુંબઇમાં તા. ૯/૪/૨૪ના અવસાન પામ્યા છે. તેઓ રમણીકલાલ દામજી લધાના ધર્મપત્ની. નેણબાઇ દામજી લધાના પુત્રવધૂ. ડો. પરેશ અને દિપ્તીના માતુશ્રી. બેરાજા (હાલે દૌંડ)ના પાનબાઇ વેલજીના પુત્રી. માવજી, ભવાનજી, મણીબેન કાનજી, કસ્તુરબેન શાંતિલાલના બેન. પ્રાર્થનાસભા રાખેલ નથી. નિવાસઃ ડો. પરેશ રમણીક દેઢિયા, ચંદ્રવિલા, પારસી કોલોની, દાદર (ઇ.).

ઝાલાવાડી સઇ સુથાર જ્ઞાતિ

વઢવાણ નિવાસી હાલ મલાડ ગં. સ્વ. કનકબેન સોલંકી (ઉં.વ. ૬૦) તે ૩/૪/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. હર્ષદભાઈ ચત્રભુજભાઈ સોલંકીના ધર્મપત્ની. જસ્મીના, દિપાલી, કશ્યપના માતુશ્રી. વીરેન્દ્રકુમાર થોરિયા, હર્નિશકુમાર પરમાર, સેજલબેનના સાસુ. દર્શનાબેન અનિલભાઈ સોલંકીના દેરાણી. ગં. સ્વ. જયશ્રીબેન પ્રદીપભાઈ સોલંકીના જેઠાણી. સ્વ. મધુબેન ભાઇલાલભાઈ સોલંકીના દીકરી. બંને પક્ષની પ્રાર્થનાસભા ૧૧/૪/૨૪ના ૪ થી ૬. બાંગુર વિદ્યાભવન, પ્લોટ નં. ૦૯, સ્વામી અયપ્પા મંદિર માર્ગ, બાંગુરનગર મેટ્રો સ્ટેશન, બાંગુરનગર, ગોરેગાવ વેસ્ટ.

ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ

ગામ કડી હાલ દહિસર ભાનુમતી અરવિંદભાઈ ઠાકર (ઉં.વ. ૭૦) તે ૯/૪/૨૪ના દેવલોક પામેલ છે. તે રિતેશ, હિમાંશુ તથા વૈશાખીના માતુશ્રી. કવિતા, પૂનમ તથા ચેતનકુમારના સાસુ. ઉર્મિલાબેન, મૃદુલાબેન, સ્વ. અનિલભાઈ તથા સ્વ. વિષ્ણુભાઈના ભાભી. સ્વ. રમેશચંદ્ર ભગવાનદાસ રાજાણી, સ્વ. મંગળાબેન, મીનાબેનના બહેન. રિષભ, હેતાંશ, આયુષી, જેનીલ, નિશીના દાદી.

હિન્દુ મરણ

હાલાઈ લોહાણા

અ.સૌ. ગૌ.વા. ગામ કેશોદ હાલ કાંદિવલી નિવાસી વિમળાબેન પોપટ (ઉં.વ. ૭૯) સોમવાર, તા. ૮-૪-૨૪ના શ્રીજીચરણ પામેલા છે. જે સિકંદરાબાદ નિવાસી સ્વ. કેશવલાલ ઝવેરચંદ કોટકના સુપુત્રી. જે મનસુખલાલ કેશવજી પોપટના ધર્મપત્ની. મૃગેશ, નિલેશના માતુશ્રી. અ.સૌ. સંગીતા, અ.સૌ. લીનાના સાસુ. જે પરિતા, સૌમીલ, શ્રુતિના દાદીશ્રીની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૧-૪-૨૪ના ૪થી ૬, સ્થળઃ શ્રી હાલાઈ લોહાણા મહાજનવાડી, બીજે માળે, એસ.વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

કચ્છી લોહાણા

સ્વ. ગં. લીલાવતી મેઘજી લધારામ નાસાસોતાના મોટા પુત્ર દેવજી મેઘજી (ઉં.વ. ૮૨) ગામ રામપર (સરવા) હાલ-મુલુંડ તે ગં.સ્વ. પ્રભાવતીના પતિ. તે કમલેશ તથા અ.સૌ. હિનાક્ષી રાજેશકુમારના પિતા. તે ગં.સ્વ. કલાવતી વેલજી, સ્વ. ઝવેરબેન પ્રફુલચંદ્ર, સ્વ. સાવિત્રીબેન નાનજી, સ્વ. કસ્તુરબેન પરમાનંદ, તુલસીદાસ, કાનજી, તે અ.સૌ. દેવમણી વિનોદકુમારના ભાઈ. તે સ્વ. લીલાવતી વિઠ્ઠલદાસ ચાંપશી ભગદેના મોટા જમાઈ. તે અ.સૌ. અનિતા કમલેશ અને રાજેશકુમાર મંગલદાસ સસરા તા. ૮-૪-૨૪ને સોમવારે શ્રી રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૧-૪-૨૪ના ૫.૩૦થી ૭.૦૦. સ્થળઃ પદ્માવતી બેન્કવેટ હોલ, શિવસેના શાખાની ઉપર, એમ.જી. રોડ, મુલુંડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

હાલાઈ લોહાણા

મુળ વતન માંઢાવાળા હાલ કાંદિવલીના રણજીતભાઈ (ઉં.વ. ૮૨) સ્વ. ગંગાબેન ગોરધનદાસ પંચમતીઆના સુપુત્ર તા. ૯-૪-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. લતાબેનના પતિ. તે સ્વ. નારણદાસભાઈ, સુરેન્દ્રભાઈ, વિજયભાઈ, અ.સૌ. દમયંતીબેન દિલીપભાઈ, અ.સૌ. નિરંજનાબેન રમેશકુમાર, અ.સૌ. ભારતીબેન જીતેન્દ્રભાઈના ભાઈ. તે નીલેશ-દીપા, બીરજુ-મેઘા તથા પારુલબેન હસમુખકુમારના પિતાશ્રી. તે હાર્દિક-હિનલ, રાજવી, વિરેન, જીયાના દાદાજી. તે સ્વ. જમનાદાસ મથુરાદાસ દ્વારકાવાળાના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૧-૪-૨૪ના ગુરુવારે ૧૦.૩૦થી ૧૨.૦૦, સ્થળઃ હાલાઈ લોહાણા મહાજનવાડી, એસ.વી. રોડ, ૧લે માળે, કાંદિવલી (વેસ્ટ).

પ્રાર્થનાસભા ૧૧/૪/૨૪ના ૫ થી ૭. નોર્થન હાઈટ્સ, પી ૩, બેન્કવેટ હોલ, એસ. વિ. રોડ, દહિસર ઈસ્ટ.

હાલાઇ લોહાણા

નરેન્દ્ર મોહનલાલ મજીઠીયા (ઉં.વ. ૮૭), કાંદિવલી તે મધુરીબેન મજીઠીયાના પતિ. તે ચારુબેન, રાજેશ અને પરેશના પિતા. તે સ્વ. વિનોદભાઈ, સ્વ. શશીકાંતભાઈ, રમેશભાઈ, પ્રવીણાબેનના મોટાભાઈ. તે સ્વ. હરેશકુમાર, તૃપ્તિ અને બીજલના સસરા. તે સ્વ. કરસનદાસ ગોકલદાસ પાબારીના જમાઈ. તે પાર્થ, ઐશ્વર્યા અને હર્ષના દાદા તા. ૧૦/૪/૨૪ના બુધવારે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૧/૪/૨૪ના ગુરુવારે ૫ થી ૭ શ્રી હાલાઇ લોહાણા બાળઆશ્રમ, કાંદિવલી વેસ્ટ.

વેજલપુર એકડા વિશા ખડાયતા

મૂળ વતન દેલોલ હાલ વિલેપાર્લે નિવાસી જયેશભાઇ શાહ (ઉં.વ. ૬૯) તે ૩૧/૩/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. સુધાબેન તથા સ્વ. બિપીનચંદ્ર શાહના પુત્ર. તૃપ્તિબેનના પતિ. તે પાયલ અને પાર્થીકના પિતા. કનૈયાલાલ રમણલાલ અને કોકિલાબેનના જમાઈ. તે હરીશ; રશેશ; સચિન અને શૈલેષના ભાઈ. તેમનું બેસણું ૧૨/૪/૨૪ના ૯ થી ૧૦:૩૦. ખડાયતા ભવન, ૩૨ હનુમાન રોડ, વિલે-પારલે પૂર્વ.

ઘોઘારી વિશા મોઢ વણિક

થાણા નિવાસી સ્વ. શાંતિબેન જયંતીલાલ શિવરામ પારેખના સુપુત્ર મનુભાઈ પારેખ (ઉં.વ. ૮૦) તે ૫-૪-૨૪ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. યામિની (મીના)ના પતિ. કલ્પેશ અને પરેશ - સોનાલીના પિતાશ્રી. સ્વ. સુભદ્રાબેન ત્રિભોવનદાસ દલાલના જમાઈ. સ્વ. માલતી, સ્વ. જવાહરભાઇ, રીટા, વિજયભાઈ, ગં.સ્વ. રાજુ (લીના) ગિરીશકુમાર મેહતાના ભાઈ. દેવ્યાની અને રાજેન શાહ, સાધના, જેરી જોસેફ, ભારતી અને સ્વ. ગોંદુ જોશી, સ્વ. મીના અને યજ્ઞેશ દલાલ, અલકા અને તુષાર દલાલના બનેવી. પ્રાર્થના સભા રાખેલ નથી.

દશા સોરઠિયા વણિક

હસમુખલાલ કાંતીલાલ મહેતા (ઉં.વ. ૭૬), તે સ્વ. જશવંતીબેનના પતિ. તે સ્વ. છોટાલાલ, સ્વ. પ્રફુલભાઈ, સ્વ. રસીલાબેન ગુલાબચંદ પારેખના ભાઈ. તે દિપક, સોનલ જીગ્નેશ સાંગાણી, મીતા હિતેન શાહ, નીપા મિલન શાહના પિતાશ્રી. તે જીતેન્દ્ર પ્રભુદાસ ધોળકીયાના બનેવી. કનૈયાલાલ પ્રભુદાસ કાચલીયા(આકોલા)ના વેવાઈ તા. ૯-૪-૨૪ મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

પરજિયા સોની

જાફરાબાદ વાળા, હાલ-બોરીવલી, સોની વ્રજલાલભાઈ ભીમજીભાઈ સુરુના પુત્ર સ્વ. કિરીટભાઈ સુરુ (ઉં.વ. ૭૨) રવિવાર, તા. ૭-૪-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે મનસુખલાલ, વ્રજલાલભાઈ સુરુના નાના ભાઈ, તે નીરંજનાબેન, જ્યોત્સનાબેન, હેમલતાબેનના ભાઈ. તે ગં.સ્વ. સંગીતાબેન સુરુના (પતિ), અ.સૌ. ઊર્મિલાબેન મનસુખલાલ સુરુના દિયર. વડોદરાવાળા એભલભાઈ હરસુરભાઈ (જામ)ના જમાઈ. પ્રાર્થનાસભા સ્થળઃ ૧૧-૪-૨૪, ગુરુવારે ૫.૦૦થી ૬.૦૦, સ્થળઃ સોની વાડી, શિમપોલી ક્રોસ રોડ, બોરીવલી (વેસ્ટ), લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

દશા શ્રીમાળી વણિક

આતરસુંબા નિવાસી હાલ-ઘાટકોપર માતુશ્રી ગં.સ્વ. રંજનબેન મધુસુદન દાણી તેઓ સ્વ. શાંતિલાલ શાહના સુપુત્રી (ઉં.વ. ૭૯) તા. ૮-૪-૨૪, સોમવારે તેમના નિવાસસ્થાને શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે. પુત્ર-મનીષ તથા સમીર, પુત્રવધૂ-હીના તથા ઊર્મિ, પૌત્ર-પૌત્રી-અમલ, મહિમા, દેવાંશ, પૌત્રવધૂ-અદિતિ, દિયર-દેરાણી-ગિરિશભાઈ તથા રીનાબેન, જયેશભાઈ તથા નીતાબેન.

કચ્છી લોહાણા

સ્વ. કાંતાબેન કરશનદાસ ચાંપશી ખાંટ ગામ બેટદ્વારકા વાળા હાલે વડાલા આઝાદ નગર (પ્રતાપ નગર)ના જયેષ્ઠ પુત્ર દિનેશ (ઉં.વ. ૮૨) તે રામદાસ સોમૈયા કલીક્ટવાળાના દોહિત્રા. તે ગં.સ્વ. નિર્મળાબેન ભૂપેન્દ્ર રાયકુંડલીયા, સ્વ. રમેશ, સ્વ. નરેન્દ્ર (નરૂ), કેશવજી, સ્વ. પુષ્પાબેન ભુપેન્દ્ર કતીરા, સ્વ. લક્ષ્મીદાસના મોટાભાઈ તા. ૮-૪-૨૪, સોમવારના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

પારસી મરણ

ઝરીન એદલજી કોન્ટ્રાક્ટર તે મરહુમો શીરીન તથા એદલજી કોન્ટ્રાક્ટરના દીકરી. તે રશ્ના ખુશરૂ પુનાવાલાના આન્ટી. તે મરહુમો દેલબર કરાંજાવાલા ને ફીરૂઝી કરાંજાવાલાના માસી. તે મરહુમો નાજીમાય તથા માનેક કરાંજાવાલાના ગ્રેન્ડ ડોટર. (ઉં.વ. ૮૧) રે.ઠે.: સીમલા હાઉસ કો.ઓ.હા. સોસાયટી, ફ્લેટ નં. ૨૦૧, એ બ્લોક, એ.કે. માર્ગ, નેપીયન સી રોડ, મુંબઈ-૪૦૦૦૩૬. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૧-૪-૨૦૨૪ને બપોરે ૩.૪૦ કલાકે હુજીસ રોડ મધે વાચ્છા ગાંધી અગ્યારીમાં થશેજી.

કપોળ

અમરેલીવાળા હાલ-કાંદિવલી સ્વ. કાંતાબેન પ્રતાપરાય હરિલાલ દેસાઈના સુપુત્ર અનિલભાઈના ધર્મપત્ની અ.સૌ. મૃદુલાબેન (ઉં.વ. ૬૧) તેઓ રૂચિતાબેનના માતુશ્રી. પ્રિયાંક દોશીના સાસુ. પ્રફુલભાઈ, જવાહરભાઈ, પ્રકાશભાઈ, ભરતભાઈ, કિર્તીભાઈ, દક્ષાબેન મુકેશકુમાર સંઘવીના ભાભી. મધુકાંતાબેન, સ્વ. ભાવનાબેન, દિવ્યાબેન, રેખાબેન, જાગૃતિબેનના દેરાણી. પિયરપક્ષે કોટડીવાળા સ્વ. દમયંતીબેન નગીનદાસ અ

મસાલા: સ્વાસ્થ્યનો ખજાનો...

વરીયાળી

ભારતમાં તેનો ઉપયોગ સામાન્ય રીતે મિથફ્રેશનર તરીકે થાય છે. રેસ્ટોરાંમાં પણ, તે ખાધા પછી ગ્રાહકોને માઉથ ફ્રેશનર તરીકે પીરસવામાં આવે છે. તેમાં હૃદયરોગથી પણ રાહત અપાવવાની મિલકત છે. તે શરીરમાં કોલેસ્ટ્રોલનું સ્તર ઘટાડે છે અને ન્યુરોલોજીકલ રોગોને પણ વિકાસ કરતા અટકાવે છે.

કલોંજી

કલોંજી એ બીજ કાળા રંગનું બીજ છે. તે વાળ અને ત્વચા માટે ખૂબ જ ફાયદાકારક છે. તેનો સ્વાદ થોડો કડવો અને તીખો હોય છે અને તેની ગંધ તીવ્ર હોય છે. તેનો ઉપયોગ નાન, બ્રેડ, કેક અને અથાણાં જેવી વિવિધ વાનગીઓમાં થાય છે. બંગાળી નાન હોય કે પેશાવરી ખુબ્જા (બ્રેડ નાન અથવા કાશ્મીરી પુલાવ)માં ચોક્કસપણે કેલોંજીથી શણગારવામાં આવે છે.

સૂંઠ

પાચનતંત્રને મજબૂત કરવા માટે આદુનું સેવન ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. પેટ ફૂલવું અથવા પેટનું ફૂલવું જેવી સમસ્યાઓથી રાહત આપવામાં પણ તે ખૂબ જ ઉપયોગી છે. તે શરદી અને ઉધરસ માટે પણ રામબાણની જેમ કામ કરે છે.

સૂકા લાલ મરચા

સૂકા લાલ મરચાનું સેવન કરવાથી ત્વચા અને પેટના કેન્સરનું જોખમ ઓછું થઈ શકે છે. તે તમારા ચયાપચયને વેગ આપી શકે છે. લાલ મરચું તમને વજન ઘટાડવામાં પણ મદદ કરી શકે છે કારણ કે તે ભૂખ ઘટાડે છે. તે એન્ટીઑક્સિડન્ટોનો ઉત્તમ સ્ત્રોત પણ છે.

મરચાનો સ્વાદ તીખો તમતમતો છે, પરંતુ એ પણ શરીર માટે જરૂરી છે. યોગ્ય પ્રમાણમાં લેવાતું મરચું આપણી ચયાપચયની ક્રિયા સુધારે છે અને પાચનશક્તિને મજબૂત કરે છે. મરચાથી કેન્સરનું જોખમ ઘટે છે. માથાના દુખાવામાં, શરદી તેમ જ ફ્લુમાં પણ મરચું ગુણકારી છે. તે એન્ટિ-ફન્ગલ છે. લોહીને પાતળું રાખવામાં મદદ કરે છે. હૃદયસંબંધી બીમારીઓથી બચાવે છે. ટાઇપ-ટૂ ડાયાબિટીસનું જોખમ ઘટાડે છે. સાંધાના દુખાવાથી બચાવે છે. મરચામાં લોહતત્ત્વ વધુ પ્રમાણમાં હોવાથી રુધિરાભિસરણ તંત્ર સુધરે છે. લોહીમાં હિમોગ્લોબિનનું પ્રમાણ પણ વધે છે. લાલકણોની સંખ્યા વધારવામાં પણ તે ઉપયોગી છે. અલ્ઝાઇમર્સની બીમારીથી બચાવે છે.

મરચામાં રહેલું વિટામિન એ શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારે છે. આંખોનું તેજ વધે છે. રતાંધળાપણામાં પણ રાહત થાય છે. તેમાં રહેલા વિટામિન સીથી પણ રોગપ્રતિકારક શક્તિ વધે છે. આ ઉપરાંત મરચાથી શરીરમાં કોલેજન નામના પ્રોટીનનું ઉત્પાદન થાય છે, જેનાથી વાળ અને ત્વચાનું આરોગ્ય જળવાય છે.

એલચી

એલચી તેના સ્વાદ અને સુગંધ માટે જાણીતી છે. તે પેટનું ફૂલવું અને હાર્ટબર્નથી રાહત આપે છે. તેમાં કેન્સર વિરોધી ગુણો પણ જોવા મળે છે.

કાળી એલચી આપણને પેટની અસ્વસ્થતા, ગળામાં દુખાવો અને પેઢાના ચેપથી રાહત આપે છે. કાળી એલચી સાંધાના દુખાવા અથવા મચકોડના કિસ્સામાં સોજામાં રાહત આપે છે અને શ્વાસના દર્દીઓ માટે પણ ખૂબ ફાયદાકારક છે.

જીરું

જીરું વિના કોઈપણ છોંકનો સ્વાદ મસ્ત રહે છે. ભારતીય ખોરાકમાં મોટાભાગની વાનગીઓમાં તેનો સમાવેશ થાય છે. તમે તેને ગેસ પર સૂકવીને પણ ગરમ પાણી સાથે ખાઈ શકો છો. તે જ સમયે, વહેલી સવારે ખાલી પેટ તેનું સેવન કરવાથી પાચનમાં સુધારો થાય છે. જીરામાં આયર્નનો શ્રેષ્ઠ સ્ત્રોત છે, તેને નિયમિત ખાવાથી એનિમિયા દૂર કરવામાં મદદ મળે છે. જો ખોરાક પચતો ન હોય અથવા એસિડિટી થતી હોય તો કાચું જીરું મોંમાં નાખીને ખાઓ, આરામ મળશે. આ ઉપરાંત તે પાઈલ્સની સમસ્યાને પણ દૂર કરે છે. જીરું અનેક પ્રકારના રોગોનો ઈલાજ છે. તે અસ્થમા, એનિમિયા, પાચન તેમજ વજન ઘટાડવામાં પણ મદદ કરે છે.

હળદર

હળદરમાં અનેક ગુણો જોવા મળે છે. આનાથી ખાવાનો રંગ અને સ્વાદ તો સુધરે છે પરંતુ તેનાથી ઘણા સ્વાસ્થ્ય લાભ પણ થાય છે. તે હૃદય રોગની સારવારમાં મદદરૂપ છે અને કેન્સર અને અલ્ઝાઈમરમાં પણ મદદરૂપ છે. આ સિવાય તેમાં એન્ટીઓક્સીડેન્ટ ગુણ પણ જોવા મળે છે જે સાંધાના રોગો અને માનસિક રોગોમાં મદદરૂપ સાબિત થાય છે. ■



હિંગ ઉત્પાદનમાં અગ્રેસર

ભારતમાં હિંગની અગ્રણી આયાતકાર અને ઉત્પાદક કંપની બીએલજી ઈન્ટરનેશનલ વેપારની તમામ ચેનલ્સ અને બજારમાં સક્રિય રીતે તેની હાજરી વિસ્તારી રહી છે.

વર્ષ ૧૯૪૫માં બસંતલાલ ગંભીરે હિંગના બ્રોકર તરીકે બીએલજી ઈન્ટરનેશનલની સ્થાપના કરી હતી. તેમણે પોતાની દીર્ઘદૃષ્ટિથી કંપનીના વિકાસનો માર્ગ કંડાર્યો અને સમય જતા તેની પ્રગતિ ઝડપી બની. ૨૦૦૪માં મોહિત ગંભીરે તેના મૅનેજિંગ ડિરેક્ટર તરીકે કંપનીના નેતૃત્વની જવાબદારી સંભાળી હતી. તેમના માર્ગદર્શન હેઠળ બીએલજી ભારતની અગ્રણી હિંગ અને રસની આયાતકાર અને ઉત્પાદક બનવા માટે આગળ વધી છે. કંપનીની મુખ્ય ફિલસૂફી હિંદુકુશ પ્રદેશમાંથી શુદ્ધ હિંગ મેળવીને અજોડ ગુણવત્તા પ્રત્યેની તેની અતૂટ પ્રતિબદ્ધતા ઉપર કેન્દ્રિત છે. કંપનીએ બીરબી, પ્રાઈવેટ લેબલ જેવા માધ્યમો અને પોતાની માલિકીની બ્રાન્ડસ ક્રિષિકા અને બીએલજી દ્વારા બીરબી સેગમેન્ટમાં ૨૦૦૦ થી વધુ ગ્રાહકો મેળવીને નોંધપાત્ર પ્રગતિ કરી છે. તે ભારતભરની અગ્રણી મસાલા અને પાપડ કંપનીઓને સેવા પૂરી પાડે છે.

બીએલજી જે વિવિધ પ્રોડક્ટસ ઉત્પાદન કરે છે, તેમાં હિંગ, ઈન્સ્ટન્ટ ચટણી, મસાલા, કેસર, મખાણા, મીઠું, સિઝનિંગ, પોપકોર્ન અને સોયા ચન્ક્સ સહિતનો સમાવેશ થાય છે. કંપની જે રાજ્યોમાં વેપાર કરે છે, તેમાં તેણે ૧૦૦ ટકાની વૃદ્ધિ મેળવી છે. તે નવી પ્રાદેશિક બજારોમાં તેની હાજરીને વિસ્તારવા ધારે છે.

રિટેલ વેચાણની વ્યુહરચના

બીએલજી ઇન્ટરનેશનલની પ્રોડક્ટસ દેશભરમાં પથરાયેલા રિલાયન્સ સ્ટોર્સમાં ઉપલબ્ધ છે. નજીકના ભવિષ્યમાં તેના ઉત્પાદનો દેશના અન્ય વિવિધ અગ્રણી રિટેલ સ્ટોર્સ અને દુકાનોમાં ઉપલબ્ધ બનશે. કંપનીએ પ્રાદેશિક સ્તરે રાજ મંદિર, બીકેડી, ડેરિકા જેવી મુખ્ય પ્રાદેશિક ચેનલ્સમાં ઉપલબ્ધતા મેળવી છે. કંપનીએ આધુનિક વેપાર શૃંખલામાં વ્યૂહાત્મક અને અસરકારક રીતે ગોઠવવા માટે તેની ઈન્સ્ટન્ટ ચટણીથી શરૂઆત કરીને વિશિષ્ટ સ્થાન જમાવ્યું છે. કંપનીએ મુખ્ય વેચાણ કેન્દ્રોમાં તેના મુખ્ય ઉત્પાદનો ઉચ્ચ ગુણવત્તાવાળા હિંગ અને કેસર ગ્રાહકોને સ્પર્ધાત્મક ભાવે અને રિટેલરોને આકર્ષક નફા ગાળા સાથે વેચાણ માટે મૂક્યા છે. કેસર અને પૉપ હોપ ઈન્સ્ટન્ટ પૉપ કૉર્ન જેવી પ્રોડક્ટસે કંપનીને લોકપ્રિયતા અપાવી છે. કંપની ગ્રાહકો માટે ઓફરોની પ્રસ્તુતી અને સમયાંતરે વેચાણ પ્રમોશન માટે ઑનલાઈન ચેનલો અને વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફૉર્મ્સ દ્વારા ગ્રાહકોની સાથે જોડાયેલી રહે છે.

મોહિત ગંભીર - એમડી, બીએલજી ઈન્ટરનેશનલ

બજારોમાં બદલાવ લાવવામાં સફળતા

ગંભીર કહે છે, 'અત્યારે ગ્રાહકો નાણાકીય ગણતરીને ઓછું અને કાર્યક્ષમ ગુણવત્તાયુક્ત ઉત્પાદનોને વધુ મહત્ત્વ આપે છે. આ વલણને પારખીને અમે ઈન્સ્ટન્ટ ચટણીઓ બજારમાં સફળતાપૂર્વક મૂકી છે.'

કંપની લક્ઝરી અને પ્રીમિયમ પ્રોડક્ટસ સેગમેન્ટ તરફ વળવા માટે ખર્ચેલા પૈસાનું પૂરું વળતર આપે તેવા ઉત્પાદનોની ગ્રાહક માગને પ્રાથમિક્તા આપે છે. કંપની ગ્રાહકોની સંતોષ પરિતૃપ્તિ માટે કૂપન સ્કીમ ઓફર કરે છે, વેચાણ પ્રમોશનને વ્યૂહાત્મક રીતે ગોઠવે છે અને ગ્રાહકોની અજમાયશ માટે સેમ્પલિંગ સુવિધા આપે છે.

ભાવિ યોજનાઓ

બીએલજી ઈન્ટરનેશનલ આધુનિક વેપાર, પરંપરાગત વેપાર, નિકાસ અને મુખ્ય ચેનલોમાં હાજરી દ્વારા તેની બજાર પહોંચને વિસ્તારી રહી છે. કંપની તેના વિતરણ નેટવર્કને પણ વિસ્તારી રહી છે, નવા ભાગીદારોની શોધ કરી રહી છે અને વધતી માગને પહોંચી વળવા ઉત્પાદન ક્ષમતામાં વધારો કરી રહી છે. તેની ભાવિ યોજનાઓમાં પીસેલાં, બ્લેન્ડેડ અને આખા મસાલાનો સમાવેશ થાય છે. આગામી નાણાકીય વર્ષમાં, કંપની ડિજિટલ માર્કેટિંગ, સોશિયલ મીડિયા અને ઈન્ફ્લુએન્સર માર્કેટિંગ દ્વારા વ્યૂહાત્મક અભિગમ અપનાવશે. આમાં ઑનલાઈન અને ઓફલાઈન બંને માટે એક સેલિબ્રિટીને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિમવાનો સમાવેશ થાય છે. 'અત્યારના ગ્રાહકો શ્રેષ્ઠ ગુણવત્તા અને સમય કાર્યક્ષમતા ધરાવતા ઉત્પાદનોને પ્રાથમિકતા આપે છે. આ ટ્રેન્ડને અનુરૂપ, અમે ઈન્સ્ટન્ટ ચટણી રજૂ કરી છે, જેણે બજારમાં રસ જાગૃત કર્યો છે.'

'લક્ષ્મી હિંગ' જૂની-જાણીતી અને સૌની માનીતી

હિંગના વેપાર સાથે સંકળાયેલા વેપારી નરેન્દ્રભાઈ અંજારિયા ગર્વ સાથે જણાવે છે કે આ અમારો ચોથી પેઢીનો વેપાર છે અને આવનારી પેઢી પણ આ વેપાર સાથે જ સંકળાયેલી રહેશે.

૧૨૪વર્ષથી જૂની અને જાણીતી લક્ષ્મી હિંગની પેઢી જૂની હોવા છતાં આધુનિકતાનો સુગમ સમન્વય કરી તેમની વડોદરાની અત્યાધુનિક હાઈજેનિક ફેક્ટરીમાં આધુનિક મશીન સાથે ઉત્પાદન અને પેકિંગ કરે છે. તેમની વિવિધ પ્રોડક્ટો પણ સ્પેશિયલ રહી છે જેમાં લક્ષ્મી હિંગ પીળો પાઉડર, લક્ષ્મી હિંગ પ્રીમિયમ પીળો પાઉડર, સ્પેશિયલ લક્ષ્મી હિંગ પ્રીમિયમ પાઉડર, એ-વન પાઉડર, ડિલકસ પાઉડર, એકસ્ટ્રા પાઉડર કે-વન ખડા, કે-સ્પેશિયલ ખડા અને દાણા જેવી વિવિધ પ્રકારની હિંગ તેમની પેકિંગ વ્યવસ્થા એવી રીતે કરવામાં આવે છે કે જેનાથી તેના ગુણધર્મ અને સોડમ જળવાઈ રહે છે.

મુંબઈ-વિદ્યાવિહાર હેડ ઑફિસથી નરેન્દ્રભાઈ તથા વડોદરા ફેક્ટરીથી મુકેશભાઈ ખૂબ જ સુસંગત રીતે વહીવટ સંભાળી રહ્યા છે. એક સદીથી ભારતની ગૃહિણીમાં તો વિશ્વાસ ધરાવતી લક્ષ્મી હિંગ આફ્રિકા, યુએસએ, યુકે, ગલ્ફ, શ્રીલંકા, સાઉદી અરેબિયામાં પણ એક્સપોર્ટ કરે છે.

શ્રી હરિ રેડી-ટુ-કૂક મસાલાનો છે મહિમા અપાર, ચુટકીઓમાં સ્વાદિષ્ટ વાનગીઓ બને અપરંપાર!

ટૅસ્ટ વિનાનું ભોજન ખાવું એટલે જીવન-વેસ્ટ, આ અભિપ્રાય લગભગ દરેક ખાવાની શોખીન વ્યક્તિનો હશે એટલે જ ભોજનમાં મસાલાઓનું મહત્ત્વ એક વેંત ઊંચું છે. એમાંય મુંબઈની ફાસ્ટ લાઈફમાં સુપરફાસ્ટ કૂકિંગ કરી બેમિસાલ વાનગી બનાવવાનો જશ ખાટવો હોય તો શ્રી હરિ રેડી-ટુ-કૂક મસાલાનો મેજીક વાપરવો જ રહ્યો. મુંબઈ મહારાષ્ટ્રમાં ઊભરતી આ કંપનીનાં રેડી-ટુ-કૂક મસાલાનો સૌથી આગવો પ્લસ પૉઈન્ટ એ છે કે એમાં મીઠું, મરચું કે બીજા કોઈપણ સૂકા મસાલા ઉમેરવાની જરૂર નથી રહેતી, બસ શ્રી હરિ મસાલાનાં રેડી - ટુ-કૂક મસાલા ઉમેરો અને સ્વાદિષ્ટ વાનગી તૈયાર.

શ્રી હરિ રેડી-ટુ-કૂક મસાલાના મૅનેજિંગ ડાયરેક્ટર શ્રી બાલકૃષ્ણ ગાંધી વાત-વાતમાં જણાવે છે કે, વર્કિંગ વુમન હોય કે હૉસ્ટેલમાં રહેતા વિદ્યાર્થી કે અન્ય કોઈ, બધા જ ૨૧મી સદીની આ ફાસ્ટ લાઈફમાં સ્વાદિષ્ટ વાનગીઓ સરળતાથી અને ઝડપી બનાવી શકે તે હેતુથી જ હરિ રેડી-ટુ-કૂક મસાલા બનાવ્યા. તેમણે ભારતીય વાનગીઓ માટેનાં રેડી-ટુ-કૂક મસાલા શ્રી હરિ મસાલા બ્રાંડથી ૨૦૦૮માં દાબેલી મસાલા, સેવ ઉસળ મસાલા, સમોસા મસાલા, પાઉંભાજી મસાલા, છાશ-સલાડ મસાલા વગેરે જેવા કેટલાક મસાલાની શ્રેણી બજારમાં મૂકી હતી.

આજે કંપની પાસે ડુંગળી-લસણ અને કંદમૂળનાં ઉપયોગ કર્યા વગર બનાવેલ વિવિધ બાવન પ્રકારનાં રેડી-ટૂ-કૂક મસાલા ઉપલબ્ધ છે. જેમાં વિવિધ શ્રેણીમાં જેમ કે બ્રેકફાસ્ટ/ ફાસ્ટફૂડ મસાલા, લંચ/ ડિનર મસાલા, ગુજરાતી, કાઠિયાવાડી, પંજાબી, ચાઈનીઝ વાનગીઓનાં મસાલા, ફરાળી વાનગીઓનાં વિવિધ મસાલા (ખાસ ઉપવાસ માટે), ફરાળી ઈન્સટન્ટ મિક્સ, ડિઝર્ટ મસાલા, સિઝનલ અથાણાંના મસાલા વગેરે.

આજે અમારા ઉત્પાદનોનું વેચાણ સંપૂર્ણ ગુજરાતમાં વ્યાપક વિતરણ નેટવર્ક દ્વારા કરવામાં આવે છે. ટૂંક સમયમાં તે મહારાષ્ટ્ર અને ભારતનાં અન્ય રાજ્યોમાં શરૂ કરવામાં આવશે. ગ્રાહક સંતોષ માટે અમારી સેલ્સ ટીમ અને અમારા વિતરકો અવિરત કાર્યરત હોય છે. જેથી બધા જ રિટેઈલરોને અને ગ્રાહકો સુધી નિયમિતરૂપે તાજા મસાલા સમયસર મળતા રહે.

આ મસાલા તેની ગુણવત્તા અને શુદ્ધતાનાં કારણે અમેરિકા, નેધરલૅન્ડ, ન્યૂ ઝીલૅન્ડ, ઑસ્ટ્રેલિયા જેવા વિશ્વનાં ઘણા દેશોમાં ખૂબ જ લોકપ્રિય થયા છે. કંપનીની ફેક્ટરી ગુજરાત રાજ્યમાં વડોદરા પાસે હાલોલમાં ૨૧૦૦૦ સ્કવૅરફૂટ જગ્યામાં આવેલી છે. કંપની પાસે મસાલા દળવા, મિક્સ કરવા અને પૅકેજિંગ માટે અત્યાધુનિક ઑટોમેટિક મશીનરી છે, જેથી તેના ઉત્પાદનોની સ્થિરતા અને ગુણવત્તા જળવાઈ રહે.

કંપની ઉચ્ચ ગુણવત્તા માટે ISO ૨૨૦૦૦, ઉત્પાદન માટે FSSAI અને નિકાસ માટે સ્પાઈસ બૉર્ડના મૂલ્યવાન પ્રમાણપત્રો ધરાવે છે. તદ્ઉપરાંત કંપનીને કેટલાક ગૌરવવંતા એવૉર્ડ પ્રાપ્ત થયા છે જેમ કે...

EMINENCE AWARD 2019 (દિવ્યભાસ્કર વ્યાપાર સમૂહ દ્વારા સૌથી ઝડપથી ઉભરતી બ્રાંડ માટે)

GAURAV ICONS 2020 (મિડ ડે વ્યાપાર સમૂહ દ્વારા સૌથી ઝડપથી ઉભરતી Ready To Cook બ્રાંડ માટે)

ATMANIRBHAR BHARAT 2021 (TV-9) વ્યાપાર સમૂહ દ્વારા આત્મનિર્ભર ભારત માટે મહત્ત્વપૂર્ણ યોગદાન બદલ)

BUSINESS LEADER OF THE YEAR 2021 ABP NEWS વ્યાપાર સમૂહ દ્વારા સૌથી ઝડપી ઉભરતી કંપની માટે)

કંપની નજીકના ભવિષ્યમાં કાઠિયાવાડી વેજીટેબલ મસાલા, પાસ્તા મસાલા, પિત્ઝા મસાલા લૉન્ચ કરવાનો લક્ષ્યાંક ધરાવે છે અને Ready To Cook ઉત્પાદનોની વૈશ્વિક વધતી માગને પહોંચી વળવા અને વધુમાં વધુ દેશોમાં વેચાણ વૃદ્ધિ માટેની યોજનાઓ કંપની ધરાવે છે.

કુસુમ મસાલા, જેણે કર્યું છે બાવન વર્ષથી શુદ્ધતાની પરંપરાનું જતન અને હવે બદલાતા સમયની સાથે બને છે અદ્યતન

ભારતમાં મસાલાના વેપાર સાથે સંકળાયેલી અનેક બ્રાન્ડ છે. આમાંથી એક જાણીતું અને અગ્રણી નામ છે 'કુસુમ મસાલા'. કુસુમ મસાલાની સ્થાપના ૧૯૭૨માં મુંબઈના ઉપનગર ભાયખલામાં એક ભાડાની ફૅક્ટરીમાં થઈ હતી, જ્યાં આખા મસાલાને દળીને તૈયાર કરવામાં આવતા હતા. ૧૯૭૮માં કુસુમ મસાલાએ ગોરેગાંવમાં પોતાની વિશાળ ફૅક્ટરી શરૂ કરી અને ૧૯૮૨ સુધીમાં સિંગલ ગ્રાઈન્ડેડ અને બ્લેંડેડ મસાલાની સંપૂર્ણ શ્રેણીનું ઉત્પાદન શરૂ કર્યું. કુસુમ મસાલાએ કોઈ પણ જાતના પ્રચાર કે જાહેરાતો વગર માત્ર ને માત્ર શુદ્ધતા અને ગુણવત્તાના આધારે ટૂંક સમયમાં જ લોકપ્રિયતા મેળવી માઉથ પબ્લિસિટી દ્વારા દેશનાં વિવિધ રાજ્યો અને ખાસ કરીને મુંબઈના ઘર ઘરમાં આગવું સ્થાન હાંસિલ કર્યું છે.

કુસુમ મસાલા સીધા જ ખેતરોમાંથી સર્વશ્રેષ્ઠ મસાલાઓ પસંદ કરી બારે માસ ભરવાલાયક વિવિધ મસાલાઓની વ્યાપક શ્રેણી તેના અદ્યતન ફૅક્ટરીમાં તૈયાર કરે છે.

કુસુમ મસાલા તેના મસાલાની ઉત્તમ ગુણવત્તાની ખાતરી આપે છે. અને જો ગ્રાહકને તેના સ્વાદ અને સોડમથી સંતોષ ન થાય તો ૭ દિવસમાં ગ્રાહકને કોઈ પણ પ્રશ્નો કર્યા વગર મસાલાના પૂરા પૈસા પાછા આપવાનું વચન આપે છે.

કુસુમ મસાલાએ ગરમ મસાલો, ચા મસાલો, પાંઉભાજી મસાલો, પાણીપૂરી, કિચન કિંગ મસાલો, બિરયાની મસાલો, મેથિયા મસાલા એમ વિવિધ પ્રકારનાં બ્લેંડેડ ગ્રાઉન્ડ મસાલાની પોતાની રેસિપી તૈયાર કરી અને વિકસાવી છે. એટલું જ નહીં, બારે માસ ભરવાના સિંગલ ગ્રાઉન્ડ મસાલા જેમ કે કાશ્મીરી અને રેશમપટ્ટી મરચું, હળદર, ધાણાજીરું, મરી, જીરું વગેરે પણ કોઈ પણ જાતની ભેળસેળ અને માનવ હાથના સ્પર્શ વગર તેના સત્ત્વ જળવાઈ રહે એ રીતે શુદ્ધતાપૂર્વક અત્યાધુનિક મશીનમાં દળીને પૅક કરવામાં આવે છે. ફૅક્ટરીમાં જ મસાલાના પૅકિંગ માટે કંપનીએ ૧૯૯૩માં ફુલ્લી ઓટોમેટિક પૅકેજિંગ મશીન્સ પણ સ્થાપિત કર્યાં.

કંપનીએ ૧૯૮૮માં મધ્ય-પૂર્વના દેશોમાં અને ૧૯૯૨માં અમેરિકા અને લંડનમાં પોતાના મસાલાઓની નિકાસ શરૂ કરી. ઓમાન સહિત મધ્ય-પૂર્વના અન્ય દેશોમાં કુસુમ બ્રાન્ડ હેઠળ વેચાતા મસાલા ઓમાનમાં સૌથી વધુ બજાર હિસ્સો ધરાવે છે. કંપની હવે બ્રાન્ડ ડિસ્ટ્રિબ્યુશન વિકસાવવાના હેતુ સાથે અમેરિકા, યુરોપ, જાપાન ઈત્યાદિની માર્કેટમાં વિસ્તરણની યોજના ધરાવે છે. એટલું જ નહીં, કંપની મસાલાની સાથે સાથે ઉત્પાદનોની તેની શ્રેણીનો વ્યાપ વધારતા રેસિપી પેસ્ટ, રેડી-ટુ-ઈટ ગ્રેવીઝ ઈત્યાદિમાં પદાર્પણ કરી વધુ ને વધુ ગ્રાહકો અને બજારો સુધી પહોંચ મેળવવા સજ્જ થઈ રહી છે.

વધતી સ્પર્ધા અને બદલાતા સમય સાથે તાલ મેળવવા કંપની માર્કેટિંગ અને ટેક્નૉલૉજી ક્ષેત્રે નિરંતર રોકાણ કરતી રહી છે. વર્ષ ૨૦૦૦માં કંપનીએ ક્રાયોજેનિક પલ્વરાઈઝર્સ વસાવ્યા હતા અને ૨૦૧૦માં કંપનીને અપગ્રેડ કરતા ફુલ્લી ઓટોમેટિક ગ્રાઈન્ડિંગ પ્રોસેસ વિકસાવી હતી. સાથે જ, કંપનીએ પોતાના ઉત્પાદનોને FSSAIA અને HACCP જેવાં ગુણવત્તા માનકોને અનુરૂપ વિકસાવ્યા છે. મહિને ૧૦૦૦ કિલોગ્રામ મસાલાના વેચાણથી શરૂ થયેલો આ વેપાર આજે લગભગ દૈનિક ૮૦૦૦ કિલોગ્રામ મસાલાના વેચાણ સુધી પહોંચી ગયો છે. કંપનીના વિકાસ અને વધતા વેપારને જોતા ઑક્ટોબર ૨૦૧૯માં ફૂડ્સ ઍન્ડ ઈન્સ લિ. નામની પબ્લિક લિમિટેડ કંપનીએ કુસુમ મસાલાને ભારતનાં દરેક ઘરમાં જાણીતું અને માનીતું બનાવવા તેમ જ આંતરરાષ્ટ્રીય માર્કેટમાં વ્યાપક પગ પેસારો કરવાના લક્ષ્ય સાથે કુસુમ બ્રાન્ડ પોતાને હસ્તગત કરી. ફૂડ્સ ઍન્ડ ઈન્સ લિ.એ આ લક્ષ્યને વાસ્તવિક સ્વરૂપ આપવાના પ્રથમ પગલાં તરીકે પ્રોસેસ્ડ મસાલા અને તેને સંબંધિત ઉત્પાદનોના અગ્રણી ઉત્પાદક બનવા અને સ્વદેશી તેમ જ વિદેશી માર્કેટમાં વ્યાપક પહોંચ મેળવવા આશ્ચર્યજનક ગ્રોથ ચાર્ટ તૈયાર કર્યો છે. આ મેક-ઓવરના એક અભિન્ન અંગ તરીકે ફૂડ્સ ઍન્ડ ઈન્સે કુસુમ મસાલાને તેના દૃષ્ટિકોણ, મિશન, નૈતિકતા અને સૌથી મહત્ત્વપૂર્ણ સખત ગુણવત્તા માનકોને અનુરૂપ તૈયાર કરવાનો નિર્ણય કર્યો છે.

ફૂડ્સ ઍન્ડ ઈન્સે કુસુમ મસાલાના સંપૂર્ણ પ્રોડક્શન પ્લાંટને અપગ્રેડ કરવા મોટું રોકાણ કરવાનો પણ નિર્ણય કર્યો છે, જેથી તે દરેક રીતે અત્યાધુનિક બને અને અંદાજિત વૃદ્ધિને અનુરૂપ બનવા ઉચ્ચ સ્થાપિત ક્ષમતા મેળવી શકે. મૉડર્નાઈઝેશનની યોજનાના ભાગરૂપે ફૂડ્સ ઍન્ડ ઈન્સે કુસુમ મસાલાના હાલ મુંબઈસ્થિત પ્લાંટને ૨૦૨૨માં મહારાષ્ટ્રના નાસિકમાં ગોંડે ખાતે સ્થળાંતર કરી તેને વિશાળ અને અત્યાધુનિક ફૅક્ટરીનું સ્વરૂપ આપ્યું છે. કંપનીએ મસાલાની પ્રક્રિયા માટે તેના સોર્ટિંગ, ગ્રેડિંગ, ક્લીનિંગ, રોસ્ટિંગ, બ્લેંડિંગ, ગ્રાઈન્ડિંગ અને પૅકિંગ સુધીનાં દરેક કાર્યો માટે સૌથી અદ્યતન ટેક્નૉલૉજી અપનાવવાનો નિર્ણય કર્યો છે.

કંપની નવા મસાલા પ્લાંટની સ્થાપિત ક્ષમતાને હાલની ક્ષમતા કરતા ત્રણ ગણી કરવા અને ઉત્પાદનની સંપૂર્ણ પ્રક્રિયા દરમિયાન મસાલામાં રહેલા આવશ્યક તેલના તત્ત્વોને કાળજીપૂર્વક જાળવવામાં આવે એ સુનિશ્ચિત કરવા ક્રાયોજેનિક પલ્વરાઈઝિંગ સિસ્ટમ્સ સાથે સ્ટરાઈલ અને નોન-સ્ટરાઈલ સેટ-અપ્સ ઊભા કરવાનો ઈરાદો પણ ધરાવે છે. આ ઉપરાંત, માઈક્રોબાયૉલૉજિકલ ક્ષમતાઓ સાથેની અત્યાધુનિક ઈન-હાઉસ લૅબોરેટરી ઉત્પાદનના દરેક બેચ સખત ગુણવત્તા નિયંત્રણ ધોરણોમાંથી પસાર થયા પછી જ વૈશ્વિક સ્તરે વિતરણ કરાય એ ચકાસણી કરવામાં સહાયક બને છે. કુસુમ મસાલા તેનાં શુદ્ધ અને ઉત્કૃષ્ટ ઉત્પાદનોને દેશ-વિદેશમાં વસતા તેના ગ્રાહકો સુધી પહોંચાડવા ભારતભરમાં સીએન્ડએફ એજન્ટો નીમવાની યોજના પણ ધરાવે છે.

અનેક પડકારોનો સામનો કરી સફળતાનાં શિખરો સર કરતાં શીલા ઠક્કર

ઘણીવાર મહિલાઓને જ્યારે પૂછવામાં આવે કે તમે શું કરો છો? ત્યારે તેઓ બહુ દુ:ખી થઈને કહે છે કે હું માત્ર એક હાઉસવાઈફ છું, પણ આજે જ્યારે આપણે ૨૧મી સદીની મહિલા અને મહિલાદિવસ અંગે વાત કરીએ છીએ ત્યારે કાયમ લાગે છે કે જે સ્ત્રીને લોકો દુર્ગા, કાલી, લક્ષ્મી કે સરસ્વતીનું બિરુદ આપે છે એ મહિલા પોતાની શક્તિને અવગણીને પોતાની જાતને કમજોર કઈ રીતે કહી શકે? સ્ત્રીમાં તો એવી શક્તિ રહેલી છે જે ગમે તેટલી કપરી પરિસ્થિતિ હોય કે મુશ્કેલીનો પહાડ હોય અથવા તો દુ:ખનો દરિયો હોય તે પોતાના આત્મવિશ્વાસ અને સાહસને પગલે આ તમામ મુશ્કેલી સર કરી સફળતાનાં શિખરો સર કરે છે. ત્યારે ચાલો વાત કરીએ એક એવી મહિલાની જેણે તમામ પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કરી પોતાની જાતને સાબિત કરી છે.

વાત છે સરગમ ફૂડ્સનાં ચૅરમૅન અને ડાયરેક્ટર શીલા ઠક્કરની. જેમણે પોતાના બિઝનેસમાં અડીખમ ઊભાં રહી એક આગવું નામ કમાવ્યું છે. તેઓને આઈકોનિક પાવરફૂલ વુમન ઈન ધ ફૂડ ઈન્ડસ્ટ્રી માટે મહારાષ્ટ્રના ભૂતપૂર્વ રાજ્યપાલ ભગતસિંહ કોશિયારીના હસ્તે પુરસ્કૃત કરવામાં આવ્યાં છે. તો ચાલો જાણીએ શીલા ઠક્કરનો ફૂડ ઈન્ડસ્ટ્રીનો સક્સેસફૂલ પ્રવાસ...

▶ 'તમે આ બિઝનેસમાં કઈ રીતે જોડાયાં?'

મારાં લગ્ન એક કચ્છી પરિવારમાં થયાં હતાં. કચ્છીઓમાં તે વખતે સામાન્ય રીતે મહિલાઓ બહાર નીકળી કામ કરતી નહોતી. મારી બહુ ઈચ્છા હતી કે હું કામ કરું, તો મારા પતિએ કહ્યું કે તને કામ કરવું છે? તો તું બીજે ક્યાંય ન જતી. હું તને ફેક્ટરી નાખી આપું છું તું એ સંભાળ. ત્યારે અમે હિંગ મેન્યુફેક્ચરિંગની કંપની સ્થાપી. અને આ રીતે મારો બિઝનેસનો પ્રવાસ શરૂ થયો.

▶ જે તે સમયે મહિલા તરીકે આ બિઝનેસ ચલાવવો કેટલો મુશ્કેલ હતો?

બધું મુશ્કેલ જ હતું, જ્યાં સુધી મારા પતિ જીવિત હતા ત્યાં સુધી એમની ખૂબ મદદ મળતી. પણ, હા એ વખતે પણ મને નાની નાની વસ્તુ ખરીદવા માટે બહાર જવું પડતું. પતિએ ફેક્ટરી નાખી આપી હતી. એટલે બેઝીક મશીનરી અને સામાન હતો પણ કોઈ પણ ફૂડ રીલેટેડ કંપનીમાં નાની-નાની ઘણી વસ્તુઓની જરૂર પડતી ત્યારે એમઆઈડીસી તો હું એકલી જ મહિલા હતી જે ફેક્ટરીએ બેસતી. હું બજારમાં વસ્તુઓ લેવા જતી તેથી આખા પરિસરમાં લોકો મને ઓળખવા લાગ્યા. મારા પતિના મૃત્યુ બાદ મારા માટે ચેલેન્જિસ વધવા લાગ્યા.

▶ કેવા પડકારોનો સામનો કરવો પડ્યો?

મારા પતિના મૃત્યુ બાદ ઘણી બધી વસ્તુ બદલાઈ ગઈ હતી. એ હતા ત્યાં સુધી કાચો માલ ખરીદવો વગેરે બધું એ જ જોતાં. પછીથી લોકોએ ચીટિંગ શરૂ કરી. શરૂઆતમાં મને માલની એટલી ઓળખ નહોતી. હિંગની ૧૦૦ કિલોની ગૂણમાં પાંચ કિલો મેંદો નાખેલો હોય તો તમને ખબર જ ન પડે, જેને કારણે તમારા માલની પ્યોરિટીને અસર થાય. એવા ઘણા લોકોએ છેતરવાનો પ્રયાસ કર્યો. હું ક્યાંક છેતરાઈ પણ છતાં હું અડિખમ ઊભી રહી. મારા પતિ હતા ત્યારે જ અમારી ફેક્ટરીમાં ઈન્કમ ટેક્સ, સેસ વગેરેની રેડ પડી હતી. મેં આ તમામ વાતો ખૂબ સ્ટ્રોંગ થઈને ફેસ કરી છે. ૧૯૯૭માં અમારી ફેક્ટરીમાં આગ પણ લાગી હતી અને ફેક્ટરી લગભગ ૯ મહિના સુધી બંધ હતી. અમે એ નવેનવ મહિના અમારા કર્મચારીઓ અને કારીગરોને પગાર આપ્યો છે. ઘણો મુશ્કેલ સમય હતો, પણ હું મહત્ત્વાકાંક્ષી હતી. તેથી મેં અડગ રહીને તમામ મુશ્કેલીઓનો સામનો કર્યો.

▶ આ બિઝનેસમાં આવવા માગતી મહિલાઓને શું કહેશો?

ડેડીકેશન રાખો. તમારી નિયત સાફ રાખો. આ સ્પર્ધાત્મક વિશ્વ છે પછી એ કોઈ પણ ક્ષેત્ર હોય જો તમે કોઈનું સારું ના કરી શકો તો ખરાબ પણ ના કરતા. હાર્ડવર્ક કરો, લોકો તમને છેતરશે, પણ જો તમારામાં ધગશ હશે તો તમને કોઈ હરાવી નહીં શકે. એટલે પ્રયત્નશીલ રહેજો. હાર ના માનતા.

▶ મહિલાઓને શું સંદેશો આપશો?

તમે તમારું શ્રેષ્ઠ જ આપો. ગમે તેટલી કપરી પરિસ્થિતિ હોય તો પણ અડીખમ રહો. જો તમે હાર નહીં માનો તો સફળતા તમારી સાથે જ છે. ખાસ કરીને મારે હાઉસવાઈફને એક વાત કહેવી છે, જ્યારે તમે કહો છો કે હું માત્ર હાઉસવાઈફ છું, ત્યારે મને ખૂબ ખરાબ લાગે છે. તમે પોતાની જાતને નાની સાબિત કરો છો. ખરેખર તો હાઉસવાઈફનો જોબ એ સૌથી અઘરું કામ છે, જેમાં કોઈ પગાર કે ઈન્સેન્ટીવ્સ હોતા નથી. છતાં જો તમે આટલું બધુ સારું કરી શકતા હોવ તો એ કોઈ નાની વાત નથી. જે મહિલાઓ નોકરી કરે છે, તેઓ દેખાઈ આવે છે કે બિચારી નોકરી કરીને આવી છે, થાકી ગઈ હશે, પણ હાઉસવાઈફનો થાક કે કામ દેખાતા નથી, તમે બધા ખૂબ જ અઘરું અને સારું કામ કરી રહ્યા છો, તેથી કાયમ ગર્વથી કહેજો કે હું હાઉસવાઈફ છું.

B.L.G. ઈન્ટરનેશનલ હિંગ પ્રા. લિ.

BASANT LAL GAMBHIR

અફઘાનિસ્તાન, ઉઝબેકિસ્તાન અને ઈરાનથી શુદ્ધ હિંગની પ્રત્યક્ષ આયાતકાર



શ્રી મોહિત ગંભીર (એમ.ડી.)

AFGANI PINAKSHI | KABULI | HINGDA | MAZARI | IRANI HADDA | PINAKSHIR DANA | IRANI SHEER | SHEERA

PURE HING | SAFFRON | STRONG POWDER | GUM AREBIC | YELLOW POWDER | ROCK SALT | KABULI WADI | BLACK KHADA

૧૦૦ % શુદ્ધ હિંગ, હિંગડી, પ્રીમિયમ નં. ૧ સ્ટ્રોન્ગ પાવડર, પ્રીમિયમ નં. ૧, ચલો પાવડર, કાબૂલી દાણા નં. ૧, કાબૂલી ખડા નં. ૧૨૨ (વાડી), કાબૂલી ખડા નં. ૧, બ્લેક ખડા, ગમ અરબી, બીજ, ફ્લેક્સ & ગરમ મસાલા, હિમાલયન સોલ્ટ (મીઠું), મખાના, મુખવાસ, ક્રીશિકા ઈન્સ્ટન્ટ ચટણી, કેસર (૫૦ ગ્રામ, ૧૦૦ ગ્રામ, ૨૦૦ ગ્રામ, ૫૦૦ ગ્રામ, ૧ કિ.ગ્રા. & ૫ કિ.ગ્રા.માં ઉપલબ્ધ)

ઑર્ડર & પૂછપરછ માટે

આયાતકાર, નિકાસકાર, ઉત્પાદક :

B.L.G. ઈન્ટરનેશનલ હિંગ પ્રા. લિ.

મુખ્ય ઓફિસ / ફેક્ટરી : પ્લોટ નં. એ-૨૪૧, TTC ઈન્ડસ્ટ્રીયલ એરિયા, એ-બ્લોક, મહાપે, MIDC, થાણા બેલાપુર રોડ, નવી મુંબઈ - ૪૦૦૭૧૦, મહારાષ્ટ્ર, ભારત. www.blghing.com I info@blghing.com I ફોન: ૦૨૨ ૨૦૮૭૨૨૮૧ / ૮૨

શાખા ઓફિસ : ઓફિસ નં. ૪, ભોંયતળિયે, બ્લોક સી-૧, લોરેન્સ રોડ, કેશવ પુરમ, દિલ્હી - ૧૧૦૦૩૫.

Visit us at: www.blghing.com

BRC FOOD CERTIFICATED | SHEFEXIL Shellac and Forest Products Export Promotion Council | SPICES BOARD INDIA | FIEO FEDERATION OF INDIAN EXPORT ORGANISATIONS | APEDA | FDA | FDA FOOD SAFETY MODERNIZATION ACT | ISO 22000 | HALAL FOOD | Kosher Certification | FSSC 22000 | HACCP | GMP Quality | ISO 22000:2018 | RCCI

બારે માસના મસાલા અત્યારે ભરો અને સ્વસ્થ રહો, આર્થિક રીતે પણ...

એક સમય હતો જ્યારે ભારતનાં શહેરો અને ગામની શેરીઓમાં ઉનાળું વેકેશન દરમ્યાન આખા મસાલા ખાંડવામાં આવતા ને પછી બરણીઓમાં પૅક કરીને પૂરા વર્ષ દરમ્યાન વાપરવામાં આવતા. જાન્યુઆરીથી લઇને હોળી સુધીમાં ઘઉં, ચોખાની સાથે ભારતમાં મસાલાનો પાક પણ વિપુલ પ્રમાણમાં થાય છે.

ભારત મરી-મસાલાનો દેશ છે. તમને ચીન કે અમેરિકાની ઘણી વાનગી ફિક્કી લાગે પણ ભારતીય રસોઇયાઓ તેમાં પણ ભારતીય મસાલાના અનેક સંયોજનોનો ઉપયોગ કરીને એ વાનગીઓને સંપૂર્ણ ભારતીય બનાવી દે છે. મસાલા સ્વાદ તો વધારે જ છે સાથે સ્વાસ્થ્ય વર્ધક પણ છે જ. આ વાતની આપણા વડવાઓને પણ સુપેરે ખબર હતી જ. આયુર્વેદ પણ ભારતીય મસાલાઓનું મહત્ત્વ ઔષધિરૂપમાં

સમજાવે છે. આજે પણ ઘરમાં કોઇને વાગે અને લોહી નીકળે તો હળદરનો પાઉડર મસાલાના ડબ્બામાં પડ્યો જ હોય તેને લગાવી દેવામાં આવે અને લોહી નીકળતું બંધ થઇ જાય. આ જ રીતે અન્ય મસાલાઓના પાઉડર બારે માસ વાપરી શકાય છે, પણ એ મસાલાઓના પાઉડર બનાવવાની અર્થાત્ દળવાની કસરત માટે ઉનાળો સર્વશ્રેષ્ઠ ઋતુ છે. એક તો હોળી પછી મરચાં, ધાણાં, જીરું, હળદર જેવા રવીપાકની આવક શરૂ થાય પણ આ સ્વાદિષ્ટ અને સ્વાસ્થ્ય વર્ધક મસાલાઓનો ઉપયોગ બારે માસ કરવો હોય તો શું કરવું?

સિમ્પલ છે. મસાલાઓને સારી રીતે સૂકવો જેથી તેમાં રહેલ ભેજનું બાષ્પીભવન થઇ જાય. સૂકવણીની પદ્ધતિ ભારતમાં વર્ષોથી ચાલી આવે છે. સૂકા પદાર્થો જલદીથી બગડતા નથી. ભેજ રહિત હોવાથી તેમાં ફૂગ કે અન્ય જીવજંતુઓનો પગપેસારો થતો નથી. હવે વાત એ આવે છે કે મસાલાને સૂકવીએ છીએ પછી તેને ખાંડીને પાઉડર કેમ બનાવવામાં આવે છે? તો એનો ઉત્તર એ છે કે પાઉડર ખાદ્ય પદાર્થોમાં સહેલાઇથી ભળી જાય છે.

તાજા અને આખા મસાલા શાક કે દાળમાં નાખો તો વધુ પ્રમાણમાં નાખવા પડે જ્યારે પાઉડર ઓછા પ્રમાણમાં નાખ્યા હોય તો પણ જલદીથી દાળ-શાકમાં ભળી વાનગીની સોડમ વધારી મૂકે છે. સિઝનમાં સોંઘા ભાવે હૉલસેલમાં ખરીદીને મસાલા ખાંડ્યા હોય અને બારે માસ માટે સંગ્રહ કર્યો હોય તો ખર્ચો ઓછો આવે છે. બારે માસ એક સરખી ક્વોલિટીનું અને ભેળસેળ વગરનું ખાવા મળે. સોડમ, સ્વાદ અને સ્વાસ્થ્ય વધે સાથે સાથે પૈસાની પણ બચત થાય ત્યારે વડીલોને સલામ મારવાનું મન થાય કે સિઝનમાં એક સાથે બારે માસના મસાલા ભરી રાખવા માટેનો કેટલો સુંદર વિચાર આપણને આપતા ગયા છે.

જોકે, હવે સમય બદલાયો છે, પહેલાં ઘરની ગૃહિણીઓ નોકરી કરવા જતી નહીં, તેમને મસાલાની સૂકવણી કે ખાંડવા-ખંડાવવા પાછળ સમય મળી રહેતો. આજે મહિલાઓ નોકરી-વ્યવસાય અર્થે બહાર નીકળે છે ત્યારે તેમને આ બધી કડાકૂટ પાછળ સમય મળતો નથી. આ સંજોગોમાં સારી કંપનીઓના ભેળસેળ વિનાના બ્રાન્ડેડ મસાલા વાપરવા. ભલે થોડા પૈસા વધુ વપરાય પણ ક્વોલિટીયુક્ત મસાલા તો ખાવા મળે.

મોદી-વિરોધી દ્વેષથી પીડિત, જનતા તેમના ઘમંડને બાળી નાખશે: એકનાથ શિંદે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: એકનાથ શિંદેએ વિપક્ષની ટીકા કરતાં કહ્યું હતું કે ૨૦૧૪ અને ૨૦૧૯ની જેમ ૨૦૨૪માં પણ લોકો વિપક્ષને ઘરનો રસ્તો બતાવશે. તેમણે એમ પણ કહ્યું હતું કે મોદી દરેક ઘરમાં નથી પરંતુ દરેકના દિલમાં છે.

મોદીના વિરોધીઓ નફરતથી પીડાય છે અને જનતા તેમની અહંકારની લંકાને રાખ કરી નાખશે એમ બોલતાં તેમણે રામટેકના મહાયુતિના ઉમેદવાર રાજીવ પારવેનો પ્રચાર કરતા ઉપરોક્ત નિવેદન કર્યું હતું.

એકનાથ શિંદેએ વિરોધીઓની ટીકા કરતાં કહ્યું હતું કે ૨૦૧૪ અને ૨૦૧૯ની જેમ ૨૦૨૪માં પણ લોકો વિપક્ષને ઘરનો રસ્તો બતાવશે. મોદી દરેક ઘરમાં નથી પરંતુ દરેકના દિલમાં છે. વિપક્ષનું જીવન કૌભાંડો, ભ્રષ્ટાચાર અને રોકડની ગણતરીમાં જ વીત્યું છે. તેઓ અત્યારે એવી સ્થિતિમાં છે કે તેમના શરીરમાં તાકાત નથી પરંતુ તેમને ડામ આપીને દોડાવવામાં આવી રહ્યા છે. વિપક્ષ મોદીદ્વેષથી પીડાઈ રહ્યો છે. તેઓ મોદી પર આરોપ લગાવે છે પરંતુ મોદી તેમની અવગણના કરે છે. જો તેમની નજર એ તરફ જશે તો ફેસબૂક લાઈવ કરનારાને મોંમાં ફીણ આવી જશે. જેટલા વિરોધીઓ મોદી પર આરોપ લગાવશે, લોકો તે બધાને ઘરે બેસાડી દેશે, એવા શબ્દોમાં તેમણે વિરોધીઓની ટીકા કરી હતી. ૨૦૧૪માં જે લોકોએ મોદી પર આરોપ લગાવ્યા તેમને જનતાએ ઘરે બેસાડ્યા, ૨૦૨૯માં પણ લોકોએ તેમને ઘરે બેસાડી દીધા. હવે વિપક્ષને આ વખતે પણ લોકો ઘરનો રસ્તો બતાવશે. દેશની ૧૪૦ કરોડ જનતા મોદીની સાથે છે. એનડીએ પાસે આત્મવિશ્વાસ છે. ઈન્ડી આઘાડી પાસે અહંકાર છે. આત્મવિશ્વાસ વિજય તરફ દોરી જાય છે. અહંકાર વિનાશ તરફ દોરી જાય છે. દેશના લોકો ઈન્ડી ગઠબંધનના અહંકારના ઘમંડની લંકાને સળગાવીને રાખ કરી નાખશે. તેમનો એજન્ડા ભ્રષ્ટાચાર છે. મોદીનો એજન્ડા પ્રગતિ છે, એમ એકનાથ શિંદેએ કહ્યું હતું. મુખ્યમંત્રીએ વધુમાં કહ્યું હતું કે જનતા જાણે છે કે સાપ અને નોળિયો કેમ મિત્ર બની ગયા છે. મોદીએ દેશના અર્થતંત્રને નવી દિશા બતાવવાનું કામ કર્યું છે.

ગૂડીપડવાને દિને વાહનોનું થયું અધધધ વેચાણ

ટુવ્હિલરની ખરીદી કરનારાઓની સંખ્યા વધુ

મુંબઈ: મહારાષ્ટ્રમાં ગૂડી પડવાના પ્રસંગે કીમતી વસ્તુ ખરીદવાનું શુભ માનવામાં આવે છે. આ જ કારણે વધુ લોકો કાર ખરીદવાનું પસંદ કરતા હોય છે. પ્રાપ્ત જાણકારી અનુસાર આ વર્ષે ૧લી એપ્રિલથી ૯ એપ્રિલ સુધીમાં મુંબઈ શહેર અને ઉપનગરના ૪ આરટીઓમાં ૮ હજારથી વધુ વાહનોનાં રજિસ્ટ્રેશન કરવામાં આવ્યાં હતાં. આમાં પણ ગૂડી પડવાની પૂર્વ સંધ્યા અને ગૂડી પડવાના દિને ૧૪૩૨થી વધુ વાહનનાં રજિસ્ટ્રેશન થયાં હતાં. કહેવામાં આવી રહ્યું છે કે આ વર્ષે વાહનોનાં વેચાણમાં વધારો થયો છે. ગયા વર્ષે ચારેય આરટીઓમાં ૧૩૧૯ વાહનોના રજિસ્ટ્રેશન થયાં હતાં. સૌથી વધુ ફોર વ્હીલર વાહનના રજિસ્ટ્રેશન મુંબઈ સેન્ટ્રલ આરટીઓમાં નોંધાયાં હતાં. ચાર આરટીઓ બોરીવલી, વડાલા, અંધેરી અને મુંબઈ સેન્ટ્રલથી ૭૯૯૭ વાહન રજિસ્ટર્ડ થયાં હતાં. આમાં ૪૫૦૭ ટુ વ્હીલર અને ૩૦૩૦ ફોર વ્હીલર વાહનનો સમાવેશ થાય છે.

પીએમસી બૅન્ક સ્કૅમ

સિંધુદુર્ગમાં ૧,૮૦૭ એકર જમીન પર ઈડીની ટાંચ

મુંબઈ: પંજાબ ઍન્ડ મહારાષ્ટ્ર કો-ઑપરેટિવ (પીએમસી) બૅન્ક સ્કૅમ પ્રકરણે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે (ઈડી) સિંધુદુર્ગ જિલ્લામાં ૧,૮૦૭ એકર જમીન પર ટાંચ મારી હતી. ટાંચ મારવામાં આવેલી જમીનની કિંમત ૫૨.૯૦ કરોડ રૂપિયા હોવાની માહિતી ઈડીએ આપી હતી. આ સ્કૅમના ૮૨.૩૦ કરોડ રૂપિયામાંથી ૨૦૧૦થી ૨૦૧૩ દરમિયાન આ જમીનો ૩૯ ખેડૂતો પાસેથી ખરીદવામાં આવી હતી.

રિઝર્વ બૅન્કે નીમેલા એડમિનિસ્ટ્રેટરે પીએમસી બૅન્કમાં કથિત કૌભાંડ થયાની ફરિયાદ આર્થિક ગુના શાખામાં નોંધાવી હતી. પીએમસી બૅન્કના તત્કાલીન ડિરેક્ટર જૉય થોમસના નિવેદનને આધારે લોન આપવામાં કથિત ગેરરીતિ આચરવામાં આવી હોવાનું સામે આવ્યું હતું. ફરિયાદને આધારે આર્થિક ગુના શાખાએ જૉય થોમસ, રાકેશ કુમાર વાધવાન, સારંગ વાધવાન અને અન્યો વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. આ કેસને આધારે ઈડીએ તપાસ હાથ ધરી હતી.તપાસમાં ૨૦૧૦થી ૨૦૧૩ દરમિયાન સારંગ વાધવાન અને રાકેશ વાધવાને ગેરરીતિથી મેળવેલી રકમમાંથી ૮૨.૩૦ કરોડ રૂપિયા વિજયદુર્ગના ૩૯ ખેડૂતોનાં બૅન્ક ખાતાંમાં જમા કરાવ્યા હતા. પછી સારંગ વાધવાને તેના કર્મચારીની મદદથી કમિશન અને અન્ય લાભોના બદલામાં ખેડૂતોની જમીન એચડીઆઈએલ ગ્રૂપ કંપનીના નામે હસ્તાંતરિત કરી હતી.

આ પ્રકરણે ૧૭ ઑક્ટોબર, ૨૦૧૯ના રોજ મુખ્ય આરોપી રાકેશ વાધવાન અને તેના પુત્ર સારંગ વાધવાનની ઈડીએ ધરપકડ કરી હતી. આ પ્રકરણે અગાઉ આરોપનામું પણ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યું હતું. અત્યાર સુધીમાં ઈડીએ ૭૧૯ કરોડ રૂપિયાની મિલકત પર ટાંચ મારી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

પ્રજ્ઞાચક્ષુ મતદારો માટે ચૂંટણી પંચ દ્વારા ખાસ સુવિધા

બ્રેઈલ લિપીમાં મતદાર માહિતી પત્ર તૈયાર કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ચૂંટણી એ લોકશાહીનું પર્વ ગણાય છે અને આ પર્વમાં તમામ નાગરિકોને સમાન અધિકાર અને સમાન ફરજ હોય છે. મતદાન કરવું એ ફક્ત અધિકાર જ નથી, પરંતુ ફરજ પણ છે અને દિવ્યાંગ હોય કે પ્રજ્ઞાચક્ષુ, દરેક નાગરિકોને આ ફરજ બજાવવામાં કોઇ અડચણ ન થાય એ માટે ચૂંટણી પંચે પણ કમર કસી છે. પોલિંગ બૂથ એટલે કે મતદાન કેન્દ્રો ઉપર દિવ્યાંગો માટે ખાસ સુવિધા, ઘરેથી મતદાન કરવાની સુવિધા બાદ હવે ચૂંટણી પંચ દ્વારા પ્રજ્ઞાચક્ષુ એટલે કે આંખેથી જોઇ ન શકતા નાગરિકો માટે ખાસ સુવિધા શરૂ કરવામાં આવી છે.

પ્રજ્ઞાચક્ષુ મતદારો માટે ખાસ બ્રેઇલ લિપીમાં મતદાર માહિતી પત્ર તૈયાર કરવામાં આવશે જેથી તેમને પોતાનું મતદાન કેન્દ્ર, નામ, સરનામું વગેરેની માહિતી મેળવી શકે. આ સિવાય ઓડિયો બુક પણ પ્રજ્ઞાચક્ષુ માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ માટે નેશનલ એસોસિએશન ફોર બ્લાઇન્ડ ઇન્ડિયાના સહકારથી આ મતદાર માહિતી પત્ર તૈયાર કરવામાં આવશે. આ ઉપરાંત મતદાન અંગેના તમામ દસ્તાવેજ પણ બ્રેઇલ લિપીમાં છાપવામાં આવશે. નેશનલ એસોસિએશન ફોર બ્લાઇન્ડ ઇન્ડિયા દ્વારા આ માટે અધિકારી પણ નીમવામાં આવ્યા છે, જે ચૂંટણી પંચ સાથે મળીને તમામ કાર્યવાહી પાર પાડશે.

પ્રજ્ઞાચક્ષુ મતદારોને નબ્રેઇલ વોટર ઇન્ફોર્મેશન સ્લિપથ બહાર પાડવામાં આવશે, તેમ ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી અધિકારી એસ. ચોકલિંગમે જણાવ્યું હતું.

એસટીમાં મુસાફરોની સાથે અકસ્માત પણ વધ્યા

નાગપુર: મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ પરિવહન નિગમ (એસટી) ના મુસાફરોની સંખ્યામાં છેલ્લા ત્રણ વર્ષમાં ત્રણ ગણો વધારો થયો છે. તેમજ અકસ્માતોની સંખ્યા પણ બમણાથી વધુ થઈ ગઈ છે. પહેલી જાન્યુઆરી ૨૦૨૧ થી ૩૧ માર્ચ ૨૦૨૧ દરમિયાન ૩૩ કરોડ ૨૦ લાખ ૨૨ હજાર પ્રવાસીઓએ એસટીમાં પ્રવાસ કર્યો હતો અને એસટીની ૧૪૬૩ કરોડ ૭૫ લાખ ૩૧ હજાર રૂપિયાની આવક થઇ હતી. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ૪૯ કરોડ ૫૫ લાખ ૪૩ હજાર મુસાફરોએ ૨ હજાર ૫૩૫ કરોડ ૫૪ લાખ ૩૪ હજારની મુસાફરી કરી, ૨૦૨૨-૨૩માં ૧૫૯ કરોડ ૭૯ લાખ ૯૨ હજાર મુસાફરોએ ૭૪૧૦ કરોડ ૨૮ લાખ ૭૮ હજાર અને ૨૦૨૩-૨૪માં (ફેબ્રુઆરી ૨૦૨૪ સુધી)૧૮૬ કરોડ ૧૨ લાખ ૭ હજાર મુસાફરોએ મુસાફરી કરી અને એસટીને ૯,૧૫૬ કરોડ ૨૧ લાખ ૮૧ હજાર રૂપિયાની આવક થઈ. જાન્યુઆરી ૨૦૨૧ થી માર્ચ ૨૦૨૧ દરમિયાન ૬૨૯ બસ અકસ્માતોમાંથી ૭૧ લોકોના મોત થયા છે. ૨૦૨૧-૨૨માં ૧,૨૮૧ અકસ્માતોમાં ૧૫૯ના મોત થયા હતા, ૨૦૨૨-૨૩ માં ૩,૦૧૪ અકસ્માતોમાં ૩૪૩ના મોત થયા હતા. ૨૦૨૩ - ૨૪ (ફેબ્રુઆરી ૨૦૨૪ સુધી)દરમિયાન ૩,૧૨૧ અકસ્માતોમાં ૩૮૦ મૃત્યુ નોંધાયાનું સામાજિક કાર્યકર અભય કોલારકરે પણ આરટીઆઈ દ્વારા આગળ લાવ્યું છે. સરકારે મહિલા સન્માન યોજના હેઠળ મહિલાઓને મુસાફરી ચાર્જમાં ૫૦ ટકા ડિસ્કાઉન્ટ આપ્યું છે. આ યોજના શરૂ થયા બાદ ૨૦૨૩ -૨૪ (ફેબ્રુઆરી ૨૦૨૪ સુધી) ૫૪ કરોડ ૧૩ લાખ મહિલાઓએ મુસાફરી કરી, એસટીને ૩,૧૧૦ કરોડ ૯૮ લાખ ૪૨ હજાર રૂપિયાની આવક થઈ છે.

ઓનલાઈન ફ્રોડ પર લાગશે લગામ

આરબીઆઇ દ્વારા 'ડિજિટા' એજન્સીની કરશે સ્થાપના

મુંબઈ: હાલ દેશમાં બેન્ક સુવિધાથી લઈ તમામ પ્રકારના ઓનલાઈન ટ્રાન્જેક્શનમાં છેતરપીંડિના ગુનાઓ વધવા પામ્યા છે, ત્યારે આરબીઆઈ આ પ્રકારની ઓનલાઈન ફ્રોડની ઘટનાઓ રોકવા માટે ડિજિટલ ઈન્ડિયા ટ્રસ્ટ એજન્સી ડિડિટાની સ્થાપનાને લઈ ગંભીરતાથી વિચારણા કરી રહી છે. ડિજિટા દેશમાં વધી રહેલી ગેરકાયદે લોન આપતી એપ્સ પર રોક લગાવશે. ડિજિટાથી બોગસ એપની ધરપકડ અને ડિજિટલ ફ્રોડ ઉપર પણ રોક લગાવી શકાશે. ડિજિટાને ખાસ ફાયનાન્શિયલ ક્રાઈમ પર રોક લગાવા માટે તૈયાર કરવામાં આવી છે. ડિજિટલ વર્લ્ડમાં ગેરકાયદે એપની તપાસ કરશે અને ફાયનાન્શિયલ વર્લ્ડમાં જે એપ પાસે ડિજિટાનું વેરિફિકેશન નહીં હોય તેને ગેરકાયદે માનવામાં આવશે. જો કંપનીઓએ ફાયનાન્શિયલ સેક્ટરમાં કામ કરવું હશે તો ડિજિટાથી પોતાની એપની તપાસ કરાવી પડશે. આ એજન્સી દ્વારા એપની તપાસ બાદ આરબીઆઈ રિપોર્ટ આપશે. સાથે જ ગ્રાહકોને સાચી એપની ઓળખ કરવામાં પણ ડિજિટાથી મદદ મળશે. ખાસ કરીને આ એપના માધ્યમથી ડિજિટલ લોન સેક્ટરમાં પારદર્શિતા આવશે. પાછલા કેટલાક વર્ષોમાં ફાયનાન્શિયલ સેક્ટરમાં ડિજિટલ લોનનો હિસ્સો તેજીથી વધ્યો છે. જો કે આને લઈ ડિજિટલ ફ્રોડ પણ ઝડપી વધવા પામ્યો છે. ઘણા લોકો આવી ફ્રોડ એપના ચક્કરમાં ફસાઈને ખૂબ જ પરેશાન પણ થયા છે. પોલીસ પાસે પણ આવા કેસોની સંખ્યામાં નોંધનીય વધારો થયો છે.

બંધારણ કોઈ કાળે નહીં બદલાય

જો એવું થયું તો રાજીનામું ધરી દઈશ: આઠવલે

ગોંદિયા: નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની એનડીએ સરકાર બંધારણ બદલવાની પેરવીમાં છે એવા કૉંગ્રેસ દ્વારા કરવામાં આવેલા આક્ષેપને સામાજિક ન્યાય ખાતાના કેન્દ્રીય પ્રધાન રામદાસ આઠવલેએ રદિયો આપ્યો હતો, મહારાષ્ટ્રના અગ્રણી દલિત નેતા આઠવલે ભારતીય જનતા પક્ષના સાથી છે. આ સંદર્ભે મંગળવારે ટિપ્પણી કરતા તેમણે જણાવ્યું હતું કે જો બંધારણમાં ફેરફાર કરવાની કોશિશ કરવામાં આવશે તો પોતે રાજીનામું ધરી દેશે. રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા (આઠવલે)ના અધ્યક્ષ અને કેન્દ્રીય પ્રધાન આઠવલે ભંડારા - ગોંદિયા લોકસભા મતદાર સંઘની બેઠક પર શાસકીય જોડાણના ઉમેદવાર સુનીલ મેંઢે માટે પ્રસાગર કરવા ગોંદિયા આવ્યા હતા. શ્રી આઠવલેએ વધુમાં જણાવ્યું હતું કે 'હાલની મોદીના નેતૃત્વ હેઠળની સરકાર સામે કોઈ મુદ્દા ન હોવાથી કૉંગ્રેસ તેમજ અન્ય વિરોધ પક્ષો જો આ સરકાર ૪૦૦થી વધુ બેઠક પર વિજય મેળવશે તો બંધારણ બદલી નાખશે એવું કહી જનતાને ગેરમાર્ગે દોરી રહી છે.

દીપા બ્રાન્ડ ફરસાણ

હું ટી. સી. નૈનાર નાડાર, દીપા ફરસાણના સ્થાપક અને મેનેજિંગ ડિરેક્ટર છું, વર્ષ ૧૯૮૫માં તમિલનાડુથી આવ્યો હતો. મેં મારા જીવનની શરૂઆત મુંબઈમાં ડિલિવરી બોય તરીકે કરી હતી. ૫ વર્ષ પછી હું ફરસાણ ક્ષેત્ર તરફ ગયો. મેં ફરસાણ અને ગ્રાહકોની અપેક્ષાઓ વિશે જાણ્યું. તે પછી વર્ષ ૨૦૦૫ માં શેલ કોલોની, ચેમ્બુર ખાતે મારી પોતાની કંપની દીપા ફરસાણ શરૂ કરી. અમે તાજા અને હાઈજેનિક સાથે શ્રેષ્ઠ ગુણવત્તાવાળી સામગ્રી દ્વારા ફરસાણની વિવિધ વેરાયટી બનાવીએ છીએ, હું માત્ર એક જ વ્યક્તિ છું જે ફરસાણનું અંતિમ સ્વરૂપ અને તેલ મુક્ત માલનો સ્વાદ તપાસું છું. અમારા યુનિટમાં ફરસાણને સ્વચ્છ અને આરોગ્યપ્રદ સ્થિતિમાં પ્રોસેસ કરવામાં આવે છે અને સુરક્ષિત વપરાશ માટે સુનિશ્ચિત કરવામાં આવે છે. અમે ઓફર કરેલા ઉત્પાદનોનું જૈવિક વિરોધી ગુણધર્મો, પોષક તત્ત્વો, લોટ અને ખાદ્ય ગુણો, ઘટકો, સલામતી અને ફરસાણનું આરોગ્યપ્રદ પેકિંગ જેવા વિવિધ પરિમાણોનું પરીક્ષણ કરીએ છીએ.

અમે ઉચ્ચ ગુણવત્તા અને હોમમેઇડ સ્વાદ સાથે અમારા પોતાના તૈયાર મસાલાનો ઉપયોગ કરીએ છીએ. ગુણવત્તા એ અમારા વ્યવસાયનો પાયાનો પથ્થર છે. ગ્રાહક સંતોષ એ અમારું સૂત્ર છે. ગુણવત્તા લક્ષી પેઢી હોવાને કારણે, અમે અમારા પ્રતિષ્ઠિત ગ્રાહકોને નાસ્તાની ઉચ્ચ ગુણવત્તાની ખાતરીપૂર્વકની શ્રેણી પ્રદાન કરવામાં સક્ષમ છીએ.

Deepa दिपा ब्रण्ड BRAND Enjoy with Tasty Snacks

અમારા દ્વારા ઓફર કરવામાં આવતી મોંમાં પાણી લાવતી ફરસાણ ઉત્પાદકો અને નિષ્ણાતોની કડક દેખરેખ હેઠળ તૈયાર કરવામાં આવે છે. નાસ્તામાં ચોક્કસ સ્વાદ લાવવા માટે, અમારા નિષ્ણાતો તમામ ઘટકોને અસરકારક રીતે મિશ્રિત કરે છે.

Since 1983 PASAND

૧૯૮૨માં ઈંગ્લેન્ડથી ફૂડ ટેક્નોલોજી અને માર્કેટિંગનો અભ્યાસ કરી ચંદ્રેશ શાહ એમના વતન વડોદરામાં પરત આવ્યા.

આપણી પરંપરાગત ફૂડ પ્રોસેસિંગમાં પોતાનું યોગદાન આપવા અથાણાંને પણ પ્રોસેસિંગ ટેક્નોલોજી પર ભાર આપી ઘર જેવા અથાણાં ભારત અને દુનિયાભરમાં ગુજરાતી સમુદાયને પહોંચાડવાનો દૃઢનિશ્ચય કર્યો. આજે ૪૦ વર્ષ પછી દુનિયાના ખૂણે ખૂણામાં અથાણાં નિયમિત ખવાય છે. ઉચ્ચ ગુણવત્તા તથા ફૂડ સેફટી અને હાઈજિનથી બનાવેલા આ અથાણાં પસંદના નામથી પ્રખ્યાત છે. રાષ્ટ્રીય સ્તરે અને રાજ્ય કક્ષાએ ગુણવત્તા અને ક્વોલિટી ફૂડ સેફટી માટે અનેક નેશનલ એવોર્ડ મળ્યા છે.

નિયમિત રીતે એક્સપોર્ટ થતા અથાણાં હવે ભારતભરમાં (દુનિયાભરમાં) ઑનલાઈન પહોંચાડવાનું ટીમે નક્કી કર્યું છે.

બારે મહિના ઓછા તીખા, ઓછા તેલવાળા, ઓછા નમકવાળા, સ્વાદભર્યા ઘર જેવા વિવિધ અથાણા જેવા કે ગોળ કેરી, લીંબુ ગળ્યું, ચણા મેથી, ખમણ ગુંદા (કેરીનું છીન અને મસાલા ભરેલા ગુંદા), લસણનું, ગોંડલીયા લાલ મરચા, છુંદો, કટકી વિગેરે વિગેરે ૪૦ જાતના અથાણા અને ચટણી મોટા પાયા પર નિકાસ થાય છે.

ધ મસાલા કંપની

નારીને અન્નપૂર્ણા કહેવાય. તે કોઈ પણ યુગની કેમ ન હોય. ઘરે રસોઈ કરતી અથવા બુક વાંચીને કે ટેલિવિઝન પર રસોઈના શૉ જોઈને 'રેસિપી' બનાવતી હોય પણ તે મસાલા તો ટોપ ક્વૉલિટીના વાપરે. આ જ હેતુ અને મુખ્ય મૂલ્યોની સાથે ધ મસાલા કંપની (શપ દિવ્યદૃષ્ટિ એલએલપીનો એક વિભાગ)ની સ્થાપના કરવામાં આવી છે.

સ્થાપક સભ્યો એમ/એસ મનીષા મહેતા (બીએસસી માઇક્રોબાયોલોજિસ્ટ, ફિટનેસ ન્યુટ્રીશન એક્સપર્ટ અને એન્ટરપ્રેન્યોર) ડૉ. નિમેશ મહેતા (એમએસ ઇન ઓપ્થેલ્મોલોજી) જાણીતા સર્જ્યન, બોરીવલીમાં દિવ્યદૃષ્ટિ આઇ કેર સેન્ટરનાં ડાયરેક્ટર અને ડૉ. અલ્પા મહેતા (એનેસ્થેસિસ્ટ) જ્યાં આરોગ્ય ઉદ્યોગમાં ૨૫ વર્ષોથી સંકળાયેલા સ્થાપકો હોય ત્યાં ગુણવત્તા અને શુદ્ધતામાં સમાધાન હોય જ નહિ હો.

મસાલા કુદરતી ઝાડ, પાન, ફૂલ, મૂળિયાં, થડ અને છિલકામાંથી ઉપજે છે. એનું મહત્ત્વ આપણા ભારતીય વારસામાં ખૂબ જ અગત્યનું છે. મસાલા ભોજનમાં સ્વાદ તો વધારે જ છે પણ એના સ્વાસ્થ્ય લાભ બહુ જ છે અને પોષણ મૂલ્ય આપણી રોગપ્રતિકારક શક્તિ બિલ્ડ કરવામાં પણ મદદ કરે છે. ઉત્તમ ગુણવત્તાના મસાલા કોઈપણ કૃત્રિમ સ્વાદ, રંગ, રાસાયણિક પ્રિઝર્વેટિવ્સ વિના ઉચ્ચ ગુણવત્તાની કુદરતી કાચી સામગ્રીમાંથી તૈયાર કરે છે. મહિલા સશક્તીકરણના ધ્યેય સાથે ડેપો ખોલવામાં બહેનો પ્રોત્સાહન આપે છે. TMC અંગદાનને સમર્થન આપે છે.

રસોઈની રંગત વધારતી નવજીવન હિંગ

સ્વાદના શોખીન એવા ભારતીયો તેની વિવિધતામાં એકસમાન જ્યારે પણ રસોઈમાં વઘાર કરશે ત્યારે હંમેશાં નવજીવન ચપટીનો વઘાર અવશ્ય કરે છે જેને કારણે રસોઈ સુંગધમય બની જાય છે. ૧૯૭૨થી નવજીવન હિંગ રસોઈની રાણી બનીને રહી છે. આજે થર્ડ જનરેશનમાં હવે નવી ટેક્નૉલૉજી સાથે બિરયાની મસાલા, ચાટ મસાલા, પાંઉભાજી મસાલા, છોલે મસાલા ઉચ્ચ ગુણવત્તા સાથે ઉત્પાદન કરીને આકર્ષક પેકિંગમાં સંપૂર્ણ મહારાષ્ટ્ર, ગુજરાત તથા દેશનાં વિવિધ રાજ્યોમાં વિસ્તરણ કરી રહ્યા છે.



સ્વ. ભવાનીશંકર ઉપાધ્યાય

સ્વ. કિશોરભાઈ

ન્યૂ જનરેશન નવીનતા સાથે હજી પણ પારંપરિક મસાલા ભૂલી નથી. નવજીવનનું સુગંધી ધાણાજીરું, મરચાં પાઉડર, રજવાડી ગરમ મસાલો વાનગીઓને લાજવાબ બનાવે છે.

સ્વ. ભવાનીશંકર દાદા અને સ્વ. કિશોરભાઈએ નવજીવન હિંગનો પાયો નાખ્યો અને તેને વટવૃક્ષ બનાવ્યું અનિલભાઈ, જતીનભાઈ, વિનેશભાઈ અને ધવલભાઈએ. હિંગમાં તેમની અસલ બ્રાન્ડ નવજીવન પીળો પાઉડર, નવજીવન નં. ૧ બ્રાઉન પાઉડર, ખડા હિંગ, નવજીવન ગોલ્ડન પાઉડર તો સર્વશ્રેષ્ઠ રહ્યા છે.જીભે સ્વાદ લગાડનારી નવજીવન હિંગ ઘર ઘરમાં પહોંચતી કરીને હવે દેશ વિદેશમાં રસોઈની રાણી બની ધૂમ મચાવી રહી છે.

મસાલા: સ્વાસ્થ્યનો ખજાનો...

બાદીયાન

બાદીયાન નામનો સ્ટાર આકારનો મસાલો છે. તે ખોરાકમાં ઉત્તમ સ્વાદ ઉમેરે છે. તે ઉધરસ, ફ્લૂ, પાચન સંબંધી સમસ્યાઓ અને માસિક ધર્મ દરમિયાન થતી સમસ્યાઓથી રાહત આપે છે.

લવિંગ

લવિંગમાં અનેક પ્રકારના ગુણો જોવા મળે છે. તેમાં જોવા મળતા એન્ટીઓક્સીડેન્ટ, એન્ટિસેપ્ટિક અને એન્ટીબેક્ટેરિયલ ગુણ પેટના રોગો, દાંતના દુખાવા અને અનિદ્રાથી રાહત આપે છે.

મેથી

લવિંગમાં અનેક પ્રકારના ગુણો જોવા મળે છે. તેમાં જોવા મળતા એન્ટીઓક્સીડેન્ટ, એન્ટિસેપ્ટિક અને એન્ટીબેક્ટેરિયલ ગુણ પેટના રોગો, દાંતના દુખાવા અને અનિદ્રાથી રાહત આપે છે.

ધાણા ઘણા શાણા

લગ્ન કે વિવાહ સમયે ગોળધાણા ખવાતા હોય છે તેનું પણ અનેરું મહત્ત્વ છે. તમારામાંથી ઘણા ઓછા લોકોને ખબર હશે કે આયુર્વેદિકમાં ધાણાને ત્રિદોષનાશક કહ્યા છે. શરીરમાં જે કફ, પિત્ત અને વાયુનું પ્રમાણ છે તેને સમતોલ કરીને આરોગ્ય સુધારવામાં ધાણા ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. ગોળ શક્તિવર્ધક છે. આમ ગોળ અને ધાણાનું સંયોજન એક ઉત્તમ ઔષધ ગણી શકાય છે. જમ્યા પછી આપણે ધાણાની દાળ મુખવાસ તરીકે ખાઇએ છીએ તે મુખશુદ્ધિ તો કરે જ છે,

સાથે સાથે આપણી પાચનશક્તિ પણ વધારે છે. ગુજરાતીઓ મરચાં અને હળદર પાઉડરની જેમ ધાણાનો પાઉડર કરીને પણ ઉનાળામાં બારે માસ માટે ભરી લે છે અને રોજની રસોઇમાં તેનો ઉપયોગ કરે છે, કારણ કે ધાણા પાઉડર ભોજનનો સ્વાદ તો વધારે છે, સાથે સાથે સ્વાસ્થ્ય પણ સુધારે છે. ધાણાજીરાનો ઉપયોગ લોહીમાં સાકરનું પ્રમાણ ઘટાડવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ટાઇપ-ટૂ ડાયાબિટીસનું જોખમ ઘટાડે છે. રોગપ્રતિકારક શક્તિ વધારે છે. હૃદય અને મગજ સંબંધી બીમારીઓને પણ ઘટાડે છે. ચેપી રોગો સામે રક્ષણ આપે છે. ■

તેજ તજ છે મલ્ટિટાસ્કિંગ

આપણા વડીલો હંમેશાંથી જ કહેતા કે આપણું રસોડું એ એક રીતે તો આખેઆખું દવાખાનું છે અને આ રસોડામાંથી જ આપણને આપણી સમસ્યાઓનું સમાધાન મળી રહે છે. ખાસ વાત તો એ છે કે રસોડાનો સ્વાદ વધારનારા મસાલા જ આપણા માટે મેડિસિનનું કામ પણ કરે છે અને આવો જ એક મસાલો છે તજ. તજ એ રસોઈનો સ્વાદ વધારવાની સાથે સાથે એક ઉત્તમ ઔષધી પણ છે. તજની તાસીર ગરમ છે અને એટલે જ તેનો ઉપયોગ કરતી વખતે આપણે ખાસ ધ્યાન રાખવાની જરૂર છે, આવો જોઈએ તજનું સેવન કરવાના કેટલાક ફાયદા કે જેનાથી તમે અનેક રોગો સામે સંરક્ષણ મેળવી શકો છો.

▸ આપણે આપણી આજુબાજુમાં ઘણા લોકોને એવું કહેતાં સાંભળતા હોઈએ છીએ કે હું ગમે એટલું કામ કરું પણ મને ભૂખ તો લાગતી જ નથી. આવા લોકોએ તજ અને અજમો ચાવીને ખાવું જોઈએ આને કારણે ભૂખ ઉઘડે છે અને તેની સાથે સાથે તજ એ મનને પ્રફુલ્લિત પણ કરે છે. તજની સાથે સાથે તજનું તેલ પણ ખુબ જ મહત્ત્વનું છે. જો તમને માથું દુખતું હોય તો તમારે તજના તેલથી માલિશ કરવી જોઈએ, આને કારણે માથાના દુખાવામાંથી રાહત મળે છે.

▸ અત્યારના સમયથી સૌથી મોટી અને મહત્ત્વની સમસ્યા છે ઓબેસિટી. ગમે એ કરો પણ વધી ગયેલું વજન ઓછું થતું જ નથી. જો તમે વજન ઓછું કરવા માગતા હોવ તો એક ગ્લાસ પાણી લો અને તેમાં ૨ ચમચી તજનો પાઉડર નાખીને પાણીને ઉકાળી લો. પાણી ઉકળ્યા બાદ તેને થોડું નવશેકું થવા દો. આ હૂંફાળા પાણીમાં એક ચમચી મધ ઉમેરો અને રોજ સવાર-સાંજ ભૂખ્યા પેટે આ પાણી પીવાથી ઝડપથી વજન ઓછું થાય છે.

▸ જો તમારું બાળક તોતડું બોલતું હોય તો તેને રોજ સવાર-સાંજ થોડુંક તજ ચાવીને ખાવા આપો, આને કારણે તેનું તોતડાપણું ઓછું થશે અને તે સ્પષ્ટ બોલી શકશે.

▸ તજ એ એક બ્યુટી પ્રોડક્ટ પણ છે જેની આપણામાંથી ખૂબ જ ઓછા લોકોને જાણ છે. જો તમે વાળ ખરવાની સમસ્યાથી પીડાઈ રહ્યા હોવ તો તજનું સેવન કરવાથી આ સમસ્યામાંથી છુટકારો મળે છે.

▸ જો મિત્રો તમને સુકી ખાંસી થઈ હોય કે પછી અવાજ બેસી ગયો હોય તો એક કપ પાણીમાં ચાર ચમચી તજ નાકીને તેને ઉકાળી લો. હવે થોડાક થોડાક સમયે આ પાણીનું સેવન કરો. તમને ખાંસીમાંથી રાહત મળશે અને તમારા અવાજમાં પણ સુધારો જોવા મળશે. ચાર ચમચી તજના પાઉડરને એક કપ પાણીમાં ઉકાળીને પીવાથી રાહત મળે છે.

▸ આ સિવાય જો કોઈ પણ કારણસર તમારા મોંમાંથી દુર્ગંધ આવતી હોય કે દાંતના દુખાવો થઈ રહ્યો હોય તો એવા સમયે તજનું સેવન ખૂબ જ ફાયદાકારક સાબિત થાય છે.

▸ કોલેસ્ટ્રોલ આજે સૌથી કોમન ગણાતી સમસ્યા છે અને તજ તમને એમાંથી પણ ઉગારી લે છે. આ ઉપરાંત તજના પાઉડરને પાણીમાં ઉકાળીને તેમાં મધ નાખીને પીવાથી ત્વચા કોમળ બનશે અને એન્ટિએજિંગની સમસ્યામાંથી પણ છુટકારો મળે છે.■

તમાલપત્ર: પ્રાચીન કાળનું એરફ્રેશનર

વાત જ્યારે ભારતીય મસાલાની થઈ રહી હોય તો તે ભોજનના આત્મા સમાન છે અને તેમાં પણ તમાલપત્ર તો શાકથી લઈને મોટાભાગની વાનગીઓના ટેસ્ટને ચાર ચાંદ લગાવવાનું કામ કરે છે, ટૂંકમાં કહીએ તો વાનગીઓને ચટકેદાર બનાવવાનું કામ તમાલપત્રના ભાગે આવે છે. હવે તમાલ પત્ર એ વાનગીઓનો ટેસ્ટ વધારે છે, તેના ઔષધી ગુણો વિશે તો આપણે બધા જાણીએ જ છીએ, પણ આપણામાંથી કેટલા લોકોને ખબર છે કે આ જ તમાલપત્ર ઘરના વાતાવરણને શુદ્ધ રાખવામાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ચોંકી ગયા ને, હવે તમને થશે કે કઈ રીતે? તો એ વિશે જ આપણે વાત કરવાના છીએ. આપણામાંથી ઘણા લોકો ઘરને સુગંધિત અને તરોતાજા રાખવા માટે અલગ અલગ પ્રકારના અને ફ્લેવરના રૂમ ફ્રેશનર્સનો ઉપયોગ કરતાં હોઈએ છીએ, પણ આ મોંઘા મોંઘા પ્રોડક્ટસને બદલે તમે તમારા રસોડામાં રહેલાં તમાલ-પત્રનો ઉપયોગ કરીને પણ તમારા ઘરને ફ્રેશ અને શુદ્ધ રાખી શકો છો.

આવો જોઈએ કઈ રીતે-

▸ તમને જે રૂમમાં ફ્રેશનેસ કે સુગંધ જોઈતી હોય એ રૂમમાં એક બાઉલમાં તમાલપત્ર ભેગું કરીને તેને સળગાવી દો. તમાલપત્ર સળગે ત્યારે જે સુગંધ આવે છે એ કોઈ પણ એરફ્રેશનર્સને ટક્કર મારે એવી હોય છે, તો આજે જ ટ્રાય કરી જો જો આ અખતરો.

▸ પ્રાચીન સમયમાં જ્યારે એરફ્રેશનર્સ નહોતા ત્યારે લોકો આ જ ઉપાય કરીને ઘરના વાતાવરણને તરોતાજા અને સુગંધિત રાખતા હતા. તમાલપત્રને સળગાવતા નીકળનારો ધુમાડો ઘરની હવાને શુદ્ધ કરે છે અને આ સુગંધને કારણે ઘરમાં રહેનારા લોકોના મગજ પર પણ તેની અસર જોવા મળે છે. મગજને શાંત રાખવામાં આ સુગંધ મહત્ત્વનો ભાગ ભજવે છે.

▸ તમાલપત્ર ઘરના વાતાવરણમાં રહેલાં દૂષિત કણોને પણ દૂર કરવાનું કામ પણ કરે છે.

▸ તમાલપત્ર એ એક સ્ટ્રેસ બસ્ટર પણ છે. જો ઘરમાં સતત તાણ અને સ્ટ્રેસનો માહોલ જોવા મળી રહ્યો છે તો આવા સમયે તમાલપત્રનો ધુમાડો કરો અને તેની સુગંધને માણવાનો પ્રયાસ કરો. આને કારણે તાત્કાલિક વાતાવરણમાં એક પ્રકારનો પોઝિટિવ પલટો જોવા મળશે અને સ્ટ્રેસ અને ટેન્શન છુમંતર થઈ જશે!

▸ સ્ટ્રેસ બસ્ટર હોવાની સાથે સાથે તમાલ પત્ર એ રિલેક્સેશનની અનુભૂતિ પણ કરાવે છે અને મગજની નસો પણ શાંત થાય છે.

▸ જ્યારે તમે ઘરમાં તમાલપત્ર સળગાવો છો તો શ્વાસના માધ્યમથી તેનો ધુમાડો તમારા ફેફસાં અને શ્વાસનળીમાં જાય છે અને આ ધુમાડાને કારણે તમારી ઈમ્યુન સિસ્ટમ ઓટોમેટિકલી બુસ્ટ થાય છે. અત્યારે કોરોનાકાળ ચાલી રહ્યો છે અને દરેક વ્યક્તિને તેની ઈમ્યુન સિસ્ટમ મજબૂત બનાવવાની જરૂર છે એવા સમયે આ એક્સપરિમેન્ટ ચોક્કસ જ ફાયદાનો સોદો સાબિત થશે. ■



કલ્યાણ બેઠક પર શ્રીકાંત શિંદેનો વિજય ધ્વજ લહેરાવવાનું પ્લાનિંગ

મુખ્ય પ્રધાન એકનાથ શિંદએ છ નિરિક્ષકોની નિયુક્તિ કરીઃ ભાજપના નેતાઓનો વિરોધ ખાળવા માટે પણ ઘડી કાઢ્યો વ્યૂહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં લોકસભાની ચૂંટણીનો રંગ ધીમે-ધીમે જામતો જાય છે. ત્યારે બીજી તરફ સંભવિત ઉમેદવારો પોતાનો વિજય સુનિશ્ચિત કરવા માટે મહેનત કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. લોકસભાની ચૂંટણીમાં મહારાષ્ટ્રમાં પ્રતિષ્ઠાની બનેલી કલ્યાણ બેઠક પરથી મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના પુત્ર શ્રીકાંત શિંદે ફરી એક વખત ચૂંટણી લડવા જઈ રહ્યા છે, ત્યારે તેમની સામે શિવસેના (યુબીટી)ના મહિલા ઉમેદવારનો પડકાર છે.

કલ્યાણની બેઠકનો જંગ જીતવા માટે શિવસેનાના નેતા એકનાથ શિંદે દ્વારા અત્યંત ઝીણવટભર્યું પ્લાનિંગ કરવામાં આવી રહ્યું છે. શિવસેના વિરુદ્ધ શિવસેનાના આ જંગમાં ભાજપના કાર્યકર્તાઓના અસંતોષને કારણે બાજી બગડી જવાની શક્યતાને ધ્યાનમાં રાખીને એકનાથ શિંદેએ કલ્યાણની લોકસભા બેઠક પર સોમવારે છ નિરિક્ષકોની નિયુક્તિ કરી હતી. ભાજપના સ્થાનિક કાર્યકર્તાઓ દ્વારા એવી માગણી કરવામાં આવી રહી છે કે શ્રીકાંત શિંદેએ કમળના નિશાન પર ચૂંટણી લડવી જોઈએ. કારણ કે થાણે ભાજપનો ગઢ હતો અને ભૂતકાળમાં આ બેઠક પર ભાજપના સંસદસભ્યો હતા. ભાજપના વિધાનસભ્ય ગણપત ગાયકવાડે શિંદેસેનાના સ્થાનિક નેતા મહેશ ગાયકવાડ પર પોલીસ સ્ટેશનની અંદર ગોળીબાર કર્યો ત્યારબાદ ભાજપ અને શિવસેના વચ્ચેના સંબંધો કથળ્યા હતા. ભાજપના સ્થાનિક નેતાઓ પણ શ્રીકાંત શિંદે દ્વારા અવગણના કરવામાં આવતા હોવાને કારણે નારાજ છે.

ભાજપના સ્થાનિક નેતાઓના વિરોધ છતાં મુખ્ય પ્રધાને આ બેઠક પરથી બે વખત સંસદસભ્ય બનેલા શ્રીકાંત શિંદેને જ ઉમેદવારી આપવાનો નિર્ણય લીધો છે. બે દિવસ પહેલાં તો બંને પક્ષો વચ્ચેનો સંઘર્ષ ચરમસીમાએ પહોંચ્યો હતો જ્યારે ભાજપના પદાધિકારીઓ અને ગાયકવાડના ટેકેદારોએ એક બેઠક બોલાવીને શ્રીકાંત શિંદે માટે કામ કરવામાં આવશે નહીં એવો ખરડો પસાર કર્યો હતો.

આ મડાગાંઠને ઉકેલવા માટે ભાજપના જ્યેષ્ઠ નેતાઓની મદદ લેવામાં આવી હતી, એમ સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું.

ભાજપના કલ્યાણ એકમના અધ્યક્ષ નાના સૂર્યવંશીએ મંગળવારે કહ્યું હતું કે બધું સરળતાથી પાર પડી રહ્યું છે. ભાજપના કાર્યકર્તાઓનું પહેલું લક્ષ્ય મોદીને ત્રીજી ટર્મ માટે વિજય અપાવવાનું છે અને તેને માટે એકેએક બેઠક મહત્ત્વની છે. ભાજપના કાર્યકર્તા પણ શ્રીકાંત શિંદેના વિજય માટે કામ કરશે.■

પતિ પણ પત્ની પાસેથી ભરણપોષણ માગી શકેઃ હાઈ કોર્ટ

મુંબઈઃ મહિલાની માફક જ હવે પુરુષને પણ ભરણપોષણ માગવાનો હક હોવાનો મહત્ત્વપૂર્વકનો ચુકાદો હાઈ કોર્ટે આપ્યો છે. બીમાર કે પછી અન્ય કારણને લઇ આવક રળી ન શકનારા બેરોજગાર પતિને કમાતી પત્ની પાસેથી ખર્ચ માગવાનો કાયદાકીય હક છે, એવું સ્પષ્ટ કરીને હાઈ કોર્ટે કલ્યાણના બેરોજગાર પતિને દર મહિને રૂ. ૧૦ હજારનો ખર્ચ મંજૂર કર્યો છે. સંસારમાં મતભેદ થયા બાદ પતિએ વિવાહસંબંધ ભાંગી નાખવા માટે કલ્યાણની કોર્ટમાં અરજી કરી હતી. પતિએ અરજીમાં પત્ની પાસેથી ભરણપોષણ આપવાનું જણાવ્યું હતું. પત્ની અને પતિએ બંનેએ કોર્ટમાં ભરણપોષણ માટે અરજી કરી હતી. કોર્ટે પત્નીની અરજી ફગાવી દીધી હતી અને પતિની અરજીને માન્ય કરી હતી. બીમારીને કારણે આવક રળવામાં સક્ષમ ન હોઇ પતિને કમાતી પત્નીએ રૂ. ૧૦ હજારનો વચગાળાનો ખર્ચ આપવો, એવો આદેશ કોર્ટે આપ્યો હતો. ૧૩મી માર્ચ, ૨૦૨૦ના રોજ સિવિલ કોર્ટે આપેલા આદેશને પત્નીએ હાઈ કોર્ટનાં દ્વાર ખટખટાવ્યાં હતાં. હાઈ કોર્ટે પત્નીની અરજીને ફગાવી હતી અને પતિને ખર્ચ પેટે પૈસા આપવાના કલ્યાણ કોર્ટના નિર્ણયને કાયમ રાખ્યો હતો.

પત્નીને અનેક છટકબારીઓ કરી હોવા છતાં કોર્ટ ટસની મસ નહોતી થઇ. વૈવાહિક વિવાદનો ખટલો પેન્ડિંગ હતો એ જ સમયે પત્નીએ એક્સિસ બેંકની બ્રાંચના મેનેજર પદેથી રાજીનામું આપ્યું હતું. ત્યાર પછી નોકરી ન હોવાથી સંતાનોનો ખર્ચ અને લોનના હપ્તાનો બોજ હોવાનું જણાવીને પત્નીએ ખર્ચના પૈસા આપવાની છટકબારી શોધી હતી. જોકે નોકરી ન હોવા છતાં પત્ની સંતાનોનો ખર્ચ અને હાઉસિંગ લોનના હપ્તાનો ભાર વેંઢારી રહી છે. તેના પરથી જ એ સાબિત થાય છે કે પત્ની પાસે આવકનો અન્ય સ્રોત છે. પત્નીએ તેની અન્ય આવકનો સ્રોત જણાવવો જરૂરી છે, એવું જણાવીને આખરે આ કેસમાં પત્નીએ પતિને ખર્ચ પેટે દર મહિને રૂ. ૧૦ હજાર આપવાની વાત પર મહોર મારીને હાઈ કોર્ટે અનોખો ચુકાદો આપ્યો હતો. ■

કોર્ટનું નિરીક્ષણ

હિંદુ વિવાહ કાયદાની કલમ ૨૪માં આપવામાં આવેલી જોગવાઈમાં દંપતી (જોડીદાર) એ શબ્દ વાપરવામાં આવે છે. જોડીદારની વ્યાખ્યામાં પતિ અને પત્ની બંનેનો સમાવેશ થાય છે. પોતાની સંભાળ કરી ન શકનારાં પતિ કે પછી પત્નીએ સક્ષમ જોડીદારે ખટલો પેન્ડિંગ હોય ત્યાં સુધી વચગાળાનો ખર્ચ આપવો જોઇએ.

બીમાર પતિનો દાવો માન્ય

આ પ્રકરણમાં પતિ બીમાર હોવાને કારણે કોઇ પણ પ્રકારની આવક રળવામાં સક્ષમ નથી. જોકે પત્ની સારા પગારની નોકરીમાંથી પૂરતી આવક રળવામાં સક્ષમ છે. આને કારણે કમાતી પત્ની પાસેથી ખર્ચ માગનાર બેરોજગાર પતિને કાયદેસર હક છે, એવું હાઈ કોર્ટે જણાવ્યું હતું. ■

૧૦ બેઠકો પર થશે શિવસેના વિરુદ્ધ શિવસેનાનો જંગ

મુંબઇઃ શિવસેનામાં બે ફાંટા પડ્યા અને ઉદ્ધવ ઠાકરેની શિવસેના અને એકનાથ શિંદે જૂથની શિવસેના આ બે પક્ષ અસ્તિત્વમાં આવ્યા. ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી પહેલી જ ચૂંટણી હશે જેમાં શિવસેનાના જ ભાગ એવા બે પક્ષ આમને સામને થશે. જોકે, કઇ કઇ બેઠક પર આ બંને પક્ષના ઉમેદવાર લડશે તે સ્પષ્ટ થઇ ગયું છે.

બેઠકોની વહેંચણી પણ લગભગ પૂરી થઇ ગઇ છે જેને પગલે મહારાષ્ટ્રની ૪૮ બેઠકોમાંથી કઇ કઇ બેઠક ઉપર ઉદ્ધવ જૂથની શિવસેના અને શિંદે જૂથની શિવસેના ટકરાશે તે સામે આવ્યું છે. મહારાષ્ટ્રની ૪૮ લોકસભા બેઠકોમાંથી ૧૦ બેઠકો પર આ બંને પક્ષ સામે ટકરાશે. પહેલી જ વખત આ બંને પક્ષ વચ્ચે ચૂંટણીનો જંગ જામવા જઇ રહ્યો છે ત્યારે ક્યા પક્ષનું જોર વધુ છે તે જાણવાની પણ તાલાવેલી જાગેલી છે.

ઉલ્લેખનીય છે કે મહાવિકાસ આઘાડીમાં બેઠકોની વહેંચણી નક્કી થઇ તેમાં ઉદ્ધવ ઠાકરેના ફાળે એકવીસ બેઠક આવેલી છે, જ્યારે એકનાથ શિંદેએ અત્યાર સુધી પોતાના ફક્ત આઠ ઉમેદવાર જ જાહેર કર્યા છે. અત્યાર સુધી જાહેર થયેલી બેઠકોની વાત કરીએ તો છ બેઠકો પર બંને શિવસેનાના ઉમેદવારો એકબીજાની સામે ઊભા રહેશે.

જોકે, શિવસેના વિરુદ્ધ શિવસેનાનો મુકાબલો વધુ બેઠકો પર જોવા મળી શકે તેવું રાજકીય વિશ્લેષકોનું માનવું છે. મુંબઈ ઉત્તર પશ્ચિમ અને કલ્યાણ બેઠક પર પણ બંને બેઠકો પર પણ ઉદ્ધવ અને શિંદેના ઉમેદવારો વચ્ચે જંગ જામી શકે છે.

અત્યાર સુધી જાહેર થયેલા ઉમેદવારોની જાહેરાત મુજબ દક્ષિણ મધ્ય મુંબઈ પર અનિલ દેસાઇ અને રાહુલ શેવાળે વચ્ચે ચૂંટણી લડવામાં આવશે. જ્યારે બુલઢાણામાં નરેન્દ્ર ખેંડેકર અને પ્રતાપ જાધવ, શિરડીમાં ભાઉસાહેબ બાઘચૌરે અને સદાશિવ લોખંડે, હિંગોલીમાં નાગેશ પાટીલ અને હેમંત પાટીલ, કલ્યાણમાં વૈશાલી દરેકર અને શ્રીકાંત શિંદે, માવળથી સંજય બઘોરે પાટીલ અને શ્રીરંગ આપ્પા બારણે, હાતકળંગલેથી સત્યજીત પાટીલ અને દર્શીલ માને જ્યારે મુંબઈ ઉત્તર પશ્ચિમથી અમોલ કિર્તીકર અને શિવસેનાના વધુ એક ઉમેદવાર વચ્ચે જંગ જામે તેવી શક્યતા છે. આ સિવાય વધુ બે બેઠકો પર પણ બંને પક્ષના ઉમેદવારો વચ્ચે જંગ જામે તેવી શક્યતા છે. ■

કૉંગ્રેસ 'ડક' પર આઉટ થશે

શિવસેનામાં જોડાયેલા સંજય નિરુપમની ભવિષ્યવાણી

મુંબઈઃ કૉંગ્રેસના ઉત્તર મુંબઈના સાંસદ રહી ચૂકેલા અને હાલ કૉંગ્રેસ છોડી ચૂકેલા સંજય નિરુપમે કૉંગ્રેસ વિરુદ્ધ મોરચો ખોલ્યો છે. આ વખતની લોકસભા ચૂંટણીમાં કૉંગ્રેસ મહારાષ્ટ્રમાં એકપણ બેઠક ઉપર જીત હાંસલ નહીં કરી શકે, તેવું નિવેદન નિરુપમે આપ્યું છે.

પોતાના ભૂતપૂર્વ પક્ષ પર પ્રહાર કરતા નિરુપમે કહ્યું હતું કે ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં મહારાષ્ટ્રમાં કૉંગ્રેસ બે બેઠકો પર જીતી હતી, જ્યારે ૨૦૧૯ની ચૂંટણીમાં કૉંગ્રેસ ફક્ત એક બેઠક જીતી શકી હતી. આ વખતની ચૂંટણીમાં તો કૉંગ્રેસ મહારાષ્ટ્રમાં ઝીરો પર આઉટ થઇ જશે.

ઉલ્લેખનીય છે કે ત્રીજી એપ્રિલના રોજ કૉંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સંજય નિરુપમને પક્ષ વિરોધી વલણ બદલ છ વર્ષ માટે કૉંગ્રેસમાંથી બરખાસ્ત કર્યા હતા. જોકે, સંજય નિરુપમનું કહેવું છે કે પોતાને પક્ષમાંથી બરખાસ્ત કરવામાં આવ્યા તે પહેલા જ તે પોતે પક્ષમાંથી રાજીનામું આપી ચૂક્યા હતા. જોકે, પક્ષ સાથે છેડો ફાડ્યા બાદ નિરુપમ સતત કૉંગ્રેસ અને મહાવિકાસ આઘાડી પર પ્રહારો કરી રહ્યા છે. હાલમાં જ તેમણે ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના રાજ્યસભા સાંસદ સંજય રાઉત વિરુદ્ધ નિવેદન આપતા કહ્યું હતું કે તેમણે ખિચડી કૌભાંડ આચર્યું છે. તેમણે સંજય રાઉતને 'ખિચડી ચોર' કહીને પણ બોલાવ્યા હતા.

મહાવિકાસ આઘાડીમાં બેઠકોની વહેંચણી મુદ્દે ટીપ્પણી કરતા તેમણે કહ્યું હતું કે મહાવિકાસ આઘાડીના અનેક નેતાઓ મોબાઇલ સ્વિચ ઑફ કરીને અનરિચેબલ થઇ ગયા છે. ચૂંટણીમાં મહાવિકાસ આઘાડીની હાર નિશ્ચિત છે, તેવો વિશ્વાસ વ્યક્ત કરતા તેમણે કહ્યું હતું કે ચાર જૂન બાદ આ બધા પોતાના મોં છૂપાવતા ફરશે. મોટાપાયે વિદેશ પ્રવાસ પણ યોજવામાં આવે તેવી શક્યતા હોવાનું નિરુપમે કહ્યું હતું. ■

મેટ્રોનો પ્રવાસ હાથવગો

પ્રવાસીઓને વધારાની સેવા ઉપલબ્ધ કરાવવા માટે આપવામાં આવશે રિસ્ટ બેન્ડ

મુંબઈઃ પાકીટમાંથી કાર્ડ કાઢવાની, ખિસ્સામાંથી ફોન કાઢવાની કે પછી મોબાઈલ એપ્લિકેશનો ખોલવાની ઝંઝટમાં પણ ન પડો તેમ જ કોઇ ક્યુઆર કોડ સ્કેન કરવાની જરૂર નથી, કારણ કે મેટ્રો-વન હવે તેમના પ્રવાસીઓની સુવિધા માટે વધુ એક કલગી ઉમેરી રહી છે. આસાનીથી ગેટમાં પ્રવેશ મેળવી શકાય અને કોઇ પણ ઝંઝટમાં પસાર ન થવું પડે એવા રિસ્ટ બેન્ડનું લોન્ચ કરવામાં આવ્યું છે.

પ્રવાસીઓની સુવિધાને હંમેશાં પ્રાથમિકતા આપવામાં આવતી હોઇ મુંબઈ મેટ્રો-વને એક નવી ટેપ-ટેપ સિસ્ટમને અમલમાં મૂકી છે. પ્રવાસીઓને હવેથી મુસાફરી કરવા માટે ટ્રાવેલ રિસ્ટ બેન્ડ આપવામાં આવશે. મુંબઈ મેટ્રો-વનને શરૂઆતથી જ પ્રમોટ કરવામાં આવ્યું છે. આ પહેલાં પણ પ્રવાસીઓની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને અનેક પ્રોડક્ટ્સ ડિઝાઈન કરવામાં આવ્યાં છે. આ પહેલાં પણ કંપનીએ બેંક કોમ્બો કાર્ડ, મોબાઈલ ક્યુઆર ટિકિટ, લોયલ્ટી રિવોર્ડસ પ્રોગ્રામ અને અમર્યાદિત મુસાફરી પાસ જેવા અનેક ટેક્નિકલ સંશોધનોની પહેલ કરી છે. છેલ્લાં ૧૦ વર્ષની કામગીરી તરફ નજર કરીએ તો અહીં અંદાજે ૯૫૦ મિલિયન પ્રવાસીઓ આ સુવિધાનો લાભ લીધો છે. ૨૦૨૨માં મુંબઈ મેટ્રો-વને વ્હોટ્સએપ ઈ-ટિકિટ લોન્ચ કરીને વ્હોટ્સએપ પર ટિકિટ ઓફર કરતી વિશ્વની પ્રથમ લોકપ્રિય અને અનુકૂળ મોબાઈલ મેસેજિંગ એપ્લિકેશન એમઆરટીએસ (માસ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ) બની.

પ્રવાસીઓને ઉત્તમ સેવા પ્રદાન કરવાની પ્રતિબદ્ધતાના ભાગરૂપે અને પર્યાવરણ-મૈત્રીપૂર્ણ પહેલના વિસ્તરણ તરીકે મુંબઈ મેટ્રો-વને ટેપ ટેપ - હાથમાં પહેરી શકાય એવી મેટ્રો ટિકિટનું ઉદ્ઘાટન કર્યું છે. ઉદ્ઘાટન કરતાં સમયે તેની કિંમત રૂ. ૨૦૦ રાખવામાં આવી છે અને બાદમાં તેને તમે રિચાર્જ કરાવી શકો છો. હવે પ્રવાસીઓ પોતાની ટિકિટ હાથમાં લઇ જવાને બદલે હાથમાં પહેરીને જઇ શકે છે. મુંબઈ મેટ્રો-વનના એએફસી ગેટ પર તેમના કાંડા બેન્ડને ટેપ કરી શકે છે. ટેપ-ટેપ એ પર્યાવરણને અનુકૂળ સામગ્રીમાંથી બનાવેલી અનોખી પહેરી શકાય એવી બેન્ડ છે. નવી લોન્ચ કરાયેલી બેન્ડ કાર્બન ફૂટપ્રિન્ટને નોંધપાત્ર રીતે ઘટાડે છે. આ બેટરી વિના ચાલે છે અને વોટરપ્રૂફ પણ છે. ચોમાસામાં પણ આસાન બની રહેશે આ બેન્ડનો ઉપયોગ કરવાનું તેમ જ તેનો ઉપયોગ કરવામાં પણ સહેલાઈ છે. બેન્ડ સિલિકોન આધારિત હોવાથી ત્વચાને પણ નુકસાન પહોંચાડશે નહીં. એવું એમએમ-ઓપીએલના પ્રવક્તાએ જણાવ્યું હતું.■

લાતુરમાં અકસ્માતઃ મધ્ય પ્રદેશના ચાર વેપારીનાં મોત

મુંબઈઃ લાતુર જિલ્લામાં પુરઝડપે આવી રહેલી ટ્રક સાથે એસયુવી (સ્પોર્ટ્સ યુટિલિટી વેહિકલ) ટકરાતાં મધ્ય પ્રદેશના કાપડના ચાર વેપારીનાં મોત થયાં હતાં. નિલંગા-ઉદગીર માર્ગ પર બુધવારે બપોરે ૧૨.૩૦ વાગ્યે આ અકસ્માત થયો હતો. ટ્રક નિલંગાથી દેવની તરફ જઇ રહી હતી, જ્યારે એસયુવી વિરુદ્ધ દિશાથી આવી રહી હતી.

આ અકસ્માતમાં એસયુવીમાં સવાર ચાર વેપારીનાં ઘટનાસ્થળે મોત થયાં હતાં. મૃતકોની ઓળખ સંજય જૈન, રાજીવ જૈન, સચિન ઉર્ફે દીપક કુમાર જૈન અને સંતોષ જૈન તરીકે થઇ હતી. ચારેય જણ ઇન્દોરના રહેવાસી હતા. ચારેય વેપારી વ્યવસાય નિમિત્તે લાતુર આવ્યા હતા. અકસ્માત બાદ ટ્રક ડ્રાઇવર ઘટનાસ્થળેથી ફરાર થઇ ગયો હતો. દેવની પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને ટ્રક ડ્રાઇવરની શોધ આદરી હતી. (પીટીઆઇ)■

કૉંગ્રેસમાં બખડજંતરઃ મહારાષ્ટ્ર પ્રદેશાધ્યક્ષ વિરુદ્ધ મુંબઈ કૉંગ્રેસ અધ્યક્ષની હાઈ કમાન્ડને ફરિયાદ

૨૦૧૯માં મુંબઈમાં પાંચ બેઠક પર ઉમેદવાર હતા, હવે ફક્ત બે

મુંબઈઃ મહાવિકાસ આઘાડીની બેઠકોની વહેંચણીની ફોર્મ્યુલા જાહેર થતાં જ અપેક્ષા મુજબ નારાજગી સામે આવી રહી છે. ૨૦૧૯માં મુંબઈમાં કૉંગ્રેસ પાંચ બેઠકો પર લડ્યું હતું અને આ વખતે મુંબઈમાં ફક્ત બે જ બેઠક પર ઉમેદવારી આપવામાં આવી હોવાથી નારાજ થયેલા મુંબઈ અધ્યક્ષ વર્ષા ગાયકવાડે કૉંગ્રેસ હાઈ કમાન્ડને મહારાષ્ટ્ર પ્રદેશ અધ્યક્ષ નાના પટોલે વિરુદ્ધ ફરિયાદ કરી છે.

કૉંગ્રેસના અંતરંગ સૂત્રો પાસેથી જાણવા મળ્યા મુજબ વર્ષા ગાયકવાડે કેન્દ્રીય જનરલ સેક્રેટરી કે. સી. વેણુગોપાલને મોબાઈલ પર ફોન કરીને નાના પટોલેની ફરિયાદ કરી હતી. તેમણે એક સમયે મુંબઈમાં કૉંગ્રેસનું કેવું વર્ચસ્વ હતું તે સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. ખાસ કરીને દક્ષિણ મુંબઈ અને દક્ષિણ મધ્ય મુંબઈની કૉંગ્રેસનું પ્રભુત્વ હોય એવી બેઠકો શિવસેનાને ફાળવવામાં આવી તે માટે તેમણે નારાજગી વ્યક્ત કરી હતી.

વર્ષા ગાયકવાડને દક્ષિણ-મધ્ય મુંબઈની બેઠક પરથી ચૂંટણી લડવાની ઈચ્છા હતી અને તેથી જ હવે તેમની નારાજગી સામે આવી છે. શું આગામી દિવસોમાં તેમની સાથે પણ નિરૂપમ વાળો ન્યાય થશે કે અલગ ત્રાજવે તોળવામાં આવશે?

મુંબઈની નારાજી ઓછી હોય એમ સાંગલીમાં પણ આ વહેંચણીને કારણે નારાજી જોવા મળી રહી છે. સાંગલીની બેઠક પર શિવસેના (યુબીટી)ના ચંદ્રહાર પાટીલની ઉમેદવારી માન્ય રાખવામાં આવી હોવાથી હવે વિશાલ પાટીલ બળવો કરવાના મુડમાં જોવા મળી રહ્યા છે. તેમણે એક સમાચાર ચેનલને કહ્યું હતું કે કૉંગ્રેસે પોતાના હાથે પોતાના પગ પર કુહાડો માર્યો છે. વિશ્વજિત કદમનું સમર્થન હશે તો હું બળવો કરીશ. ■

એનસીપી (શરદચંદ્ર પવાર)ની ઉમેદવારોની ત્રીજી યાદી જાહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શરદ પવારના નેતૃત્વ હેઠળની નેશનલિસ્ટ કૉંગ્રેસ પાર્ટીની કેન્દ્રીય સંસદીય સમિતિ દ્વારા બુધવારે લોકસભા ચૂંટણી માટે ઉમેદવારોની ત્રીજી યાદી જાહેર કરી હતી. આ યાદીમાં બે ઉમેદવારના નામ છે.

એનસીપી (શરદચંદ્ર પવાર) દ્વારા સાતારાની બેઠક પરથી શશિકાંત શિંદે અને રાવેર લોકસભા બેઠક પરથી શ્રીરામ પાટીલને ઉમેદવારી જાહેર કરવામાં આવી હતી.

આ પહેલાં અઠવાડિયાઓ લાંબી વાટાઘાટો બાદ મહાવિકાસ આઘાડીના ઘટક પક્ષો દ્વારા મંગળવારે તેમની બેઠકોની વહેંચણીની ફોર્મ્યુલા ફાઈનલ થઈ ગઈ હોવાની જાહેરાત કરી હતી. આ સમજૂતી હેઠળ શિવસેના (યુબીટી) ૨૧ બેઠકો પરથી ચૂંટણી લડશે, જ્યારે કૉંગ્રેસ ૧૭ બેઠકો પરથી લડશે. એનસીપી (એસપી)ને ૧૦ બેઠક ફાળવવામાં આવી છે.

બેઠકોની વહેંચણીની સમજૂતીની જાહેરાત એનસીપી (એસપી)ના શરદ પવાર, શિવસેના (યુબીટી)ના નેતા ઉદ્ધવ ઠાકરે અને મહારાષ્ટ્ર કૉંગ્રેસના અધ્યક્ષ નાના પટોલે દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી હતી. એનસીપી દ્વારા અત્યાર સુધીમાં ત્રણ યાદીમાં મળીને કુલ નવ ઉમેદવારના નામ જાહેર કર્યા છે. આ ઉમેદવારોમાં સુપ્રિયા સુળે-બારામતી, અમોલ કોલ્હે-શિરૂર, નિલેશ લંકે-અહમદનગર, અમર કાળે-વર્ધા, ભાસ્કર ભગરે-દિંડોરી, બજરંગ સોનવણે-બીડ, સુરેશ ઉર્ફે બાળ્યા મામા મ્હાત્રે-ભિવંડીનો સમાવેશ થાય છે. ■

કૉંગ્રેસનું બંધારણમાં ૪૦ સુધારા કરવાનું વચન?

ભાજપ દ્વારા કૉંગ્રેસ ઉપર ગંભીર આક્ષેપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લોકસભાની ચૂંટણી પહેલા સત્તાધારી પક્ષ અને વિપક્ષ બંને દ્વારા એકબીજા ઉપર આરોપ અને પ્રત્યારોપનો સિલસિલો શરૂ થઇ ગયો છે અને ભાજપ દ્વારા કૉંગ્રેસ ઉપર બંધારણમાં ફેરફાર કરવાના વચનો આપવાનો ગંભીર આરોપ કરવામાં આવ્યો છે. કૉંગ્રેસ દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામામાં બંધારણમાં ૪૦ કરતાં વધુ સંશોધન કરવાનું જણાવવામાં આવ્યું હોવાનો આરોપ ભાજપ દ્વારા કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે કૉંગ્રેસ દ્વારા જ્યારે ભાજપ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદ કરવા બદલ બંધારણની વિરુદ્ધ જવાનો અને દેશમાંથી લોકશાહી ખતમ કરવાનો આરોપ આટલા સમયથી લગાવવામાં આવી રહ્યો છે ત્યારે ભાજપે પહેલી વખત કૉંગ્રેસ ઉપર બંધારણ સાથે છેડછાડ કરવાનો આરોપ મૂક્યો છે.

ભાજપના મહારાષ્ટ્રના મહિલા પ્રદેશાધ્યક્ષ ચિત્રા વાઘે કૉંગ્રેસ પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે કૉંગ્રેસ એક વિશેષ સમુદાયને આગળ વધારવા માટે બંધારણમાં ફેરફાર કરવા જઇ રહી હોવાનું પોતાના જાહેરનામામાં જણાવ્યું છે. કૉંગ્રેસ વિશેષ સમુદાય માટે અલગ 'પર્સનલ લૉ' એટલે કે અંગત કાયદા લાવવાની વાત કરી રહી છે. એટલે કે કૉંગ્રેસ હવે ધર્મના આધારે કાયદાઓ બનાવવાની વાત કરી રહી છે. કૉંગ્રેસની આવી વાતોથી તેમની અને મુસ્લિમ લીગની વિચારધારા એકસરખી હોય તેવું લાગી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી ચંદ્રપુરમાં પ્રચાર માટે આવ્યા ત્યારથી મુસ્લિમ લીગનું નામ મહારાષ્ટ્રના રાજકારણમાં ખૂબ ચગી રહ્યું છે અને મુસ્લિમ લીગના નામે સત્તાધારી પક્ષ અને વિપક્ષ બંને એકબીજા પર પ્રહાર કરી રહ્યા છે. ■

સગર્ભા સગીરાને સરકારી હૉસ્પિટલમાં સારવારની પરવાનગી

જે કિશોર સાથે સંબંધ બાંધ્યો તેની સામે પોલીસ ફરિયાદ કરવા તે તૈયાર નહોતી

મુંબઈઃ ૧૭ વર્ષની સગર્ભા કિશોરીને કેટલીક હૉસ્પિટલોએ સારવાર આપવાનું નકાર્યા બાદ બોમ્બે હાઈ કોર્ટે બુધવારે તેને રાજ્ય સરકાર સંચાલિત જે જે હૉસ્પિટલમાં સારવાર લેવાની પરવાનગી આપી હતી. જે કિશોર સાથે તેનો સંબંધ બંધાયો હતો એની વિરુદ્ધ કિશોરી પોલીસ ફરિયાદ ન કરવા માગતી હોવાથી કેટલીક હૉસ્પિટલોએ તેને સારવાર આપવાની ના પાડી હતી એમ સગર્ભા કિશોરીએ માતાની મદદથી હાઈ કોર્ટમાં દાખલ કરેલી અરજીમાં કિશોરીએ જણાવ્યું હતું. ૧૭ વર્ષના કિશોર સાથે કિશોરીએ પોતાની મરજીથી સંબંધ બાંધ્યો હતો એમ અરજીમાં જણાવવામાં આવ્યું છે. તબીબી સારવાર નકારવી એ તરુણીના મૂળભૂત બંધારણીય અધિકારનો ભંગ કરે છે એમ પણ અરજીમાં જણાવાયું છે. સરકારી વકીલ પૂર્ણિમા કંથારિયાએ ન્યાયમૂર્તિ જી.એસ.કુલકર્ણી અને ન્યાયમૂર્તિ ફિરદૌસ પુનીવાલાની ખંડપીઠ સમક્ષ કરેલી અરજીમાં કિશોરીને જે.જે.હૉસ્પિટલમાં સારવાર લેવાની પરવાનગી આપવાની માગણી કરી હતી. જોકે, પોતે કિશોર સામે કોઈ ગુનાઇત ફરિયાદ કરવા નથી માગતી એ મુજબનો પોલીસ રિપોર્ટ તાત્કાલિક ધોરણે કિશોરીએ સુપ્રત કરવાનો રહેશે એવી સ્પષ્ટતા શ્રીમતી કંથારિયાએ કરી હતી.(પીટીઆઈ)■

ચોમાસા માટે મુંબઈ મહાનગરપાલિકા સજ્જ

મુંબઈમાં વરસાદી પાણીનો નિકાલ કરવા ૪૮૧ ઠેકાણે પંપ બેસાડાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દર વર્ષે ૧૦૦ નાળાસફાઈ કરવાના દાવા બાદ પણ પહેલા વરસાદમાં જ મુંબઈ જળબંબાકાર થતી હોય છે ત્યારે મુંબઈ મહાનગરપાલિકાએ દર વર્ષની માફક આ વર્ષે પણ મુદત પહેલા નાળાસફાઈનો લક્ષ્યાંક પૂરો કરવાના દાવાની સાથે જ મુંબઈના નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાય નહીં તે માટે વરસાદી પાણીનો નિકાલ કરવા માટે ૪૮૧ પંપ બેસાડવાનો નિર્ણય લીધો છે. ચોમાસામાં આ પંપ બરોબર ચાલે તેની જવાબદારી સંબંધિત અધિકારીની રહેશે.

ચોમાસા પહેલા પાલિકા કમિશનર અને પ્રશાસક ભૂષણ ગગરાણીએ જુદી જુદા સરકારી ઓથોરિટી સાથે સોમવારે એક બેઠક કરી હતી, જેમાં એકબીજા સાથે સમન્વય સાધીને ચોમાસામાં કામ કરવાની સૂચના કમિશનરે આપી હતી. ચોમાસા દરમિયાન મુંબઈ શહેર અને ઉપનગરમાં આવેલા નીચાણવાળા વિસ્તારમાં વરસાદી પાણીનો નિકાલ કરવા માટે ૪૮૧ ઠેકાણે પંપ બેસાડવાં આવવાના છે. તે માટે જીઓ ટેગિંગનો ઉપયોગ કરવામાં આવવાનો છે. એકાદો પંપ જો સમયસર યોગ્ય પ્રકારે કામ નહીં કરે તો તે માટે સંબંધિત અધિકારી સામે કાર્યવાહી કરવાનો આદેશ પણ આ બેઠકમાં કમિશનરે આપ્યો હતો.

મુંબઈ શહેર, પૂર્વ અને પશ્ચિમ ઉપનગરમાં ૨૫ પ્રશાસકીય વોર્ડમાં ચોમાસા દરમિયાન કંટ્રોલરૂમ સજ્જ રાખવામાં આવવાના છે. મુંબઈમાં પૂર્વ ઉપનગરમાં ભેખડ ધસી પડવાના અનેક જોખમી વિસ્તારો છે. આ ઠેકાણે સુરક્ષા ભિંત બાંધવાનું કામ હાલ ચાલી રહ્યું છે, તે માટે કલેકટર સ્તરે યોગ્ય સમન્વય સાધીને યોગ્ય પગલાં લેવાની સૂચના પણ કમિશનરે આપી હતી. તેમ જ ડુંગર પરના રહેવાસીઓને નોટિસ મોકલીને સુરક્ષિત સ્થળે સ્થળાંતર થવાની સૂચના આપવાનો નિર્દેશ પણ કમિશનરે આપ્યો હતો. તેમ જ ચોમાસા દરમિયાન ભેખડ ધસી પડવા જેવી દુર્ઘટના સર્જાય તો શું પગલાં તેવા માટે લોકોને પ્રશિક્ષણ પણ આપવાનો તેમણે નિર્દેશ આપ્યો હતો.

હાલ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા જુદા જુદા વિકાસ કામ ચાલી રહ્યા છે, જેમાં મેટ્રો સહિત અનેક પ્રોજેક્ટ પર કામ ચાલી રહ્યા છે તે સાઈટ પર કાટમાળ તાત્કાલિક ઉપાડી લેવાની સૂચના આપી છે. તેમ જ રસ્તા પર રહેલા બૅરિકેડ્સ પણ કામ પૂરા થઈ ગયા હોય તો હટાવી લેવા કહ્યું છે, જેથી તે વાહનવ્યવહારમાં અગવડરૂપ થાય નહીં.

પાલિકા મુખ્યાલય

લાડકી



કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

કથા કોલાજ

જે થાય છે તે સારા માટે જ થાય છે

(ભાગ: ૩)

નામ: આશા પારેખ
સ્થળ: જુહુ, મુંબઈ
સમય: ૨૦૨૪
ઉંમર: ૮૧ વર્ષ

આપણે બધા નાનકડી નિરાશાથી હારી જઈએ છીએ. એકાદ વ્યક્તિ આપણને ન સ્વીકારે કે, આપણા આત્મવિશ્વાસને તોડી નાખે તો આપણે તરત જ એને મહત્ત્વનું માનીને આપણી પાછલી સફળતા, વખાણ કે આપણી આવડત અને આત્મવિશ્વાસ ભૂલી જઈએ છીએ. મારી સાથે પણ એવું થયું છે. હું નાની હતી. સ્વપ્નો મોટાં હતાં! વિજય ભટ્ટ જેવા દિગ્દર્શક જ્યારે એમની મહત્ત્વની ફિલ્મ માટે 'જ્યુબિલી કુમાર' કહેવાતા સફળ સ્ટાર રાજેન્દ્ર કુમાર સામે મારા જેવી છોકરીને સાઈન કરે, પાંચ દિવસ શુટિંગ થાય ત્યારે સ્વાભાવિક રીતે જ એમ લાગે કે હવે ફિલ્મી દુનિયા પર રાજ કરવાનો સમય શરૂ થયો છે... પરંતુ, એમણે પાંચ દિવસ પછી મુખ્ય અભિનેત્રી બદલી નાખી. હું નિરાશ થઈ ગઈ ત્યારે મારી માએ કહ્યું, 'જે થાય છે તે સારા માટે થાય છે.'

આજે લાગે છે કે સાચે જ એ સમયે મેં જે નિષ્ફળતા કે રિજેક્શન જોયા એનાથી મારો આત્મવિશ્વાસ મજબૂત થયો. હું નમ્ર બની એવું સમજી શકી કે, અન્ય લોકો સાથે એવું થાય તો એમને કેટલી તકલીફ થતી હશે!

જિંદગીનો બીજો અધ્યાય શરૂ થયો. અમે 'બેહરુપિયા' નામની ફિલ્મના મુહૂર્તમાં ગયા હતા. રણજીત સ્ટુડિયોમાં એ મુહૂર્તમાં મને શશધર મુખર્જી (કાજોલના દાદાજી)એ જોઈ. એમણે મને અને મારી મમ્મીને સાંતાક્રૂઝમાં આવેલા એમના બંગલા 'ગ્રોટો વિલા' પર મળવા બોલાવ્યા. ત્યાં એમણે અભિનયની ઈન્સ્ટિટ્યૂટ શરૂ કરી હતી. તેજસ્વી લાગે એવા યુવા અભિનેતાઓને તાલીમ આપીને એમની જ ફિલ્મમાં ચાન્સ આપવામાં આવતો. એમણે મારી મમ્મીને સલાહ આપી કે, મને એ ઈન્સ્ટિટ્યૂટમાં દાખલ કરી દેવી જોઈએ. મમ્મીએ એડમિશન તો લીધું, પરંતુ મને કોણ જાણે કેમ 'ફિલ્માલયા સ્કૂલ ઓફ એક્ટિંગ'માં જવામાં બહુ રસ પડતો નહીં.

મેં દલીલ કરેલી, 'એક્ટિંગ કંઈ શીખી શકાય? એ તો આવડે અથવા ન આવડે.' પ્રામાણિકતાથી કહું છું. હું બે દિવસ ગઈ ને પછી મેં ક્લાસીસમાં જવાનું છોડી દીધું. મારી મમ્મીએ પૂછ્યું ત્યારે મેં એને કહ્યું, 'ત્યાં જે શીખવે છે એ બધું મને આવડે છે.' થોડા દિવસો સુધી હું ક્લાસમાં ન ગઈ એટલે શશધર સાહેબે ફરી સંદેશો મોકલાવ્યો. એમને ખરેખર લાગતું હતું કે, હું હિરોઈન બની શકું એમ છું, જ્યારે મને લાગતું હતું કે, એક્ટિંગ શીખી શકાય નહીં...

એ સમયે નાસિર હુસૈન (આમિર ખાનના મામા) એક રોમેન્ટિક મ્યુઝિકલ ફિલ્મ બનાવતા હતા. એમણે 'ફિલ્મિસ્તાન'નું બેનર છોડી દીધું હતું. એમની ફિલ્મ 'તુમસા નહીં દેખા' ખૂબ સફળ થઈ હતી. હવે નવી ફિલ્મમાં શમ્મી કપૂર અને નૂતન એ ફિલ્મમાં હીરો-હિરોઈન હતાં, પરંતુ નૂતનજી સાથે 'ફિલ્માલયા'ના નિયમો અને બીજી બાબતો ગોઠવી શકાઈ નહીં. શમ્મીજીએ સૂચન કર્યું કે, કોઈ નવી છોકરીને હિરોઈન તરીકે લેવી જોઈએ.

એ વખતે 'ફિલ્માલયા'માં સાધના મારી સાથે એક્ટિંગ સ્કૂલમાં અભ્યાસ કરતાં હતાં. સાધનાના કાકા, હરિ શિવદાસાની અભિનેતા હતા. એ શશધર સાહેબને સારી રીતે ઓળખતા. એમણે પોતાની ભત્રીજી માટે ભલામણ કરી. શશધર સાહેબ લગભગ માની જ ગયેલા, પરંતુ એ જ વખતે આર.કે. નૈયરને ફિલ્મ ડિરેક્ટ કરવા માટે 'ફિલ્માલયા' સ્ટુડિયોએ આમંત્રિત કર્યા. આર.કે. નૈયર સાહેબ સાધનાના વ્યક્તિત્વથી ખૂબ ઈમ્પ્રેસ થઈ ગયેલા. એક રીતે જોવા જઈએ તો એ લગભગ સાધનાના પ્રેમમાં પડી ગયેલા. એમણે નાસિર સાહેબને વિનંતી કરી, 'હું સાધનાને મારી ફિલ્મમાં લેવા માગું છું.' નાસિર સાહેબે ખેલદિલીપૂર્વક હા પાડી અને સાધનાને બદલે મારો સ્ક્રીન ટેસ્ટ લેવામાં આવ્યો. એક જાણીતા દિગ્દર્શક બિભૂતિ મિત્રાએ મારો સ્ક્રીન ટેસ્ટ લીધો. જોકે, એમને હું ગમી નહીં. એમણે નાસિર સાહેબને કહ્યું કે, હું 'ફાંગી' હતી અને હિરોઈન મટિરિયલ બની શકું એમ નહોતી.

હવે વિચારું છું તો સમજાય છે કે, એ સમયની હિરોઈનના પ્રમાણમાં હું ખૂબ પાતળી હતી. એથી આગળ વધીને મારામાં એક સાદગી હતી જે એ સમયે હિરોઈન હોવા માટે ગુણ નહીં, પરંતુ 'અવગુણ' મનાતો હોવો જોઈએ. બિભૂતી મિત્રાના અભિપ્રાયને નાસિર સાહેબે ગંભીરતાથી લીધો નહીં એ મારું સદનસીબ! સાદા સલવાર કમીઝમાં મેં આપેલા સ્ક્રીન ટેસ્ટને બીજા એક જાણીતા દિગ્દર્શક નંદલાલ જસવંતલાલે જોયો. મેં મિડ શોટ અને ક્લોઝમાં અમુક ડાયલોગ્ઝ બોલીને સ્ક્રીન ટેસ્ટ આપ્યો. નાસિર સાહેબ એ સ્ક્રીન ટેસ્ટથી ખૂબ રાજી થયા અને એમણે મને ફિલ્મ માટે પસંદ કરી લીધી. ફિલ્મનું નામ હતું 'દિલ દે કે દેખો'.

આર.કે. નૈયરની ફિલ્મ 'લવ ઈન શિમલા' માટે સાધનાની પસંદગી થઈ. સાધના અને મારા બંનેના નસીબમાં આ એક જબરજસ્ત ફાયદાનો નિર્ણય પુરવાર થયો. મને ત્રણ ફિલ્મો માટે 'ફિલ્માલયા' એ સાઈન કરી. મારી મમ્મીની સમજદારીને કારણે અમારો કોન્ટ્રાક્ટ બન્યો ત્યારે જ એણે નાસિર સાહેબ પાસેથી અને શશધરજી પાસેથી રજા લઈ લીધી કે, હું આ ત્રણ ફિલ્મો પૂરી થાય એ પહેલાં પણ બીજી ફિલ્મો સાઈન કરવા માટે મુક્ત છું.

હવે મારું નામ પાડવાનો સવાલ હતો... નવાઈ લાગે છે ને? એ સમયે હિરોઈનનું નામ એનું મૂળ નામ ન હોય એવો એક ટ્રેન્ડ હતો. મેહજબીનનું નામ મીનાકુમારી, અને મુમતાઝ જહાન દહેલવીનું નામ મધુબાલા પાડવામાં આવ્યું હતું.

યુસુફ ખાન દિલીપ કુમાર હતા અને ધરમદેવ આનંદનું નામ દેવ આનંદ હતું! શશધરજી સાથે દિલીપ કુમારનો ખૂબ સારો સંબંધ હતો. એમણે મારું નામ 'આશા પરી' રાખવાનું સૂચન કર્યું, પરંતુ મને લાગ્યું કે મારે નામ બદલવાની જરૂર નથી. મેં મારું નામ 'આશા પારેખ' જ રાખવાનો આગ્રહ કર્યો. એક-બે દિવસની ચર્ચા પછી એ સ્વીકારી લેવામાં આવ્યું.

શમ્મીજી એ વખતે બહુ મોટા સ્ટાર હતા. એમની સાથેનો પહેલો સીન-મારે માટે સાચે જ નર્વસ કરી દે એવી પરિસ્થિતિ હતી. નાસિર સાહેબ ત્યાં આવ્યા અને એમણે કહ્યું, 'તારા પરિવારની સામે કેવી રીતે મજાથી નૃત્ય કરતી અને મિમિક્રી કરતી? બસ! એમ માની લે કે અહીં તારો પરિવાર જ છે...' મેં પહેલો સીન ભજવ્યો અને યુનિટે તાળીઓ પાડી. મારો આત્મવિશ્વાસ મજબૂત થઈ ગયો.

૩૦ દિવસનું રાનીખેતમાં શુટિંગ શેડ્યુઅલ હતું. મુંબઈથી દિલ્હી અમે વિમાનમાં ગયા. મારે માટે એ પહેલી વિમાનની મુસાફરી હતી.

રાનીખેતમાં શુટિંગના પહેલા દિવસે મારો મેક-અપમેન ન પહોંચ્યો, પરંતુ ગીતાબાલી પોતાના પતિ શમ્મી કપૂર સાથે ત્યાં આવ્યાં હતાં. એમણે મારો મેક-અપ કર્યો. શમ્મી સાહેબ ગજબના ડાન્સર અને હું, ડાન્સર

(જુઓ પાનું ૧૩) ▶▶

શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી

તરુણાવસ્થા: તરછોડાય જવાનો ભય...

આવા ભયનાં કારણ શોધો તો એનાં મારણ - ઉકેલ શક્ય છે

'ટીનએજમાં વળી શું હોય? ટીનએજ તો આમ ચપટી વગાડતા નીકળી જાય, એમાં એવું તો શું ખાસ ધ્યાન આપવાનું હોય? મોટા થશે પછી બધું સમજી જશે , ને નહિ સમજે તો અનુભવે ઘડાય જશે'. સ્નેહાએ ચાનો કપ ધરતાં સુરભીને કહ્યું.

'બસ, સ્નેહા... આજ તકલીફ છે તારા જેવા અનેક પેરેન્ટ્સની. આવી કેટલીય ગેરમાન્યતા વચ્ચે તમે જીવો અને એ મુજબ જ તમારા ટીનએજ બાળકો સાથે વર્તન કરો. પછી આજ ટીનએજર્સ જુવાન થયા બાદ જે રીતે વર્તે તેને સમજી ના શકો.' ચાની ચૂસ્કી ભરતાં સુરભીએ પોતાની વાત મૂકી.

શહેરની નામાંકિત સાયકોથેરાપિસ્ટ સુરભી એટલે સ્નેહાની પડોશીમાંથી બનેલી પાક્કી દોસ્ત અને વિહાની વ્હાલી આંટી.એ બન્ને બહેનપણીઓ વચ્ચે વાત ચાલી રહી હતી અવિકાની. અવિકા એક યુવાન, ઊભરતી કોર્પોરેટ કલ્ચરમાં જીવતી મેટ્રોસિટી ગણાતા મોટા શહેરમાં સ્વતંત્ર રીતે રહેતી અને આગળ જતા પોતાની કંપની ખોલી આંત્રપ્રેન્યોર બનવાના સપના જોતી એક આખાબોલી અને કઈક અંશે ભાવનાશૂન્ય યુવતી છે. આખી દુનિયામાં માત્ર એકાદ-બે મિત્ર જ એવા છે જેની સાથે એ લાગણીઓને લઈને જાતને સુરક્ષિત અનુભવે છે... પણ, એક સમય આવ્યો કે અવિકા પોતાના એકધારા કંટાળાજનક જીવનથી તદ્દન ભાંગી પડી એમાં વળી એ જ્યાં રહેતી હતી તે ફ્લેટના માલિકે એને ઘર ખાલી કરવાનો આદેશ આપ્યો, કારણ કે એ કોઈ એકલ-દોકલ વ્યક્તિને રાખવા માગતા નહોતા.આ ઉપરાંત ઓફિસમાં કામથી અનુભવાતો અસંતોષ અને જિંદગી પ્રત્યેનો તદ્દન નકારાત્મક અભિગમ એવું બધું ભેગું મળીને અવિકાને સાવ જ તોડી નાખે છે.

અવિકા શહેરના એ શોરબકોરથી ભાગી પોતાના વતન જવાનું નક્કી કરે છે, પરંતુ ત્યાં પહોંચીને પણ માતા-પિતા સાથે જિંદગીની શરૂઆતનાં વર્ષો દરમિયાન ઊભા થયેલા અસંતોષના પડ એને ક્યાંય ચેન પડવા દેતા નથી. બાળપણથી લઈને અત્યાર સુધી એ ક્યારેય ખુલ્લા મનથી કોઈ સાથે વાતચીત નથી કરી શકી. ધીરે ધીરે અવિકા ડિપ્રેશનનો શિકાર બને છે. અનિંદ્રા અને હતાશા વચ્ચે ઘેરાયેલી અવિકાને જીવન જીવવું જ અશક્ય લાગવા લાગે છે. ખૂબ નાની વયમાં જ જીવન પ્રત્યેની હકારાત્મકતા અને આશા ગુમાવી ચૂકેલી

અવિકા એક દિવસ મેન્ટલ હેલ્થ અવેરનેસ પ્રોગ્રામ થકી સુરભીના સંપર્કમાં આવી.

પોતાના દર્દીઓનો ઈલાજ કરવાની સુરભીની રીતભાત તદ્દન અનોખી. એ વાતો કરે, ખૂબ સારી રીતે સામેવાળાને સાંભળે, ધીમા અવાજે, લાગણીભર્યા સ્વરે આત્મિયતા દર્શાવે અને કોઈ સલાહ આપ્યા વગર માત્ર વાતચીત થકી જીવનને નજીકથી સમજાવે. કદાચ એટલે જ,પોતાની લાગણીઓને અત્યાર સુધી સજ્જડ પણે બંધ રાખીને બેસેલી અવિકા ધીમે ધીમે સુરભીની મમતાભરી લાગણીઓ સામે ખુલતી ગઈ ત્યારે એ જાણવા મળ્યું કે, અવિકાના વર્તન પાછળ એના બાળપણમાં પડેલી કડવી યાદો જવાબદાર છે. બાળપણમાં દાદા-દાદી પાસે એને એકલી મૂકી માં-બાપ નોકરી અર્થે પરદેશ જતાં રહ્યાં હોય... બધા પોતાને પ્રેમ કરશે પણ પછી એક દિવસ આમજ તરછોડી જતા રહેશે એ ભય સાથે સતત જીવેલી અવિકા સંબંધોને સામેથી છોડી દેતી. પેરેન્ટ્સ હોય કે પ્રેમી, ભાઈ હોય કે ભાઈબંધ, સહકર્મી હોય કે સહાધ્યાયી.... કોઈપણ સંબંધમાં એ વધુ સમય રહેતાં ડરતી, કારણ કે એ પ્રેમ ગુમાવી દેવાના ભયથી જ ડરતી આવેલી. આથી હંમેશાં બધા આસપાસ હોવા છતાં એકલતામાં જ જિંદગી વિતાવતી આવી છે દીકરી તો ઘણી સમજુ હોય, દીકરી તો જીવનમાં ગોઠવાય જાય. એ તો પરિસ્થિતિ સાથે સમાધાન કરતા કુદરતી રીતે શીખીને આવીલ હોય એવું માનીને-ધારીને દીકરીના મન પર પડતા ઘસરકાઓને ધ્યાનમાં ના લેવાની આદત ક્યારેક એની આખી જિંદગી બગાડી બેસતી હોય છે, કારણ કે અવિકા માફક સ્ત્રીના મુગ્ધ મન પર પડેલા ઉઝરડા ધીમે ધીમે ઊંડા ઘામાં પરિવર્તિત થતા રહે છે. પરદેશમાં સ્થાયી થવા ઈચ્છતાં માતા-પિતા અમુક વખત બાળકોને પોતાની પાછળ દાદા -દાદી કે કુટુંબના અન્ય સભ્યો પાસે છોડી જતા હોય છે. એવા તરુણમાં જાણ્યે -અજાણ્યે તરછોડાય જવાનો ડર એટલે ઊંડે ઘર કરી ગયો હોય છે એની વેદના સુરભી સારી પેઠે સમજતી હતી.

વડીલો પાસે બાળકોને ઉછેરવા મૂકી ચાલી જતાં પેરેન્ટ્સ માને છે કે અમારાં જેટલું જ ધ્યાન વડીલો અમારા બાળકોનું રાખી શકશે, પરંતુ એવું ભૂલી જાય છે કે બાળક માટે માતા-પિતાની ખોટ અન્ય કોઈ દ્વારા ક્યારેય પૂરી કરી શકાતી નથી. ક્યારેય કોઈ બીજું એની મા બની શકતું નથી. બાળક એ ખટકો લઈનેજ હંમેશાં આગળ વધે છે અને પોતાની આગળની જિંદગીના નિર્ણયો પણ એ મુજબ લેતા શીખે છે.

જો કે, સુરભીના મળ્યા બાદ એ જાણે અવિકાના જીવનની જીવાદોરી બની ગયેલી, જેની મદદ થકી અવિકા ધીરે ધીરે પોતાના એ દરેક કડવા અનુભવને નાથવા મથે છે ,જે તેને પીડા આપતા આવ્યા છે. માતા-પિતા સાથે સુમેળ સાધવાની શરૂઆત કરવાથી માંડી પોતાના

નાના ભાઈ સાથે મિત્રતા કેળવવી, દુનિયામાં પોતાનો પ્રેમ શોધવાની કોશિશ કરવી અને પોતાના કેરિયરમાં પણ આગળ કઈ રીતે વધવું,ઈત્યાદિ...

ટૂંકમાં જિંદગીની મસ્તમજાની પોઝિટીવ સાઈડ ખોલવાની શરૂઆત કરવી,પણ

એમ દરેકને સુરભી થોડી મળે ? આમ છતાં એટલું યાદ રાખવું કે, જીવનમાં કઈ પણ થાય ક્શરય બજ્ઞદ્યત જ્ઞક્ષ. જિંદગી હંમેશાં ચાલતી રહે છે. તેની રફતાર ક્યારેય બંધ નથી થતી એ કડવી વાસ્તવિકતા છે. એટલું જ નહીં, હતાશા પણ ક્યારેય કાયમી નથી હોતી અને આશા તો ક્યારેય સાવ મરતી કે મારતી નથી. એ અમર જ છે ! સહન કરવાની-અસ્તિત્વ ટકાવી રાખવાની ખેવના અને દ્રઢતા સાથે માનવી અન્ય દરેક સજીવથી આગળ રહ્યો છે.... ■

ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

ભારતની વીરાંગનાઓ

પ્રથમ મહિલા આઈ.એફ.એસ. અધિકારી: ચોનીરા બેલિયપ્પા મુતમ્મા

ભારતની પ્રથમ મહિલા આઈએએસ અધિકારી અન્ના રાજમ મલ્હોત્રા હતી અને પ્રથમ આઈપીએસ અધિકારી કિરણ બેદી હતી, પણ પહેલી આઇએફએસ અધિકારી કોણ હતી એ જાણો છો ?

એનું નામ ચોનીરા બેલિયપ્પા મુતમ્મા..

સી.બી. મુતમ્માના ટૂંકા નામે જાણીતી આ મહિલા આઈએફએસ-ઇન્ડિયન ફોરેન સર્વિસ કે

ભારતીય વિદેશ સેવામાં જોડાનાર પ્રથમ ભારતીય મહિલા અધિકારી હતી. એ ભારતની પહેલી મહિલા ડિપ્લોમેટ હતી અને ભારતની રાજદૂત પણ રહેલી. સિવિલ સેવાઓમાં લૈંગિક સમાનતા માટે લાંબી લડત આપવા બદલ સી. બી. મુતમ્માનું સ્મરણ કરવામાં આવે છે.

ઍોનીરા બેલિયપ્પા મુતમ્માનો જન્મ ૨૪ જાન્યુઆરી ૧૯૨૪ના કર્ણાટકના તત્કાલીન કૂર્ગ અને આજના કોડાગુ જિલ્લાના વિરાજપેટમાં થયેલો. એના પિતા વન અધિકારી હતા. ચોનીરા માત્ર નવ વર્ષની હતી ત્યારે એ પિતાને ખોઈ બેઠી. મા-દીકરી એકલાં પડી ગયાં, પણ માતાએ હાર ન માની. જીવનનું બીજું નામ જ સંઘર્ષ છે. સંઘર્ષને સીડી બનાવીને માતાએ એકલે હાથે દીકરીનો ઉછેર કર્યો. ચોનીરા મુતમ્માએ શાળાકીય શિક્ષણ મદિકેરીની સેન્ટ જોસેફ ગર્લ્સ સ્કૂલમાંથી પૂરું કર્યું. ત્યાર બાદ તત્કાલીન મદ્રાસ અને અત્યારના ચેન્નાઈની મહિલા ક્રિશ્ચિયન કૉલેજમાં સુવર્ણ ચંદ્રક સાથે સ્નાતક થઈ.

ચોનીરા મુતમ્માએ ગરીબી જોયેલી. જીવન- સાગરમાં હાથ-પગનાં હલેસાં મારીને આગળ વધવા માટે સંઘર્ષ કરેલો. ચોનીરા જીવનમાં કાંઈક કરી બતાડવા માગતી હતી. એથી માત્ર ભણતર પર એણે ધ્યાન કેન્દ્રિત કરેલું. અભ્યાસ, અભ્યાસ અને અભ્યાસ... બીજી કોઈ વાત નહીં. સ્નાતક થયા પછી ચોનીરા મુતમ્માએ ચેન્નાઈની પ્રેસિડેન્સી કોલેજમાંથી અંગ્રેજી સાહિત્યમાં અનુસ્નાતક કર્યું. જો કે, એનું લક્ષ્ય સ્પર્ધાત્મક

પરીક્ષામાં ઉત્તીર્ણ થવાનું હતું. ચોનીરાએ સિવિલ સર્વિસમાં જોડાવા માટેનો વિચાર કર્યો, ત્યાં સુધી ભારતની અન્ય કોઈ મહિલાએ આ ક્ષેત્રમાં પદાર્પણ કર્યું નહોતું, પણ ચોનીરાનું તો એ સ્વપન હતું. એ સપનું સાકાર કરવા માટે કોનીરાએ રાત-દિવસ મહેનત, ખંત અને ધગશથી તૈયારીઓ કરી. ૧૯૪૮માં યુપીએસસીની પરીક્ષામાં બેઠી. એનું પ્રદર્શન શાનદાર રહ્યું. એ વર્ષે, ૧૯૪૮માં સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરનાર ચોનીરા બેલિયપ્પા મુતમ્મા પહેલી ભારતીય મહિલા બની. એ સાથે એણે સ્પર્ધાત્મક પરીક્ષાઓના ક્ષેત્રે ડંકો વગાડીને ઈતિહાસ રચ્યો.

સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તીર્ણ થયા પછી ચોનીરા ભારતીય વિદેશ સેવામાં જોડાવા અત્યંત ઉત્સુક હતી. એ માટે ઇન્ટરવ્યૂ લેવાયો, પણ ઇન્ટરવ્યૂ લેનાર બોર્ડે આ કાર્ય મહિલાઓ માટે ઉપયુક્ત નથી કહીને એ સેવા માટે. ચોનીરાની પસંદગી ન કરી. બીજા શબ્દોમાં કહીએ તો એને બહારનો દરવાજો દેખાડી દેવામાં આવ્યો, છતાં ચોનીરા અડગ રહી. પોતાની પસંદગીના ક્ષેત્રમાં જવા માટે મહેનત કરેલી એણે. એમને એમ કાંઈ હથિયાર હેઠાં મૂકી દે એવી એ નહોતી. ચોનીરાએ શાબ્દિક લડત આપી. પોતાના મામલે પોતાની જ વકીલ બનીને જોરદાર દલીલો કરી. અંતે બોર્ડે નમતું જોખવું પડ્યું. ચોનીરાની વાત સ્વીકારવી પડી. ચોનીરાને વિદેશ સેવામાં સામેલ કરવામાં આવી...! આમ ચોનીરા ભારતની પહેલી આઈએફએસ- ઇન્ડિયન ફોરેન સર્વિસની અધિકારી બની ગઈ.

ચોનીરા વિદેશ સેવામાં જોડાઈ તો ખરી, પણ નોકરીમાં જોડાતી વખતે ચોનીરા મુતમ્માએ એક સોગંદનામા પર હસ્તાક્ષર કરવા પડેલાં. એમાં લખેલું કે, જો ચોનીરા લગ્ન કરશે તો એ રાજીનામું આપી દેશે. જો કે, કેટલાંક વર્ષો પછી આ નિયમ બદલવામાં આવેલો, પણ એ વખતે તો ચોનીરાએ એ શરત સ્વીકારવી પડેલી. એ સંદર્ભે ચોનીરાએ કહેલું કે, આવી શરત સ્પષ્ટપણે બંધારણનો ભંગ કરતી હતી. બંધારણની વિરુદ્ધ હતી, પણ એ પ્રારંભિક દિવસોમાં મને એ નિયમને પડકારવાનું સૂઝ્યું નહીં. પુરુષોએ બનાવેલો આ નિયમ જાણે બદલાની ભાવના

સ્વરૂપે લેવાયેલો હતો. એમાં સ્ત્રીઓને એમનું સ્થાન બતાડવાની અને નોકરીમાંથી બહાર કાઢીને ઘરભેગાં કરવાની વૃત્તિ ઝલકતી હતી. જો કે એ સમયે હું આવી વાતને અવગણીને વિદેશ સેવામાં જોડાઈ ગઈ. ભારતીય વિદેશ સેવામાં સામેલ થયા પછી સી. બી. મુતમ્મા તરીકે જાણીતી થયેલી ચોનીરાનું પહેલું પોસ્ટિંગ પેરિસ ખાતે ઇન્ડિયન એમ્બેસીમાં થયેલું. એ વખતે ચોનીરાને સમજાયું કે ભારતના ડિપ્લોમેટ્સ ઉપરાંત વિદેશના ડિપ્લોમેટ્સ અને અન્ય કર્મચારીઓને પણ સ્ત્રી અધિકારીની ઉપસ્થિતિ પસંદ નહોતી. કેટલાક લોકો સ્ત્રીઓએ વિદેશ સેવામાં કામ શા માટે ન કરવું જોઈએ એનાં કારણો ગણાવતાં. અન્ય લોકોની આવી વિચારધારાને લીધે ચોનીરાએ પગલે પગલે પક્ષપાતનો સામનો કરવો પડેલો, છતાં એ મક્કમતાથી પોતાનું કામ કરતી રહી. પછીના દસકાઓમાં યુરોપ, એશિયા અને આફ્રિકામાં વિવિધ હોદ્દાઓ પર વિશિષ્ટ કામગીરી કરી. જો કે એણે પોતાની સંપૂર્ણ કારકિર્દી દરમિયાન લૈંગિક ભેદભાવ વિરુદ્ધ લડત આપવી પડેલી. લાંબા સમય સુધી વિદેશ સેવામાં કામ કરવા છતાં, જયારે ચોનીરા મુતમ્માને રાજદૂત તરીકે નિયુક્ત કરવાની ચર્ચા થઈ, ત્યારે એની અવગણના કરવામાં આવતી, પરંતુ કોઈ પણ અન્યાયને ચૂપચાપ સાંખી લે એ કોઈ બીજું, ચોનીરા મુતમ્મા નહીં ! પદોન્નતિ માટે પોતાની સાથે પક્ષપાત અને અન્યાય થઈ રહ્યો છે, એ મુદ્દે ચોનીરા મુતમ્માએ સર્વોચ્ચ અદાલતનાં બારણાં ખટખટાવ્યાં. દ્રઢ નિશ્ચયી અને હઠિલી ઈમાનદાર ચોનીરાએ દલીલ કરી કે, સેવામાં મહિલાઓના રોજગારને નિયંત્રિત કરનારા નિયમ ભેદભાવપૂર્ણ હતાં. સોલિસિટર જનરલ સોલી સોરાબજીએ વળતી દલીલ કરેલી કે, મહિલા રાજદૂતો લગ્ન કરે તો રણનીતિક કે રાજનૈતિક મહત્ત્વ ધરાવતી ગુપ્ત જાણકારી બહાર પડવાનું જોખમ ખતરનાક કહી શકાય એ હદે વધી જાય છે. જો કે, આ વાતને મહિલાઓ પ્રત્યેનો પૂર્વગ્રહ ગણાવીને અદાલતે સોલિસિટર જનરલને પ્રશ્ન કરેલો કે, 'સ્ત્રી રાજદૂત પરણે તો જાણકારી બહાર પડવાનું જોખમ, પણ જો કોઈ પુરુષ રાજદૂત વિવાહ કરે તો ગુપ્ત જાણકારી બહાર પડવાનું જોખમ નથી એવું કઈ રીતે કહી શકાય ?!'

આ પ્રકારની દલીલો અને પ્રતિદલીલો વચ્ચે, ૧૯૭૯માં ન્યાયમૂર્તિ વીઆર કૃષ્ણા અય્યરની અધ્યક્ષતા હેઠળ ત્રણ ન્યાયાધીશની બનેલી બેન્ચે સરકારના તર્કને પાયાવિહોણો ગણાવ્યો. સરકારની દલીલને ફગાવી દીધી. વિદેશ સેવામાં મહિલાઓને નિયંત્રિત કરનારી ભેદભાવપૂર્ણ જોગવાઈઓને રદ કરી દીધી. ચોનીરા મુતમ્માના મામલાને યથાવત્ રાખ્યો. સર્વોચ્ચ અદાલતે ભારત સરકારને કહ્યું કે, 'સ્ત્રી-પુરુષના લૈંગિક ભેદભાવના કલંકને મીટાવવા માટે સઘળાં સેવા નિયમોમાં સુધારા કરવાની આવશ્યકતા છે.'

ભારતમાં મહિલાઓના અધિકાર સંદર્ભે આ એક ઐતિહાસિક નિર્ણય હતો. સ્ત્રીસમાનતા માટેના સંઘર્ષના સમર્થનમાં રહેલો આ અદાલતી નિર્ણય કેટલીયે મહિલા બેઠકોમાં વહેંચવામાં આવેલો. આ અદાલતી ચુકાદાને પરિણામે ચોનીરા મુતમ્માને હંગેરીમાં ભારતનાં રાજદૂત તરીકે નિયુક્ત કરવામાં આવેલી. આવા પ્રતિષ્ઠિત પદ પર નિયુક્ત થનારી એ પહેલી ભારતીય મહિલા હતી. ત્યાર બાદ ચોનીરાએ ઘાનામાં સેવાઓ

આપી. એ પછી એનું અંતિમ પોસ્ટિંગ નેધરલેન્ડમાં ભારતીય રાજદૂત તરીકે થયેલું. બત્રીસ વર્ષની દીર્ઘ સેવાઓ બાદ ૧૯૮૨માં ચોનીરા ભારતીય વિદેશ સેવામાંથી નિવૃત્ત થઈ. સેવાનિવૃત્ત થયા પછી ચોનીરા મુતમ્મા વિભિન્ન ક્ષેત્રોમાં પ્રવૃત્ત રહી. તત્કાલીન સ્વિડિશ પ્રધાન મંત્રી ઓલાફ પાલ્મે દ્વારા ચોનીરાને નિઃશસ્ત્રીકરણ અને સુરક્ષા મુદ્દાઓ પર સ્થાપેલા સ્વતંત્ર આયોગના ભારતીય સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવેલી. ચોનીરા એક લેખિકા પણ હતી. સેવાનિવૃત્તિ પછી એણે પોતાના વિસ્તારના કોડવા વ્યંજનો અંગે કુકબુક લખવાથી માંડીને લેખસંગ્રહ 'સ્લેન બાય ધ સિસ્ટમ : ઇન્ડિયાઝ રિયલ ક્રાઈસીસ' નામે પ્રકાશિત કરેલો. ૧૪ ઑક્ટોબર ૨૦૦૯ના બેંગલોરમાં ચોનીરા મુતમ્માનું અવસાન થયું, પણ લૈંગિક સમાનતા માટે એણે આપેલી લડત હંમેશ માટે યાદગાર બની ગઈ . ■

પુરુષ

વૃક્ષ કી સુનો વહ તુમારી ભી સુનેગા !

ગાઢ હરિયાળાં જંગલ હશે તો જ પર્યાવરણની રક્ષા થશે-પૃથ્વી દીર્ઘાયુ થશે, પણ પલટાતી મોસમ -વધતી જતી કુદરતી હોનારત પછી પણ વૃક્ષોનાં આડેધડ નિકંદનથી મૂંઝાતા પર્યાવરણ રક્ષકોની કેવી રીતે વહારે આવી રહ્યાં છે આપણાં ન્યાયમંદિર?

કલોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

છેલ્લા શ્વાસ સુધી કાર્યરત રહી શતાયુની આવરદા ઉજવનારા વિચક્ષણ રાજકીય સમીક્ષક નગીનદાસ સંઘવી વૃક્ષ કે પર્યાવરણની વાત નીકળે ત્યારે અમને કહેતા :

'આજની પેઢીને વૃક્ષની ખરી કિંમત કે ઉપયોગિતા જલ્દી નહીં સમજાય. અમે નાનપણમાં નિશાળે જતા ત્યારે પગમાં ચપ્પલ તો હોય નહીં.આકરા ઉનાળામાં ધરતી ધોમ ધખી ગઈ હોય. એના પર ઉઘાડા પગે થોડું ચાલીએ,પછી પગ એવા દાઝવા માંડે કે દોડીને નજીકના ઝાડ નીચે ઊભા રહી જઈએ..એ વખતે એની છાયામાં જે સાતા પહોંચે ત્યારે અમને વૃક્ષની ખરી મહત્તા સમજાતી'

આ તો વૃક્ષ વિશે એક પ્રખર અનુભવીની વાણી હતી. આજની પેઢી પણ પર્યાવરણ વિશે વધુ સચેત થવા લાગી છે. આમ તો પર્યાવરણશાસ્ત્રીઓ પણ સ્વીકારે છે કે અમુક તબક્કે 'કલાઈમેટ ચેન્જ' એટલે કે પલટાતી મોસમ પૃથ્વીની તબિયત માટે ઉપકારક છે, છતાં યુવાનોના એક વર્ગ એ વિશે વધુ પડતી ચિંતા કરે છે. એ માટે 'અમેરિકન સાયકોલોજિકલ એસોસિએશન' (અડઅ)એ અંગ્રેજીમાં એક નવો શબ્દપ્રયોગ યોજ્યો છે. એ શબ્દ છે 'ઈકો ઍંગ્ઝાયટિ' . એનાથી પીડાતા વધુ પડતા સંવેદનશીલ યુવાનોનો ભય એક રીતે સાચો પણ છે,કારણ કે છેલ્લાં પાંચેક વર્ષથી અચાનક પલટાતી મોસમને લીધે કુદરતી હોનરતો ખાસ્સી વધી ગઈ છે. આમ છતાં આવી ચિંતામાંથી મુક્ત થવા આ સંસ્થા કેટલાક ઉપાય પણ સૂચવે છે,જે પાછો એક સાવ અલગ ચર્ચાનો વિષય છે,જેને આપણે અહીં ન ઉખેળીએ..

બીજી તરફ, અમુક-તમુક સરકારી તેમજ ખાનગી પ્રોજેક્ટ્સ માટે વૃક્ષોનું આડેધડ નિકંદન નીકળી રહ્યું છે. એક યા બીજાં કારણોસર આ કુદરતી સંપત્તિનો નિયમિતરૂપે સફાયો થઈ રહ્યો છે.

આ લેખ-કોલમ માટે એકઠી કરેલી છેલ્લાંમાં છેલ્લી મહિતી મુજબ. આ ફેબ્રુઆરી મહિનામાં ખુદ કેન્દ્ર સરકાર તરફથી સંસદમાં આપવામાં આવેલી માહિતી અનુસાર દેશનાં કેટલાંક મોટાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ માટે આગામી ૩ વર્ષમાં અંદાજે ૨૩ લાખ (જી,હા ૨૩ લાખ !) જેટલાં વૃક્ષો કાપવાં પડશે!

હવે વાત કરીએ ગુજરાત રાજયનાકહેવાતા 'વિકાસ' અર્થે છેલ્લાં ૩ વર્ષમાં એક અંદાજ મુજબ ૮૪ હજાર વૃક્ષોને કાપી નાખવામાં આવ્યાં હતાં.આના પછી રાજ્યનો

શું વિકાસ થયો એ આપણે નથી જાણતા , પણ પેલાં ૮૪ હજારનાં લાકડાં વેંચીને રાજ્ય સરકારે સત્તાવાર રીતે ૪૦ કરોડની રોકડી આવક કરી લીધી છે...! એમાંય ૯૨ % લાકડાની આવક માત્ર ડાંગ જિલ્લા જેવા વન્યવિસ્તારમાંથી થઈ હતી. આ ઓપરેશન 'વૃક્ષ-નિકંદન' દરમિયાન ડાંગ ઉપરાંત ગીર- જૂનાગઢ- સોમનાથ જિલ્લામાં સૌથી વધુ ઈમારતી અને જલાય લાકડાનો સફાયો થયો હતો

ગુજરાત બહાર નજર ફેરવો તો મહારાષ્ટ્રમાં ય વૃક્ષો સલામત નથી. મુંબઈ મહાપાલિકાએ એક દાયકામાં એના વિભિન્ન વોર્ડસમાંથી વૃક્ષ કાપવાની જે સત્તાવાર મંજૂરી આપી છે એ અનુસાર ક્રમશઃ 'વૃક્ષોનાં મોત' થઈ રહ્યાં છે. આમાંથી છેલ્લાં ૬ વર્ષ દરમિયાન ૨૧ હજારથી વધુ વૃક્ષોનું રીતસર નિકંદન નીકળી ગયું છે. આ બધાં વૃક્ષનાં મોત માટે વિવિધ વિકાસ પ્રકલ્પો -જેમકે મેટ્રો-બુલેટ ટ્રેન-કોસ્ટલ રોડ-હાઈવે લિંક રોડ કારણભૂત છે.

આ ઉપરાંત હજુય હજારો વૃક્ષો પર મોત ભમે છે,જેમકે નજીકના ભવિષ્યમાં મુંબઈ- વડોદરા હાઈ-વે તૈયાર કરવા માટે કુલ ૩૯ હજાર વૃક્ષોના ખુરદો નીકળી જવાનો અંદાજ છે. (આમાંથી ૩૨ હજાર તો ક્યારનાં ઢળી ગયાં છે!)

આ તો હજુ ચાલી રહેલાં કત્લેઆમની વાત છે. પ્રશાસકોના વેઈટિંગ લિસ્ટમાં હજુ બે-ત્રણ પ્રકલ્પ પણ છે એટલે કે વૃક્ષો પર હજુય બીજાં કેટલાંક ડેથ વોરન્ટ નીકળવાના છે....બાન્દ્રાના સ્યૂઈજ સિસ્ટમ માટે પણ વૃક્ષોની આહુતિ આપવી પડશે. અહીંનાં મળ -મૂત્રની ગટરવ્યવસ્થા માટે ૧૯૦થી વૃક્ષ કપાશે .

એ જ રીતે, અત્યારે છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી સ્ટેશન)ની કાયાપલટ માટે જે યોજના ઘડાઈ રહી છે એમાં હાલના તબક્કે અવરોધ બની રહેલા ૨૬૬ વૃક્ષને 'સજા-એ-મોત' થશે.!

બીજા શબ્દોમાં કહીએ તો એક વાર હરિયાળુ -હરિત ગણાતું મુંબઈ બહુ ઝડપથી એની ગ્રીન કોરિડોર ગુમાવી રહ્યું છે. વૃક્ષોની આવી કત્લેઆમથી ઊહાપોહ પણ જબરો થાય છે,છતાં લાગતા-વળાગતા તરફથી પર્યાવરણના ચાહકોને સંતોષકારક જવાબ નથી મળતા. આ દિશામાં આપણાં ન્યાયાલયોએ એક ખરેખર બિરદાવા જેવું પગલું ભર્યું છે.

વનસંપત્તિ અને એની ઉપયોગિતાને લગતા અનેક અવનવાં સંશોધન અવારનવાર થઈ રહ્યા છે.એ ધ્યાનમાં રાખીને આપણી સર્વોચ્ચ અદાલતે વૃક્ષવિજ્ઞાનના નિષ્ણાતોની એક સમિતિ નીમી છે,જેમણે વૃક્ષોનું મૂલ્યાંકન કરવાની કામગીરી સોંપવામાં આવી છે. ક્યા પ્રકારનું વૃક્ષ છે - કેટલાં વર્ષ જૂનું છે - એની 'તબિયત' કેમ છે? વગેરેને ધ્યાનમાં રાખીને નિષ્ણાતોએ જે તારણ કાઢ્યાં છે એ ખરેખર રસપ્રદ છે, જેમકે

સામાન્ય રીતે એક વૃક્ષ દર વર્ષે સરેરાશ રૂપિયા ૪૫,૦૦૦નો ઑક્સિજન પેદા કરી પર્યાવરણને આપે ઉપરાંત રૂપિયા ૨૦,૦૦૦નું ખાતર અને રૂપિયા ૧૦,૦૦૦ના એનાં લાકડાની કિંમત ગણીએ તો એક વૃક્ષની માત્ર એક વર્ષની કુલ કિંમત થાય રૂપિયા ૭૫ હજાર ..(જો કે સમિતિએ અહીં વૃક્ષ દીઠ રૂપિયા ૭૪,૫૦૦ની કિંમત મૂકી છે) એટલે વૃક્ષ જેટલાં વર્ષ જૂનું એ આંકનો ગુણાકાર ૭૪,૫૦૦થી કરો તો એ વૃક્ષની ખરી કિંમત ગણાય..!

ટૂંકમાં ૧૦૦ વર્ષ જૂનાં એક હેરિટેજ- વારસાગત વૃક્ષની કિંમત ૧ કરોડથી પણ વધુ હોય શકે..!

દોઢેક વર્ષ પહેલાં વડોદરા નજીકના ગામમાં આવેલા એક પ્રાચીન વૃક્ષનું મૂલ્યાંકન થયું હતું . જાણકારો કહે છે એમ તે ૯૫૦ વર્ષ પુરાણું છે એ હિસાબે આજે એની કિંમત રૂપિયા ૧૦ કરોડથી વધુ આંકવામાં આવે છે !

જ્યારે પણ કોઈ પ્રોજેક્ટ માટે અવરોધ બનતાં વૃક્ષને દૂર કરવાની વાત આવે ત્યારે ન્યાયાલયોનો પહેલો આગ્રહ એ હોય છે કે વૃક્ષના વિચ્છેદને બદલે બને ત્યાં સુધી આજની આધુનિક ટેક્નોલોજિથી એનું સ્થળાંતર કરવું. એ શક્ય ન બને તો કપાયેલાં વૃક્ષની ઉંમર અનુસાર પાંચથી લઈને ૨૦ સુધી નવાં વૃક્ષારોપણ કરવાં..

જો કે, જે રીતે મહારાષ્ટ્ર-મુબઈમાં જેઆડેધડ રીતે વૃક્ષોનું નિકંદન કાઢવામાં આવી રહ્યું છે એની રક્ષા માટે શહેરના સજાગ નાગરિકોની કેટલીક 'સેવ -ટ્રી વૃક્ષ બચાવો ' જેવી સંસ્થાઓ સચેત છે. સદભાગ્યે આપણી અદાલતો પણ પર્યાવરણની રક્ષા માટે એમને સાથ આપી રહી છે.

મોટેભાગે શહેરના વિકાસ અર્થે કે પછી કોઈ સ્થળની કાયાપલટ માટે મહાનગરનાં વૃક્ષોનો ભોગ સૌપ્રથમ લેવાય છે. ખાસ કરીને ,શહેરના નવાં નવાં મેટ્રો રેલવે સ્ટ પ્રોજેક્ટ માટે થોડા સમય પહેલાં મેટ્રો-૩નાં સ્ટેશન્સ માટે ૨૫૭થી વધુ વૃક્ષ કાપવા પડ્યાં હતાં. એમાંથી ૧૧૯ વૃક્ષને યોગ્ય સ્થળે ફરી રોપવામાં આવશે . એ જ રીતે,બાન્દ્રાના સ્યૂઈજ સિસ્ટમ માટે ૧૯૦થી વૃક્ષ કપાશે,પણ એની સાથે જેનોવિચ્છેદ થશે એવાં અન્ય ૩૫૫ વૃક્ષોનું સ્થળાંતર પણ કરવામાં આવશે આમ મુંબઈના બહુચર્ચિત મેટ્રો રેલવે પ્રોજેક્ટની કામગીરી દરમિયાન રેલવે બોર્ડ - રાજ્ય સરકારે કોર્ટના આવા આદેશનું પાલન કરવું પડે છે તો બીજી તરફ, કોલકાતામાં તૈયાર થઈ રહેલી એક સેવન સ્ટાર હોટેલના બાંધકામ વખતે પરવાનગી વગર ૬૦થી વધુ વૃક્ષનું નિકંદન કાઢવામાં આવ્યું છે એવી ફરિયાદનો ઐતિહાસિક ચુકાદો આપતા કોલકાતા હાઈ કોર્ટેપેલી હોટેલને ફરમાન કર્યું છે કે પર્યાવરણને આ રીતે અક્ષમ્ય નુકસાન પહોંચાડવા બદલ વળતર રૂપે ૪૦ કરોડ રૂપિયા ગણી આપો અને બીજાં ૧૦૦ વૃક્ષ પણ તાત્કાલિક વાવો, નહીંતર...!

(સંપૂર્ણ)■

સ્પોર્ટ્સમેન
સારિમ અન્ના
feedback@bombaysamachar.com

હૂરિયો માત્ર હાર્દિકનો જ નહીં, દિગ્ગજોનો પણ બોલાયો છે

પંડ્યા બ્રધર્સના આ જુનિયરનો જ પ્રેક્ષકોએ હુરિયો બોલાવ્યો એવું નથી, ભૂતકાળમાં સચિન તેમ જ ગાવસકર અને કોહલીનો પણ વિરોધ થઈ ચૂક્યો છે

મુંબઈ ઇન્ડિયન્સની ટીમ આ વખતની ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માં પહેલી જે ત્રણ મૅચ રમી એમાં હાર્દિક પંડ્યાનો પ્રેક્ષકોએ જબરદસ્ત હુરિયો બોલાવ્યો. એ સારું નથી થયું. કેટલાક દિગ્ગજ ક્રિકેટરોએ લોકોને આવું ન કરવાની અપીલ કરી હતી. અમદાવાદમાં પ્રેક્ષકો માટે હાર્દિક 'ગદ્દાર' હતો કારણકે ગુજરાત ટાઇટન્સને તે શિખર પર લઈ ગયો અને પછી એ ટીમને છોડી દીધી એ ઘણા લોકોને નથી ગમ્યું. મુંબઈમાં કેટલાક લોકો તેને 'બગડેલો દીકરો' કહે છે અને રોહિત શર્માને 'પ્રિય પુત્ર' તરીકે ઓળખાવે છે અને કહે છે કે હાર્દિકે રોહિત પાસેથી કૅપ્ટન્સી છીનવી લીધી.

હાર્દિક પંડ્યા વડોદરાના પંડ્યા બ્રધર્સમાં જુનિયર છે. તે ૩૦ વર્ષનો છે અને તેનો ભાઈ કૃણાલ પંડ્યા ૩૩ વર્ષનો છે.

હાર્દિકને ફ્રેન્ચાઇઝી ક્રિકેટ કલ્ચર સાથે જોડાયેલી ક્ષત્રિઓ સાથે તથા વધતી જતી અસહિષ્ણુતાના પ્રતીક તરીકે ગણાવવામાં આવ્યો અને એટલે તેનું હૂટિંગ થયું હતું (તેનો હુરિયો બોલાવવામાં આવ્યો હતો). રવિવારે વાનખેડેમાં ૧૮,૦૦૦ બાળકોની હાજરીમાં દિલ્હી કૅપિટલ્સ સામે રમાયેલી મુંબઈ ઇન્ડિયન્સની મૅચ વખતે હાર્દિકનો કોઈ જ હુરિયો નહોતો બોલાવવામાં આવ્યો અને તેનો વિરોધ પણ નહોતો થયો. સદનસીબે, મુંબઈએ એ દિવસથી આ વખતની ટૂર્નામેન્ટમાં જીતવાનું શરૂ કરી દીધું.

હાર્દિકના કિસ્સાની ચર્ચા થઈ રહી છે ત્યારે ખાસ જણાવવાનું કે ભૂતકાળમાં ઘણા ક્રિકેટરોએ ટીમ બદલી હતી, પરંતુ ત્યારે પ્રેક્ષકોએ એ વિશે લેશમાત્ર પરવા નહોતી કરી. ક્રિસ ગેઇલ આઇપીએલમાં ચાર અલગ અલગ ટીમ વતી રમી ચૂક્યો છે, પરંતુ ક્યારેય ક્યાંય પણ તેનો હુરિયો નહોતો બોલાવવામાં આવ્યો. બીજી રીતે કહીએ તો તેણે હૂટિંગ જેવી સ્થિતિનો સામનો કરવાનો વખત આવ્યો જ નહોતો. હાર્દિક પણ જ્યારે આઠ વર્ષ સુધી મુંબઈ ઇન્ડિયન્સ વતી રમ્યા બાદ ગુજરાત ટાઇટન્સમાં જોડાયો અને ૨૦૨૨માં વાનખેડેમાં ગુજરાત વતી રમવા મેદાન પર ઊતર્યો ત્યારે પ્રેક્ષકોએ કોઈ જ નારાજગી નહોતી બતાવી.

ક્રિકેટમાં આંતર-ફ્રેન્ચાઇઝી હરીફાઈ હજી સુધી ફૂટબૉલ કે બાસ્કેટબૉલ જેવી નથી જોવા મળી. એ બે રમતોમાં ક્લબ કલ્ચરના ઉતાર-ચઢાવનો લાંબો ઇતિહાસ છે. મુંબઈના ક્રિકેટ ફૅન્સ દ્વારા પોતાના જ કૅપ્ટનનો હુરિયો બોલાવવો બહુ વિચિત્ર લાગી રહ્યું છે. ખાસ કરીને તે મુંબઈ ઇન્ડિયન્સના સુવર્ણ વર્ષોનો અતૂટ હિસ્સો રહી ચૂક્યો હતો એમ છતાં તેની સાથે આવું કરવામાં આવી રહ્યું છે. હાર્દિક એવો દુર્લભ ફાસ્ટ બોલિંગ ઑલરાઉન્ડર છે જેણે ભૂતકાળમાં પોતાની તાકાત પર ઘણી મૅચો જિતાડી હતી.

વાનખેડેએ તો આનાથી પણ ખરાબ સ્થિતિ જોઈ છે. સચિન તેન્ડુલકર ક્રિકેટ વિશ્વનું પ્રતીક છે એમાં બેમત નથી, પરંતુ તે એવો ખેલાડી છે જેની નફરત થઈ જ ન શકે. જોકે ૨૦૦૬માં ઇંગ્લૅન્ડ સામે જ્યારે તે ૨૧ બૉલમાં ફક્ત એક રન બનાવ્યા બાદ આઉટ થઈ ગયો હતો ત્યારે પ્રેક્ષકોએ તેનો હુરિયો બોલાવ્યો હતો.

જો તેન્ડુલકરની વિરુદ્ધ અસંતોષનો અવાજ ઉઠતો હોય તો હાર્દિક જેવા હાલ કોઈના પણ થઈ શકે. આમ પણ આજે ટ્રૉલિંગનો જમાનો છે. લોકો પળમાં આસમાન પર પહોંચાડી દે છે અને બીજી ક્ષણે નીચે પટકી દે છે. કોઈ પણ ખેલાડીને હીરોમાંથી ઝીરો બનાવવામાં વાર નથી લાગતી.

તેન્ડુલકરની ઘટનાના બે દશકા પહેલાં કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં પ્રેક્ષકોએ ઇંગ્લૅન્ડ સામેની ટેસ્ટમાં સુનીલ ગાવસકર પર સડેલા અને ગળેલા ફળ ફેંક્યા હતા. તેમણે ત્યારે ખૂબ ધીમી બૅટિંગ કરી હતી એ ઉપરાંત તેમને કપિલ દેવની જગ્યાએ કૅપ્ટન બનાવવામાં આવ્યા હતા એ લોકોને નહોતું ગમ્યું. જોકે ત્યારે વિશ્વકપની ચૅમ્પિયન ટીમના ખેલાડી હોવા બદલ ત્યારે તેઓ પ્રેક્ષકો અને ટીવી-દર્શકોના દિલોદિમાગ પર રાજ કરતા હતા. ઇંગ્લૅન્ડ સામેની એ ટેસ્ટ વખતે પ્રેક્ષકોએ 'નો કપિલ, નો ટેસ્ટ'ના સૂત્રો પોકાર્યા હતા. ગાવસકરે ત્યારે સોગંદ લીધા હતા કે તેઓ ફરી ઈડન ગાર્ડન્સમાં ટેસ્ટ રમવા નહીં આવે. તેઓ પોતાની એ વાત પર અડગ રહ્યા હતા. તેઓ ૧૯૮૭માં પાકિસ્તાન સામેની ટેસ્ટમાં નહોતા રમ્યા.

૨૦૧૩માં વાનખેડેમાં વિરાટ કોહલીનું સ્વાગત પણ 'ચીટર...ચીટર....'ના સૂત્રથી થયું હતું. કોહલીએ ત્યારે જવાબમાં કહેલું, 'એ નહીં ભૂલતા કે હું ભારત વતી પણ રમું છું.'

હાર્દિક પણ ભારત વતી રમે છે, પરંતુ એવું લાગી રહ્યું છે કે આઇપીએલની ૧૭મી સીઝનમાં રાષ્ટ્રીય ભાવનાઓ એક કોર રાખી દેવામાં આવી છે અને અલગ પ્રકારના જ ફૅન્સ ઊભા થયા છે. આઇપીએલને યુરોપિયન ફૂટબૉલ લીગની રાહે ડેવલપ કરવામાં આવી છે એટલે સંભવ છે કે એના કેટલાક ગુણ અને ગુણદોષ પણ અહીં ગ્રહણ કરવામાં આવે. ફૂટબૉલમાં તો હૂટિંગ સાવ સામાન્ય બાબત બની ગઈ છે. ભાગ્યે જ કોઈ ખેલાડી, માલિક, સરકાર કે જૂથ હૂટિંગથી બચી શકે છે. જો કોઈ પ્લેયર કટ્ટર હરીફ ક્લબની ટીમમાં સામેલ થાય ત્યારે તેનો હુરિયો બોલાવવામાં આવે છે. જોકે જ્યારે કોઈ ખેલાડી પોતાની નવી ક્લબને શરૂઆતમાં જ જિતાડે તો તેને હીરો બનતા વાર નથી લાગતી. એ જ પ્રમાણે, હાર્દિકને પણ મુંબઈ ઇન્ડિયન્સ વતી સારું પર્ફોર્મ કરશે તો તેને પણ ફરી લોકોનો પ્રેમ મળવા લાગશે. કોઈ પણ ગંભીર પરિસ્થિતિને મૅચની જીત કે ટ્રોફી બદલાવી શકે છે. હાર્દિક જો મુંબઈને સારો અંત અપાવશે તો પાછો હીરો બની જશે. જેમ ટી-૨૦ વર્લ્ડ કપમાં ટ્રૉલિંગ થયા બાદ વન-ડેના વિશ્વકપમાં સૌથી વધુ વિકેટ લેવા બદલ મોહમ્મદ શમી હીરો બની ગયો હતો એમ ઇતિહાસમાંથી આપણને આવી ઘણી ઘટનાઓ જાણવા મળી શકે એમ છે. મુંબઈની ક્રિકેટક્રેઝી જનતા એક દશકા સુધી સચિનને ચિયર-અપ કરતી રહી અને હજી પણ તેને પ્રેમ આપી રહી છે. એવું જ કોહલીના કિસ્સામાં પણ છે. ગાવસકર જ્યારે પણ કૉમેન્ટેટરના રૂપમાં ઈડન ગાર્ડન્સમાં પ્રવેશ કરે છે ત્યારે તેમનું તાળીઓથી સ્વાગત થાય છે. ■

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback.ladki@bombaysamachar.com

ઓહ ઉનાળો, આહ ઉનાળો પણ જરા સાચવજો !

આ ઋતુમાં શરીર સાજુમાજુ રહે એ માટે આપણે કેટલીક તો તકેદારી લેવી જ પડે...

ઉનાળો તો મૂળે આકરો હતો, એમાં ક્લાયમેટ ચેન્જ-આબોહવામાં થતાં ફેરફારને કારણે ઉનાળો હવે પહેલાંથી વધુ આકરો બન્યો છે. પહેલી નજરે લાગતી આ ગરમી કે તડકો એ માત્ર ગરમી નથી, પરંતુ આપણા માટે જીવનભર યાદ રહી જાય એવી આફતો નોતરી શકે છે, કારણ કે આ સમય સ્વાસ્થ્ય માટે પણ અત્યંત આકરો સાબિત થતો હોય છે, જે સમયમાં લૂ લાગવાથી લઈ સ્ટ્રોક આવવા સુધીની ગંભીર સમસ્યાઓના સૌથી વધુ કેસ બનતા હોય છે. બીજી તરફ, પુરુષને તો શિયાળો હોય કે ઉનાળો, એના કામ કે એની જવાબદારીઓમાં કોઈ ફરક આવવાનો નથી. એણે તો દોડ્યે જ રાખવાનું છે. આમ છતાં, આ સમયમાં એ કેટલીક તકેદારી રાખે એ અત્યંત મહત્ત્વનું છે.

આપણે અહીં એમ ચર્ચા નહીં કરીએ કે તમે સનસ્ક્રિન લોશન ચોપડીને બહાર નીકળજો કે ઉનાળામાં આવા કપડાં પહેરજો.. પરંતુ તો યે એણે ખાવા-પીવાને લઈને અમુક વાતનું વિશેષ ધ્યાન રાખવું પડશે.

જેમ કે પુરુષ મોટાભાગે ઘરેથી વહેલો નીકળે છે અને સાંજે મોડો ઘરે આવે છે તો દિવસ દરમિયાન પણ તે અહીંથી તહીં ફરતો રહે છે.આવા સમયે ક્યાં તો પુરુષ ઘરેથી જમવાનું નથી લઈ જતો અથવા તો તે ઘરનું લઈ ગયો હોય તો પણ બહાર કંઈ ને કંઈ તો ખાતો રહે છે.

એક ગાઈડલાઈનમાં સરકારે સુધ્ધાં કહ્યું છે કે ગરમીના દિવસોમાં બહારનું ખાવાનું ટાળવું, કારણ કે બહારનો ખોરાક વાસી હોય છે તેમજ તળેલો અથવા મસાલેદાર હોય છે. આ ખોરાકથી ગરમીના દિવસોમાં આસાનીથી તબિયત બગડી જતી હોય છે એટલે આ દિવસો દરમિયાન બહારનું ખાવાનું સદંતર ટાળવું.

એક હેલ્થ એક્સપર્ટ એમ પણ કહે છે કે પુરુષ મોટાભાગે કોઈ ને કોઈ વ્યસનનો બંધાણી હોય છે. ક્યાં તો એને માવા અને પાનમસાલા કે સિગારેટની ટેવ હોય છે. અથવા તો આલ્કોહોલ લેતો હોય છે, પરંતુ ગરમીના દિવસોમાં શરીરને હાઈડ્રેડ રાખવાની અત્યંત જરૂર હોય છે એટલે કે શરીરમાં પ્રવાહી પૂરતા પ્રમાણમાં રહે એ છે. વળી, ગરમીના સમયે શરીરની આંતરિક ક્રિયાઓમાં અત્યંત દબાણ સર્જાતું હોય છે. એવા સમયે કેફીન કે આલ્કોહોલ શરીર માટે અત્યંત ઘાતક સાબિત થઈ શકે છે માટે આ દિવસો દરમિયાન પુરુષોએ કોઈ પણ પ્રકારનું વ્યસન ટાળવું. આખરે જાત મહત્ત્વની છે. શોખ નહીં!

આ ઉપરાંત ડાયેટિશિયન-આહારશાસ્ત્રી એમ સલાહ આપે છે કે આ દિવસોમાં પાણી પીતા રહેવું. સાથે છાસ કે લીંબુપાણી જેવાં દ્રાવણનો પણ મારો ચલાવવો. આ દિવસોમાં ચા- કોફી પણ પીવું ટાળવું. જો કે , પુરુષ આ વાતને લઈને લઘરો હોય છે. ઘણી વાર તો સવારે ઘરેથી લીધેલી પાણીની બોટલ પણ અડધી જ પીધી હોય છે. આ પણ યોગ્ય નથી. ગરમી દરમિયાન શરીરમાં દિવસના બેથી ત્રણ લિટર પાણી ઠલવાવું જોઈએ. એમાં આળસ નહીં કરવાની. .

આખરે આ આપણી પોતાની જાત છે. આપણને આપણા સિવાય એને બીજું કોણ સુખી કરી શકવાનું ? અને આપણું સુખ આપણા સ્વાસ્થ્ય સાથે જ સંકળાયેલું છે.

ડાયેટિશિયનની બીજી સલાહ એ છે કે ઉનાળા

(જુઓ પાનું ૧૩) ▶▶

ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

A	B
લાગવડ	વળી જાય એવું
લકાકી	ઉતાવળ
લગબગ	ખેડાણ
લવચીક	વેલણ
લાટણે	ચળકાટ

ઓળખાણ પડી?

'સાત પગલાં આકાશમાં' અને 'અગનપિપાસા' જેવી યાદગાર નવલકથાના મૂઠી ઊંચેરા સર્જકની ઓળખાણ પડી? તેમને સંખ્યાબંધ પુરસ્કાર પ્રાપ્ત થયા હતા.

અ) વર્ષા અડાલજા બ) કુન્દનિકા કાપડિયા ક) ધીરુબહેન પટેલ ડ) હિમાંશી શેલત

ગયા વખતનો ઉકેલ

૧ પ્ર	ચા	૨ ર	ક		૩ ક્રા	ર્ય	૪ વા	હી	
થ		ઝ		૫ ભૂ	લ		સ્ત		૬ પ્ર
૭ મ	વા	ળ		ત		૮ અ	વ	૯ ન	તિ
દ		૧૦ પા	દ	પૂ	ર્તિ			૧૧ વ	ક્રિ
શી		ટ		ર્વ		૧૨ ધ	મા	લિ	યા
	૧૩ સા		૧૪ અ		૧૫ પ્ર	જા		કા	
૧૬ ઉ	દ	બો	ધ	ન		૧૭ ગ	ઢ		૧૮ ક્યા
ચ્ચા			ર		૧૯ ડા	રો		૨૦ હ	રે
૨૧ ર	ક	૨૨ મ		૨૩ પા	ય		૨૪ ખા	રે	ક
ણ		૨૫ નુ	ક	સા	ન	કા	ર	ક	

શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

૧	૨	૩	૪		૫		૬		૭
૮					૯	૧૦			
		૧૧		૧૨		૧૩			
				૧૪					૧૫
	૧૬		૧૭					૧૮	
૧૯					૨૦		૨૧		
૨૨					૨૩			૨૪	
૨૫				૨૬			૨૭		
		૨૮		૨૯					
૩૦						૩૧			

આડી ચાવી

૧. માનસન્માન કરવું તે (૬)
૬. દેવું, ઋણ (૩)
૮. ખીચોખીચ ભરેલું (૪)
૯. તિરાડ (૩)
૧૧. તોપનો આગળનો ભાગ (૩)
૧૩. પરદેશી, વિદેશી (૩)
૧૪. નકલી, તરકટ, રચના (૪)
૧૬. લક્ષ્મણે શૂર્પણખાનાં ----- કાપ્યાં (૪)
૧૮. મહિનો (૨)
૧૯. નસ (૨)
૨૧. શિખામણ, અભિપ્રાય, સુલેહ (૩)
૨૨. હિંદુઓની મરણ પછીની વિધિ (૪)
૨૩. કદમ, પગલું (૨)
૨૪. અહંકારી, ગૌરવયુક્ત (૨)
૨૫. દાણ ઉઘરાવનાર (૨)
૨૬. મૂરખો, રાભો (૨)
૨૭. કુંડાળું, વર્તુળ (૩)
૨૯. પહેલાંના યુદ્ધમાં વપરાતું વાહન (૨)
૩૦. મોટેભાગે ચા-કોફી -----માં આપે (૫)
૩૧. એકદમ તાજું (૪)

ઊભી ચાવી

૧. આભૂષણ, અલંકાર, શણગાર (૪)
૨. ભાવ (૨)
૩. જેમાં કાંઈક નવું રચવાનું હોય તેવું (૫)
૪. સઘળું, બધું (૩)
૫. બાતલ, નકામું (૨)
૬. પાસું, પડખું (૪)
૭. જે આવે તે ---- (૨)
૧૦. વરરાજા (૪)
૧૨. ચૂમી, બોસા, બચ્ચી (૩)
૧૫. સહન ન થાય એવું (૫)
૧૬. નાગરની પત્ની (૪)
૧૭. ટુકડા કરવા તે (૩)
૧૮. ન્યાલ, ભર્યુંપૂર્યું (૪)
૧૯. રસ પડે એવું (૫)
૨૦. ધોલ, આડા હાથની થાપટ (૪)
૨૬. નવરાત્રિમાં ગરબા- ----- ગવાય (૩)
૨૭. આવક (૩)
૨૮. નાશવંત (૨)

ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. પુરુષના એકમાત્ર પૌત્રની દાદીના સસરાની પત્ની પુરુષને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) કાકી બ) મમ્મી ક) મામી ડ) પત્ની

જાણવા જેવું

માનવ પ્રકૃતિમાં રસ એક સ્વભાવિક તત્ત્વ છે, કારણ કે સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણનું તે બંધારણ છે. સત્ત્વગુણનું વિશેષે ગૌણત્વ અને રજ, તમનું વિશેષે પ્રાધાન્ય હોય તેમાં શૃંગાર, હાસ્ય, કરુણ, વીર, રૌદ્ર, ભયાનક, અદ્‌ભુત, બીભત્સ એવા આઠ રસ છે અને સત્ત્વગુણનું વિશેષે પ્રાધાન્ય હોય તેમાં શાંત રસ એમ નવ રસ ગણાય છે.

સુડોકુ-૫૦૫૯

૩	૭						૯	૨
૯		૧	૨		૪	૩		૭
	૪	૨	૩		૫	૭	૬	
	૧	૭	૮		૯	૫	૪	
૧		૯	૭		૨	૪		૬
૭	૮						૩	૧

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

સુડોકુ-૫૦૫૮

૩	૪	૧	૬	૮	૭	૯	૨	૫
૭	૬	૯	૨	૫	૪	૧	૩	૮
૫	૨	૮	૯	૩	૧	૪	૭	૬
૪	૧	૬	૫	૭	૩	૨	૮	૯
૯	૮	૫	૧	૨	૬	૩	૪	૭
૨	૭	૩	૪	૯	૮	૬	૫	૧
૮	૯	૭	૩	૬	૨	૫	૧	૪
૧	૫	૨	૭	૪	૯	૮	૬	૩
૬	૩	૪	૮	૧	૫	૭	૯	૨

ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

આપેલા વાક્યમાં લોટ શેકી તૈયાર થતું પીણું સંતાઈને બેઠું છે એ શોધી કાઢો જોઉં. ઘણી વાર વખાણીએ તે જ વસ્તુ કે વ્યક્તિ ખરાબ નીવડે.

નોંધી રાખો

કદમ નાના ભલે રહ્યા, એને ખુલ્લા મેદાનમાં દોડતા રોકતા નહીં. મન ભરીને દોડવા દેજો, કારણ કે એકવાર બાળપણ પસાર થઈ જશે પછી જીવન બહુ ઝડપથી ભાગવા લાગશે.

માઈન્ડ ગેમ

ભારતના વિવિધ શહેરની અનેક આશ્ચર્ય પમાડતી ખાસિયતો છે. તમારે એ જણાવવાનું છે કે વિસ્તારની દ્રષ્ટિએ દેશનું સૌથી મોટું શહેર કયું છે?

અ) દિલ્હી ૨) બેંગ્લુરુ ૩) મુંબઈ ૪) વિશાખાપટ્ટનમ

ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

A	B
સોંગ	ઢોંગ
સોંગાડયા	રંગલો
સોકણ	લત લાગવી
સોપા	આસાન
સોઈ	વ્યવસ્થા

ગુજરાત મોરી મોરી રે
ભાભી

ઓળખાણ પડી?
સેરેના વિલિયમ્સ

માઈન્ડ ગેમ
પૃથ્વીરાજ કપૂર

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
તન

ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) પ્રતીમા પમાની (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) નીતા દેસાઈ (૮) ધીરેન્દ્ર ઉદ્દેશી (૯) ડૉ. પ્રકાશ કટકિયા (૧૦) ભારતી પ્રકાશ કટકિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) ભારતી બુચ (૧૩) પુષ્પા પટેલ (૧૪) વિભા મહેશ્વરી (૧૫) લજીતા ખોના (૧૬) મહેશ સંઘવી (૧૭) ખુશરૂ કાપડિયા (૧૮) મીનળ કાપડિયા (૧૯) જ્યોતી ખાંડવાલા (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) નિતીન જે. બજેરીયા (૨૩) વીણા સંપટ (૨૪) દિલીપ પરીખ (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૭) ભાવના કર્વે (૨૮) જગદીશ વલ્લભ ઠક્કર (૨૯) કલ્પના આશર (૩૦) સુનીતા પટવા (૩૧) રજનીકાંત પટવા (૩૨) અંજુ ટોલીયા (૩૩) શિલ્પા શ્રોફ (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) ઈનાક્ષી દલાલ (૩૬) હીના દલાલ (૩૭) રમેશ દલાલ (૩૮) રસીક જુઠાણી (ટોરન્ટો- કેનેડા) (૩૯) પુષ્પા ખોના (૪૦) પ્રવીણ વોરા (૪૧) કિશોર બી. સંઘરાજકા (૪૨) જયવંત પદમશી ચિખલ (૪૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૪) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૫) નયન ગિરીશ મિસ્ત્રી (૪૬) મહેન્દ્ર લોઢાવીયા (૪૭) નિખીલ બંગાળી મિસ્ત્રી (૪૮) એમીષી બંગાળી (૪૯) અલકા વાણી (૫૦) સુરેખ દેસાઈ (૫૧) નંદકિશોર સંજાણવાળા

પ્રફુલ કાનાબાર
feedback.ladki@bombaysamachar.com

ટૂંકી વાર્તા

તપસ્યા

ગંગાએ ગંગાજીનાં પવિત્ર જળમાં કોડિયામાં દીવો વહેતો મૂક્યો ત્યારે સૂર્યાસ્ત થઈ ચૂક્યો હતો. સેંકડો શ્રદ્ધાનાં દીપકો વહેતાં પાણીમાં લબૂક ઝબૂક થઈને ગંગાજીની શોભામાં વધારો કરી રહ્યા હતાં. ગંગા પણ તેણે મૂકેલા દીવાને પાણીમાં દૂર સુધી વહેતો જોઈ રહી હતી.

અચાનક પાછળથી આઠ દસ સાધુઓનું ટોળું હર હર ગંગેના નાદ કરતું પસાર થયું. ગંગા પાછળ ફરીને દરેક સાધુના ચહેરામાં વાલજીનો ચહેરો શોધવાની કોશિશ કરવા લાગી. વાલજી ગંગાનો પતિ હતો, જેણે સંજોગોવશાત ગંગા સાથે લગ્ન કર્યા હતાં. ગંગાને પરણવા તો જાન લઈને શહેરમાંથી રણજીત આવ્યો હતો, પરંતુ લગ્નની વિધિ શરૂ થાય તે પહેલાં વાવડ આવ્યા હતાં કે રણજીત પરણેલો છે અને તેની પત્ની અલગ રહે છે. માંડવામાં સોંપો પડી ગયો હતો. વડીલોએ રણજીતને ધમકાવીને સત્યની કબૂલાત કરવા માટે મજબૂર કરી દીધો હતો. આખરે જાન લીલા તોરણે પાછી ફરી હતી. હવે ગંગાનો હાથ કોણ પકડશે તેવી ચિંતાનું વાદળ માંડવામાં છવાઈ ગયું હતું. બરોબર તે જ સમયે વાલજીનો હાથ પકડીને તેનાં ફૈબાએ પરણવા બેસાડી દીધો હતો. બાળપણમાં જ માબાપનું છત્ર ગુમાવનાર વાલજીને તેનાં વિધવા ફૈબાએ જ મોટો કર્યો હતો. ફૈબામાં ઉપકાર તળે દબાયેલો વાલજી જાહેરમાં વિરોધ કરી શક્યો નહોતો. આમ તો ગંગા દેખાવડી પણ હતી, ન ગમવાનું ખાસ કારણ નહોતું પરંતુ ઓગણીસ વર્ષનો વાલજી અલગ માટીનો બનેલો હતો. પૂજાપાઠ અને ધર્મધ્યાનમાં જ તેનું કાયમ ધ્યાન રહેતું, સીમમાં આવેલા મહાદેવના મંદિરમાં જ તે કાયમ બેસી રહેતો અને સવાર-સાંજની આરતીપણ કરતો. ગામમાં સૌ તેને ભગત તરીકે જ ઓળખતાં. આવો ભગત અચાનક લગ્નનાં માંડવામાં ઝડપાઈ ગયો હતો!

આખરે ગંગાનાં લગ્નજીવનની એ પ્રથમ રાત આવી પહોંચી હતી જેને શહેરમાં લોકો 'સુહાગરાત' ના નામે ઓળખતા હોય છે... જેના વિશેનાં રંગીન સપનાં દરેક નવોઢાનાં મનમાં ઘરબાયેલા હોય છે. ગંગા ઢોલિયા ઉપર બેઠી હતી. તેને આખો ચહેરો ઘુંઘટથી ઢંકાયેલો હતો. વાલજી ચહેરા પર અકળ ભાવ સાથે સામે પડેલા લાકડાના સ્ટૂલ પર બેઠો હતો. બંને વચ્ચે મૌન પથરાયેલું હતું. ખાસ્સીવાર રાહ જોયા બાદ આખરે ગંગાએ જાતે જ ઘુંઘટ ખોલ્યો હતો. બંનેની આંખો મળી એટલે ગંગાએ જ વાલજી પ્રત્યેનો અહોભાવ દર્શાવતાં કહ્યું હતું... ''તમારો ઉપકાર હું જીવનભર નહીં ભૂલું. આજે તમે જો માંડવામાં મારો હાથ ન પકડ્યો હોત તો મારે તો ઝેર ખાવાનો વારો આવત. મારા બા- બાપુની આબરૂ પણ તમારે કારણે બચી ગઈ.''

વાલજી નીચું જોઈ ગયો. ક્યાંય સુધી બંને વચ્ચે મૌન પથરાયેલું રહ્યું હતું.

''શું વિચારો છો?'' ગંગાએ આખરે મૌન તોડતા પૂછ્યું હતું.

''ગંગા, માંડવામાં તો હું ફૈબાને નારાજ નહોતો કરી શક્યો...''

વાલજી શબ્દો ગોઠવવાનો પ્રયત્ન કરી રહ્યો હતો, પરંતુ તેમાં તેને સફળતા મળતી નહોતી.

''કેમ, મારામાં કાંઈ કહેવાપણું છે? ગંગાએ પૂછ્યું હતું.

''ના.. ગંગા તારામાં તો કાંઈ કહેવાપણું નથી. પરંતુ...''

''પરંતુ શું?'' ગંગા ચમકી હતી.' તેનું આશ્ચર્ય સાતમા આસમાને હતું

'' પરંતુ હું સંસારસુખ ભોગવવા માગતો જ નથી.'' વાલજીએ ધડાકો કર્યો હતો.

ગંગા પર રીતસરની વીજળી ત્રાટકી હતી. તેની આંખમાં આંસુ ઉભરાયાં હતાં.

ગંગાને વહેમ પણ પડ્યો હતો કે શરીરમાં હટ્ટોકટ્ટો દેખાતો વાલજી પુરુષમાં તો હશેને? ગંગાને વાલજી પ્રત્યે સ્ત્રીસહજ આકર્ષણ હતું તેથી તેણે ધીરજ રાખી હતી. ગંગાને વિશ્વાસ હતો સમય જતાં સૌ સારા વાના થશે.

વાલજી તો સ્પષ્ટતા કરીને અલગ પથારી કરીને ઘસઘસાટ ઊંઘી ગયો હતો. ગંગા આખી રાત ઓશીકા પર આંસુનો અભિષેક કરતી હતી. મળસકે વાલજી સીમમાં આવેલા મંદિર જઈને ધ્યાનમાં બેસી ગયો હતો. વાલજી બપોરે જમીને તરત મંદિર જવા નીકળી ગયો હતો. રાત્રે આરતી પછી જ ઘરે પરત આવ્યો હતો. દશેક દિવસ આ જ ક્રમ રહ્યો હતો. વાલજી ગંગા સામે નજર મિલાવવાનું અચૂક ટાળતો, કારણ કે આજીવન બ્રહ્મચર્ય પાળવા માટે તે કૃતનિશ્ચયી હતો.

જમાનો જોઈ ચૂકેલા ફૈબાની અનુભવી આંખે વાલજી દ્વારા થતી ગંગાની અવગણના પકડી હતી તેથી તેમણે ગંગાને પહેલ કરવાનું સૂચન કરતાં કહ્યું હતું...''ગંગા, વાલજીને મેં નાનેથી મોટો કર્યો છે. તેનામાં કાંઈ ખામી નથી. ધરમધ્યાનમાં તેનું ધ્યાન વધારે રહે છે, તેને કારણે...''

ફૈબા, મને તો કંઈ સમજાતું નથી.''

''ગંગા, તારા કિસ્સામાં તારે જ શરમ મૂકીને પહેલ કરવી પડશે.''

''પણ એ નહીં પલળે તો?'' ગંગાએ શરમાતાં શરમાતાં પૂછ્યું હતું.

''અરે ના તો શું પલળે?'' વિશ્વામિત્ર જેવા મહાન તપસ્વી પણ મેનકા સામે પલળી ગયા હતા. મેનકાને કારણે જ તેમનો તપોભંગ થયો હતો. વળી તું તો વાલજીની પત્ની છે, તારે તો તારા અધિકાર માટે જ પ્રયત્ન કરવાનો છે. તેમાં કાંઈ જ ખોટું નથી.''

વાલજી બહારથી આવ્યો એટલે ફૈબાએ વાત બદલતાં કહ્યું હતું...'' વાલજી, તું ધરમધ્યાન કરે છે ઘણી સારી વાત છે, પણ ઘરમાં હવે તારી જવાબદારી વધી છે, આ રૂપાળી ગંગાનું ધ્યાન રાખવાનું પણ તારી ફરજમાં આવે છે.''

વાલજી ચમક્યો હતો, ''ફૈબા, તેણે મારી કાંઈ ફરિયાદ કરી?''

''ના,વાલજી, એ તો બિચારી સાવ રાંક છે, કોઈ ફરિયાદ કરે તેવી નથી.''

તે રાત્રે ગંગાને અને વાલજીને નિરવ એકાન્ત મળે તે હેતુંથી ફૈબા બહાર પરસાળમાં ઊંઘવાને બદલે ઘાબા પર જતાં રહ્યાં હતાં.

ગંગાએ પણ સોળ શણગાર સજીને વાલાજીને પામવા માટે બીડું ઝડપ્યું હતું.

વાલજી તેના નિત્યક્રમ મુજબ ધાર્મિક પુસ્તક લઈને વાંચવામાં મશગૂલ થઈ ગયો હતો.

વાલજીનું ધ્યાન તેના તરફ પડે તે માટે ગંગાએ હાથમાં પહેરેલી કાચની બંગડીઓનો રણકાર કર્યો હતો.

વાલજીનું ધ્યાન ગંગા તરફ પડ્યું. તે પુસ્તક મૂકીને દરવાજો ખોલીને બહાર જવા ગયો, પરંતુ ગંગા તેને પાછળથી વળગી પડી હતી. વાલજી માટે તે ક્ષણ ખૂબ જ કપરી હતી,પરંતુ વાલજી વિશ્વામિત્ર કરતાં પણ વધારે મક્કમ નીકળ્યો હતો અને પોતાનો તપોભંગ થતો રોકવા માટે તે જ દિવસે ગામ છોડીને ગાયબ થઈ ગયો હતો. વાલજી ચિઠ્ઠી મૂકતો ગયો હતો જેમાં તેણે સંસાર છોડવાની પણ જાહેરાત કરી દીધી હતી. આમ આખા ગામમાં 'ભગત' તરીકે ઓળખાતો વાલજી સાચા અર્થમાં 'ભગત' સાબિત થયો હતો! ફૈબાને ખૂબ જ આઘાત લાગ્યો હતો અને પેરેલિસિસના એટેકને કારણે તે બિલકુલ પથારીવશ થઈ ગયાં હતાં.

સમયનું ચક્ર ફરતું ગયું ચૌદ વર્ષ વીતી ગયાં. આટલા વર્ષે તે ભગવાન રામનો વનવાસ પણ પૂરો થઈ ગયો હતો, પરંતુ વાલજીનાં કોઈ વાવડના ન્હોતાં. ગંગાએ આટલાં વર્ષોમાં રામાયણ, મહાભારત, વિષ્ણુપુરાણ તથા અનેક ગ્રંથો વાંચ્યા હતાં. ગંગાનું ધાર્મિક જ્ઞાન હવે એવા લેવલ પહોંચી ગયું હતું કે જીવનમાં સંઘર્ષમાં ઝઝૂમવા માટેની નૈતિક હિંમતની જરૂર તેને બહાર ક્યાંય લેવા જવું પડે તેમ નહોતું. બલ્કે ધાર્મિક ગ્રંથોમાં તેના માનસપટ પર જે પાત્રો ઊભરીને આવ્યાં હતાં તેમને જ ગંગાએ આત્મસાત્ કરી લીધા હતાં! ગંગા ખરા દિલથી ફૈબાની ચાકરી કર્યે જતી હતી. આખરે એક દિવસ ફૈબાનું અવસાન થયું હતું તેમની અંતિમ ઈચ્છા પૂરી કરવા ગંગા અસ્થિવિસર્જન માટે હરિદ્વાર પહોંચી ગઈ હતી. ગંગાજીમાં શ્રદ્ધાદીપક મૂકતી વખતે ગંગાને એકાએક વાલજી યાદ આવ્યો હતો. ગંગાએ વાલજીના લાંબા આયુષ્ય માટે ગંગાજીને પ્રાર્થના કરી હતી, કારણ કે ગમે તેમ તોય ગંગા ભારતીય નારી હતી! સાધુઓનું ટોળું પસાર થઈ ગયા બાદ ગંગાના મનમાં પાણીમાં ઊભરતાં વમળોની જેમ જ પ્રશ્નોનાં વમળો ઉભરાવા લાગ્યાં હતાં. આ કોઈ સાધુને તેમના પરિવારના સભ્યોની યાદ નહીં આવતી હોય? સંસારની જવાબદારી છોડીને સાધુ થવું તે પલાયનવાદ નથી? ગંગાનાં મનમાં સવાલો અનેક હતા, પરંતુ જવાબ એક પણ નહોતો. આખરે ગંગા ચાલતી ચાલતી થાકીને ઊભી રહી ગઈ. સામે જ એક આશ્રમ હતો જેના મેદાનમાં ઊંચા આસને એક યુવાન સાધુ ધ્યાનમાં બેઠા હતા. ઘણાં સ્ત્રીપુરુષો તેમને વંદન કરીને લાઈનમાં બહાર આવી રહ્યાં હતાં, તમામ લોકો બહાર નીકળી ગયા બાદ ગંગા ધીમા પગલે આગળ વધી. સાધુનો ચહેરો ધ્યાનથી જોયા પછી ગંગાના મનમાં ટાઢક થઈ. હા તે વાલજી જ હતો જે વંદનીય બની ચૂક્યો હતો!

ધૂપસળીની પવિત્ર સુવાસ આશ્રમના વાતાવરણને વધારે પવિત્ર કરી રહી હતી. ગંગા ધ્યાનમાં બેઠેલા વાલજીને નિરખી રહી. અખંડ બ્રહ્મચર્યનું તેજ વાલજીના ચહેરા પર જગારા મારતું હતું. કાળી વધેલી દાઢીને કારણે તેની પ્રતિભા મહાત્મા બનીને ઊભરી આવી હતી! આશ્રમમાંથી તમામ માણસો બહાર નીકળી ગયા હતા. ગંગા વાલજીની સામે જ નીચે પાથરેલાં પાથરણાં પર બેસી ગઈ અને વાલજી આંખ ખોલે તેની રાહ જોવા લાગી.

આખરે વાલજીએ આંખ ખોલી. વાલજીની આંખની અલૌકિક ચમક કોઈ પણ સંસારી જીવને પ્રભાવિત કરવા માટે સમર્થ હતી.

''હું ગંગા'' ગંગાએ સજળનેત્રે કહ્યું.

વાલજીએ હકારમાં માથું હલાવ્યું. ગંગાનાં મનમાં ફરીથી સાધુજીવન પર પ્રશ્નો ઉદ્‌ભવવા લાગ્યા. પતિ-પત્નીનું વર્ષો પછીનું મિલન જાણે કે ગૃહસ્થાશ્રમ અને સન્યસ્તાશ્રમ વચ્ચે યુદ્ધનું રણશિંગું ફૂંકી રહ્યું હતું!

''ફૈબાનાં અસ્થિ ગંગાજીમાં પધરાવવા માટે આવી છું.'' ગંગાએ માહિતી આપી.

''હરિ ઓમ...હરિ ઓમ''વાલજીએ નિર્લેપ ભાવે કહ્યું. વાલજીના ચહેરા પર ગ્લાનિનો કોઈ જ ભાવ દેખાતો નહોતો.

''તમને દુ:ખ ન થયું?'' ગંગાથી પુછાઈ ગયું.

''સંસારનો ત્યાગ કર્યા પછી સાધુ તરીકે આ મારો પુનર્જન્મ છે. સાચો સાધુ હંમેશાં સુખદુ:ખથી પર હોય છે.''

ગંગા આશ્ચર્યથી વાલજીને તાકી રહી હતી.

''મારે કોઈ સંસારી જીવ સાથે કોઈ જ જાતની લેવાદેવા નથી.''વાલજીના ચહેરા પર સ્મિત રમી રહ્યું હતું.

''તમે સંસારનો ત્યાગ કર્યો છે તે પલાયનવાદ ન કહેવાય?'' ગંગાએ તેના મનમાં રમતો પ્રશ્ન વહેતો મૂક્યો.

''ના, મેં નિ:સ્વાર્થભાવે હિમાલયમાં જઈને તપ કર્યું છે જેના ફળસ્વરૂપે આજે હું આ પડાવ પર બેઠો છું.''

''આ પડાવ એટલે આશ્રમ જ ને?... જ્યાં તમને દરરોજ હજારો માણસો વંદન કરે છે.''

''આ આશ્રમ મારા ગુરૂજી મને સોંપતા ગયા છે. જે લોકો મારા પગમાં પડે છે તેમની સાથે મારે કોઈ લેવાદેવા નથી. હું મારી ભક્તિથી સહેજ પણ વિચલિત થતો નથી... હું તો બસ નિ:સ્વાર્થભાવે તપ કરતો રહું છું''

ગંગા વિચારમાં પડી ગઈ. તેનું મન વાલજીની દલીલને સ્વીકારવા તૈયાર ન્હોતું.

''તમે જે તપ કરો છો તે નિસ્વાર્થભાવે કઈ રીતે કહેવાય?કારણ કે તમે તમારા આત્માના કલ્યાણ માટે તપ કરો છો... નિસ્વાર્થભાવે તો મેં મારા પતિની મા સમાન ફૈબાની વર્ષો સુધી ચાકરી કરી છે અને તે પણ પતિની હાજરી વગર... હું પણ જવાબદારીમાંથી છટકી શકી હોત, પરંતુ મારો અંતરાત્મા મને સતત સમજાવતો હતો કે માનવધર્મ જ શ્રેષ્ઠ ધર્મ છે.''

ધૂપસળીની પવિત્ર સુવાસ વચ્ચે ભારેખમ મૌન છવાઈ ગયું.

વાલજી મહારાજ પાસે શબ્દો ખૂટી પડ્યા હતા તેથી તેઓ ફરીથી ધ્યાનમાં બેસી ગયા.

ગૃહસ્થાશ્રમમાં રહીને પણ સેવા દ્વારા તપસ્યા કરી શકાય છે, તે ગંગાએ સાબિત કરી બતાવ્યું હતું ઈશ્વરે આટલાં વર્ષો બાદ ગંગાને તેના પતિને સત્યવચન કહેવાની જે તક આપી હતી તે પણ કદાચ તેની તપસ્યાનું જ ફળ હતું! ■

કથા કોલાજ (૧૧મા પાનાનું ચાલુ)

ખરી, પણ એમની સાથે મેચ કરવું અઘરું. અમે રિહર્સલ કરીએ ત્યારે એ કંઈ જુદું જ કરે અને પછી શોર્ટમાં કંઈ અલગ જ સ્ટેપ કરે... હું ગૂંચવાઈ જાઉં એટલે એ હસે! મને કહે, 'હું કંઈ તારી જેમ ટ્રેઈન્ડ ડાન્સર નથી. હું તો મનમાં આવે તે કરું!' પરંતુ, ધીરે ધીરે અમારા સ્ટેપ મેચ થઈ ગયાં. એમણે મને લિપ સિંક શીખવાડ્યું. હું એટલી નાની હતી કે ગીતાજી મને કહેતા, 'તું અમને ચાચા અને ચાચી કહીને બોલાવ!' મને બહુ ઓડ લાગતું... જે હીરો સાથે હું રોમેન્ટિક ગીત ગાતી હોઉં એને ચાચા કઈ રીતે કહું!

અમારી ફિલ્મનો વિલન સિધ્ધુને હું બહુ ગમતી નહીં. એને કદાચ 'દિલ દે કે દેખો'માં સાધના કાસ્ટ થાય એવી ઈચ્છા હતી. એ મારી સાથે ભાગ્યે જ વાત કરતા, પરંતુ મને એનાથી ખાસ તકલીફ નહોતી થતી કારણ કે, બાકીની કાસ્ટ અને યુનિટ, ખાસ કરીને શમ્મીજી અને ગીતાજીએ મને ખૂબ સપોર્ટ કર્યો. નાસિર સાહેબે પણ મને બહુ શીખવ્યું. 'દિલ દે કે દેખો'નું પ્રીમિયર બોમ્બેના નોવેલ્ટી સિનેમામાં યોજાયું. શો પછી ઓડિયન્સ પાગલ થઈ ગયું. હું ભાગી જવા માગતી હતી, પણ શમ્મીજીએ મને હાથ પકડીને રોકી અને કહ્યું, 'ફેનથી ભાગવાનું નહીં. હવે તો તારે આની ટેવ પાડવી પડશે!'

બીજી ઓક્ટોબર, ૧૯૫૯-મારા ૧૭મા જન્મદિવસે 'દિલ દે કે દેખો' એક સુપરહિટ ફિલ્મની મને ભેટ મળી. હું ઈશ્વર પાસે આનાથી વધુ સારી ભેટ માગી શકું એમ નહોતી. બીજા દિવસનાં અખબારોમાં અનેક રિવ્યૂ છપાયા હતા, પણ એક રિવ્યૂ મને સ્પર્શી ગયો 'એક સ્ટારનો જન્મ થયો છે'... આ વાંચીને વિજય ભટ્ટ સાહેબે કહેલી વાત મારા મનમાંથી નીકળી ગઈ અને મારી મમ્મીએ જે કહ્યું હતું એ વાત મેં જીવનભર યાદ રાખવાનું નક્કી કર્યું, 'જે થાય છે તે સારા માટે જ થાય છે'.

(ક્રમશ:)

મેલ મેટર્સ (બારમા પાનાનું ચાલુ)

દરમિયાન અનાજ કે ભારે ખોરાક ઓછો ગ્રહણ કરો. એની જગ્યાએ હળવો ખોરાક દિવસમાં થોડા થોડા અંતરે લેતા રહો. એમાં ય ઉનાળાનાં ફળ જેવા કે તરબૂચ, જાંબુ, તાડગિલ્લી, ચીકુ કે કેરીને પોતાના ખોરાકમાં વધુ સામેલ કરો, જેથી શરીરની આંતરિક સિસ્ટમ અત્યંત સરસ રીતે ચાલે, શરીરમાં ઠંડક રહે અને તમે એકદમ તરોતાજા રહો.

બાકી વર્ષનો આ અત્યંત કપરો સમય ચાલે છે. એમાં જરા સરખી બેદરકારી આપણે માટે મોટી સમસ્યા ઊભી કરી શકે છે માટે આપણું સ્વસ્થ રહેવું પણ અત્યંત આવશ્યક છે. ■

વાનખેડેમાં વિરાટનો વટ કે હિટમૅન બનશે સુપરહિટ?

આજે સાંજે ૭.૩૦ વાગ્યાથી ટક્કરઃ મુંબઈ સામેના છેલ્લા પાંચ મુકાબલામાં બેન્ગલૂરુ ૪-૧થી આગળ

મુંબઈઃ વાનખેડે સ્ટેડિયમમાં સોમવારે મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)એ દિલ્હી કૅપિટલ્સને હરાવીને આ સીઝનમાં જીતવાની શરૂઆત તો કરી દીધી, પણ ગુરુવારે (આજે સાંજે ૭.૩૦ વાગ્યાથી) હાર્દિક પંડ્યા ઍન્ડ કંપનીએ રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુ (આરસીબી)નો મુકાબલો કરવાનો છે અને એ ટીમમાં અનેક એવા સ્ટાર્સ ખેલાડીઓ છે જેમાંના કેટલાકે આ વખતે ખૂબ સારું પર્ફોર્મ કર્યું હોવાથી એ ફૉર્મ વાનખેડેમાં પણ જાળવી શકે એમ છે. બીજી તરફ, આરસીબીમાં એવા પણ કેટલાક છે જેમણે હજી અસલી પરચો બતાડ્યો નથી એટલે એમઆઇએ કેમેય કરીને તેમને કાબૂમાં રાખવા જ પડશે.

બુધવારની ગુજરાત ટાઇટન્સ અને રાજસ્થાન રૉયલ્સ વચ્ચેની મૅચ પહેલાં વિરાટ કોહલી કુલ ૩૧૬ રન સાથે આ સીઝનના તમામ બૅટર્સમાં મોખરે હતો અને એકમાત્ર તેના નામે સેન્ચુરી હતી. મુંબઈએ વાનખેડેમાં સૌથી વધુ વિરાટથી ચેતવાનું છે અને તે સસ્તામાં આઉટ થઈ જાય એવી વ્યૂહરચના બનાવવી પડશે. યાદ રહે, આરસીબીની પાંચ મૅચમાં કિંગ કોહલીના સ્કોર્સ આ મુજબના છેઃ ૨૧, ૭૭, ૮૩*, ૨૨ અને ૧૧૩*.

બીજી તરફ, હિટમૅન તરીકે જાણીતો રોહિત શર્મા વાનખેડેમાં રાજસ્થાન રૉયલ્સ સામેના ગોલ્ડન ડક (પ્રથમ બૉલમાં આઉટ) બાદ પાછો ફૉર્મમાં આવી ગયો છે અને રવિવારે દિલ્હી સામે તેના ૪૯ રન મુંબઈની ટીમને ખૂબ કામ લાગ્યા હતા. બન્ને હરીફ ઓપનરો (રોહિત અને કોહલી)માંથી કોણ સારું રમશે એ રસાકસી જોવા જેવી હશે. રોહિત મુંબઈનો અને કોહલી બેન્ગલૂરુનો ભૂતપૂર્વ કૅપ્ટન છે. રોહિતને લૉકી ફર્ગ્યુસ, મોહમ્મદ સિરાજ, યશ દયાલ, રીસ ટૉપ્લી કે બીજો કોઈ બોલર કન્ટ્રોલમાં રાખવા કોશિશ કરશે, જ્યારે કોહલીને ન્યૂ બૉલ બોલર જસપ્રીત બુમરાહ નિશાન બનાવી શકે.

આરસીબીનો કૅપ્ટન ફાફ ડુ પ્લેસી પણ ફૉર્મમાં આવી ગયો છે એટલે તેની અને કોહલીની જોડીને વહેલાસર તોડવા મુંબઈના બોલર્સ કમર કસશે. ગ્લેન મૅક્સવેલ, કૅમેરન ગ્રીન અને રજત પાટીદાર હજી અસલ મિજાજમાં નથી રમ્યા. જોકે બેન્ગલૂરુની ટીમ પાંચમાંથી ચાર મૅચ હારી ચૂકી હોવાથી હવે તેમણે ક્લિક થવું જ પડશે.

મુંબઈના બીજા મુખ્ય બોલર્સમાં ખુદ હાર્દિક પંડ્યા, આકાશ મઢવાલ, પીયૂષ ચાવલા, જેરાલ્ડ કૉએટ્ઝી, કુમાર કાર્તિકેય, ક્વેના મફાકા, મોહમ્મદ નબી, નુવાન થુશારા, શમ્સ મુલાની અને રોમારિયો શેફર્ડ સામેલ છે. અર્જુન તેન્ડુલકરને રમવાની તક મળશે કે કેમ એ જોવું રહ્યું.

સૂર્યકુમાર યાદવ રવિવારે દિલ્હી સામે પોતાના બીજા જ બૉલમાં આઉટ થઈ ગયો હતો, પણ કમબૅકને તે હવે આરસીબી સામે સફળ બનાવશે કે કેમ એ તેની ફિટનેસ અને બૅટિંગ પ્રૅક્ટિસ પર નિર્ભર છે. મુંબઈની સ્ક્વૉડમાં ઇશાન કિશન, ટિમ ડેવિડ, ડેવાલ્ડ બ્રેવિસ, રોમારિયો શેફર્ડ, તિલક વર્મા ઉપરાંત નમન ધીર અને નેહલ વઢેરાનો પણ સમાવેશ છે.

મુંબઈ અને બેન્ગલૂરુ, બન્ને ટીમ આ સીઝનમાં હજી માત્ર એક-એક મૅચ જીતી હોવાથી તેઓ હવે બીજા વિજયની તલાશમાં છે. બેન્ગલૂરુનો મુંબઈ સામે છેલ્લી પાંચ મૅચમાં બહુ સારો રેકૉર્ડ છે. પાંચમાંથી ચાર બેન્ગલૂરુ અને એક મુંબઈ જીત્યું છે.

એકંદરે ૩૨ મૅચમાંથી મુંબઈની ટીમ ૧૮ અને બેન્ગલૂરુની ટીમ ૧૪ મૅચ જીતી છે એટલે મુંબઈનો હાથ ઉપર છે. ■



જસપ્રીત બુમરાહ આઇપીએલમાં વિરાટ કોહલીને ચાર વખત આઉટ કરી ચૂક્યો છે.

ત્રણ મહિનામાં મેં ત્રણ ઈજા સહન કરીઃ સૂર્યકુમાર યાદવ

મુંબઈઃ ટી-૨૦ ઇન્ટરનૅશનલના વર્લ્ડ નંબર-વન બૅટર સૂર્યકુમાર યાદવે કહ્યું છે કે 'છેલ્લા ત્રણ મહિનામાં મેં ત્રણ ઈજા સહન કરી છે. સ્પોર્ટ્સ હર્ણિયા, પગની ઘૂંટી અને જમણા ઘૂંટણને કારણે મેં ઘણું ગુમાવ્યું છે. સર્જરી બાદ હવે ફરી ફિટ થઈને હું પાછો મેદાન પર આવી શક્યો છું. મને મારી પત્નીનો અને એનસીએના નિષ્ણાતોનો પણ ખૂબ સપોર્ટ મળ્યો છે. સમયસર સૂવાનું, યોગ્ય ડાયટ ફૉલો કરવાનું વગેરે બાબતો પર મેં ખાસ ધ્યાન આપ્યું હતું.' ■

સૅમસન-પરાગની ૧૩૦ રનની ભાગીદારી, રાજસ્થાનના ત્રણ વિકેટે ૧૯૬ રન

જયપુરઃ અહીં સાંજે ગુજરાત ટાઇટન્સ સામે મૅચની શરૂઆત પહેલાં નજીવો વરસાદ પડ્યા બાદ રાજસ્થાન રૉયલ્સના કૅપ્ટન સંજુ સૅમસન (૬૮ અણનમ, ૩૮ બૉલ, બે સિક્સર, સાત ફોર) અને રિયાન પરાગ (૭૬ રન, ૪૮ બૉલ, પાંચ સિક્સર, ત્રણ ફોર)ની ભાગીદારીએ એવી તો ધમાલ મચાવી કે જાણે સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં વાવાઝોડું ત્રાટક્યું હતું.

રાજસ્થાન રૉયલ્સે બૅટિંગ મળ્યા પછી ૨૦ ઓવરમાં ત્રણ વિકેટે ૧૯૬ રન બનાવીને શુભમન ગિલની ટીમને ૧૯૭ રનનો પડકારરૂપ લક્ષ્યાંક આપ્યો હતો.

ઓપનર યશસ્વી જયસ્વાલ (૨૪ રન, ૧૯ બૉલ, પાંચ ફોર) ટૂંકી આક્રમક ઇનિંગ્સ જરૂર રમ્યો, પણ અસલ ફૉર્મમાં ફરી એકવાર નહોતો જોવા મળ્યો. સાથી-ઓપનિંગ બૅટર જૉસ બટલર (૧૦ બૉલમાં આઠ રન) અને યશસ્વી વચ્ચે માત્ર ૩૨ રનની પાર્ટનરશિપ થઈ શકી હતી. યશસ્વી પાંચમી ઓવરમાં ઉમેશ યાદવના મિડલ તથા ઑફ સ્ટમ્પ પરના બૉલમાં સ્કૂપ મારવાના પ્રયાસમાં વિકેટકીપર મૅથ્યૂ વેડને કૅચ આપી બેઠો હતો. ત્યાર બાદ બટલરે રાશિદ ખાનના બૉલમાં સ્લિપમાં રાહુલ તેવાટિયાને કૅચ આપી દીધો હતો. જોકે ૪૨મા રને એ વિકેટ પડી ત્યાર બાદ સૅમસન અને પરાગ રાજસ્થાનની ટીમના ઇતિહાસની મિડલ ઑર્ડરની શ્રેષ્ઠ ભાગીદારીઓમાં કહી શકાય એવી ૧૩૦ રનની ભાગીદારી કરી હતી અને ટીમના સ્કોરને ૧૭૦-પ્લસ પર પહોંચાડી દીધો હતો. ૧૭૨ રને પરાગ બાઉન્ડરી લાઇન નજીક વિજય શંકરના જગલિંગ ઍક્ટમાં કૅચઆઉટ થયો હતો. શંકરે કૅચ પકડ્યો હતો, પણ સમતોલપણું ગુમાવી બેઠો હતો, જગલિંગ ઍક્ટમાં તે લાઇનની બહાર ગયો અને પાછા અંદર આવીને કૅચ કમ્પ્લીટ કર્યો હતો.

પરાગની વિકેટ બાદ સૅમસન અને હેટમાયર (૧૩ અણનમ, પાંચ બૉલ, એક સિક્સર, એક ફોર) વચ્ચે ૨૪ રનની અતૂટ પાર્ટનરશિપ થઈ હતી.

ગુજરાતના બોલર્સમાં ઉમેશ, રાશિદ અને મોહિતને એક-એક વિકેટ મળી હતી. ■

ઑલરાઉન્ડર નીતિશ રેડ્ડીનો અનોખો રેકૉર્ડ

મુલ્લાનપુરઃ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) ૨૦૦૮ની સાલથી રમાય છે અને દરેક સીઝનમાં એવા અનેક ખેલાડીઓ રમી ચૂક્યા છે જેમણે તેમની એ સીઝન પહેલાં પોતાના દેશ વતી એક પણ મૅચ નહોતી રમી. ટૂંકમાં, પોતાના રાષ્ટ્ર વતી આંતરરાષ્ટ્રીય મૅચ ન રમ્યા હોય, પણ આઇપીએલમાં ચમક્યા હોય એવા ખેલાડીઓની યાદી બહુ લાંબી છે. આંતરરાષ્ટ્રીય મૅચ ન રમવા છતાં આઇપીએલમાં રમ્યા હોય એવા ખેલાડી અનકૅપ્ડ પ્લેયર તરીકે ઓળખાય છે. હૈદરાબાદના બૅટર અભિષેક શર્માએ મંગળવારે આઇપીએલમાં ૧,૦૦૦મો રન બનાવીને સનરાઇઝર્સ હૈદરાબાદ વતી આટલા રન કરનાર પ્રથમ અનકૅપ્ડ પ્લેયર બન્યો હતો.

હૈદરાબાદની જ ટીમના આંધ્ર પ્રદેશના ૨૦ વર્ષીય ઑલરાઉન્ડર નીતિશ કુમાર રેડ્ડીએ તેનાથી પણ ચડિયાતો વિક્રમ કર્યો છે. મંગળવારે તેણે ૬૪ રન બનાવ્યા અને ત્યાર પછી જિતેશ શર્માની વિકેટ લીધી હતી અને પ્રભસિમરન સિંહનો કૅચ પણ પકડ્યો હતો.

નીતિશ રેડ્ડી આઇપીએલનો એવો પ્રથમ અનકૅપ્ડ પ્લેયર (એકેય આંતરરાષ્ટ્રીય મૅચ ન રમેલો ખેલાડી) છે જેણે એક જ મૅચમાં હાફ સેન્ચુરી ફટકારવા ઉપરાંત એક વિકેટ લીધી અને એક કૅચ પણ પકડ્યો.

એટલું જ નહીં, ૨૦ વર્ષ અને ૩૧૯ દિવસની ઉંમરનો નીતિશ રેડ્ડી આઇપીએલમાં સૌથી નાની ઉંમરે હાફ સેન્ચુરી ફટકારનાર બીજા નંબરનો ખેલાડી છે. પ્રિયમ ગર્ગ (૧૯ વર્ષ, ૩૦૭ દિવસ) આ રેકૉર્ડ-બુકમાં યંગેસ્ટ છે. ■

હૈદરાબાદને જિતાડનાર નીતિશ રેડ્ડીની સર્વત્ર વાહ...વાહ

આ યુવાન ઑલરાઉન્ડરની કરીઅર માટે તેના પિતાએ નોકરી છોડી હતી

મુલ્લાનપુરઃ સનરાઇઝર્સ હૈદરાબાદની ટીમ આઇપીએલના ઇતિહાસમાં સૌથી વધુ ૨૭૭/૩નો સ્કોર નોંધાવનારી ટીમ છે અને એની પાસે અનેક સ્ટાર બૅટર્સ છે. જોકે મંગળવારે પંજાબ કિંગ્સ સામે આ ટીમની હાલત કફોડી હતી. પંજાબે બૅટિંગ આપ્યા પછી હૈદરાબાદની ટીમે ૨૭મા રને બે ટ્રેવિસ હેડ અને એઇડન માર્કરમની વિકેટ ગુમાવી હતી અને પછી ૬૫મા રન સુધીમાં અભિષેક શર્મા તથા રાહુલ ત્રિપાઠી પણ આઉટ થઈ ગયા હતા. જે સૌથી ડેન્જરસ મનાતો હતો એ હિન્રિચ ક્લાસેન ૧૦૦ રનના ટીમ-સ્કોર પર આઉટ થઈ જતાં હૈદરાબાદની ઇનિંગ્સના અંતની ઘડીઓ ગણાવા લાગી હતી. જોકે ચોથા નંબર પર બૅટિંગ કરવા આવેલા નીતિશ કુમાર રેડ્ડી (૬૪ રન, ૩૭ બૉલ, પાંચ સિક્સર, ચાર ફોર)એ ટીમની આબરૂ બચાવી હતી. તેની હાફ સેન્ચુરી તેમ જ પચીસ રન બનાવનાર અબ્દુલ સામદ સાથેની ૫૦ રનની ભાગીદારીને લીધે હૈદરાબાદને ૧૮૨/૯નો પડકારજનક સ્કોર મળી શક્યો હતો. નીતિશે પછીથી પંજાબના જિતેશ શર્માની વિકેટ લીધી હતી અને પ્રભસિમરન સિંહનો કૅચ પણ પકડ્યો હતો.

વાત એમ છે કે ઑલરાઉન્ડ પર્ફોર્મન્સથી હૈદરાબાદને ગમે એમ કરીને પંજાબ સામે વિજય અપાવનાર ૨૦ વર્ષના નીતિશ રેડ્ડીના અંગત જીવન વિશે ભાગ્યે જ કોઈ જાણતું હશે.

૨૦૨૩માં સનરાઇઝર્સ હૈદરાબાદના ફ્રૅન્ચાઇઝીએ નીતિશ રેડ્ડીને માત્ર ૨૦ લાખ રૂપિયાની મૂળ કિંમતે ખરીદ્યો હતો. તેના મિત્રો અને આંધ્ર પ્રદેશના સાથી ખેલાડીઓ નીતિશ કુમાર રેડ્ડીને એનકેઆરના ટૂંકા નામે બોલાવતા હોય છે. આંધ્ર પ્રદેશના કૅપ્ટન અને ઑલરાઉન્ડર હનુમા વિહારીએ નીતિશ માટે એક્સ (ટ્વિટર) પર લખ્યું છે, 'નીતિશ સાધારણ બૅકગ્રાઉન્ડમાંથી આવે છે. તેના પિતાએ તેની કરીઅર માટે થઈને નોકરી છોડી દીધી હતી. તેમણે નીતિશનું પાલનપોષણ કરવા ઉપરાંત તેને ક્રિકેટમાં કારકિર્દી બનાવવા વિશે માર્ગદર્શન પણ આપ્યું છે. તેઓ એવી પહેલી વ્યક્તિ છે જેમણે નીતિશ પર એવો વિશ્વાસ મૂક્યો હતો કે તે સારો ક્રિકેટર બની જ શકે એમ છે. તેમના અથાક પરિશ્રમનું ફળ હવે નીતિશને મળી રહ્યું છે. નીતિશ ૧૭ વર્ષનો હતો ત્યારથી હું તેને ઓળખું છું. ભવિષ્યમાં તે સનરાઇઝર્સ ઉપરાંત ભારતીય ટીમ માટે ઉત્કૃષ્ટ વિકલ્પ સાબિત થઈ શકે એમ છે.'

હનુમા વિહારીએ આઇપીએલની શરૂઆત પહેલાં જ નીતિશ માટે સોશિયલ મીડિયામાં લખ્યું હતું, 'નીતિશમાં ઇન્વેસ્ટ કરવા જેવું છે. તે ફ્રૅન્ચાઇઝી ક્રિકેટમાં મોટું નામ કરી શકે એવો ઑલરાઉન્ડર છે. મને તેની બૅટિંગ તેમ જ પેસ બોલિંગ બહુ ઓછા ઑલરાઉન્ડરમાં જોવા મળી છે.'

૨૦૦૩ની ૨૬મી મેએ જન્મેલો નીતિશ રેડ્ડી કિંગ કોહલીનો પ્રશંસક છે. તેણે આંધ્ર વતી ૧૭ ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં ૫૬૬ રન બનાવ્યા છે અને બાવન વિકેટ લીધી છે.

મંગળવારના પંજાબ સામેના મૅચ-વિનિંગ ઑલરાઉન્ડ પર્ફોર્મન્સ બદલ હૈદરાબાદના કૅપ્ટન પૅટ કમિન્સે નીતિશ રેડ્ડીના ભરપૂર વખાણ કર્યા છે.

નીતિશના પપ્પા મુત્યાલાએ તેમના પુત્ર વિશે કહ્યું, 'બેન્ગલૂરુની નૅશનલ ક્રિકેટ ઍકેડેમીમાં હાર્દિક પંડ્યા સાથેની મુલાકાત બાદ નીતિશની કરીઅરમાં બદલાવ આવ્યો છે. ઍકેડેમીમાં અન્ડર-૧૯ની મૅચ વખતે નીતિશને હાર્દિક પંડ્યા સાથે ચર્ચા કરવાનો મોકો મળ્યો હતો. ત્યારથી જ નીતિશે નક્કી કર્યું હતું કે તે ઑલરાઉન્ડર જ બનશે.' ■

નીતિશ કુમાર રેડ્ડીએ પિતાના વિશ્વાસને અક્ષરસઃ સાચો ઠરાવ્યો છે.

આઇપીએલમાં આ વખતે કેમ સિલસિલાબંધ અજાણ્યા ખેલાડીઓ ચમકી રહ્યા છે?

મોહાલીઃ ૨૦૦૮માં આઇપીએલની શરૂઆત કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ ભારતીય ક્રિકેટમાં પાયાના સ્તરેથી ટૅલન્ટેડ અને સક્ષમ ખેલાડીઓ શોધી કાઢવાનો હતો. ૧૬ વર્ષમાં એ આશય ખૂબ ફળ્યો છે, કારણકે દર વર્ષે માત્ર ભારતીય ક્રિકેટને જ નહીં, અન્ય દેશોને પણ આ સૌથી લોકપ્રિય ટૂર્નામેન્ટમાંથી સારા પ્લેયરો મળે છે.

પંજાબ કિંગ્સનો મિડલ-ઑર્ડર બૅટર શશાંક સિંહ આ વખતે મળેલા રત્નોમાંનો એક છે.

શશાંકે બહુ સરસ કહ્યું છે. તેણે કહ્યું કે 'અમારા જેવા યુવાન ખેલાડીઓ આઇપીએલમાં ચમકી રહ્યા હોવા પાછળનું સૌથી મોટું કારણ એ છે કે અમારામાં આત્મવિશ્વાસ ભરપૂર છે. બીજું, અમે ડોમેસ્ટિક ક્રિકેટમાં જે રીતે પર્ફોર્મ કરીએ છીએ એ પણ અમને માર્ચ-એપ્રિલ-મેની આઇપીએલમાં કામ લાગે છે. આ જ બે મોટા કારણસર અજાણ્યા ખેલાડીઓ સફળ થઈ રહ્યા છે.'

મંગળવારે શશાંકના અણનમ ૪૬ રન અને આશુતોષ શર્માના અણનમ ૩૩ રન છતાં પંજાબની ટીમ હૈદરાબાદ સામે માત્ર બે રનથી હારી ગઈ હતી. એનું કારણ એ હતું તે હૈદરાબાદે નવ વિકેટે જે ૧૮૨ રન બનાવ્યા હતા એમાં આંધ્ર પ્રદેશના નીતિશ કુમાર રેડ્ડીની ૬૪ રનની ઇનિંગ્સ સૌને પ્રભાવિત કરનારી હતી.

શશાંક સિંહે હરીફ ટીમના નીતિશ રેડ્ડીનો પણ ઉલ્લેખ કરતા કહ્યું, 'બધાએ નીતિશ રેડ્ડીનો પણ પર્ફોર્મન્સ જોયો. ડોમેસ્ટિક ક્રિકેટની કોઈ પણ મૅચમાં તે સામાન્ય રીતે રન બનાવવા ઉપરાંત વિકેટો પણ લેતો હોય છે. ગયા વર્ષે સાધારણ રમ્યો હતો, પણ આ વખતે તેનામાં મોટું પરિવર્તન જોવા મળ્યું છે. તે વધુ સારી તૈયારી કરીને આવ્યો છે. તે માત્ર ૨૦ વર્ષનો છે. તેણે ૬૪ રન બનાવ્યા પછી જિતેશ શર્માની વિકેટ પણ લીધી હતી.'

કોલકાતા નાઇટ રાઇડર્સનો અંગક્રિશ રઘુવંશી પણ આ વખતની આઇપીએલમાં ચમકી રહ્યો છે.

શશાંકે પીટીઆઇને કહ્યું, 'ડોમેસ્ટિક ક્રિકેટની ટફ મૅચોમાં અમે જે રીતે સારું પર્ફોર્મ કરતા હોઈએ છીએ એ હાર્ડ વર્કનું પરિણામ આઇપીએલમાં જોવા મળી રહ્યું છે. નીતિશ રેડ્ડી અને આશુતોષ મુશ્તાક અલી ટ્રોફી, વિજય હઝારે ટ્રોફી તેમ જ રણજી ટ્રોફીમાં સારું રમી ચૂક્યા છે. અંગક્રિશનું પણ એવું જ છે. આ બધા ખેલાડીઓ સામાન્ય ક્રિકેટપ્રેમી જનતા માટે અજાણ્યા છે, પરંતુ રણજી ટ્રોફી સહિતની ડોમેસ્ટિક ક્રિકેટમાં બધા ખૂબ જાણીતા છે. ડોમેસ્ટિક ક્રિકેટમાં સારું પર્ફોર્મ કરતા રહેવું જ પડે. ક્રિકેટમાં એ સ્તરે આત્મવિશ્વાસ હોવો ખૂબ જરૂરી છે.'

મંગળવારે પંજાબ માત્ર બે રનથી હારી જતાં શશાંક ખૂબ હતાશ હતો. તેણે કહ્યું, 'અમે ફક્ત બે રન માટે હારી ગયા. વધુ દુઃખ એ વાતનું છે કે અમે જીતવા માટે અથાક પ્રયત્ન કર્યો છતાં છેવટે હારી ગયા. જોકે હાર એટલે હાર. એ પરાજય પછી બે રન માટે હોય કે ૨૦ રન માટે. આશુતોષે મૅચમાં જે વળાંક લાવી દીધો એ બદલ તેના વખાણ કરું એટલા ઓછા છે. અમને છેલ્લી ઓવરના પાંચમા બૉલ સુધી જીતવાની આશા હતી, પણ જીતી ન શક્યા.'

હૈદરાબાદના અબ્દુલ સામદે ૧૨ બૉલમાં પચીસ રન બનાવ્યા હતા. તેણે પત્રકારોને કહ્યું, 'ઘણા ઓછા જાણીતા ખેલાડીઓ આ વખતે અસરદાર પર્ફોર્મ કરી રહ્યા છે. તેમની આ પહેલી જ સીઝન છે એટલે તેઓ સારું ન રમ્યા હોત તો પણ તેમણે કંઈ ગુમાવવા જેવું નહોતું. જોકે તેમનામાં સારું પર્ફોર્મ કરવાની ભૂખ છે અને સારું રમી રહ્યા છે.' ■

શશાંક સિંહ (ડાબે) અને આશુતોષ શર્મા પંજાબના મિડલ-ઑર્ડરના બે મૅચવિનર બૅટર છે.

ઑલિમ્પિક્સના ગોલ્ડ મેડલ વિજેતાને ૪૧.૬૦ લાખ રૂપિયાનું રોકડ ઇનામ મળશે

મૉનેકોઃ દર ચાર વર્ષે યોજાતી ઑલિમ્પિક ગેમ્સમાં મેડલ જીતનાર ભારતીય ઍથ્લીટને કેન્દ્ર સરકાર તરફથી તેમ જ સંબંધિત રાજ્ય સરકાર તરફથી મસમોટું ઇનામ આપવામાં આવતું હોય છે, પરંતુ હવે તો ઍથ્લેટિક જગતની સર્વોચ્ચ સંસ્થા વર્લ્ડ ઍથ્લેટિક્સે મોટું ઇનામ જાહેર કર્યું છે એટલે આગામી ૨૬મી જુલાઈએ ફ્રાન્સના પૅરિસમાં શરૂ થનારી ઑલિમ્પિક્સ માટેની તૈયારી કરી રહેલા ઍથ્લીટ્સમાં નવું જોમ આવશે.

ઑલિમ્પિક્સની ૪૮ ઍથ્લેટિક ઇવેન્ટમાં વિશ્વનો કે વિશ્વની જે પણ ઍથ્લીટ ગોલ્ડ મેડલ જીતશે તેને ૫૦,૦૦૦ ડૉલર (૪૧.૬૦ લાખ રૂપિયા)નું ઇનામ અપાશે. ૨૦૨૮ની લૉસ ઍન્જલસ (એલએ) ઑલિમ્પિક્સમાં સિલ્વર મેડલ અને બ્રૉન્ઝ મેડલ વિજેતાને પણ સ્પેશિયલ ઇનામ આપવામાં આવશે. ભાલાફેંકની રમતનો સમાવેશ ઍથ્લેટિક્સમાં થાય છે અને ભારતનો નીરજ ચોપડા ટોક્યો ઑલિમ્પિક્સમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. વર્લ્ડ ઍથ્લેટિક્સે ૪૧.૬૦ લાખ રૂપિયાની જે પ્રાઇઝ મની સંભવિત ગોલ્ડ મેડલિસ્ટને આપવાની જાહેરાત કરી એ સાથે ઑલિમ્પિક ગેમ્સમાં પ્રાઇઝ મની જાહેર કરનાર પ્રથમ ઇન્ટરનૅશનલ ફેડરેશન છે. ■

નીરજ ચોપડા ટોક્યો ઑલિમ્પિક્સમાં ભાલાફેંકનો ગોલ્ડ મેડલ જીત્યો હતો.

રિષભ પંતને શું રમ્યા વગર શેનો ફાયદો થયો?

નવી દિલ્હીઃ રિષભ પંત કાર-અકસ્માત બાદ ૧૬ મહિને પાછો રમવા આવ્યો છે, આઇપીએલની બે મૅચમાં તે પોતાના બોલર્સ પાસે નિર્ધારિત સમયમાં ૨૦ ઓવર પૂરી ન કરાવી શક્યો એ બદલ તેને કુલ ૩૬ લાખ રૂપિયાનો દંડ થયો છે અને હવે એક મૅચના સંભવિત પ્રતિબંધનો સામનો પણ કરી રહ્યો છે. એક તો તેનો પર્ફોર્મન્સ અપેક્ષા જેવો નથી અને તેની ટીમ પૉઇન્ટ્સ-ટેબલમાં સાવ તળિયે છે. આઇપીએલમાં રિષભ માટે આ બધુ નકારાત્મક છે, પણ ટેસ્ટ-ક્રિકેટના રૅન્કિંગની બાબતમાં તેના માટે સારા સમાચાર આવ્યા છે. રિષભ દોઢ વર્ષથી ટેસ્ટ-ક્રિકેટ નથી રમ્યો એમ છતાં તેને ટેસ્ટના રૅન્કિંગમાં ફાયદો થયો છે. છેલ્લે તે ડિસેમ્બર, ૨૦૨૨માં ટેસ્ટ રમ્યો હતો. તે ટેસ્ટના બૅટર્સના રૅન્કિંગમાં ૧૬મા સ્થાન પરથી ૧૫મા નંબર પર આવી ગયો છે. આ એક ક્રમનો ફાયદો તેને થયો છે અને હવે પછી જ્યારે ભારત વતી ફરી રમશે ત્યારે આ રૅન્કમાં વધુ સુધારો જોવા મળી શકે. ■

ૐ શાંતિ
પરિવાર જેનું મંદિર હતું,
સ્નેહ જેની શક્તિ

સુરેશ કનૈયારામ ઓઝા
20/12/1925 – 08/04/2024

એક પ્રતિભાશાળી વ્યક્તિની ઉજવણી કરવા માટે પ્રાર્થના સભા
તારિખ : 13/04/2024 (શનિવાર)
સમય : 5:30–7:00 સાંજ
સ્થળ : જમનાબાઈ નરસી સ્કૂલ, એન. એસ. રોડ નં.7, વિલે પાર્લે (પ)

પ્રેમપૂર્વક યાદ કરનારાઃ
પત્ની : નિરુપમા ઓઝા (પ્રેમથી ''ની'')
ભાઈ : ડા. રમેશ ઓઝા
બાળકો : કામાક્શી–રાજેશ, કુમાર–મુક્તિદા, લીના–કમલેશ, હીના, વિરલ–ફાલ્ગુની
પૌત્રો–પૌત્રી : મૌલિક–વંદના, અદિતિ–ઇયન, મિતાલી–મનીશ, શ્રદ્ધા–ભાવેશ, શ્રેયસ–અક્શયા, સોનાલી, નતાશા, પ્રિયંકા
પ્ર. પૌત્રો–પૌત્રી : નિર્વાણ, દેવિકા, સાંઈ, સિડ, કાયા

પ્રેમ સહિત : ઓઝા અને ઢેબર પરિવાર

સેન્સેક્સ અને નિફ્ટી નવી ઓલટાઇમ હાઇ સપાટીએ, રોકાણકારોની નજર એફઓએમસી મિનિટ્સ અને યુએસ સીપીઆઇ પર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકાની એફઓએમસી મિનિટ્સ અને યુએસ ફુગાવાના ડેટાની જાહેરાત અગાઉ ભારતીય શેરબજારે એફએમસીજી, એનર્જી અને મેટલ શેરોની આગેવાનીએ નીકળેલી નવેસરની લેવાલીના બળે સેન્સેક્સ અને નિફ્ટી નવી વિક્રમી ઊંચી સપાટીએ પહોંચ્યા હતા.

સત્રને અંતે સેન્સેક્સ ૩૫૪.૪૫ પોઈન્ટ્સ અથવા ૦.૪૭ ટકા વધીને ૭૫,૦૩૮.૧૫ પોઇન્ટની ઓલટાઇમ હાઇ સપાટી પર અને નિફ્ટી ૧૧૧ પોઈન્ટ્સ અથવા ૦.૪૯ ટકા વધીને ૨૨,૭૫૩.૮૦ પોઇન્ટની નવી વિક્રમી સપાટીએ સ્થિર થયો હતો.

સત્ર દરમિયાન સેન્સેક્સ ૪૨૧.૪૪ પોઇન્ટ અથવા તો ૦.૫૬ ટકાના ઉછાળા સાથે ૭૫,૧૦૫.૧૪ પોઇન્ટની નવી ઇન્ટ્રા-ડે ઊંચી સપાટીએ, જ્યારે નિફ્ટી ૧૩૨.૯૫ પોઇન્ટ અથવા તો ૦.૫૮ ટકાના ઉછાળા સાથે ૨૨,૭૭૫.૭૦ પોઇન્ટની નવી ઇન્ટ્રા-ડે હાઈ સપાટીએ પહોંચ્યો હતો.

સેન્સેક્સે પાછલા સત્રમાં પણ ૭૫,૦૦૦ની સપાટી વટાવી હતી પરંતુ ઇન્ડેક્સ હેવીવેઇટ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝમાં પ્રોફિટ બુકિંગ આવવાને કારણે બેન્ચમાર્ક આ સપાટીની ઉપર બંધ આપી શક્યો નહોતો. આ સત્રમાં વ્યાપક બજારમાં પણ તેજી જોવા મળી હતી. નિફ્ટી મિડકેપ ૧૦૦ અને બેન્ક નિફ્ટી ઇન્ડેક્સ પણ આ સત્રમાં પોતપોતાની વિક્રમી ટોચને સ્પર્શ્યા હતા. રમઝાન ઈદ નિમિત્તે આજે ૧૧ એપ્રિલે બજાર બંધ રહેશે.

નિફ્ટીમાં ટોચના વધનારા શેરોમાં કોલ ઈન્ડિયા, બીપીસીએલ, કોટક મહિન્દ્રા બેંક, આઈટીસી અને હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝનો સમાવેશ હતો, જ્યારે સિપ્લા, મારૂતિ સુઝુકી, એચડીએફસી લાઈફ, ડિવિસ લેબ્સ અને એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સનો સમાવેશ ટોપ લૂઝર્સ શેરોમાં હતો.

ફાર્મા સિવાય અન્ય તમામ ક્ષેત્રીય ઇન્ડેકસ મીડિયા, પીએસયુ બેંક, એફએમસીજી, મેટલ, ઓઇલ એન્ડ ગેસમાં એકાદ બે ટકાનો વધારો જોવા મળ્યો હતો. બીએસઇ મિડકેપ અને સ્મોલકેપ ઇન્ડેક્સ ૦.૫ ટકા વધ્યા હતા.

વ્યક્તિગત શેરોમાં અતુલ, નવીન ફ્લોરિન ઈન્ટરનેશનલ, યુનાઈટેડ સ્પિરિટ્સમાં વોલ્યુમમાં ૩૦૦ ટકાથી વધુનો ઉછાળો જોવા મળ્યો હતો. વેદાંત, નવીન ફ્લોરિન ઈન્ટરનેશનલ અને યુનાઈટેડ સ્પિરિટ્સમાં લોંગ બિલ્ડ-અપ જોવા મળ્યો હતો, જ્યારે ઈન્ફો એજ, ટાટા કોમ્યુનિકેશન્સ અને સિપ્લામાં શોર્ટ બિલ્ડ-અપ જોવા મળ્યો હતો.

બીએસઇમાં આરતી ઇન્ડસ્ટ્રીઝ, આઇસીઆઇસીઆઇ બેંક, એનટીપીસી, એમએન્ડએમ, એજિસ લોજિસ્ટિક્સ, કેસ્ટ્રોલ ઇન્ડિયા, એચઇજી, હનીવેલ ઓટોમેશન, આઇનોક્સ ગ્રીન, ઇન્ટરગ્લોબ એવિએશન, કેએસબી પમ્પ્સ, લૌરસ લેબ્સ, લોયડ્સ મેટલ્સ, પીબી ફિનટેક, પેટ્રોનેટ એલએનજી, સેઇલ, યુનાઇટેડ સ્પિરિટ્સ, વેદાંત સહિત અન્ય ૧૫૦થી વધુ શેરોએ તેમની બાવન સપ્તાહની ટોચને સ્પર્શી હતી.

માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, નિફ્ટી આજે મોટાભાગે સાઇડલાઇનાં રહ્યો હતો, કારણ કે રોકાણકારોએ યુએસ સીપીઆઈ ફુગાવાના ડેટાની રાહ જોવાનું પસંદ કર્યું હતું, જે સંભવિતપણે ફેડરલ દ્વારા દર ઘટાડા પર અસર કરી શકે છે.

રેઝિસ્ટન્સ ઝોન ૨૨,૭૦૦-૨૨,૭૫૦ પર છે, જ્યારે સપોર્ટ ૨૨,૬૦૦ પર છે. ૨૨,૭૫૦ની ઉપર નિર્ણાયક ચાલ ટૂંકા ગાળામાં ૨૩,૦૦૦ તરફ રેલી લાવી શકે છે. બજાર રેન્જ-બાઉન્ડ હોવાનું જણાય છે, તેથી ઘટાડા પર ખરીદી અને રેલી પર વેચાણ એ યોગ્ય સ્ટોપ-લોસ પગલાં સાથે સારી વ્યૂહરચના સાબિત થઈ શકે છે.

ગીફ્ટ નિફ્ટીના સંકેતને પગલે, ભારતીય શેરબજારોએ દિવસની શરૂઆત ૨૨,૭૦૦ની આસપાસ મજબૂત ટોન પર કરી હતી અને બપોરના સત્ર સુધી બજાર રેન્જ બાઉન્ડ રહ્યા હતા. બેન્કિંગ અને એફએમસીજી કાઉન્ટર્સમાં તીવ્ર ઉછાળાએ ૧૧૧.૦૫ પોઈન્ટના વધારા સાથે ૨૨,૭૫૩.૮૦ ના રેકોર્ડ બંધ પર સાપ્તાહિક એક્સપાયરી ડે સેટલ કરવા માટે ઈન્ડેક્સને ઊંચો ધકેલ્યો હતો.

બેન્કિંગ ઉપરાંત, મેટલ શેરોએ ઈન્ડેક્સની તેજીમાં સૌથી વધુ યોગદાન આપ્યું હતું અને બીજી બાજુએ, ફાર્મા અને ઓટો આજના વેપારમાં ખોટમાં હતા. મિડ અને સ્મોલ કેપ્સ ઇન્ડેક્સે ૦.૯૭% અને ૦.૭૩% ના વધારા સાથે નિફ્ટીને પાછાળ રાખ્યું હતું.

એશિયન શેરો સ્થિર રહ્યા કારણ કે રોકાણકારોએ યેનના ઘટાડાને રોકવા માટે જાપાની સત્તાવાળાઓ દ્વારા સંભવિત પગલાં પર નજર રાખવા સાથે મોટા લેણથી અળગા રહ્યા છે અને ભાવિ વ્યાજ દરના નિર્ણયોની સમજ માટે યુએસ ફુગાવાના ડેટાની રાહ જોઈ રહ્યા છે. અમેરિકન શેરબજારોમાં સાધારણ ઉછાળાને પગલે જાપાનની બહાર એશિયા-પેસિફિક શેર્સ ઇન્ડેક્સમાં ૦.૨ ટકા જેવો સુધારો જોવા મળ્યો હતો.

રસપ્રદ વાત એ છે કે, પાછલા એક વર્ષમાં સેન્સેક્સ લગભગ ૨૫ ટકા વધ્યો છે અને તે ૨૧ એપ્રિલ, ૨૦૨૩ના રોજ ૫૨ સપ્તાહની નીચી સપાટી ૫૯,૪૧૨.૮૧ થી ૨૬ ટકાથી વધુ વધી ગયો છે. ટ્રેડ એનાલિસ્ટો જણાવે છે કે ૪ જૂને લોકસભાની ચૂંટણીના પરિણામો આગામી થોડા મહિનાઓ માટે બજારની ગતિના મુખ્ય નિર્ણાયક રહેશે.

વધુમાં યુએસ અને અન્ય મુખ્ય અર્થતંત્રોમાં વ્યાજ દરની સ્થિતિ, ભારતમાં ચોમાસાની પ્રગતિ (ખાનગી આગાહી કરનાર સ્કાયમેટે ૨૦૨૪ માટે સારા વરસાદની આગાહી કરી છે), કોર્પોરેટ પરિણામો, વિદેશી ભંડોળનો પ્રવાહ અને આર્થિક ફંડામેન્ટલ્સ પણ રોકાણકારોના સેન્ટિમેન્ટ પર મોટી અસર કરશે.

સેન્સેક્સમાં આઈટીસી ૨.૪૯ ટકા, કોટક મહિન્દ્રા બેન્ક ૨.૪૦ ટકા, ભારતી એરટેલ ૨.૧૧ ટકા, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા ૧.૯૪ ટકા અને એશિયન પેઈન્ટ્સ ૧.૩૬ ટકા વધ્યા હતા, જ્યારે મારુતી સુઝુકી ઈન્ડિયા ૧.૬૦ ટકા, એચડીએફસી બેન્ક ૦.૮૩ ટકા, લાર્સન એન્ડ ટુબ્રો ૦.૭૮ ટકા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૦.૬૨ ટકા અને ટાટા સ્ટીલ ૦.૪૮ ટકા ઘટ્યા હતા. આજે બધા ગ્રુપની કુલ ૧૨ કંપનીઓમાંથી ૯ કંપનીઓને ઉપલી અને ૩ કંપનીઓને નીચલી સર્કીટ લાગી હતી.

બિઝનેસ બિટ્સ

બીએસઇ એસએમઇ પર ગ્રીન હાઈટેકનું ભરણું

મુંબઈઃ વિવિધ પેટ્રોલિયમ આધારિત ઉત્પાદનોના વેપારમાં સક્રિય ગ્રીન હાઈટેક વેન્ચર્સ લિમિટેડ ૧૨મી એપ્રિલે રૂ. ૬.૩૦ કરોડના જાહેર ભરણાં સાથે મૂડીબજારમાં પ્રવેશી રહી છે. શેરનો ભાવ રૂ. ૫૦ અને મિનિમમ લોટ ૩૦૦૦ શેરનો છે, જે બીએસઇ એસએમઇ પ્લેટફોર્મ પર લિસ્ટેડ થશે. ભરણું છઠ્ઠી એપ્રિલે બંધ થશે. લીડ મેનેજર બીલાઈન કેપિટલ એડવાઈઝર્સ અને રજિસ્ટ્રાર સ્કાયલાઇન ફાઇનાન્શિયલ સર્વિસીસ છે.

સેલવિન ટ્રેડર્સ દ્વારા સ્ટેક એક્વિઝિશન

મુંબઇઃ સેલવિન ટ્રેડર્સ લિમિટેડે પટેલ એન્ડ પટેલ ઈ-કોમર્સ એન્ડ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડમાં કુલ પેઈડ-અપ શેર મૂડીના ૬૬.૬૭ ટકા શેર હસ્તગત કરવા કરાર કર્યા છે. કંપનીએ ૭ માર્ચ, ૨૦૨૪ના રોજ યોજાયેલી મીટિંગમાં કંપનીના ઇક્વિટી શેર્સના સ્વરૂપમાં કુલ પેઇડ-અપ શેર કેપિટલના ૬૦ ટકા હસ્તગત અથવા સબ્સ્ક્રાઇબ કરીને મણિભદ્ર એગ્રો પ્રાઇવેટ લિમિટેડમાં વ્યૂહાત્મક રોકાણ માટે શેર પરચેઝ અગ્રીમેન્ટ પણ કર્યો છે. મણિભદ્ર એગ્રો પ્રાઇવેટ લિમિટેડ હાલ એગ્રીકલ્ચરના વ્યવસાય સાથે સંકળાયેલી છે.

મારુતિ સુઝુકીએ ₹ ૨૫૦૦૦ વધાર્યા

મુંબઇઃ મારૂતિ સુઝુકી ઇન્ડિયાએ તેની હેટબેક મોડલ સ્વીફ્ટના ભાવમાં રૂ. ૨૫૦૦૦નો વધારો કર્યો છે. રેગ્યેલેટરી નોટમાં જણાવ્યા અનુસાર કંપની તેની ગ્રાન્ડ વીટીરાના સિગમા વેરિએન્ટના ભાવમાં પણ રૂ. ૧૯,૦૦૦નો વધારો જાહેર કર્યો છે.

ટાટા મોટર્સના ગ્લોબલ હોલસેલમાં વૃદ્ધિ

મુંબઇઃ ટાટા મોટર્સે ૩૧ માર્ચે પૂરા થયેલા ચોથા ક્વાર્ટરમાં તેના ગ્લોબલ હોલસેલમાં પાછલા વર્ષ સામે આઠ ટકાના વધારા સાથે ૩,૭૭,૪૩૨ યુનીટનો આંકડો નોંધાવ્યો છે. ઇલેક્ટ્રિક વ્હીકલ સહિતના પેસેન્જર વાહનોનું ગ્લોબલ હોલસેલ વેચાણ ઉક્ત ક્વાર્ટરમાં ૧૫ ટકાના વધારા સાથે ૧,૫૫,૬૫૧ યુનીટના સ્તરે હતું.

રૂપિયો મજબૂત થતાં શુદ્ધ સોનું ₹ ૭૨,૦૦૦ની સપાટી કુદાવી પાછું ફર્યું, અંતે ₹ નવનો ઘસરકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની મિનિટ્સની આજે મોડી સાંજે થનારી જાહેરાત ઉપરાંત માર્ચ મહિનાના ફુગાવાની જાહેરાત પૂર્વે આજે લંડન ખાતે હાજરમાં સોના અને ચાંદીના ભાવમાં વધ્યા મથાળેથી સાધારણ નરમાઈનું વલણ રહ્યું હતું. જોકે, ગઈકાલે ન્યૂ યોર્ક ખાતે એક તબક્કે હાજરમાં સોનાના ભાવ ઔંસદીઠ રૂ. ૨૩૬૫.૦૯ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યાના પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતાં સ્થાનિક ઝવેરી બજારમાં પણ આજે મધ્યસત્ર દરમિયાન સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૧૫થી ૨૧૬નો સુધારો આગળ ધપ્યો હતો, જેમાં શુદ્ધ સોનાએ રૂ. ૭૨,૦૦૦ની સપાટી પાર કરી હતી, પરંતુ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયામાં ૧૧ પૈસાનો ઉછાળો આવ્યો હોવાથી તેમ જ વિશ્વ બજારનાં નિરુત્સાહી અહેવાલે ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. નવનો ઘસરકો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૨૪૩ વધી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે મધ્યસત્ર દરમિયાન ચાંદીમાં ખાસ કરીને ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૩૬૮ વધીને રૂ. ૮૨,૪૬૮ના મથાળે રહ્યા બાદ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સત્રના અંતે ભાવ કિલોદીઠ રૂ. ૨૪૩ના સુધારા સાથે રૂ. ૮૨,૩૪૩ના મથાળે રહ્યા હતા. જોકે આજે ચાંદીમાં સ્ટોકિસ્ટોની લેવાલીનો અભાવ રહ્યો હતો.

વધુમાં આજે મધ્યસત્ર દરમિયાન સોનામાં ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલે ભાવમાં તેજીનું વલણ રહ્યું હતું. તેમ જ મધ્યસત્ર દરમિયાન ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૧૫ વધીને રૂ. ૭૧,૭૫૯ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૧૬ વધીને રૂ. ૭૨,૦૪૮ના મથાળે રહ્યા હતા. જોકે, આજે વિશ્વ બજારમાં આરંભિક તબક્કે ભાવમાં ટકેલું વલણ રહ્યા બાદ ભાવમાં ધીમો ઘટાડો આવ્યો હોવાથી તેમ જ રૂપિયામાં મજબૂત વલણ રહેતાં સત્રના અંતે સોનાના ભાવ ગઈકાલના બંધ સામે નવ પૈસાના ઘટાડા સાથે ૯૯.૫ ટચ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના અનુક્રમે રૂ. ૭૧,૫૩૫ અને રૂ. ૭૧,૮૨૩ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો, રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ અત્યંત પાંખી રહી હતી. તેમ જ જૂના સોનામાં નફારૂપી વેચવાલીનું દબાણ અને રિસાઈકલિંગનું પ્રમાણ વધ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે મોડી સાંજે અમેરિકી ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની મિનિટ્સ તથા માર્ચ મહિનાના ફુગાવાના ડેટાની જાહેરાત થવાની હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોના સાવચેતીના અભિગમ વચ્ચે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૨૩૪૭.૨૫ ડૉલર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા વધીને ૨૩૬૬.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૨૮.૦૫ ડૉલરની સપાટીએ ટકેલા રહ્યા હતા.

તાજેતરમાં સોનામાં ખાસ કરીને મધ્યપૂર્વના દેશોમાં તણાવની સ્થિતિ ઉપરાંત કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલી તેમ જ ક્રૂડતેલના વધેલા ભાવથી ફુગાવામાં વધારો થવાની શક્યતાને ધ્યાનમાં લેતાં સલામતી માટેની માગનો ટેકો મળી રહ્યો હોવાનું એએનઝેડ કૉમૉડિટીનાં સ્ટ્રેટેજિસ્ટ સોની કુમારીએ જણાવ્યું હતું. જોકે, તેમણે આ વર્ષે અત્યાર સુધીમાં ચાંદી કરતાં સોનામાં ઝડપી સુધારો આવ્યો હોવાથી આગામી સમયગાળામાં ચાંદીમાં તેજીનું વલણ જળવાઈ રહેવાની શક્યતા વ્યક્ત કરી હતી.

જો આજે જાહેર થનારા માર્ચ મહિનાના ફુગાવામાં વધારો જોવા મળશે તો ફેડરલ દ્વારા વ્યાજદરમાં જૂન મહિનાથી કપાતની શક્યતા નબળી પડતાં સોનાના ભાવમાં પીછેહઠ જોવા મળી શકે છે, એમ રિલાયન્સ સિક્યોરિટીઝનાં વિશ્લેષક જીગર ત્રિવેદીએ જણાવતા ઉમેર્યું હતું કે ઊંચા વ્યાજદરના સંજોગોમાં સોના જેવી વ્યાજની ઊપજ ન આપતી અસ્ક્યામતોમાં માગ નબળી પડતી હોય છે. જોકે રૉઈટર્સનાં સર્વેક્ષણ અનુસાર અમેરિકામાં માર્ચ મહિનાનો ફુગાવો વર્ષાનુવર્ષ ધોરણે વધીને ૩.૪ ટકા આસપાસની સપાટીએ રહેવાની ધારણા છે, જ્યારે કોર સીપીઆઈ ૩.૭ ટકા આસપાસ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

મથકો પાછળ ખાંડમાં ₹ ૩૦થી ૪૮નો ઉછાળો

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં મહારાષ્ટ્રની સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦થી ૨૦ના સુધારા સાથે રૂ. ૩૪૮૦થી ૩૫૨૦માં થયાના અહેવાલ હતા. વધુમાં આજે મથકો પરનાં પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત ગઈકાલની ગૂડી પડવાની જાહેર રજા બાદ આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં રિટેલ સ્તરની પ્રબળ માગ અને સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલીને ટેકે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૩૦થી ૪૮નો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૩૦થી ૪૦નો ઉછાળો આવ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ મથકો પાછળ ભાવ ક્વિન્ટલે રૂ. ૨૦ વધી આવ્યા હતા. આજે સ્થાનિકમાં ગઈકાલના બંધને કારણે આવકો વધીને ૩૫થી ૩૬ ટ્રકની રહી હતી અને સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની પ્રબળ માગને ટેકે ઉપાડ લગભગ ૩૩થી ૩૪ ટ્રકનો રહ્યો હતો.

વર્ષના અંત સુધીમાં કોલસાની ૨૦ ખાણ કાર્યરત થશે

નવી દિલ્હીઃ આ વર્ષના અંત સુધીમાં કોલસાની ૨૦ ખાણ કાર્યરત થશે, જેને કારણે આયાત નિર્ભરતામાં ઘટાડો થવાની સાથે પાવરની અપેક્ષિત માગને પણ પહોંચી વળાશે.

ઉલ્લેખનીય બાબત એ છે કે આગામી વર્ષ ૨૦૩૦ સુધીમાં દેશની પાવરની માગ વધીને ૪૦૦ ગિગા વૉટની સપાટી પાર થઈ જવાની શક્યતા છે.

અધિકૃત વતુળોના જણાવ્યાનુસાર ઉક્ત ૨૦ કૉલ બ્લોક (કોલસાની ખાણ) પૈકી સાત ખાણ કૉલ ઈન્ડિયા લિ.ની અને ત્રણ સિંગારેની કોલિયરીઝ કંપની લિ. (એસસીસીએલ)નો સમાવેશ થાય છે. તેઓનો આગામી ત્રણથી ચાર વર્ષમાં હિસ્સો ૧૦ કરોડ ટન જેટલો વધશે.

હાલ દેશમાં કોલસાના કુલ ઉત્પાદનમાં જાહેર ક્ષેત્રની કૉલ ઈન્ડિયા લિ. ૮૦ ટકા હિસ્સો ધરાવે છે. એસસીસીએલ એ તેલંગણા સરકાર અને કેન્દ્ર સરકાર સાથેનું સંયુક્ત સાહસ જે ૫૧:૪૯ની સરાસરીમાં ઈક્વિટી હિસ્સો ધરાવે છે.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં દેશમાં પહેલી વખત કોલસા અને લિગ્નાઈટના ઉત્પાદને એક અબજ ટનનો આંક વટાવ્યો હતો અને હવે વર્ષ ૨૦૨૫-૨૬થી આયાત નિર્મૂલન કરવાનો લક્ષ્યાંક જાજો દૂર નથી એમ કોલસા અને ખાણ મંત્રાલયનાં પ્રધાન પ્રલ્હાદ જોશીએ અગાઉ જણાવ્યું હતું.

પાંખાં કામકાજો વચ્ચે ખાદ્યતેલમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૩૮ સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે આ અહેવાલ લખાઈ રહ્યો છે ત્યારે વાયદાના પ્રોજેક્શનમાં ૩૧ પૉઈન્ટનો સુધારો દર્શાવાઈ રહ્યો હતો. જોકે, રમજાન ઈદની જાહેર રજાને કારણે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે વેપારો બંધ રહ્યા હતા. આમ વૈશ્વિક બજાર પાછળ સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. આજે આયાતી તેલમાં ક્રૂડ પામતેલ અને સોયા ડિગમમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હતો, જ્યારે આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડમાં અનુક્રમે રૂ. બે અને રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો. જોકે, ગુજરાતના મથકો પાછળ દેશી તેલમાં સિંગતેલ અને સરસવના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં સેલરિસેલ ધોરણે આરબીડી પામોલિન અને સન ફ્લાવરનાં છૂટાછવાયા વેપાર અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૯૬૭થી ૯૬૮માં અને રૂ. ૯૫૫ આસપાસના મથાળે થયા હતા. જોકે, આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે લિબર્ટી અને ગોલ્ડન એગ્રીનાં આરબીડી પામોલિનના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૯૭૫ ક્વૉટ થઈ રહ્યા હતા. આ સિવાય અલાનાના આરબીડી પામોલિનના રૂ. ૯૭૫, સોયા રિફાઈન્ડના રૂ. ૯૭૦ અને સન રિફાઈન્ડના રૂ. ૯૬૫ તથા રૂચીના સન ફ્લાવરના ૧૫થી ૩૦ એપ્રિલ ડિલિવરી શરતે રૂ. ૯૭૦ અને મે ડિલિવરી શરતે રૂ. ૯૬૫, સોયા રિફાઈન્ડના ૧૫થી ૩૦ એપ્રિલ ડિલિવરી શરતે રૂ. ૯૭૦ અને આરબીડી પામોલિનના રૂ. ૯૭૫ ક્વૉટ થઈ રહ્યા હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૯૬૮, ક્રૂડ પામતેલના રૂ. ૯૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૯૬૫, સોયા ડિગમના રૂ. ૯૨૫થી ૯૩૦, સન રિફાઈન્ડના રૂ. ૯૫૫, સન ક્રૂડના રૂ. ૮૮૦, સિંગતેલના રૂ. ૧૫૧૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૯૮૫ અને સરસવના રૂ. ૧૦૪૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતનાં મથકો પર ૧૦ કિલોદીઠ કપાસિયા રિફાઈન્ડ અને સિંગતેલના વેપાર અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૯૪૫થી ૯૫૦માં અને રૂ. ૧૪૫૦થી ૧૪૭૫માં તથા તેલિયા ટીનના ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૪૦થી ૨૩૫૦માં થયાના અહેવાલ હતા.

વધુમાં આજે રાજસ્થાન ખાતે પાંચ લાખ ગૂણી સરસવની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૫૪૫૦થી ૫૪૭૫માં થયા હતા, જ્યારે એક્સ્પેલરના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૦૨૪થી ૧૦૨૫માં, કચ્ચી ઘાણીના રૂ. ૧૦૩૪થી ૧૦૩૫માં અને સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૫૩૫થી ૨૫૪૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ડૉલર સામે રૂપિયો ૧૧ પૈસા ઉછળ્યો

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આગળ ધપતો સુધારો અને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૧ પૈસા ઉછળીને ૮૩.૨૦ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વધી આવ્યા હોવાથી તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી જળવાઈ રહી હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત સોમવારના ૮૩.૩૧ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૩.૨૩ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ખૂલતી જ ૮૩.૨૩ અને ઉપરમાં ૮૩.૧૫ સુધી મજબૂત થયા બાદ અંતે આગલા બંધથી ૧૧ પૈસાના સુધારા સાથે ૮૩.૨૦ના મથાળે બંધ રહ્યો હતો. અત્રે નોંધનીય બાબત એ છે કે ગઈકાલે મંગળવારે બજાર ગૂડી પડવા નિમિત્તે સત્તાવાર ધોરણે બંધ રહી હતી. આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૯ ટકા ઘટીને ૧૦૪.૦૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૫૪.૪૫ પૉઈન્ટનો અને ૧૧૧.૦૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

પશ્ચિમ રેલવે - રતલામ ડિવિઝન

ટેન્ડર નોટીસ M247GLRSPTG2413 તારીખઃ ૦૬.૦૪.૨૦૨૪
કામનું નામઃ ૬૦ ઈલેક્ટ્રિક લોકોનું પેન્ટિંગ કામ, સ્થળઃ મુ. કા. પ્ર./ દાહોદ પ. રેલવે કાર્યાલય, કામની અંદાજિત કિંમતઃ રૂ. ૧૧,૫૮,૧૨૦/- બાના રકમઃ રૂ. ૨૩,૨૦૦/- ઈ-ટેન્ડર સુપ્રત કરવાની અને ખોલવાની તારીખ અને સમયઃ ઈ-ટેન્ડર સુપ્રત કરવાની પાકતી તારીખ અને સમય ૩૦.૦૪.૨૦૨૪ના ૧૪:૩૦ કલાક સુધી અને ઈ-ટેન્ડર તે જ દિવસે ૧૫:૦૦ કલાકે ખૂલશે. ટેન્ડર નોટીસ તથા પ્રપત્ર ઉપલબ્ધ છેઃ www.ireps.gov.in/E-Tenders/Works/IR Electrical.
V/503 વરિષ્ઠ વિદ્યુત અભિયંતા, પ. રે. દાહોદ
અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

પબ્લિક નોટીસ

આથી જાહેર જનતાને ખબર આપવામાં આવે છે કે અમારા અસિલોએ અહીં નીચે લખેલ પરિશિષ્ટ I અને IIમાં વધુ વિગતવાર વર્ણવેલ ફ્લેટસ (સંયુક્ત રીતે ''સદર ફ્લેટસ''), શ્રી. આદિત્ય સુધીર મર્ચંટ (''ટ્રાન્સફેરર'') પાસેથી ખરીદી કરવા ઈચ્છે છે અને વાટાઘાટો કર

માત્ર સ્વાદ જ નહીં, આ ભારતીય મસાલાઓમાં છુપાયેલો છે સ્વાસ્થ્યનો ખજાનો!

ભારતીય મસાલા વિશ્વભરમાં પ્રખ્યાત છે. સ્વાદ ઉપરાંત તેઓ સ્વાસ્થ્યની દ્રષ્ટિએ પણ ખૂબ ફાયદાકારક છે. આના ઉપયોગથી એસિડિટી, કબજિયાત અને અપચોથી રાહત મેળવી શકાય છો. જો તેનું યોગ્ય રીતે સેવન કરવામાં આવે તો તમારી સ્વાસ્થ્ય સંબંધિત ઘણી સમસ્યાઓ દૂર થઈ શકે છે. ચાલો જાણીએ આવા જ ભારતીય મસાલા વિશે.

ભારત એક એવો દેશ છે જે તેના મસાલા માટે જાણીતો છે. અહીંના મસાલાની સમગ્ર વિશ્વમાં ખૂબ માગ છે. આના વિના તમારી થાળીનો સ્વાદ નરમ રહે છે. માત્ર સ્વાદ માટે જ નહીં, આ મસાલા સ્વાસ્થ્યની દ્રષ્ટિએ પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. રસોડામાં આસાનીથી મળતા આ મસાલા તમને ભલે સરળ લાગતા હોય, પરંતુ તે તમારી પાચન તંત્ર માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થઈ શકે છે. ચાલો જાણીએ તેમના ફાયદા. ■

કાળા મરી

કાળા મરી ખાવામાં એક અલગ પ્રકારનો સ્વાદ ઉમેરે છે. તે માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે. તે ગેસના રોગમાં અને શરીરમાં મેટાબોલિઝમ જાળવવામાં મદદ કરે છે. તેને કેન્સર વિરોધી મસાલા તરીકે પણ ઓળખવામાં આવે છે. કાળા મરી પેટમાં હાઇડ્રોક્લોરિક એસિડ વધારે છે જે પાચનમાં મદદરૂપ છે. આ ખાવાથી તમને કબજિયાત નહીં થાય અને તમારું પેટ પણ સ્વસ્થ રહેશે. તેમાં આયર્ન હોય છે જે શરીર માટે જરૂરી છે. તે હાઈ બ્લડ પ્રેશર ઘટાડવામાં પણ મદદ કરે છે. ■

સરસવના દાણા

સરસવનો પાવડર સરસવના દાણામાંથી બનાવવામાં આવે છે જે અનેક પ્રકારની વાનગીઓમાં ઉમેરવામાં આવે છે. સરસવના દાણાનો ઉપયોગ મસાલામાં કરવામાં આવે છે જે કોઈપણ વાનગીને ખૂબ જ સ્વાદિષ્ટ બનાવે છે. તેમાં વિટામિન બી મળી આવે છે જે સાંધાના દુખાવામાં રાહત આપે છે. હૃદયરોગની સાથે સરસવનો પાઉડર રક્ત પરિભ્રમણમાં પણ રાહત આપે છે. સરસવને રાઈ પણ કહેવાય છે. એક કહેવત છે નાનો પણ રાઈનો દાણો. રાઈ, મેથી અને હીંગ એ ગુજરાતીઓના ભોજનમાં વઘારની પ્રક્રિયામાં સામેલ હોય છે.

બાફેલા દાળ-શાક વાયુ વધારનારા છે પણ જ્યારે રાઈ, મેથી, હીંગનો વઘાર કરવામાં આવે ત્યારે એ જ દાળ-શાક સ્વાદિષ્ટ બને છે અને વાયુનાશક પણ બને છે. રાઈ કૃમિનાશક પણ છે. ■

અજમો

પેટ સંબંધિત તમામ પ્રકારની સમસ્યાઓમાં પણ સેલરીનું સેવન ફાયદાકારક છે. તે ગેસ અને એસિડિટી મટાડવા માટે ખૂબ જ અસરકારક માનવામાં આવે છે. તેમાં રહેલું થાઇમોલ ઓઈલ ગેસ્ટ્રિક જ્યુસ બહાર કાઢે છે જે એસિડિટીમાં રાહત આપે છે. તે દરેક રસોડામાં સરળતાથી ઉપલબ્ધ છે. ■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
Tel. 022-48932230/ 8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

સીઝનના નવા મસાલા
શુદ્ધ • ગેરન્ટેડ • તાજા
સંગમ® મસાલા
સાવધાન સંગમ® માર્કો જોઈને જ મસાલા ખરીદશો.
ગમે ત્યાંથી મસાલા લઈને થોડા વખત પછી પસ્તાવુ એના કરતા હમેશની જેમ બ્રાન્ડેડ સંગમ મસાલા ખરીદી કરી વર્ષભર નિશ્ચિંત થઈ જાવ. કારણ કે અમે આપીએ છીએ શ્રેષ્ઠ મસાલા ગેરેન્ટી સાથે જે અમે જાતીય દેખરેખ હેઠળ ખરીદી-સુકવી-સાફ કરીને ખંડાવીએ છીએ.
હોલસેલ ભાવે છુટક 'સંગમ'મસાલાના વેચાણ કેન્દ્રો
ભાત બજાર — ગાંગજી ઉમરશી એન્ડ સન્સ — ફોન: 9833771247 • 9967940552
મુલુન્ડ (આર મોલ) — શિવરાજ સુપર માર્કેટ — ફોન: 8655642246 • 8655642245
અંધેરી (જે.બી. નગર) — રજવાડી સુપર સ્ટોર્સ — ફોન: 9372390767
મલાડ (વેસ્ટ) — S.H. સુપર માર્કેટ — ફોન: 9930553300
ગોરેગામ (વેસ્ટ) — ગોરેગામ જૈન ગૃહ ઉદ્યોગ — ફોન: 9930077505 • 8591254908
ઘાટકોપર (ઈસ્ટ) — FoodSpot — ફોન: 25015600 • 9768000420
ઘાટકોપર (ઈસ્ટ) — શિવરાજ સુપર માર્કેટ — ફોન: 9920003205
મુલુન્ડ (વેસ્ટ) — અરિહંત ફુડ્સ — ફોન: 9220618952 • 25930437
મલાડ (ઈસ્ટ) — સેવન ડેઝ સુપર માર્કેટ — ફોન: 9152002251
કાંદિવલી (ઠાકુર કોમ્પ્લેક્ષ) — ફ્રેન્ટસી સુપર માર્કેટ — ફોન: 9930406033 • 9930909084
ઘાટકોપર (ઈસ્ટ) — શ્રી જીરાવલ્લા જૈન ગૃહ ઉદ્યોગ — ફોન: 9833815468 • 8169731229
ઘાટકોપર (વેસ્ટ) — શિવરાજ સુપર માર્કેટ — ફોન: 25152828 • 25142828
કિંગ્સ સર્કલ — જનતા ગ્રેન સ્ટોર્સ — ફોન: 9322249993
કાંદિવલી (વેસ્ટ) — અજય મોરારજી એન્ડ કું. — ફોન: 8850575790
કાંદિવલી (ઈસ્ટ) — સ્ટાર હોમ સુપર માર્કેટ — ફોન: 9892582974
ઘાટકોપર - રાજાવાડી — છેડા ગ્રેન એન્ડ પ્રોવિઝન સ્ટોર્સ — ફોન: 21027539
ઘાટકોપર (વેસ્ટ) — લક્ષ્મી જનરલ સ્ટોર — ફોન: 9892565517 • 9819893736
પાર્લા (વેસ્ટ) — શિવમ સુપર માર્ટ — ફોન: 26244130 • 7039207633
કાંદિવલી (વેસ્ટ) — નાનજી મોરારજી એન્ડ સન — ફોન: 9920484660
બોરીવલી (ઈસ્ટ) — હીરાલાલ ગુલાબચંદ એન્ડ કું. — ફોન: 28919774 • 9967448281
Rujuta / 98213 30432
હંસરાજ લાલજી મસાલાવાલા
૧૫, શ્રીરાજ રાજેશ્વરી એપાર્ટમેન્ટ, નારાયણ નગર, ઘાટકોપર (વે.), મુંબઈ-૪૦૦ ૦૮૬.
ફોન: 97570 15201 • 98920 66662

કિંજીન ની વનદેવી® બાંધાની હિંગ
V.N. THAKKAR HINGWALA & SONS — SYMBOL OF QUALITY
નંબર અને સીલ જોઈને ખરીદવામાં જ સમજદારી છે!
અમારી અન્ય વેરાયટીઓ : 751ખડા • 121ખડા 111ખડા • K1ખડા
2001 ખડા તથા પાવડર
પિળો પાવડર
સ્વાસ્થપૂર્ણ જીવન આજની જરૂરીઆત છે. કિંજીનની વનદેવી બાંધાની હિંગ કેમિકલ્સ વગરની, શુધ્ધ નૈસર્ગિક ઘટકોમાંથી બનેલ છે, માટે વનદેવી બાંધાની હિંગથી બનાવેલ વાનગીઓ શરીરને સ્વસ્થ અને તન્દુરસ્ત રાખે છે. ૯૦ વર્ષોથી એજ સ્વાદ અને એજ સુગંધ અમારી હિંગ દ્વારા પિરસીએ છીએ.
90 Years of Service
From the House of VANDEVI
ગોરી® બાંધાની હિંગ — લક્ષ્મી નારાયણ® બાંધાની હિંગ
ઉત્પાદક,પેકીંગ અને માર્કેટેડ : KF કિંજીન ફુડ પ્રાઈવેટ લિ.
એ,૨૮૭, ટીટીસી ઈંડસ્ટ્રીઅલ એરીયા એમ.આય.ડી.સી.,મહાપે, નવી મુંબઈ-૪૦૦ ૭૧૦.
Tel. 022-2363 8711 / 2363 8716
• E-mail: mail@vandevihing.com • kinjinfoods@gmail.com
Under Licence From: વી.એન.ઠક્કર હિંગવાલા એન્ડ સન્સ
Follow us on vandevihing vandevi_hing
Exported to over 40 COUNTRIES | Consistent SUPERIOR QUALITY | 90 + YEARS Heritage brand | As per your requirement PRIVATE LABELING
color-spot.com

EST. 1972 kusum MASALA
PRIDE OF EVERY INDIAN KITCHEN
બારે માસ ભરવા લાયક સર્વશ્રેષ્ઠ મસાલાઓ, સીધા ભારતભરના ખેતરો માંથી
માત્ર ખોખલા દાવા નહીં, કુસુમના પર વર્ષના અનુભવની ખાતરી
જો મસાલાઓ તમારી અપેક્ષા પર ખરાં ન ઉતરે તો ૭ દિવસમાં કરો પાછા અને કોઈ પણ પ્રશ્નો વગર તમારા પૈસા પાછા મેળવો*
આ વર્ષના ૧૦૦% શુદ્ધ અને નવા આખા મલાસાને અત્યાધુનિક પદ્ધતિથી ખાંડીને તૈયાર કરેલા મસાલાઓ:
કાશ્મીરી રેશમપટ્ટી - મસ્ત (તદન મોળા અને સીંદુરી લાલ ભડક) | કાશ્મીરી રેશમપટ્ટી (મોળા અને લાલ ભડક) | પ્રીમિયમ રેશમપટ્ટી (ઓછી તીખાશ અને લાલ) | પ્રભાત રેશમપટ્ટી (મધ્યમ તીખાશ અને લાલ) | હળદર પાઉડર - પ્રીમિયમ (સેલમ) | હળદર પાઉડર પ્રભાત (રાજાપુરી) | સુગંધી ધાણાજીરુ - પ્રીમિયમ (ગરમ મસાલા સહિત) | ધાણાજીરુ - પ્રભાત | ગરમ મસાલો | પાઉભાજી મસાલો | ચા મસાલો | અથાણાનો મસાલો (મેથીયા સંભાર) | પાણીપુરી મસાલો | દહીં વડા મસાલો | છાસ મસાલો | સુરતી જીરાળુ | સેન્ડવીચ/ભેળપુરી મસાલો અને અન્ય ઘણાં મસાલા.
ઓફર ૨૫% થી ૫૦%* સુધીની છૂટ બધાં જ ઉત્પાદનોની એમઆરપી પર
૧૦ કિલોથી વધુની ખરીદી પર : • મફત હોમ ડિલીવરી (માત્ર ગ્રેટર મુંબઈમાં) • આકર્ષક શોપિંગ બેગ મફત
અમારાં અધિકૃત ડેપો
વિલે પાર્લે (પશ્ચિમ) : હીનાબેન મહેતા : ૯-૧૦, વંદના, ૪થો માળ, ૪૨ બાપુ વશી રોડ. મોબાઈલ - 9167888190
કાંદિવલી (પશ્ચિમ) : બીનાબેન દોશી : બી ૧૦૩, વીણા સરગમ, દહાણુકર વાડી, મહાવીર નગર. મોબાઈલ - 9324859552
બોરીવલી (પશ્ચિમ) : કેયુર એન્ટરપ્રાઈઝીસ, પ્રદીપભાઈ શાહ / કેયુરભાઈ શાહ : એ ૧૦૨, માર્બલ આર્ક, ટીપીએસ ૩ રોડ. મોબાઈલ - 7021063512 / 9819879993
કોર્પોરેટ ઑફિસ : FNI સ્પાઈસીસ પ્રા. લિ. (કુસુમ સ્પાઈસીસ નું નવું નામ)
કુસુમ હાઉસ, ટી-૨, કામા એસ્ટેટ, ગોરેગાંવ (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૩.
writetous@kusumspices.com | www.kusumspices.com
એસોસિએટ ઑફ ફૂડ્સ એન્ડ ઇન્સ લિ. www.foodsandinns.com
*નિયમ અને શરતો લાગુ
ડાયરેક્ટ કંપનીમાં ઑર્ડર માટે ફોન : 022 26851595 / 98 • 7208998831 / 32 • 8451854438

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**